# ભજનયોગ

ભાગ - ૨

## સંકલન – સુરેશ દલાલ

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

30 – 05 – 12

પ્રિય

પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદને...

આ પુસ્તકનો પ્રથમ ભાગ પણ ડાઉનલોડ માટે ઉપલબ્ધ છે.

@ અક્ષરનાદ ડાઉનલોડ વિભાગ

પ્રસ્તુત પુસ્તક 'ભજનયોગ', એ શ્રી સુરેશ દલાલ દ્વારા સંકલન પામેલ ભક્તિગીતોનું, એ અંગેના ચિંતન વિશેનું સુંદર આચમન છે. કેટલાક પુસ્તકો રોજે રોજ આચમન કરી શકાય એવા હોય છે, એમના વાંચનથી મન શાંત થાય, ઉદ્વેગ ઘટે તેવું વાતાવરણ ખડું કરી આપે છે, પ્રસ્તુત પુસ્તક એવી જ મનનીય અને ચિંતનસભર સામગ્રીથી ભરપૂર છે.

અક્ષરનાદ પર આ પુસ્તક મૂકવાની પરવાનગી આપવા બદલ શ્રી સુરેશ દલાલ અને તેની સોફ્ટ યુનિકોડ કોપી ઉપલબ્ધ કરાવી આપવા બદલ શ્રી અપૂર્વભાઈ આશરનો આભાર માનવા માટે શબ્દો ઓછા પડે છે. અક્ષરનાદની ઈ-પુસ્તક પ્રવૃત્તિને મળેલું આ આગવું પીઠબળ છે. આર્થિક

હિતો ધ્યાનમાં લીધા વગર ફક્ત સતસાહિત્યનો - પ્રેરણાદાયક અને બોધપ્રદ ભજનમિમાંસાના સુંદર સંકલનનો પ્રસાર થાય એવા શુભ હેતુથી પુસ્તક તદ્દન નિ:શુલ્ક પ્રસ્તુત કરી વહેંચવાની આવી તક આપવા બદલ અક્ષરનાદના સમગ્ર વાચક પરિવાર વતી તેમનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. વ્યવસાયિક વ્યસ્તતાઓને લીધે ઈ-પુસ્તકની અક્ષરનાદની પ્રવૃત્તિમાં ખૂબ ઓછો સમય આપી શકાય છે, પરંતુ તેને હવે ઝડપથી અને વધુ સારી રીતે કરવાની મહેચ્છા સાથે આ પુસ્તક આપના સુધી પહોંચાડતા ખૂબ આનંદ થાય છે.

- જીજ્ઞેશ અધ્યારૂ / ગોપાલ પારેખ, સંપાદક

# અનુક્રમણિકા

બાલમુકુન્દ દવે - એકલપંથી ....................................................................14

બાલમુકુન્દ દવે - જૂઠી ઝાકળની પિછોડી ....................................................18

બાલમુકુન્દ દવે - દોરંગી મજલ..................................................................26

બાળાશંકર કંથારિયા - ગુજારે જે શિરે તારે..............................................33

ભોગીલાલ ગાંધી `ઉપવાસી' - આત્મદીપો ભવ ..............................................47

મકરન્દ દવે – આવો ! ..............................................................................52

મકરન્દ દવે - અદીઠો સંગાથ ....................................................................62

મકરન્દ દવે - ભીતર ભગવો ........................................................................66

મકરન્દ દવે - વળતા આજ્યો હો : ..................................................................74

મદન (બાઉલ ગીત) ૦ અનુ. સુરેશ દલાલ - ગીત ગાવું એ મને સહજ છે ..............78

મધુમતી મહેતા - પ્રતીક્ષાનું ગીત........................................................................83

મનસુખલાલ ઝવેરી - શિખરું ઊચાં ....................................................................89

મનુભાઈ ત્રિવેદી `સરોદ' - અવગતની એધાણી.................................................95

મનુભાઈ ત્રિવેદી `સરોદ' - તમારાં ફૂટપટ્ટીનાં માપ :.........................................99

મહેશ દવે - સાહેબ હુકમ કરે કે આવું.............................................................104

મીરાં - અખંડ વરને વરી......................................................................112

મીરાં - ક્હાન રાખે તેમ રહીએ..................................................................117

મીરાં - નાહી તોડું ...........................................................................................121

મીરાં - અમે પકડી આંબલિયાની ડાળ......................................................128

મીરાં - બોલે ઝીણા મોર .................................................................................135

મુકુન્દરાય વિ. પારાશર્ય - એની ગાંઠે ત્રણ ભોમનું નાણું...................................152

મુકેશ જોશી - કૈક ચોમાસાં અને વરસાદ રાધા; ..........................................159

રણછોડ - દિલમાં દીવો કરો.......................................................................163

રમેશ પારેખ - કાગળ હરિ લખે તો બને ........................................................175

રવિસાહેબ - મેં ભેદન પનિહાર............................................................................180

રવીન્દ્રનાથ ટાગોર - વરદાન ............................................................................186

રવીન્દ્રનાથ ટાગોર - અંતર મમ વિકસિત કરો.....................................................194

રવીન્દ્રનાથ ટાગોર - પ્રાર્થના ............................................................................208

રાજે - ગોપીની વિનતિ.........................................................................................213

રાજેન્દ્ર શાહ - ખાટી રે આંબલીથી.....................................................................219

રામનારાયણ પાઠક `શેષ' - પરથમ પરણામ.......................................................228

લોકગીત - જળ રે યમુનાનાં ઝીલતાં......240

લોકગીત - ગરવાને માથે......246

લોયણ - બ્રહ્મમાં ભળવું હોય તો... ......252

વલ્લભ ભટ્ટ - રંગતાળી......259

વિવેકાનંદ - ભાંગી નાખીએ મૂર્તિ......264

વેણીભાઈ પુરોહિત - અમે......272

વેણીભાઈ પુરોહિત - અમલકટોરી......277

વેણીભાઈ પુરોહિત - સાંવરિયા......285

વેણીભાઈ પુરોહિત - હેલી....................................................................292

શાહ હુસેન ૦ અનુ. હરીન્દ્ર દવે - ચરખો...............................................295

શ્રીમદ્ રાજચન્દ્ર - આત્મસિદ્ધિ ..........................................................300

શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી - . . . તો ક્યા હુઆ ?...............................306

સુન્દરમ્ - તું હૃદયે વસનારી,..........................................................311

સુન્દરમ્ - નૈ, નૈ, નૈ.......................................................................316

સુન્દરમ્ - મેરે પિયા ! ...................................................................323

સુરદાસ - મન પંછી.......................................................................331

સુરદાસ - વૃક્ષન સે મત લે, ........................................................................336

સુરેન ઠાકર `મેહુલ'  - સાહેબ મારાં મેલાં કપડાં ધુએ.................................341

સુરેશ દલાલ - અનુભવીને એકલું આનંદમાં રહેવું રે.................................346

સુરેશ દલાલ -      જય જય જય શ્રીનાથજી... .............................................353

સુરેશ દલાલ - રાહ જોઉ છું.........................................................................360

સુરેશ દલાલ - મીરાં ....................................................................................374

હરિહર ભટ્ટ - એક જ દે ચિનગારી ...........................................................388

હરીન્દ્ર દવે - માધવ ક્યાંય નથી મધુવનમાં ..............................................394

હરીન્દ્ર દવે - અનહદનો સૂર....................................................................409

હરીશ મીનાશ્રુ – સાધો, તંબૂર પણ તરફડશે ..............................................415

હસમુખ પાઠક - એટલો.......................................................................420

હિતેન આનંદપરા – સૂર્યનું પ્રથમ કિરણ ....................................................426

વિદ્યાનંદ – ઈતના તૂ કરના સ્વામી ...........................................................432

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ...................................................................439

# બાલમુકુન્દ દવે - એકલપંથી

એકલપંથ પ્રવાસી, હંસા એકલપંથ પ્રવાસી!
તમે કિયા મલકના વાસી ! હંસા એકલપંથ પ્રવાસી!

દૂર દિશામાં રહેતી ઝંખી, રતૂમડી આંખો બે પંખી!
કેમ નરી ઉદાસી? હંસા એકલપંથ પ્રવાસી!

ઊડણની અભિલાષાવાળો, કેમ ઢળ્યો પાંખોનો માળો?
કોમલકંઠ પિયાસી? હંસા એકલપંથ પ્રવાસી!

ઊઠો પંખી ! પિચ્છ સમારો, એકલને શાનો સથવારો?

હે માનસસરવાસી! ઊંડો એકલપંથ પ્રવાસી !

કોઈ શ્રીમંતના ડ્રોઇંગરૂમમાં મોટાંમોટાં ઝુમ્મરોની ઝાકઝમાળ હોય એવી બાલમુકુન્દની કવિતા ડંફાસી નથી. એમની કવિતામાં શાંત દીવાનું સ્વસ્થ તેજ છે, ઊર્મિ છે, પણ ઊર્મિનો ભેજ નથી. આવેશથી અળગા અને ઊફરા. કવિતામાં ક્યાંય બુદ્ધિનો પ્રપંચ નથી. અત્યંત સરળ છતાં ગહન વાણી. કશું ખોખલું કે ખોખરું નહીં.

આંતરદૃષ્ટિમાંથી આ ગીત પ્રકટ્યું છે. માણસ એકલોએકલો પોતાનું ભજન ગાતો હોય એવો એનો રંગ છે. નિ:સંગનો રંગ છે. અંતે તો માણસમાત્ર-જીવમાત્ર--

એકલો છે. એકલતા એની નિયતિ છે. એ નિયતિ વિશે પણ કોઈ કાળો કકળાટ નથી. એક પ્રકારનું આત્મગુંજન છે.

આપણો પંથ આપણે એકલા જ કાપવાનો છે. જીવને ઉદ્બોધન હંસારૂપે છે. જીવને હંસલા સાથે પરંપરાથી જોડવામાં આવ્યો છે. પરંપરાનો આધાર લીધાથી કોઈ કવિ નિરાધાર થતો નથી. પરંપરાના કોઈ પણ પ્રકારના આધાર વિનાનો કવિ અનાથાશ્રમનો માણસ લાગે છે.

અહીં સંસારમાં આવ્યા પણ આપણો મનખો જુદો અને મલક જુદો. કવિ એટલે જ હંસલાને મલક વિશે પૃચ્છા કરે છે. દસ દિશાના બંધિયારપણામાં જીવવાનું કે

સડવાનું-સબડવાનું નથી, અહીં આળોટવાનું નથી, પણ કાદવ ખંખેરીને ઊભા થઈ જવાનું છે. ક્યાંક ઊંચે, દૂરદૂર ઊડવાનું છે. દૂર દિશાને ઝંખી રહેતી રતૂમડી આંખોમાં ઉદાસી છે.

સામાન્ય કવિ પંખીના માળાની વાત કરે. આ કવિ સહજ અસામાન્યતાથી પાંખોના માળાની વાત કરે છે. ઊડવાની અભિલાષા છે, પણ પાંખોનો માળો ઢળી પડ્યો'તો પછી એ અભિલાષા પરિપૂર્ણ કઈ રીતે થઈ શકે ? જીવનું જીવને સંબોધન છે. કોઈ વિષાદમાં ગરકવાની વાત નથી. હૂંફ અને આશ્વાસન છે. પ્રેરક સમજણ છે. આ સમજણમાંથી શાણપણાના ઉદ્ગાર આપમેળે સરે છે.

પડી રહેવાની વાત નથી, પણ અહીંથી ઊપડવાની વાત છે. શબ થવાની વાત નથી, પણ શબ્દ થવાની વાત છે. પોતે જ પોતાને સમજાવતા હોય એમ પંખીને પિચ્છ સમારવાનું કહે છે. એકલજીવે સથવારાને ઝંખવો પણ ન જોઈએ. અને ઝૂરવું પણ ન જોઈએ. આપણે અહીંના નથી, પણ માનસરવાસી છીએ અને આપણે ત્યાં પહોચશું ત્યારે પ્રવાસ પૂર્ણ થશે અને યાત્રાનો આરંભ થશે.

## બાલમુકુન્દ દવે - જૂઠી ઝાકળની પિછોડી

મનવાજી મારા! શીદ રે જાણીને તમે ઓઢી?
સોડ રે તાણીને મનવા ! સૂવા જ્યાં જાશો ત્યાં તો -

શ્વાસને સેજારે જાશે ઊડી.
મનવાજી મારા! જૂઠી ઝાકળની પિછોડી!

બળતા બપ્પોર કેરાં અરાંપરાં ઝાંઝવાંમાં
તરસ્યાં હાંફે રે દોડી દોડી;
મનના મરગલાને પાછા રે વાળો વીરા!
સાચાં સરવરિયે દ્યોને જોડી.
મનવાજી મારા! જૂઠી ઝાકળની પિછોડી!

સાચાં દેખાય તે તો કાચાં મનવાજી મારા!
જૂઠાં રે જાગર્તિનાં મોતી;

સમણાને ક્યારે મોરે સાચા મોતી-મોગરાજી!
ચૂની ચૂની લેજો એને તોડી,

મનવાજી મારા! જૂઠી ઝાકળની પિછોડી !
એવું રે પોઢો મનવા! એવું રે ઓઢો મનવા !
થિર રે દીવાની જેવી જ્યોતિ;
ઉઘાડી આંખે વીરા! એવાંજી ઊઘવા કે -
કોઈ ના શકે રે સુરતા તોડી.
મનવાજી મારા! જૂઠી ઝાકળની પિછોડી!

બાલમુકુન્દ દવેની કલમને ગીત, ભજન, સોનેટ બધું જ સહજ છે. ભજનમાં યુક્તિ-પ્રયુક્તિઓ નથી હોતી. એમાં સહજ સાદગી હોય છે. નર્યો કુંવારો ઉદ્ગાર હોય છે. વાંચતાં કે સાંભળતાંની સાથે વીંધે અને બોધ કે પ્રબોધ વિના કોઈ નવો માર્ગ ચીંધે એ ભજન. અલબત્ત, આ માર્ગની ગતિ બાહ્ય નથી હોતી પણ આંતર હોય છે. આ ભજન જીવનની ક્ષણભંગુરતાની વાત કરે છે. કહેવા જેવું બીજાને નથી હોતું. કંઈક કહેવા જેવું હોય અને બીજાને કહીએ તો તે ઉપદેશ કે પરોપદેશે પાંડિત્યમ્ જેવું લાગે. ઝાકળનું જીવન કેટલું? સૂર્યનું પ્રથમ કિરણ ફૂટે એટલું. કવિ ઉપાડની જ પંક્તિમાં મનવાને કહે છે :

જૂઠી ઝાકળની પિછોડી, મનવાજી મારા! શીદ રે જાણીને તમે ઓઢી?

જીવવા માટે આપણને અલ્પ સમય મળ્યો છે અને કાળ અનલ્પ છે. અનલ્પ કાળના સંદર્ભમાં આપણાં પચાસ-સિત્તેર વરસના આયુષ્યનો સમય ઝાકળ જેવો જ ગણાય. આપણે આવી પિછોડી ઓઢીને સોડ તાણીને સૂતા હોઈએ પણ છેવટે તો અગનપિછોડી જ ઓઢવાની છે. કઈ ઘડીએ શ્વાસ હાથતાળી આપીને ચાલી જશે એ કહેવાય નહીં.

એક તો આપણને મળેલો અલ્પ સમય. આ સમય પણ આપણે વેડફીએ છીએ. ક્યાં જાય છે આપણો સમય? બળતા બપોરનો સંદર્ભ છે. આ બળતું બપોર એટલે આપણું યૌવન. આપણે વલખાં અને ફાંફાં મારતા હોઈએ છીએ. પાણી પીને પણ તરસ્યા રહેતા હોઈએ છીએ, કારણ કે આપણે જેને જળ માનીએ છીએ એ

મૃગજળ છે. ઝાંઝવાંદોટમાં આપણે હાંફી જઈએ છીએ. ખબર છે કે આ બધું નકામું છે. અસલી નથી બનાવટી છે. છતાં પણ આપણે પ્રપંચની જાળમાંથી બહાર નથી આવતા. કોઈ વહાલો મિત્ર કે કોઈ કરુણાસભર સંત આપણને સમજાવતો હોય એમ કવિ ઝીણી અને માર્મિક વાત કહે છે. અંતે તો આ બધાં તોફાન અને ઉધામા મનના હોય છે. કવિ કહે છે :

મનના મરગલાને પાછા રે વાળો વીરા, સાચા સરવરિયે દ્યોને જોડી.
કવિને ભજનના સ્વરૂપની બરાબર પરખ છે. મૃગલાં નહીં પણ મરગલા. હરીન્દ્ર દવેની એક પંક્તિ યાદ આવે છે :

મનડાં વાળીને રહેજો.

ઝાંઝવાંના વિરોધમાં કવિએ સાચું સરોવર મૂક્યું છે એ સહેતુક છે. એ સાચાનો તંતુ પકડીને કવિ આગળ વધે છે. ઘણી વાર જે સાચું દેખાય છે તે કાચું પણ હોય છે. સોનું દેખાય છે તે પિત્તળ પણ હોઈ શકે. જેનો ચહેરો સોનાનો દેખાય એ માટીપગો પણ હોઈ શકે. જેને આપણે જાગૃતિ કહીએ છીએ એ જાગૃતિનાં મોતી પણ જૂઠાં હોઈ શકે. બણગાં ફૂંકનાર સંતો જાગૃતિને નામે નિદ્રામાં જ સરતા હોય છે. જે પોતાની ભીતર ડૂબકી મારે છે એ મરજીવાને સાચાં મોતી મળે. બજાર તો કાચા મોતીની હોય. માણસ પાસે ઈશ્વરના સાક્ષાત્કાર માટે એક સ્વપ્ન હોવું જોઈએ. એનો ક્યારો ખૂબ ઊંડે વવાયેલો હોય અને એ ક્યારા ઉપર જ મોતીના મોગરાઓ ફૂટે. મોગરો ધવલ ઉજ્જ્વલ છે. એ વૈશાખના તાપમાં જ મોરે. પરમ

માટેનો અંદરનો સંતાપ હોય તો જ આ મોગરો ને એની મહેક મળે. ઝાકળ જેવા આયુષ્યમાં આવા ચિરંતન મોગરાઓ ચૂંટી લેવાની વાત છે.

માણસના જીવનનો અંત તો નક્કી છે, પણ મરણની મરજાદ જળવાય, એનોય મોભો જળવાય, એ પણ એટલું જ અનિવાર્ય છે. ઝાકળની પિછોડી ઓઢવાને બદલે કંઈક એવું ઓઢો (એવું એટલે કેવું એનું નામ પાડીને કહ્યું નથી પણ આડકતરી રીતે સૂચવ્યું છે કે મૃગજળ પાછળ દોડવાનું માંડીવાળો) અને પોઢવાનું આવે ત્યારે એવું પોઢો કે એમાં કોઈ તરફડિયાં ન હોય, પણ કોઈ દીવાની થીર જ્યોતિ હોય એટલા સચેત થઈને રહો. જગતમાં ઉઘાડી આંખે એવું ઊંઘો કે તમારી સુરતા, તમારી તલ્લીનતા કોઈ તોડી ન શકે. ઉઘાડી આંખે જે

માણસ ઊંઘે છે એ માણસ બુદ્ધ કે પ્રબુદ્ધ તત્ત્વ પામી શકે છે. નિદ્રામાં જાગૃતિ રાખવી એના જેવી કોઈ સાધના નથી.

## બાલમુકુન્દ દવે - દોરંગી મજલ

થોડો છે ગુલાબી, થોડો ગેરુવો.
વિધાતા! તે કેવા પૂર્યા રંગ !

એકમાં આંજી છે ઉપરામતા,
બીજે નેણે ઠગારો અનંગ !
કહો મનવા કેમ એને ઘેરવો?

થોડો છે ગુલાબી, થોડો ગેરુવો.

ડોક રે મરડીને પાછળ જોઈ લ્યો
પેલી પડી યૌવનની સુખપાલ,
કિનખાબી પડદાની ફડક ફરફરે
એમાં બેઠી આપણી ગઈ કાલ!
દોરંગી વાઘો છે મનવા પહેરવો!
થોડો છે ગુલાબી, થોડો ગેરુવો!

અરધો તડકો ને અરધી ચાંદની,
એકસાથે આહ ને અરમાન!

ચરણોને ઘટે હરદમ ચાલવાં,
હોય ભલે વસ્તી કે વેરાન!
કેડીનો નેડો ના મનવા તોડવો,
થોડો છે ગુલાબી, થોડો ગેરુવો.

વહેલી કે મોડી માણસ સામે એક પસંદગી આવીને ઊભી રહે છે. જીવનની સફરમાં ક્યારેક એ એવા ત્રિભેટા પર આવે છે, જ્યાં બે રસ્તા ફંટાતા હોય છે અને એમાંથી કયો રસ્તો લેવો એની વિમાસણ એ સતત અનુભવ્યા કરે છે.

રાગ અને ત્યાગ એ બેમાંથી કોઈ એક માર્ગની પસંદગી સરળ નથી એટલું જ નહીં, સર્વથા શક્ય પણ નથી. સત્તાના આસન પર બેઠેલો જનક રાજા મિથિલા ભડકે બળે છે એવા સમાચાર સાંભળી ત્યાગીને પણ વિરલ એવી સ્વસ્થતા જાળવી શકે છે. જ્યારે જડભરત જેવા વિરલ ત્યાગી હરણના બચ્ચાના રાગમાં આવી જતા હોય છે. ગુલાબી રંગ એ રાગનો રંગ છે. ગેરુઓ એ ત્યાગનો રંગ છે અને બંને જુદા છતાં એકમેક સાથે કેટલા ભળી જતા હોય છે઼? એક આંખમાં ઉપરામતા-વૈરાગ્ય આંજેલ છે, જ્યારે બીજી આંખમાં છે ઠગારો અનંગ. ઠગારો એટલા માટે કે એ અનંગ છે -- એ દૃશ્ય નથી. બે નેત્રોનું આ દૃષ્ટિસંધાન તો

એક જ બિંદુએ થતું હોય છે અને અહીં જ સંસારના પ્રત્યેક માણસની મુશ્કેલીનો આરંભ થાય છે. કવિ મનને પૂછે છે -- આ રંગોને આપણે કઈ રીતે ઘેરી શકીએ?

જરા પાછળ નજર કરીએ તો યૌવનની સુખપાલખી પડી છે અને તેના ફરફરતા પડદા વચ્ચેથી એમાં બેઠેલી `ગઈ કાલ' દેખાઈ જાય છે.

યૌવનની સુખપાલખીમાં અત્યારે તો ગઈ કાલ બેઠી છે, એટલે નિતાંત રાગનો રસ્તો સમાપ્ત થયો છે; છતાં નિર્વ્યાજ રાગનો રસ્તો પણ સહેલો નથી. કવિની વિમાસણ વધી જાય છે. જીવન એ બે રંગોમાં રંગાયેલા વસ્ત્ર જેવું છે. એ થોડું

ગુલાબી છે - થોડું ગેરુ રંગનું છે, એ વસ્ત્ર કઈ રીતે પહેરવું એ પ્રશ્નનો ઉત્તર વેદકાળના ઋષિઓથી માંડી વર્તમાનકાળના કવિઓ શોધી રહ્યા છે.

એ જીવનમાં માથું ફાડી નાંખે એવો તડકો છે. તો હૃદયમાં શીતળ અમી પાથરતી ચાંદની પણ છે. ઉચ્છ્વાસમાં આશા હોય છે. જ્યારે નિશ્વાસમાં આહ પણ મુકાઈ જતી હોય છે.

ગમે તે સ્થિતિમાં હોય, ગમે તે રસ્તો હોય, પણ જીવનની સફરમાં જ્યાં સુધી શ્વાસોનું કવચ છે ત્યાં સુધી ચાલવું તો પડે જ છે. વસ્તી વચ્ચે કે વેરાનમાં --

ગતિ અનિવાર્ય છે. અને ગતિની સાથે માયા પણ અનિવાર્ય છે. જેમ રાગની માયા હોઈ શકે એમ ત્યાગની પણ માયા હોઈ શકે.

એટલે જ સાચો જ્ઞાની રાગને ત્યાગના સંદર્ભમાં માણે છે. ત્યાગને રાગના પરિમાણમાં જુએ છે. આ બે માપ જો માણસને આવડી જાય તો જીવનનો માર્ગ સરળ બની જતો હોય છે. પણ શબ્દોમાં જેટલી સરળતાથી આ લખી શકાયું એટલી સરળતાથી જીવી શકાતું નથી. દોરંગી મજલ કાપવાનું આ કામ કપરું છે. રાગ અને ત્યાગના માર્ગો જુદા દેખાય છે, પણ ખરેખર જુદા છે?

વેદના ઋષિઓ મસ્તક ધુણાવીને ના પાડે છે, એને એક કરતા બિંદુએ માણસ પહોચે પછી દોરંગી મજલનો મહિમા સમજાય છે. આ બિંદુ સુધીની ગતિ વિરલ છે છતાં અશક્ય નથી. એનું સમર્થન કેટલા સમર્થ સંતો, મુનિઓ અને ગૃહસ્થીઓ વગેરેના જીવનમાંથી આપણે જોઈ શક્યા છીએ.

હરીન્દ્ર દવે

## બાળાશંકર કંથારિયા - ગુજારે જે શિરે તારે

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે. 1

દુનિયાની જૂઠી વાણી વિશે જો દુ:ખ વાસે છે,
જરાએ અંતરે આનંદ ના ઓછો થવા દેજે. 2

કચેરી માંહી કાજીનો નથી હિસાબ કોડીનો,
જગતકાજી બનીને તું વહોરી ના પીડા લેજે. 3

જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહીં ભાસે,
ન સારા કે નઠારાની જરાયે સંગતે હૈજે. 4

રહેજે શાંતિ સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,
દિલે જે દુ:ખ કે આનંદ કોઈને નહીં કહેજે. 5

વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાયે ભલાઈની મહાલક્શ્મી ગણી લેજે. 6

રહે ઉન્મત્ત સ્વાનંદે ખરું એ સુખ માની લે,
પિયે તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી લેજે. 7

કટુ વાણી સુણે જો કોઈની, વાણી મીઠી ક્હેજે,
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે. 8

અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી હેંજે. 9

અહો શું પ્રેમમાં રાચે નહીં ત્યાં સત્ય પામે તું?
અરે તું બેવફાઈથી ચડે નિંદા તણે નેજે. 10

લહે છે સત્ય જે સંસાર તેનાથી પરો હેંજે,
અરે એ કીમિયાની જો મઝા છે તે પછી ક્હેજે. 11

વફાઈ તો નથી આખી દુનિયામાં જરા દીઠી,
વફાદારી બતા'વા ત્યાં નહીં કોઈ પળે જાજે. 12

રહી નિર્મોહિ શાંતિથી રહે એ સુખ મોટું છે,
જગત બાજીગરીનાં તું બધાં છલ્બલ જવા દેજે. 13

પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્યમાળા તું,
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે. 14

કવિરાજા થયો શી છે પછી પીડા તને કાંઈ?
નિજાનંદે હંમેશાં ફુદ્ધદ્ધઝ્દ્ધ મસ્તીમાં મઝા લેજે. 15

કોઈ કવિતાની કડીઓ લોકોના રોજબરોજના વ્યવહારમાં ચલણી સિક્કાની જેમ વપરાતી થાય એવું વારંવાર નથી બનતું. બાળાશંકર કંથારિયાની આ કૃતિની કંઈ નહીં તો કેટલીક કડીઓની બાબતમાં તો આમ બન્યું છે. એક જમાનામાં આપણા શિક્ષિત લોકો આ કાવ્યની કેટલીક કડીઓનો ઉપયોગ પોતાની

વાતચીતમાં છૂટથી કરતા. આ કાવ્યમાંનો વિચાર, કાવ્યનું, કથયિત્વ, તેનું કન્ટેન્ટ કંઈ નવું નથી. વાતચીતમાં આપણે ઘણી વાર કહીએ છીએ કે : `ભગવાન જે કરે તે સારા માટે' એનો જ અર્થવિસ્તાર છે આ કૃતિમાં. તેમ નથી અહીં ભાષાનો ભપકો કે નથી પદાવલિની અવનવી અલંકૃતતા. ભાષા-શૈલી અહીં સાદી છે, આજની દૃષ્ટિએ તો પેડસ્ટ્રિયન લાગે તેવાં છે. પણ ભાવની વ્યાપકતા અને ભાષાની સરળતા એ બ‍ેને કારણે જ કદાચ આ કાવ્યની કેટલીક કડીઓ લોકજીભે ચડી હશે. આપણી ધંધાદારી રંગભૂમિ પરનાં ઘણાં ગીતોને મળેલી લોકપ્રિયતા પાછળ પણ આ બે વાનાં જ કામ કરી જતાં. હા, તેમાં ત્રીજું અર્પણ ઉમેરાતું ગેયતાનું. જે આ કૃતિમાં પણ થોડે અંશે હાજર છે.

આપણે માથે જે કંઈ આફતો આવે છે તે ઈશ્વરની ઇચ્છાનું પરિણામ હોય છે. અને ઈશ્વર જો આપણને પ્યારો હોય તો એની ઇચ્છા આપણને અતિ પ્યારી હોવી ઘટે. માટે એ આફતોને આપણે અતિ પ્યારી ગણી એનો સ્વીકાર કરવો જોઈએ -- કૃતિના કેન્દ્રમાં આ સીધીસાદી વાત રહી છે. બાળાશંકરનાં કાવ્યો જોતાં ઘણાં કાવ્યોની બાબતમાં તેમનો એક વિચિત્ર આગ્રહ જોવા મળે છે. આ આગ્રહ તે કાવ્યને પંદર કડીનું બનાવાવનો આગ્રહ -- પછી એ કાવ્ય ગઝલ હોય કે છંદોબદ્ધ કાવ્ય હોય. આ આગ્રહને કારણે ઘણી કૃતિઓમાં કવિ પાણી ઉમેરતા જ જાય છે અને પરિણામે કૃતિનું પોત ધર્માદાની પરબની છાશ જેવું પાતળું બની જાય છે. પણ કાવ્યકૃતિની બાબતમાં તેનો કવિ જ કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્

સમર્થ એવો ઈશ્વર હોય છે એટલે પંદર કડીના હઠાગ્રહની બાબતમાં મન મનાવતાં આપણે મનોમન ગાઈ લેવાનું :

ગુજારે જે શિરે તારે કવનનો નાથ તે સહેજે,

ગણ્યું જે પ્યારું બાલાએ અતિ પ્યારું ગણી લેજે.

બાળાશંકરનો જન્મ 1858માં, અવસાન 1898માં. એટલે કે આયુષ્ય માત્ર ચાલીસ વર્ષનું. હયાતી દરમ્યાન એકે કાવ્યસંગ્રહ પ્રગટ થયો નહોતો. અવસાન પછી નવ વર્ષે એક સંચય પ્રગટ થયો ખરો, પણ કવિ તરીકે બાળાશંકર પ્રકાશમાં આવ્યા તે તો 1942માં ઉમાશંકર જોશીએ તેમનાં કાવ્યો સંપાદિત કરીને પ્રગટ કર્યાં તે

પછી અને છતાં ઓગણીસમી સદીના અંત સુધીમાં બાળાશંકરની આ એક કૃતિ તો લોકજીભે ચડેલી હતી જ. ગોવર્ધનરામ ત્રિપાઠીની `સરસ્વતીચન્દ્ર'માંની ગઝલ `સુખી હું તેથી કોને શું' (1887) અને મણિલાલ નભુભાઈની ગઝલ `કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' (1898) જેટલી જ લોકપ્રિયતા 1893માં રચાયેલી બાળાશંકરની આ કૃતિને પણ મળી હતી અને ચોથી આવી કૃતિ તે 1903 પછી રચાયેલી કલાપીની `જ્યાં જ્યાં નજર મારી ઠરે.'

જગતનો નાથ જે અનેક આફતો ગુજારે છે આપણે માથે, તે કેવી છે? દુનિયામાં સાચી કરતાં જૂઠી વાણી, જે દુ:ખદ છે, તે જ વધુ તો સાંભળવા મળે છે, પણ તેથી દુભાઈને આપણા અંતરના આનંદને આછો કે ઓછો ન થવા દેવાય. એટલું જ

નહીં, શું સાચું શું જૂઠું એ ઠરાવવાની પારકી પીડા માથે વહોરી લઈને જગતકાજી બનવાનો પણ કશો અર્થ નથી, કારણ આવા કાજીની કિંમત કોડીનીય નથી હોતી. જગતની રચના જ એક માયાવી કાચના યંત્ર જેવી છે. જેમાં વસ્તુનું સાચું સ્વરૂપ દેખાતું જ નથી અને એટલે શું સારું છે અને શું નઠારું તે નક્કી જ થઈ શકતું નથી માટે ઉત્તમ રસ્તો તો એ કે નઠારાની તો નહીં જ, પણ સારાની પણ સંગત ન કરવી. નિ:સંગી બની રહેવું. આવા નિ:સંગ માણસનું ચિત્ત તો નિર્મળ હોય જ અને તે સતત શાંતિ અને સંતોષનો અનુભવ કરતો હોય. જોકે મન છે ત્યાં સુધી દુ:ખના અને આનંદના ભાવોનો અનુભવ તો થવાનો જ, પણ તે ભાવો મનમાં જ રાખવા સારા. આવો સ્વાનંદી માણસ શ્રીપ્રભુના પ્રેમનો પ્યાલો ન પીએ તો જ

નવાઈ. અને જેણે આવો પ્યાલો પીધો એની વાણીમાં પછી કટુતા, ઝેર તો ક્યાંથી જ રહે?

ઈશ્વરેચ્છા એટલે પ્રારબ્ધ નહીં. પ્રારબ્ધ તો છેતરામણું છે. જે માગીએ, ઝંખીએ તે આપતું નથી અને માગ્યું ન હોય તે સામે ચાલીને આપણી સામે ધરી દે છે. આપણી ઘણી આધિ-વ્યાધિ-ઉપાધિની શરૂઆત થાય છે આ સંસારને આપણે સાચો અને આપણો માની લઈએ છીએ તેમાંથી. સંસારને સાચા અર્થમાં માપવો અને પામવો હોય તો તે તેનાથી પરા રહીને, દૂર રહીને, દ્રષ્ટા બનીને જ બની શકે. આવો દ્રષ્ટા તો પછી પ્રભુના નામનાં પુષ્પોની કાવ્યમાળા પ્રભુની પ્યારી ગ્રીવામાં પ્રીતપૂર્વક જ પહેરાવેને? અને પોતે રહે નિજાનંદે મસ્તીમાં.

લાગે છે કે `ગુજારે જે શિરે તારે.' ગાનાર બાળાશંકરની પ્રાર્થના જગતના નાથે ધ્યાનપૂર્વક સાંભળી હશે, કારણ તેણે બાળાશંકર પર ગુજારવામાં મણા રાખી નહોતી. નડિયાદના ગર્ભશ્રીમંત નાગર ઉલ્લાસરામને ઘરે જન્મેલા એ એકના એક દીકરા પર મૃત્યુ પછી તેમની અંતિમવિધિ માટે તેમની ઘરવખરી વેચવી પડી તેવી દશા થઈ હતી. અને મૃત્યુ પણ ચાલીસ વર્ષની વયે મરકીના રોગથી. કિશોરવયથી કુછંદ અને વ્યસનોને રવાડે ચડેલા. સરકારી નોકરી છોડી, વેપારમાં પડ્યા. અને જબરી ખોટ ખાધી. ખળખળ વહેતી નદીને કિનારે લીલીછમ વાટિકામાં કવિલોક સ્થાપવાની આદર્શઘેલછાથી તેમણે બીડનાં કારખાનાં કાઢ્યાં પણ તેમાંય નિષ્ફળ ગયા. જુદેજુદે વખતે ભારતીભૂષણ, સાહિત્યસિંધુ,

ઇતિહાસમાળા, કૃષ્ણમહોદય જેવા સામયિકો કાઢ્યાં કે તેની સાથે સંકળાયા, પણ પોતાની હયાતીમાં પોતાનો કાવ્યસંગ્રહ પ્રગટ થતો જોઈ શક્યા નહીં. ચાલીસ વર્ષમાં એટલું વેઠ્યું કે `ક્લાન્તકવિ' ઉપનામ સાર્થક થાય.

કુલ પંદર કડીના કાવ્યમાંથી કડી 1, 3, 4, 9 માંના વિચાર સુઘડ છે અને તેની અભિવ્યક્તિ પણ પ્રમાણમાં સુરેખ છે. કાવ્યની આ ચાર કડીઓ જ લોકમુખે વધુ ચડી એ કેવળ અકસ્માત ન હોય.

બાળાશંકરે આ કાવ્યમાં જે વાત કહી છે તે નવીનવાઈની નથી. પાંચસો વર્ષ પહેલાં નરસિંહ મહેતાએ ગાયેલું કે `જે ગમે જગત ગુરુદેવ જગદીશને, તે તણો

ખરખરો ફોક કરવો.' તેનો જાણે પડઘો પાડતા હોય એમ ક્યારેક તો લાગે. નરસિંહનું અને બાળાશંકરનું -- બંને કાવ્યો આમ તો ઉપદેશકાવ્યો છે. પણ આ ઉપદેશ જેટલો પોતાની જાતને છે એટલો બીજા કોઈને નથી. પણ નરસિંહમાં અભિવ્યક્તિની જેટલી સહજતા અને પારદર્શિતા છે તેટલી બાળાશંકરમાં નથી અને નથી નરસિંહમાં છે તે ભક્તિની શીતળ આભા. બાળાશંકરનું કાવ્ય વધુ તો વિચારની ભૂમિકાએ વહે છે અને એ રીતે વહેતાં કેટલીક યાદગાર કડી આવે છે. પણ `જુગલકર જોડી' વાત કરનાર નરસિંહ અને પોતાને `કવિરાજા' કહેનારા બાળાશંકરની સરખામણી કરવાની ન હોય, કારણ જન્મપ્રતિજન્મ હરિને જ જાચનાર નરસૈયો કહે છે તેમ `જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું તેહને તે સમે તે

જ પહોંચે.' બાળાશંકરને જે પહોંચ્યું તેમાંથી ભલે થોડું પણ આપણને, આજે સો વર્ષ પછી પણ પહોંચે છે એ વાત પણ નાનીસૂની નથી.

દીપક મહેતા

## ભોગીલાલ ગાંધી `ઉપવાસી' - આત્મદીપો ભવ

તું ત્હારા દિલનો દીવો થાને! ઓ રે! ઓ રે ઓ ભાયા! તું૦ ધ્રુવ.

રખે કદી તું ઉછીનાં લેતો પારકાં તેજ ને છાયા,
એ રે ઉછીનાં ખૂટી જશે ને ઊડી જશે પડછાયા! ઓ રે! ઓ રે ઓભા૦

કોડિયું ત્હારું કાચી માટીનું તેલ દિવેલ છુપાયાં,
ન્હાનીશી સળી, અડી ન અડી પરગટશે રંગ માયા! ઓ રે ! ઓ રે ઓભા૦

આભના સૂરજ, ચંદ્ર ને તારા, મોટા મોટા તેજરાયા,
આતમનો ત્હારો પ્રગટાવ દીવો, તું વિણ સર્વ પરાયા! ઓ રે ! ઓ રે ઓભા૦

થોડાક સમય પહેલાં ભોગીલાલ ગાંધીનું અવસાન થયું. એમણે `ઉપવાસી'ને ઉપનામે કાવ્યો પણ લખ્યાં. બળવંતરાય ઠાકોર જેવા કવિ-વિવેચકે આપણી કવિતાસમૃદ્ધિના સંપાદનમાં એમને સ્થાન પણ આપ્યું, આપણી કવિતાસમૃદ્ધિ ગુજરાતી કવિતાના સંપાદનનો એક વિશિષ્ટ ગ્રંથ કહેવાય. આ કાર્યને બળવંતરાય ઠાકોરના સાચા ચાહક નિરંજન ભગત જેવાએ આગળ ધપાવવું

જોઈએ અને એક નાનું નોખું ગુજરાતી કવિતાનું સંપાદન કરી આપવું જોઈએ. એ સંપાદન બળવંતરાય ઠાકોરને કરાયેલા અર્પણ-તર્પણ સમાન ગણાય.

ભોગીલાલ ગાંધી માત્ર કવિ નહોતા. વિશ્વમાનવ જેવું એક સામયિક ચલાવતા. આ સામયિકના ગ્રંથોની ફાઇલ જોવા જેવી છે. આપણા કવિ-વિવેચક સુરેશ જોષીએ `ગુજરાતી કવિતાનો આસ્વાદ'ના લેખો એમાં જ પ્રગટ કર્યા હતા. માત્ર તંત્રી ન હતા, પણ રાજકારણની એમને ઊંડી સૂઝ હતી. આ સૂઝમાત્ર વિચાર પૂરતી જ ન હતી, પણ એ અનેક ક્ષેત્રે સક્રિય રહ્યા. ઠાકોર જેવા ચિંતનપ્રધાન કવિ, સોનેટના શિલ્પી, ગીત પર પસંદગી ન ઢોળે એમ નહીં, પણ એ ભાગ્યે જ ઢોળે. આ ગીત જાણે કે નસીબ લઈને જન્મ્યું છે કે ઠાકોરની આંખમાં વસી ગયું,

આપણા મધ્યકાલીન કવિએ તો કહ્યું, દિલમાં દીવો કરો -- બહુ મોટી વાત છે. અંદર અંધારું હોય તો બહારના અજવાળાને શું કરશું? આ કવિ પણ જાણે કે પોતે જ પોતાને કહેતા હોય એ રીતે વાત માંડે છે. અખો કહે છે એમ `ગુરુ થા તારો તું જ' એના જેવી વાત છે. પારકાના તેજનો કોઈ અર્થ નથી. ઉછીનાં અજવાળાંથી જીવતર ન જિવાય. મકરન્દ દવે કહે છે એમ :

કોકના તે વેણને વીણી વીણીને, ઉછી ઉધારા ન કરીએ.

આગળ જતાં મકરન્દ દવે પોતાને જ તુંબડે તરવાની વાત કરે છે. જે ઉછીનું છે તે ખૂટી જશે. પારકું કદી પોતાનું થતું નથી. અને જે પોતાનું હોય છે તે ક્યાંય જતંુ નથી. પડછાયા તો ઊડી જવા માટે જ સર્જાયા છે. આપણા કોડિયામાં કસ

હોવો જોઈએ. એ કોડિયામાં તેલ, દિવેલ હોય તો દીવાસળી અડે ન અડે ત્યાં તો તેજના રંગની માયા રેલાવાની. પ્રકાશ પ્રગટ થતો હોય છે. આપણે જે કંઈ હોઈએ એનું આપણને ગૌરવ હોવું જોઈએ. દરેક માણસ મહાન માણસ ન હોઈ શકે, પણ માણસ થઈ શકે એ જ મોટી વાત છે. આભમાં સૂરજ, ચંદ્ર, તારા, નક્ષત્રો, ગ્રહો બધું જ છે. પ્રકાશનો પુંજ છે, પણ આ બધું બાહ્ય છે. આમાં આપણું કશું જ નથી. જ્યાં સુધી આતમ જાગે નહીં, એનો પોતાનો દીવો પ્રગટે નહીં ત્યાં સુધી બધું જ નકામું છે. ભાયાથી માંડીને ઠેઠ સુધી એટલે કે, પરાયા સુધી આખું ગીત એકપ્રાસે, એકશ્વાસે વહેતું રહ્યું છે. બહારનો અગ્નિ ગમે તેવો હોય તોપણ એ હુતાશન છે. આપણા દિલમાં દીવો પ્રગટે એ દિવાળી છે. દિવાળી સામાન્ય

માણસની હોય છે. ગાંધીજી જેવી વિભૂતિ પ્રગટે તો એના દિલના દીવાને કારણે એને આપણે દિવાળી કહીશું. ગીત અત્યંત સરળ છે અને એનું સંસ્કૃતમય શીર્ષક સ્વયંસૂચક છે. આ ગીત પરબોધનું નહીં પણ સ્વબોધનું છે.

## મકરન્દ દવે – આવો !

અમે રે સૂકું રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર;
તરબોળી દ્યોને તારેતારને,

વીંધો અમને વ્હાલા, આરંપાર; આવો, રે આવો હો જીવણ, આમના.
અમે રે સૂના ઘરનું જાળિયું, તમે તાતા તેજના અવતાર;

ભેદીને ભીડેલા ભોગળ-આગળા, ભરો લખલખ અદીઠા અંબાર;
આવો, રે આવો હો જીવણ, આમના.

અમે રે ઊધઈ-ખાધું ઇધણું, તમે ધગધગ ધૂણીના અંગાર,
પડેપડ પ્રજાળો વ્હાલા વેગથી, આપો અમને અગનના શણગાર;
આવો, રે આવો હો જીવણ, આમના.

ઈશ્વરનેય એકલાએકલા ગમ્યું નહિ, માટે મનને રમાડવાને, એણે સૃષ્ટિને સરજી, ને ઈશ્વરના અંશરૂપ માનવી પણ આ વિસ્તારની -- સહચારની ઝંખના લઈને જન્મ્યો. એ મૈત્રી બાંધશે, દુશ્મનાવટ બાંધશે, પ્રેમ કરવા નહિ તો લડવા ય

કોઈનો સાથ શોધશે; પણ ગમે તે ભોગે પોતાના એકાકીપણાને એ ટાળશે. આ સંબંધની મનુષ્યે કેવી અટપટી જાળ ગૂંથી છે! એ અટપટી જાળમાં બંધાવું - છૂટવું એ એની રમત થઈ પડી છે.

આ સંબંધોની એક વિચિત્રતા જુઓ : એક મટીને બે થવા ઇચ્છનાર, આખરે બીજાને પામીને, તેની સાથે અભિન્ન થઈ જઈને વળી એકતા જ સિદ્ધ કરવા ઇચ્છે છે. એટલે બંને અંતિમે તો આ એકતા જ રહી છે. પણ એમાં ભેદ રહ્યો છે ખરો. શરૂઆતની એકતામાં એકલવાયાપણું છે, પોતાને જ પૂરેપૂરા નહિ પામ્યાની અસંતુષ્ટતા છે. પણ બે થયા પછી સિદ્ધ થતી એકતામાં સભરતા છે, એકલવાયાપણું નથી. પણ આ સભરતા જો આપમેળે સિદ્ધ થયેલી, તૈયાર મળેલી

વસ્તુ હોત તો એનું કશું મૂલ્ય જ ન હોત; તો આપણા આ સંસારમાં આરત, ઝંખના, વિરહ, વેદના કશું ના હોત; તો-તો કદાચ એકતાના એકતારા પર એક જ સૂર અટવાયા કરતો હોત. ઝૂરવાના, તલસવાના ને આખરે પામીને કૃતાર્થ થવાના દુ:ખસુખની મિશ્રરાગિણી આપણને સંભળાઈ જ ન હોત.

આમ, આ વાત તો સૃષ્ટિ સરજાઈ ત્યારની આપણા લોહીને પરિચિત છે. પણ તેથી જ તો કવિઓને એ હંમેશાં આકર્ષતી રહી છે. યુગેયુગે કવિઓએ એને ગાઈ છે. તત્ત્વજ્ઞાનની પોથીઓમાં દ્વૈત-અદ્વૈતની મીમાંસા ચાલે છે. કેટલાકોએ આ હૃદયના ભાવને પણ ગણિતના ચોકઠામાં મૂકીને એના નવ ભાગ પાડ્યા છે, એની અવસ્થાઓ નોખી પાડીને આંગળી મૂકીને ગણાવી છે. હૃદયની વાત પર માણસ

કદાચ એકદમ વિશ્વાસ મૂકી શકતો નથી, કારણ કે હૃદયનું ભલું પૂછવું! એ મનુષ્યને મનુષ્ય હોવાની સ્થિતિમાંથી બહાર કાઢીને ક્યાંનો ક્યાં રઝળાવે! આથી માણસ શાસ્ત્રનો ખૂંટો રોપે, હૈયું બાંધે ત્યારે જંપે, પણ એમ હૈયું કાંઈ થોડું જ ગાંઠે! એ એનો પડાવ તરત ઉઠાવીને વળી દૂર દોડી જાય છે. આમ વ્યક્તિથી શરૂ કરેલો પ્રેમ સમષ્ટિ સુધી પહોચે, ને સંબંધના વ્યાસને એ એટલો વિસ્તારે કે એની બહાર કશું ન રહે ત્યારે જ એ જંપે!

આ હૃદયની લીલા, પોતાનું અનુસંધાન સમસ્ત સાથે કરવાની એની અદમ્ય ઇચ્છા તે આ કાવ્યનો વિષય છે -- વિષય તો છે જૂનો ને જાણીતો; માટે જ અહીં કવિની કસોટી છે. કાંઈ કહેવા જાઓ કે તરત કેટલાય પડઘા કાને અથડાય --

મીરાંના, કબીરના! તો જુઓ, આપણા કવિએ શું-શું કર્યું છે. એક થવાની, તાદાત્મ્ય સાધવાની વાત એમને કહેવી છે, પણ તે કવિતામાં કહેવી છે, વળી બધા કહી ગયા હોય તે રીતે નહીં, પણ એ ભાવને પોતે નવેસરથી પોતાનો કર્યો છે એવી પ્રતીતિ ઊપજે એવી રીતે કહેવી છે, તો શું કરવું?

આમ કરવું હોય ત્યારે કવિને ભાષામાં કાંઈક નવીનતા ઊપજાવવી રહે. રહસ્યભર્યો અગમનિગમનો આ ભાવ કવિ ઘરગથ્થુ ઉપાદાનની મદદથી, તળપદી શૈલીમાં વ્યક્ત કરે છે. ને તેમ કરવાથી વિષયના ગૌરવને હીણું કરતા નથી, પણ એને ઊલટા સચોટ બનાવે છે.

કવિતાના વિશ્વમાં કશું અકિંચિત્કર નથી. આપણે આંખ માંડીને જોઈએ, આપણી આંખ ઠરે એટલે વસ્તુનું રૂપ બદલાઈ જાય. રસથી તરબતર કરી દઈને એક અને અભિન્ન બનાવી દે એવા મિલનની ઝંખનાને કવિએ ત્રણ દૃષ્ટાંતો દ્વારા આકાર આપ્યો. એમાં જ કવિની શક્તિ છે. અસાધારણને અસાધારણથી પ્રકટ ન કરતાં સાધારણ દ્વારા જ એની અસાધારણતા પ્રકટ કરવી એ જરા કપરું છે.

લૂખુંસૂકું રૂ તો આપણે બધાંએ જોયું છે. હજુ દાદીમા સાંજને વખતે બેઠાંબેઠાં એની દિવેટ વણે છે. પણ એ રૂના તંતુએ તંતુમાં રસને, પ્રવાહીને ગ્રહી લેવાની કેટલી ઉત્કટ શક્તિ છે! વિજ્ઞાન તમને એ શક્તિનું નામ પણ પાડી આપશે, પણ કવિને એનો ખપ નથી. અત્તરને અણુએ અણુમાં શોષી લઈને તરબતર થવાનો

રૂનો સ્વભાવ આબાદ પકડાય એમ આપણને લાગે છે. પણ આમાં કેવળ સુખ નથી, દુ:ખ પણ છે ને તેય ભારે દુ:ખ -- વીંધાવાનું દુ:ખ. કણેકણ વીંધાય ત્યારે જ કણેકણમાં મિલન રચાય, ને સાચી એકતા અનુભવાય. જે વીંધાયું નહિ, તે એક થયું નહિ!

વારુ. હવે બીજું દૃષ્ટાન્ત. સૂનું ઘર અને એની જાળી. સૂનું ઘર હંમેશાં કોઈની પ્રતીક્ષા કરતું લાગે છે, પણ જાળીમાં થઈને તેજ સિવાય કોણ પ્રવેશી શકે? ને તેજના જેવી વ્યાપ્તિ પણ કોની? માટે જાળીના જેવા અંતરાયને પણ નહિવત્ કરનાર, એવા ભીડેલા ભોગળ-આગળાને નહિ ગાંઠનાર `અદીઠા અંબાર'ને કવિ અહીં બોલાવે છે. પ્રકાશ બધું પ્રગટ કરે છે, પોતે પ્રકટ થતો નથી, એમ કહો

અથવા `અદીઠ' એટલે અસામાન્ય તથા અગોચર એવી ગેબી વસ્તુ ગણો -- જે રુચે તે સ્વીકારો, કવિને તકરાર નથી.

છેલ્લે ત્રીજા દૃષ્ટાંતની મહોર મારીને કવિ વાત પાકી કરી લે છે. ઇધણ તો સાવ તુચ્છ છે, નકામું છે, ઊધઈ ખાધેલું છે. કાંઈકેટલી વાસનાની ઊધઈ આપણને કોર્યા જ કરતી હોય છે. પણ અગ્નિનો સ્પર્શ થયો કે ખલાસ! અગ્નિના આલિંગનમાં એવો ગુણ છે કે જેને તે આલિંગે તેને પોતાથી અભિન્ન કરી દે, એને અગ્નિતુલ્ય નહિ, પણ અગ્નિમય કરી દે. માનવના હૃદયની આરત, અભીપ્સા -- એનાથી ઉજ્જ્વળ બીજો કોઈ અગ્નિ નથી. જેના હૃદયમાંથી એ અગ્નિ ઓલવાયો તેનું અંધારું કોઈ ટાળી શકે નહિ. માટે જ કવિએ કહ્યું કે આવી આરત, પોતાની

સીમાને ઉલ્લંઘવાનાં અરમાન -- એ અગ્નિનો શણગાર, તે જ માનવનો સૌથી મોટો શણગાર. એ છેલ્લો શણગાર ધારણ કરીને જ આપણે પૃથ્વી પરથી જઈએ છીએ ને!

ને આ બધું કહ્યું છે જીવણને! `જીવણ' શબ્દની તળપદી મીઠાશ કવિએ ખપમાં લીધી છે. એને અણસારો કરીને `આવો આમના' કહીને નિકટ બોલાવવામાં રહેલી સાહજિક આત્મીયતા આ પરમ રહસ્યમયભાવને સરળતાથી નિરૂપવા છતાં એની રહસ્યમયતા ને ઉત્કટતાને અળપાઈ જવા દેતી નથી, એ કવિકર્મનો વિશેષ છે.

સુરેશ જોષી

# મકરન્દ દવે - અદીઠો સંગાથ

પગલું માંડું હું અવકાશમાં,
જોઉં નીચે હરિવરનો હાથ,
અજંપાની સદા સૂની શેરીએ,
ગાતો આવે અદીઠો સંગાથ.
જાગીને જોઉં તો કોઈ નથી એકલું,

ભયની કાયાને ભુજા નથી,
નથી વળી સંશયને પાંખ,
ભરોસે ચાલ્યા જે અનભે રંગમાં,
ફૂટી એને રૂંવે રૂંવે આંખ.

જાગીને જોઉં તો કોઈ નથી એકલું.

ઊંઘતાને માથે ઓળો મોતનો,
ઊંઘતાને પાયે જગની જેલ,
આઘાતે ભાંગે છે કોઈ અહીં ભોગળો,
અને આંસુડે વાવે છે અમરવેલ.
જાગીને જોઉં તો કોઈ નથી એકલું.

સંસાર સરે છે ખરો, પણ બેહોશીમાં. આપણે બેહોશ છીએ એટલે ફરિયાદ કરીએ છીએ કે આપણી સાથે કોઈ નથી. પણ આપણી બેહોશીમાંથી જો જાગીને જોઈએ તો ખરેખર કોઈ એકલું હોતું નથી. એની સાથે હંમેશાં હરિવરનો અદીઠો સંગાથ

હોય છે. દેખાતો ન હોય એટલે એમ ન કહેવાય કે સંગાથ નથી. આપણા પ્રત્યેક પગલા પાછળ હરિવરનો હાથ હોય છે. આપણે ઓળખતા નથી એને એટલે જ આપણી શેરીઓ અજંપાથી ભરીભરી અને સૂની છે. કંઈ નહીં તો આપણા સૂનકારને પણ સરખી રીતે ઓળખીએ તો ઈશ્વરના ભણકારા વાગ્યા વિના રહેશે નહીં.

ભય જેટલો મનમાં હોય છે એટલો ક્યાંય નથી હોતો. આપણું મન પણ આપણી કાયાની બહાર નથી. કવિએ કહ્યું કે ભયને ભુજા નથી. પણ એ ભુજા આપણા સમગ્ર અસ્તિત્વને ભરડામાં લઈ શકે એટલી લાંબી છે. સંશયને-શંકાને પાંખ ભલે ન હોય, પણ આપણે એનાથી ફફડતા જ હોઈએ છીએ. જો એનામાં ભરોસો હોય

તો પછી દૃષ્ટિ પણ મળે, દર્શન પણ થાય અને એવા દર્શનને સાક્ષાત્કાર કહેવાય. આપણે અંદરથી જાગતા જ નથી એટલે મોતનો ભય લાગે છે. મુક્ત જીવ જગતના કેદખાનામાં કેદ થયેલો છે. કોઈક એવી ઘટના બને કે આપણી ભોગળો ભાંગી જાય અને જીવનની ભૂગોળ બદલાઈ જાય. મીરાંની જેમ આંસુથી જો ભક્તિને ઉછેરીએ તો ક્યાંય એકલું લાગે નહીં.

મકરન્દ દવેને બધા જ ઓળખે છે -- શબ્દના સાધક તરીકે. પણ ઘણીય વાર એમની કવિતામાં સાધકના શબ્દનું તેજ નીખરી આવે છે. કવિતા પોતે જ એક પ્રકારની આધ્યાત્મિકતા છે એ જાણ્યા છતાંય ગુજરાતી કવિતામાં મકરન્દ દવેની

આધ્યાત્મિક કવિતાનો સૂર હૂંફાળો અને નિરાળો છે. એમાં લાવણ્ય છે, સૌંદર્ય છે અને સહજ લયનું માધુર્ય છે.

## મકરન્દ દવે - ભીતર ભગવો

ભીતર ભગવો લ્હેરે રે
મારા હરિવરની મ્હેરે.

જીવતેજીવ વ્હાલે ચિતા જલાવી
ને હોમ્યાં અંગેઅંગ;
જ્યાં જોઉં ત્યાં ઝળહળે હવે

ગુપત ગેરુ રંગ
દુનિયાને સબ ડેરે રે --
મારા હરિવરની મ્હેરે.
કાળનો એક કબાડી ઊભો
હાટવાટે વિકરાળ,
કોઈ ધ્રૂજે, કોઈ ધ્રુસકે, હું તો
તાળી દઉ તત્કાળ :
ઈ તો ખોટુકલો ખંખેરે રે -
મારા હરિવરની મ્હેરે.

અમી વરસે મેહુલા, જ્યારે

ભીતર થાય ભસમ,

ભડકામાં મેં તો ભાળ્યું, વીરા!

લીલું લીલુંછમ :

હું હેરું, કોઈ હેરે રે -

મારા હરિવરની મ્હેરે.

વસ્ત્રો બદલવાં કે વસ્ત્રોના રંગ બદલવા તે તો સંન્યસ્તની બાહ્ય નિશાની છે, માત્ર જાહેરખબર છે. પરંતુ જેના ભીતરમાં ભગવાનનું અસ્તર લાગ્યું હોય તેણે બાહ્ય ઉપકરણો લહેરાવવાની જરૂર જ શી? અને એ તો ભગવો પોતે જ લહેરે એવી `પ્રેમદીવાની' વ્યક્તિનું આખુંય વ્યક્તિત્વ, અસ્તિત્વ થનગનતું બને છે, નાચતું રહે

છે, લહેરાતું રહે છે. જેણે પોતાના અંતરમાં ભગવાની અને ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરી છે તેને માટે તો ત્યાગમાંથી જ ફૂટે છે અકળ આનંદની સરવાણી, ભીતરમાં સાચા ભગવા અને ભગવાનની સ્થાપનાને ન ઓળખનાર અને બાહ્યાડંબરને જ પોતાનો ટ્રેડમાર્ક બનાવીને ફરનારા ધર્મના અખાડિયનોને આદિ શંકરાચાર્યે આપેલો શાપ જેટલો ક્રોધમાંથી તેટલો જ બોધમાંથી જન્મેલો હશે.

અકર્તા રહીને કર્મ કરવાનો ગીતાબોધ એક માનસિક અને ભાવનાત્મક અવસ્થા માગી લે છે. એ તો ઇન્દ્રિય-વિસ્મરણનું પાંચ-દસ મિનિટનું નહીં, પરંતુ આજીવન શવાસન છે. જીવનનું સર્વસ્વ -- અરે, ખુદ જીવન જ -- કૃષ્ણાર્પણ કરીને ડદ્ઘ

જહ્નજહ્નની ભાવના હિમાલય પાસે ન્યોછાવરીની વીરતા પણ નાની ટેકરી જેવી લાગે! પરંતુ આ યજ્ઞને દાનવતા અને દાનવોથી બચાવીને એને સાંગોપાંગ પાર પાડવા માટે તો વિશ્વામિત્ર જેવાને પણ રામ અને લક્શ્મણ જેવાનાં રખવાળાંનો ખપ પડે. હરિવરની મહેર હોય તો જ આ ભીતરનો ભગવો મોરે. હરિવરને પણ `મારો' કરીને રાખે એવી મીરાંની પગલાઈ અને પુન્યાઈ જોઈએ.

મરી ગયા પછી તો ચિતા સૌ સજાવે, પરંતુ અહીં તો વહાલાએ જીવતે જીવ ચિતા જલાવી અને અંગેઅંગની આહુતિ આપી. એણે તો જીવતાં જગતિયું કર્યું, પણ બધું બાળશું તો જ કશુંક અજવાળશું. અહીં તો નાશને બદલે હાશ નોતરવાની વાત છે. બધું બળવાને બદલે અહીં તો `ગુપત' ગેરુવો `ઝળહળે' છે. અને પછી તો

મારુંતારું, મેરા-તેરા, હું, કંઈ રહેતું નથી. દુનિયાના સબ -- સકળ ડેરાતંબૂ હવે તો મારા છે, મારા માલિકના છે અને હવે તો બધે જ પેલા રામદાસની ભગવી ધજા ફરકે છે. કાળનો પેલો કબાડિયો વાટે વિકરાળતા ધારીને ઊભો છે. આ કઠિયારાનો દેખાવ બિહામણો જ લાગે. લોખંડના ધગધગતા થાંભલાને ભેટવાના વિચારે પ્રહ્લાદ જેવો પ્રહ્લાદ પણ થથરી ઊઠે તો કાચાપોચાનું તો શું ગજું? ધ્રુજારી ધ્રુસકાનો આશરો લેનાર જીવનભર નિરાધાર રહે, પણ હરિવરની કૃપા હોય તો કીડીઓની લંગાર દેખાય અને હામ ભાંગતી અટકે : અને ભીરુ બાળક બાળક મટીને પ્રહ્લાદ બની જાય. જેનું ભીતર ભગવાનના ભગવાથી સમૃદ્ધ હોય તે તો આ કઠિયારાનેય તાળી દઈદઈને ગોઠડી માંડે, કંપ કે કંપારી વગર આપણે

વર્તીએ -- એ તો તો જ બને જો આપણે સાચુકલા હોઈએ અને આપણે સાચુકલા છીએ તેની અગ્નિપરીક્ષા કરવા જ પેલો `ખોટુકલો' બિવરાવે છે! દેખીતી રીતે એ આપણને ખંખેરે છે; પણ ખંખેરાઈ જાય છે એ; આપણા તાંદુલ નહીં પણ આપણાં કર્મનાં બંધનો જ!

ભીતર વાસનાથી ખદબદતું હોય તો મેહુલાની આંખમાં પણ અમી ક્યાંથી હોય? પણ ભીતર પ્રજાળીને ઉજાળ્યું હોય તો મેહુલો પણ અમી વરસે. કવિ કોઈને નહીં, પોતાની જાતને જ સંબોધે છે. વીરા! બધું બાળી મૂકવાની તૈયારીમાં જ ભીતરની લીલોતરી મોરી ઊઠે છે. અને આ ચમત્કાર સર્જાય પછી તો શું હું કે શું કોઈ, સૌ સદ્ભાગી જોઈ શકે છે, પામી શકે છે. જીવ અને શિવ મળ્યા દૃષ્ટોદૃષ્ટ

એટલે દેખીતા ભડકામાં પણ લીલોતરી દેખા દે છે. આ મહાસુખ તો `માંહી પડ્યા'ને જ પ્રાપ્ત થાય. આપણા મરમી કવિ મકરન્દ માટે ભજનનાં ભાવ અને ભાષા કેટલાં હાથવગાં છે! ભજનની, ધૂનની ભાષા કેવી ઢાળ ઊતરતીઊતરતી આવે છે! જીવતેજીવ, વ્હાલે, ગુપત, સબ ડેરે રે, કબાડી, હાટઘાટે, ખોટુકલો, ભસમ, ભાળ્યું, હેરું વગેરે શબ્દો કવિતાના તાનપૂરાના તાર પર આપોઆપ બેસીને મીંડ વાળે છે. કેવળ કસબના ખડિયામાં નહીં, પરંતુ આત્માના ખડિયામાં ઝબોળાઈને લખતી આપણી થોડીક કલમોને મકરન્દ દવે અને સુન્દરમ્ કેવું ગૌરવ આપે છે!

જગદીશ જોષી

## મકરન્દ દવે - વળતા આજ્યો હો :

માધવ વળતા આજ્યો હો ! એક વાર પ્રભુ ખબર અમારી લેતા જાજ્યો હો!

રાજમુગુટ પહેરો કે મોટા કરો ધનુષટંકાર,
મોરપિચ્છ ધરી જમુના કાંઠે વેણુ વાજ્યો હો!

અમને રૂપ હ્રદય એક વસિયું ગમાર ક્યો તો સહેશું,
માખણ ચોરી નાચણ પગલે નેણ લગાજ્યો હો!

રોકી કોણ શકે તમને પ્રભુ, રાખી પ્રાણ પરાણે,
જોશું વાટ, અમારા વાવડ કદી પુછાજ્યો હો?

આ કવિતાનું વાચન આપણને મધ્યકાલીન કવિતાની આબોહવામાં મૂકી દે છે : એના ઉદ્ગારમાંનો આર્તસ્વર હૃદયને સ્પર્શી જાય છે. એની ભાષામાં ખાસ કરીને `આજ્યો' જેવાં ક્રિયાપદોમાં રહેલી સ્વાભાવિકતા ઉદ્ગાર ને ઉત્કટતાનું પરિમાણ આપે છે.

આમ જોઈએ તો એ કૃષ્ણની વિદાયનું ગીત છે -- પણ ઈશ્વર ક્યાં કદીયે કોઈની વિદાય લે છે? એક વાર પણ જો કોઈના જીવનમાં ભગવત-તત્ત્વનો પ્રવેશ થયો, તો પછી એ તો હમેશ માટે રહેવાનું જ છે. ગોપીઓના જીવનમાંથી સ્થૂળરૂપે કૃષ્ણ હટી ગયા : માથે મોરમુગટ પહેરી જમુનાને કિનારે વાંસળી વગાડતા નંદકુંવર તો આર્યાવર્તના રાજકારણમાં ગૂંથાઈ ગયા. એના મસ્તકે હવે તો રત્નજડિત

રાજમુગુટ પહેરાવાતો હતો. એના ધનુષ્યનો ટંકાર હવે રણક્ષેત્રોમાં સર્વત્ર ગુંજ્યા કરતો હતો. છતાં, પેલું યમુના-તટ પરનું વેણુ-ગાન, એ તો હૃદય સાથે જડાયેલું સત્ય છે.

ભક્તના હૃદયમાં આ જ એક રૂપ વાસ કરે છે : કદાચ કોઈ કહે કે તમે ગીતાના ગાયક કે આર્યાવર્તમાં જેની હાક વાગે છે એવા યોગેશ્વર કૃષ્ણને યાદ નથી કરતા અને માખણ ચોરતા અને ગોપીઓ કહે તેમ નાચ નાચતા નટખટ બાળકને કેમ યાદ કરો છો? ભક્તહૃદય તરત જ ઉત્તર આપે છે : હશે, અમે કદાચ એટલા ગમાર હોઈશું, આર્યાવર્ત પર એકચક્રી શાસન કરતા કૃષ્ણ કરતાંયે યુગયુગો સુધી લોકહૃદય પર જેનું એકચક્રી શાસન ચાલ્યું છે એ શિશુ જ અમને વધારે વહાલો

છે. ઈશ્વર જીવનમાં સ્થૂળરૂપે આવે અને જાય, છતાં એનો વાસ એક વાર હૃદયમંદિરમાં થયો, પછી ચિંતા કરવા જેવું હોતું નથી, પછી ભક્ત ભગવાનને શોધવા જતો નથી, પણ ભક્તના વાવડ પૂછવા ભગવાન પોતે આવે છે.

એટલે જ કવિ તારસ્વરે પ્રાર્થી શકે છે : `હે પ્રભુ, તમારી બધી જ પ્રવૃત્તિઓના અંતે એક વાર અમારી ખબર લેવા અચૂક આવજો... તમારાં બધાં જ કર્મરત જીવનની પરાકાષ્ઠાને અંતે અમે ઝંખીએ છીએ મિલન અને સાક્ષાત્કારની ક્ષણ !'

હરીન્દ્ર દવે

## મદન (બાઉલ ગીત) o અનુ. સુરેશ દલાલ - ગીત ગાવું એ મને સહજ છે

ગીત ગાવું એ મને સહજ છે, ભીતરની એ મારી ગરજ છે
મારી તમને એક અરજ છે : ગીત ગાતાં મને રોકો નહીં.

રંગ સુગંધ ને ફૂલનો વૈભવ : ફૂલની એ જ નમાજ
તારતારથી ઝરતી ભક્તિ : વીણાનો એ જ મિજાજ

ગાવું, ન્હાવું એ મને સહજ છે, જીવનની એ મારી ગરજ છે
મારી તમને એક અરજ છે : ગીત ગાતાં મને રોકો નહીં.

બંગાળને ને બાઉલને છૂટા ન પાડી શકાય. બાઉલોની એક પરંપરા છે. ક્યાંય કશે જકડાય નહીં. સહજપણે જીવવું એ એમનો ધર્મ છે. મૂળ તો માર્મિક ભક્તો છે. ઓલિયા ફકીર જેવા. એમનો પરિચય એ રીતે આપે છે કે અમે તો પંખીની જાત, અમને રસ્તે ચાલતા આવડે નહીં. ગગનગામી એમની દૃષ્ટિ છે. માનવપ્રેમ એ જ સારસર્વસ્વ. કોઈ ભેદભાવ નહીં.

જયંતીલાલ આચાર્યે `બંગાળના બાઉલો' નામનું એક નાનકડું પુસ્તક કર્યું છે. એના મૂળ લેખક ક્ષિતિમોહન સેન. મદન મુસ્લિમ હતા. કંઠે જે આવે તે ગાતાં. ધર્મચુસ્ત મુસલમાનોને એમની આ પદ્ધતિ માફક ન આવે. જેના કંઠમાં ગીત ઊભરાતાં હોય એના કંઠ ઉપર આગળો તો કેમ મુકાય? કવિ તો કહે છે કે ભાઈ

મને મન મૂકીને ગાવા દો. ગીત એ જ મારું જીવન છે. એ જ મારી નમાજ. એ જ મારી પૂજા. એ જ મારી બંદગી. હું તો સૃષ્ટિમાં સર્વત્ર નમાજનો જ મિજાજ જોઉં છું. ફૂલોની રંગબહાર નમાજનો જ પ્રકાર છે. રાતના મહેકતો સુવાસિત અંધકાર પૂજાનો પ્રકાર છે. મારી વીણાના તારેતારમાં જે સંગીત ઝરે છે એ જ મારી ભક્તિ. અમે ક્યાંય સ્થિર નથી. અમે ક્યાંય સ્થાયી નથી. અમે તો હરતાફરતા માણસ. અમે તો રખડતારામ. અમે વહેતા રહીએ. અમે ચાલતા રહીએ. કાયમનો કોઈ વિસામો નહીં. કબીર કહે છે એમ પાણી નિર્મળ છે, કારણ કે વહેતું રહે છે. જે પાણી વહેતું નથી એ ખાબોચિયું થાય છે અને ગંધાય છે.

બાઉલને મન આ ગીતસંગીત અને આ પ્રીત-સંગીત તદ્દન સહજ. કશો પ્રયત્ન નહીં કરવાનો. માછલી જળમાં તરે એટલી સ્વાભાવિકતાથી જીવવાનું. કોઈ બંધન નહીં. પોતાની જ મસ્તીમાં મસ્ત. કશાયને વળગવાનું નહીં અને કશું પણ જકડવાનું નહીં. કોઈની સાહજિકતાને રોકવી એ પાપ છે. અધર્મ છે. આના સંદર્ભમાં એક ગીત જોવા જેવું છે.

આવી કસૂર

કળીને કહેવું કે મ્હેક દૂર વહી જાય નહીં;
જીવ મારા! આવી કસૂર કદી થાય નહીં !

ચંદાની ચાંદનીને ન્યાળીને ઊછળે છે
          સાગરનાં ફાળભરી પાણી;
આભમાં છવાયેલી ઘેઘૂર ઘટાને જોઈ
          થનગનતી મોરલાની વાણી
પંચમી વસંતની ત્યાં કહેવું કોકિલને
          કે કંઠની કટોરી છલકાય નહીં;
જીવ મારા! આવી કસૂર કદી થાય નહીં!

સ્હેજે ના જાય સરી છેડલો, રે એમ કરી
          અંગ અંગ ચપોચપ પ્હેરિયું;
પણ વ્હેતા આ વાયરામાં ઊડ્યા વિના તે રહે

કેમ કરી ભાતીગળ લ્હેરિયું ?
પંખીની આંખ મહીં આખુંયે આભ
ત્યાં કહેવું કે ઊંચે ઉડાય નહીં;
જીવ મારા! આવી કસૂર કદી થાય નહીં!

## મધુમતી મહેતા - પ્રતીક્ષાનું ગીત

મારી પાટીના અક્ષર ભૂંસાય કે રામ તમે આવોને,
મારા ફેરાનાં મીંડાં ઘૂંટાય હે! રામ હવે આવોને.

મારું હોવું અભરખાનું ઝાડ કે રામ તમે આવોને,

મારી ફરતે અજંપાની વાડ હે! રામ હવે આવોને.

મારી છાતીમાં નોધારી ચીસ કે રામ તમે આવોને,
મેં તો સાચવીને રાખી છે રીસ હે! રામ તમે આવોને.

મારી આંખે ઉજાગરાનું જાળું કે રામ તમે આવોને,
હું તો આવ્યાના ભણકારા પાળું હે! રામ તમે આવોને.

છેડો આતમમાં મલ્હારી રાગ કે રામ તમે આવોને,
મારા ઇધણમાં ચાંપો રે આગ હે! રામ હવે આવોને.

હવે જીવતર આ જૂના કથીર કે રામ તમે આવોને,

મારી અંદરથી ખોવાણા પીર હે! રામ હવે આવોને.

ઈશ્વર હંમેશાં આપત્તિમાં જેટલો યાદ આવે છે એટલો બીજે ક્યારેય નથી આવતો. આપણો દરિયો સુકાતો હોય કે આપણે લલાટે જે સદ્ભાગ્ય લખાયું હોય અને આપણી પાટી પર વિધાતાએ જે અક્ષર પાડ્યા હોય તે ભૂંસાતા હોય ત્યારે હૃદયમાંથી એક ચીસ નીકળી જાય છે અને એટલે જ પહેલી પંક્તિની વેધકતા આપણી આરપાર નીકળી જાય છે. લગ્નના દેખીતી રીતે સાત ફેરા હોય છે, પણ એક પછી એક વીતતાં વર્ષો એ ઘૂંટાતાં મીંડાં છે. આ મીંડાં વધતા જાય એ ગમે

પણ ઘૂંટાઈઘૂંટાઈને ગૂંગળાય એ ન ગમે. `રામ તમે આવોને'માં વિનંતી છે. પણ `રામ હવે આવોને'માં ઉત્કટતા છે.

માણસ ઉમળકા અને અભરખાથી જીવતો હોય છે. ધીમેધીમે અભરખાનું ઝાડ ઉછેરતો હોય છે, પણ ક્યારેક અજંપાની વાડ વૃક્ષને ગૂંગળાવે છે અને એટલે જ બેચેનીમાં રામનો ઉદ્ગાર સરી પડે છે. જીવનમાં એવી કેટલીયે ક્ષણ હોય છે કે આપણે અચાનક પરિસ્થિતિના મોહતાજ થઈ જઈએ છીએ. આપણો ગમે એટલો પુરુષાર્થ હોય તો એ પુરુષાર્થ આપણને પાંગળો લાગે છે. જીવનના તમામ આધાર સરી જતા હોય છે, પગ નીચેની ધરતી સરતી હોય એમ. આવી પરિસ્થિતિમાં જે ચીસ પ્રગટે છે તે પ્રાર્થનાનો જ એક પ્રકાર છે. પરિસ્થિતિની

ચિંતા કરવી એના કરતાં પ્રાર્થના કરવી એ ઉત્તમ માર્ગ છે. ક્યારેક ઈશ્વર સાથે પણ પ્રેમથી ઝઘડવાનું મન થાય છે, એટલે તો અહીં સાચવી રાખેલી રીસની વાત કહેવાઈ છે. માણસનું મન જ્યારે આવરું-બાવરું હોય, બેબાકળું હોય ત્યારે આંખને ને નિદ્રાને વેરભાવ ઊભો થાય છે. ઊંઘ આવતી નથી. ઉજાગરો ખૂંચે છે અને ખટકે છે. સૂવાના પ્રયત્નોમાં પણ સૂઈ શકાતું નથી. ઉજાગરાનું જાળું મૂંઝવે છે. ઈશ્વર આવે તો જાગરણ થાય. અંતરમાં અણસારા છે. કાનમાં `આવશે'ના ભણકારા છે. પણ અણસારા ને ભણકારાથી જીવી જીવીને કેટલું જિવાય.

માણસ એટલે જ પેરેડોક્સ, વિરોધ અને વિરોધાભાસ. જીવનમાં એક બાજુ ઇચ્છાના ઇંધણ છે, કામના છે, વાસના છે, બીજી બાજુ ઉપાસનાની આરત છે.

કવયિત્રી એકસાથે બે વસ્તુ માગે છે -- આગ અને વરસાદ. આત્મામાં મલ્હારી રાગ છે અને ઇધણમાં આગ ચંપાયેલી અપેક્ષા છે. રોબર્ટ ફ્રોસ્ટનું એક નાનકડું કાવ્ય યાદ આવે છે. કોઈક કહે છે કે વિશ્વનો વિનાશ અગ્નિથી, કોઈક કહે છે બરફથી, જો વિશ્વે બે વાર વિનાશ નોતરવો હોય તો વિનાશ માટેની આગની જેમ બરફ પણ પૂરતો છે. સમગ્ર જીવતર કથીર જેવું છે. જીવું છું, પણ જીવન નથી. જીવની ભીતરનો શિવ ખોવાઈ ગયો છે. ઝંખના ખોવાયેલા પીરની છે. આ કાવ્યની મજા એ છે કે એમાં લોકગીતના લયના ભણકારા છે. આપણા કવિ ન્હાનાલાલ માટે પણ લોકગીત પ્રાણવાયુ જેવાં હતાં. એમનું એક કાવ્ય યાદ આવે છે :

આ વસંત ખીલે શતપાંખડી હરિ આવોને

વેર્યાં તારલિયાના ફૂલ હવે તો હરિ આવોને.

મધુમતી મહેતા શિકાગોમાં રહેતાં કવયિત્રી છે. ગીત અને ગઝલ બંને સ્વરૂપ પરની એમની ફાવટ અજાણી નથી.

## મનસુખલાલ ઝવેરી - શિખરું ઊચાં

શિખરું ઊચાં ને મારગ આકરા,
નહિ કોઈ સાથ કે સંગાથ.

નહિ ત્યાં કેડી કે નહિ વાટ,
ચડવાં ચઢાણો તસુ તસુ એકલાં.
શિખરું ઊચાં ને મારગ આકરા.

લિયે એ મારગ નર કોઈ બંકડા,
છોડી આળ ને પંપાળ,
રાખી રામૈયો રખવાળ.
કાચી રે છાતીનાં બેસે તાકતાં.
શિખરું ઊચાં ને મારગ આકરા.

ચડે એ ઊચે, જે માંહે ડૂબતાં,

જેને આતમનો સંગાથ,
એનો ઝાલે હરિવર હાથ.
પંડને ખુએ તે પ્રીતમ પામતાં.
શિખરું ઊચાં ને મારગ આકરા.

ઠાકોરની એક પંક્તિ યાદ આવે છે : `નિશાન ચૂક માફ, ન માફ નીચું નિશાન'. માણસે પોતાની આંખ સમક્ષ ઊચું શિખર રાખવું જોઈએ. કોઈ પણ ક્ષેત્રમાં હોઈએ પણ એ ક્ષેત્ર ધર્મક્ષેત્ર ક્યારે બને જ્યારે હૃદયચક્શુ સમક્ષ શિખરની ઊચાઈ હોય. હૃદયમાં દરિયાનું ઊડાણ હોય. અહીં ભક્તિના માર્ગની વાત છે. મધ્યકાલીન કવિની જાણીતી પંક્તિ છે : `હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું

કામ જોને.' આ કાવ્યમાં હરિના મારગની વાત છે. ઈશ્વરની પ્રાપ્તિ એ એક રીતે સરળ અને સહેલી છે. જોકે એ સહેલી લાગે છે, પણ સહેલી હોતી નથી. ઈશ્વરને પામવા હોય તો સ્વત્વને જાળવીને અહમ્‌ને છોડવો જોઈએ. ઈશ્વરની પ્રાપ્તિનો રસ્તો એટલે અહમ્‌ની સોહમ્ તરફની ગતિ. ગુરુ કર્યા હોય તોપણ ગુરુ અમુક હદ સુધી જ સાથે હોય. આપણે જ આપણા ગુરુ થવાનું છે. અખો તો કહીકહીને થાક્યો કે `ગુરુ થા તારો તું જ'. હરિનો રસ્તો આકરો છે. આપણે જ કાપવાનો છે. કોઈ સાથ કે સંગાથ નથી હોતો. કોઈની કંડારેલી કેડી પર કે કોઈની વાટ ઉપર વટેમાર્ગુ થઈને ભટકીએ તો કશુંયે પ્રાપ્ત ન થાય અને મંજિલ દૂર ને દૂર જાય. આપણી કેડી આપણે જ કંડારવાની. ચઢાણો આપણે એકલાં જ ચઢવાનાં. આમાં

કાચાપોચાનું કામ નહિ. નરમાંથી નરસિંહ થવાનું. સંસારની સુંવાળી આળપંપાળ છોડવાની, રેશમી સંબંધોમાં અટવાવાનું નહિ. જે કાચી છાતીના માણસો છે એ તો શિખરની ઊંચાઈને જોયા જ કરે છે. એક્કે પગલું માંડી શકતા નથી. ગિરનારને પહેલે પગથિયે અટકીએ એટલે ગિરનાર જોયો કહેવાય, ગિરનાર પર ચઢીને જગતને જોવું એ જુદો જ અનુભવ છે.

અહીં વિરોધ તો એ છે કે ઊંચું ચડવું હોય તો અંદર ડૂબવું જોઈએ. જે આ વિરોધને જીવી જાણે છે એ જ હસતે મુખે, સહજભાવે આ અમૃતને જીરવી જાણે છે એ જ ઈશ્વરના પંથની પ્રાપ્તિ કરી શકે છે. કોઈ બાહ્ય વ્યક્તિ કે કોઈ બાહ્ય ચમત્કાર કે બાહ્ય ઘટના કામ નથી આવતી. જેમને આત્માનો સંગાથ છે એમને

જ પરમાત્મા મળે છે. જે પોતાનો હાથ ક્યાંય ગૂંચવતો નથી એનો હાથ સ્વયં હરિવર આવીને ઝાલી લે છે. ભગવાનને પણ ભક્તની ગરજ છે, પણ આપણી પોતાની ફરજ અને ગરજ કેટલી છે એના પર જ અલૌકિક તરજનો આધાર છે. હરિવર હાથ ઝાલે એનાથી ઉત્તમ હસ્તમેળાપ કયો હોઈ શકે? સ્વાર્પણ અને સમર્પણની ભાવના ઈશ્વર તરફ લઈ જાય છે. પંડને ભૂલી જઈએ તો જ પ્રીતમ મળે અને ઈશ્વરની પ્રિયતમા થવાનું સદ્ભાગ્ય તો માણસમાત્ર પાસે છે, પણ એ ભાગ્ય સૌને નથી મળતું, કારણ કે એ મેળવવા માટે આધ્યાત્મિક પુરુષાર્થ કરવો જોઈએ. સાધના કરીએ તો શિખરે પહોચાય.

# મનુભાઈ ત્રિવેદી `સરોદ' - અવગતની એધાણી

એ સંતો, અવગતની એધાણી
કે ચાતક પીએ એઠું પાણી.

રાજના રાજ એવા મેઘરાજાને ઘર
          એની પરબ મંડાણી,
સોનેરી દોરથી ને હેમલા હેલથી
          રૂપેરી ધાર રેલાણી :
હે સંતો, તોય તરસ ન છિપાણી
કે ચાતક પીએ એઠું પાણી !

માનસર છોડીને આવ્યો શું હંસલો
　　　　માછલીએ મન આણી!
ચતુર ચકોરની ચૂકીને ચાંદની
　　　　આગિયે આંખ ખેચાણી!
હે સંતો, આતમજ્યોતિ ઓલવાણી
કે ચાતક પીએ એઠું પાણી!

કળિયુગ કેરો વ્યાપ્યો મહિમા,
　　　　સંતની નિષ્ફળ વાણી;
દાસીય નો'તી મનમોલમાં એ થઈ
　　　　માયા આજ મહારાણી!

હે સંતો, આવે પ્રલય લો જાણી,
કે ચાતક પીએ એઠું પાણી.

વીસમી સદી હોય કે એકવીસમી સદી હોય, ધર્મની ગ્લાનિ થાય અને અધર્મનો ઉદય થાય એટલે કલિયુગ કહેવાય. કળિયુગ આવે છે અને એનાં એંધાણ મળતાં રહે છે. મનુભાઈ ત્રિવેદીએ `સરોદ'ને નામે ગીત-ભજન લખ્યાં અને `ગાફિલ'ને નામે ગઝલો લખી. કળિયુગ એટલે શેતાનનું વર્ચસ્વ, ઇન્સાનની અધોગતિ, ભગવાનને દેશવટો; સવળું બધું સરી જાય અને અવળું માનીતું થાય. મેઘરાજાને ઘેર પરબ મંડાઈ હોય અને ચાતક એઠું પાણી પીએ, એના એને ઓરતા હોય.

તરસ ન છિપાતી હોય છતાંય એ રૂપેરી ધારની અવહેલના કરે એ કળિયુગનો જ પ્રભાવ અને પ્રતાપ.

આની આ જ વાતને કવિ જુદીજુદી રીતે દોહરાવીને, ભજનની પરંપરા સાચવીને આપણને આધુનિક ભજન આપે છે. હંસ જ્યારે માનસર છોડી દે અને મોતીને બદલે માછલીમાં એનું મન ભરાઈ જાય, ચકોર અને ચંદ્રનો સંબંધ દંતકથા થઈ જાય અને એ ચકોરનો જીવ આગિયામાં અટવાય એ આતમજ્યોતિ ઓલવાઈ છે એની જ સાક્શી પૂરે છે. કળિયુગમાં સંતની વાણીનાં કોઈ ફળ હોતાં નથી. કહેવાતા સંતોનું કીડિયારું ઊભરાય છે. દાસી મહારાણીનું પદ પામે છે. સંવાદને

સ્થાને વિસંવાદો સર્જાય છે અને આવા પ્રલયનાં પૂર આવતાં હોય ત્યારે કળિયુગના જ ડંકા વાગતા હોય છે.

ભજનની સરળતા, સોસરવાપણું, તીર જેવી સીધી ગતિ અને એકની એક વાતને ચતુરાઈ કે ચબરાકી વિના મલાવો કરીને મૂકવાની ત્રેવડ કવિના કવિકર્મનો ખ્યાલ આપે છે.

## મનુભાઈ ત્રિવેદી `સરોદ' - તમારાં ફૂટપટ્ટીનાં માપ :

એ માપે જગને માપો, એ ઘોર હૃદય-અંધાપ -
તમારાં ફૂટપટ્ટીનાં માપ.

ઝરણાંનાં શું માપ થવાનાં ? દરિયાનાં, ભઈ, ઘનકૂટ શાનાં?
ગિરિવરને મૈલોમાં નીરખો, એ બુદ્ધિના શાપ - તમારાં ફૂટપટ્ટીનાં માપ :

રૂડોરૂપાળો ચ્હેરો નીરખો, તસુઓનાં માપે શું પરખો?
ઓછાં અદકાં માપ થયે શું? મૂકી દેશો કાપ?- તમારાં ફૂટપટ્ટીનાં માપ.

બે આંગળનું દિલ દરિયાળું, દૃગમાં વિલસે વ્યોમ વિશાળું :
વ્હાલભર્યાં બે વેણ મહીં તો, ઈશ્વર આવે આપ - તમારાં ફૂટપટ્ટીનાં માપ.

ગાંધીજીનું એક પ્રસિદ્ધ વાક્ય યાદ આવે છે. મંત્રની કોટિનું એ વાક્ય છે : `અલ્પાત્માને માપવા સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.' જીવનમાં બધી

વસ્તુઓ માપવાની નથી હોતી. કેટલીક તો પામવાની હોય છે. માપવા બેસીએ અને આપણી ફૂટપટ્ટી શક્ય છે કે ટચૂકડી પડે. જગત ફૂટપટ્ટીથી ન મપાય. ગાંધારીએ તો આંખે પાટા બાંધ્યા હતા. ધૃતરાષ્ટ્રને તો ચર્મચક્શુ જ નહોતાં. ફૂટપટ્ટીથી જગતને માપવા જઈએ તો એ આપણો ઘોર હૃદયઅંધાપો જ છે, ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના અંધાપાને વટાવી જાય એવો.

પથ્થરમાંથી આપમેળે પ્રગટતું ઝરણું એ માપવાની વસ્તુ નથી. દરિયાની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ માપવાની ન હોય. દરિયો ઘનફૂટમાં સમાય નહીં. આકાશને સ્પર્શતા પહાડોનો માઈલોમાં વિચાર ન થાય. અહીં ગણિત અને ગણતરી કામ ન આવે. તર્ક તરકડો થઈ જાય. આવી બુદ્ધિ હોય તે વરદાન નહીં

પણ શાપ કહેવાય. જે અમાપ હોય એનું માપ શાનું? એક રૂડોરૂપાળો ચહેરો હોય, એને તસુતસુના માપેથી પરખાય નહીં. જ્યાં પરખ હોય ત્યાં પ્રેમ જાય. તમારી ગણતરી પ્રમાણે કશુંક ઓછું હોય કે કશુંક અદકું હોય, તો શું તમે ત્યાં કાપ મૂકશો? એક રાજા હતો. એણે મહેમાનો માટે સોનાનો પલંગ રાખ્યો હતો. મહેમાનોને સોનાના પલંગ પર સુવાડતો, પણ એને ત્યાં મહેમાન આવતા અટકી ગયા, કારણ કે આ પલંગની આસપાસ ચાર કુસ્તીબાજો હતા, બીજી વિદ્યાઓમાં પણ પ્રવીણ હતા. રાજાની શરત એવી હતી કે મહેમાન પલંગના માપનો જ હોવો જોઈએ. જો પગ લાંબા હોય તો કાપવામાં આવતા. આપણાં પલ્લાં ખોટાં હોય છે, કાંટલાંયે ખોટાં હોય છે. ત્રાજવે તોળવાની વાત જ ખોટી. આમ તો

મનુષ્યનું હૃદય બે આંગળનું હોય છે, પણ એ દરિયા જેટલું વિશાળ પણ હોય છે. આંખ નાનકડી, પણ આખા વ્યોમને ભરી શકે એવી. ઝાઝું બોલવાની જરૂર પણ નથી. આપણી સચ્ચાઈનાં બે વહાલભર્યાં વેણ હોય તો ખુદ ખુદા પણ આવીને ઊભો રહે, મકરન્દની પંક્તિ યાદ આવે છે : `ચૌદ ભુવનનો સ્વામી આવે, તુલસીદલની પ્રીતે; મનવા ભજન કરે તે જીતે.'

`ગાફિલ'ને નામે ગઝલ લખતા ને `સરોદ'ને નામે ભજન. લગભગ સામસામા છેડાનાં આ બંને સ્વરૂપ એમને સહજ.

## મહેશ દવે - સાહેબ હુકમ કરે કે આવું

આરણ-કારણ કાંઈ ન જાણું
ક્યાંય પછી નહીં જાઉં
સાહેબ હુકમ કરે કે આવું.

મારા મનનું કાંઈ ન ચાલે
કોરે કાગળ સહી
સાહેબના અણસારે મારી
હોડી જળમાં વહી
નાવિક મારો કહે એ લયમાં
ગીત મારું હું ગાઉં.

સઘળું તેને સોપી દઈને
કામ બધાં દઉ છોડી
મેં તો મારી પ્રીત સદાયે
સાહેબ સાથે જોડી;
વહેણ હોય કે પૂર હોય
પણ નહીં કદી મૂંઝાઉ
સાહેબ હુકમ કરે કે આવું.

`પરમ'ને `સાહેબ' તરીકે સંબોધવામાં એક વિશિષ્ટ શરણાગત-ભાવ છે. સમર્પણ કરનારને કોઈ નિમિત્ત જોઈતું નથી, કોઈ બહાનું ચલાવવું નથી, માત્ર ફરમાનની

પ્રતીક્ષા છે. પ્રતીક્ષાની તીવ્રતા દાદ માગી લે તેવી છે. જરાય અવઢવ નથી, મન સહેજે ઢચુપચુ નથી, કોઈ આનાકાની નથી, ફક્ત સાહેબના હુકમની રાહ છે. એ મળે કે જવું નિશ્ચિત, નિશ્ચય પાકો. એ રીતે વ્યક્ત થઈ છે શરણાગત-ભાવની જબરજસ્ત પરાકાષ્ઠા.

આ રચના ભજન નથી, `ક્યાંય પછી નહીં જાઉં' કહેનાર ભક્ત નથી, સાહેબ પાછળ ફના થવા ઇચ્છનાર ફનાગીર ફકીર છે. `સાહેબ હુકમ કરે કે આવું', હુકમ કરે `પછી' નહીં, હુકમ કરે `એટલે' નહીં, હુકમ કરે `અને' નહીં, પણ હુકમ કરે `કે' આવું. એ `કે'માં `ડંકો વાગે ને લશ્કર ઊપડે' જેવી તાબડતોબ તૈયારી છે, આર્જવ અને આતુરતા છે. `સાહેબ' શબ્દ પ્રયોજીને કવિએ શરણાગતિના ભાવને

અનુભૂતિના ઊડાણમાં ઝબોળ્યો છે. ખુદાના ફરમાનની ખુદને ઝંખના છે. `સાહેબ' શબ્દ જે રીતે નવલરામે વાપર્યો છે અને અહીં મહેશભાઈએ પ્રયોજ્યો છે, તે સરખાવવા જેવું છે :

સાહેબ એક ઉપર વસે સમર્થ સર્જનહાર
કોણ મૂરખ તું માનવી સાહેબ આપ થનાર ?

ઉપરના `સાહેબ'ને ભીતરના અહમ્‌થી નવલરામે જુદો પાડ્યો છે, પણ પ્રસ્તુત કાવ્યમાં ખુદા અને ખુદ એક થઈ ગયા છે. ખુદા હુકમ કરે અને ખુદ તે પ્રમાણે વર્તે.

પોતાના મનને મારવું, પોતાની સર્વ ઇચ્છાઓ ઓગાળવી અને કોરે કાગળ સહી કરી દેવી, એ ખૂબ મોટી હિંમતનું કામ છે. અણસાર મળ્યો કે તરત તે પ્રમાણે વર્તવું, તેમાં દાસત્વ સ્વીકારી તાબેદારી ઉપાડી લેવાનો ભાવ છે. જરાક અમથો સંકેત જોઈએ, ઇશારો જોઈએ ને બસ બંદો ચાલી નીકળવા તૈયાર. ભીતરના સાહેબે બહારના સાહેબની સૂક્ષ્મ અસર ઝીલી છે, તેના વાવડ મળે છે. ઓશોનું એક સૂત્ર છે : `તૈરો નહીં, બહો!' મહેશભાઈએ મડદાનું floating અને જીવતાનું તરવું, એ બંનેથી ચીલો ચાતરીને ડૂબવાનું મુનાસિબ માન્યું છે, એ વિના તમામ એષણા-અભિલાષાને `સાહેબ'ની ઇચ્છામાં સમાવી દેવાની તમન્ના જાગે નહીં. એ તમન્ના કેવી છે? આઝાદસાહેબ કહે છે તેવી, શરણાગતિના ભાવને ભક્તના ભાવ

જેવો ગણવાની ભૂલ કરવા જેવી નથી. બંનેમાં સૂક્ષ્મ ભેદ છે. આખુંય પ્રસ્તુત કાવ્ય ભક્તિભાવનું નહીં પણ શરણાગતિના ભાવનું છે.

આ શ્લોકમાં વર્ણવેલાં શરણાગતિનાં છ લક્ષણો પ્રસ્તુત કાવ્યની પંક્તિઓ સાથે મૂકી જોવા જેવાં છે :

(1) અખંડ સ્મરણનો સંકલ્પ : મેં તો મારી પ્રીત સદાયે સાહેબ સાથે જોડી

(2) પ્રતિકૂળ ભાવોનો ત્યાગ : સઘળું તેને સોપી દઈને કામ બધાં દઉ છોડી

(3) સાહેબના રક્ષણમાં પૂર્ણ શ્રદ્ધા : વહેણ હોય કે પૂર હોય, પણ નહીં કદી મૂંઝાઉ

(4) સાહેબના વરણની સ્વીકૃતિ : સાહેબના અણસારે મારી હોડી જળમાં વહી

(5) જાતને ઓગાળી નાખવી : મારા મનનું કાંઈ ન ચાલે કોરે કાગળ સહી

(6) પૂર્ણ સમર્પણ : ક્યાંય પછી નહીં જાઉ

ભગવદ્ગીતા અંતે આશ્રયભાવ ઉદ્બોધે છે. આવો શરણાગત ભાવ ભક્તિભાવની ઉપરવટ છે. પૂર્ણરૂપેણ શરણે જવામાં ઈશ્વરની સ્તુતિ નથી, પૂર્ણશરણ છે, સમર્પણ છે. હોસ્પિટલના `ઓપરેશન થિયેટર'માં `એનેસ્થેશિયા' આપ્યા પછી દર્દીએ કશું કરવાનું રહેતું નથી, તે કશું કરવાને કાબેલ પણ નથી. તેનું `હોવું' માત્ર પૂરતું છે. ડોક્ટર જ સર્વસ્વ છે. `લોકલ એનેસ્થેશિયા'ની વાત જુદી છે, તેમાં શરીરનો અમુક

ભાગ ડોક્ટરને શરણે છે, પણ દરદી-ડોક્ટરનું દ્વૈત હાજર છે. દર્દી પીડા અનુભવે નહીં, પણ જોઈ શકે ને ડોક્ટરની સ્તુતિ કરે. શરણાગતિમાં દરદી-ડોક્ટર અદ્વૈત છે, ભક્તિમાં દ્વૈત છે.

સમર્પિત થવું, જાતને હોલવી સાહેબની ચેતના અનુભવવી એ સૌથી મોટી ને અંતિમ સિદ્ધિ છે. એ સ્થિતિમાં પરમની કૃપાનો ધોધ ધારણ કરવાની શક્તિ નહીં, પણ પરમમાં ભળવાની સ્થિતિ પ્રાપ્ત થાય છે. સર્વ પ્રયત્ન તજી દેવાની અનાસક્ત પરિસ્થિતિ પમાય છે. શ્રી અરવિંદ કહે છે તેમ, The Surrender must be complete, Nothing must be reserved, no desire, no demand, no opinion, no idea... The Surrender must be total and seize all parts of the being...

પરમાત્માના શરણમાં જઈ કવિએ ખાતરી કરી જણાય છે. ભાવકને પણ એ ખાતરીની પ્રતીતિ થાય છે, તે કાવ્યની અનુપમ સિદ્ધિ છે.

પુરુષોત્તમભાઈ પટેલ (દાસભાઈ)

## મીરાં - અખંડ વરને વરી

અખંડ વરને વરી, સાહેલી, હું તો અખંડ વરને વરી.
ભવસાગરમાં મહાદુ:ખ પામી, લખચોરાશી ફરી.

સંસાર સર્વે ભયંકર કાળો તે દેખી થરથરી.

કુટુંબ સહોદર સ્વાર્થી સર્વે, પ્રપંચને પરહરી.

જનમ ધરીને સંતાપ વેઠ્યા, ઘરનો તે ધંધો કરી.
સંતસંગતમાં મહાસુખ પામી, બેઠી ઠેકાણે ઠરી.

સદ્ગુરુજીની પૂર્ણ કૃપાથી, ભવસાગર હું તરી.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, સંતોના ચરણમાં પડી.

મીરાં એટલે શાંતિ નહીં, પણ નરી ક્રાન્તિ. આ ક્રાન્તિ એટલે આંદોલનનો કેવળ બાહ્ય આવિષ્કાર નહીં; પણ આત્મક્રાન્તિ. આ આત્મક્રાન્તિ માટે પહેલે પગથિયે એ રાજપાટ, સુખવૈભવ, એશઆરામ બધાંનો ત્યાગ કરે છે. એક વાર અંદરના

આકાશમાં સમજણનો સૂર્ય ઊગે અને બધું મિથ્યા લાગે, અને જાગૃતિ જન્મે અને આસપાસનું ભ્રમણા-જગત સાવ જૂઠું લાગે અને જીવન પૂર્ણકળાએ જાગે, પછી જ આવું પદ જન્મે. મીરાં એટલે કેવળ નારીમુક્તિ નહીં, પણ જગત-મુક્તિ. જગતમાં જે વર પ્રાપ્ત થયો એ ખંડિત છે. મીરાંને નંદવાઈ જાય એવા સૌભાગ્યમાં રસ નથી. એટલે જે નંદવાય છે એનો એ ત્યાગ કરે છે. અને ઉઘાડની પંક્તિમાં જ ઉઘાડેછોગ કહે છે : `અખંડ વરને વરી.'

પહેલી વાર જે કોઈ કવિએ `ભવસાગર' એવું રૂપક શોધ્યું હશે, એ મોટા ગજાનો કવિ હોવો જોઈએ. આજે આપણને `ભવસાગર' શબ્દ અતિ પ્રચલિત હોવાને કારણે સામાન્ય લાગે છે, પણ આ રૂપક પહેલી વાર યોજાયું હશે, ત્યારે ખરેખર

અસામાન્ય લાગ્યું હશે. મીરાંને ભવસાગરમાં રસ નથી. એનો જીવ તો ગળાબૂડ છે ભાવસાગરમાં. ભવસાગરમાં કેવળ દુ:ખ નથી, પણ મહાદુ:ખ છે. લખચોરાશીના ફેરા છે. મીરાં સુખદુ:ખની ગલીકૂંચીમાં અટવાય નહીં. એ તો ઝંખે છે સત્ ચિત્ અને આનંદની અવસ્થા. સોહામણો લાગતો સંસાર, એકાદ પોપડો ઉખેડીએ એટલે ખબર પડી જાય કે એ ભયંકર કાળો ને બિહામણો છે. સુખનો સ્વાંગ જ છે, પણ અંદર કંપાવી મૂકે એવો ભય છે. આપણે આપણી આસપાસ એક માયાજાળ રચી છે. આ માયાજાળને આપણે મધુર નામો આપ્યાં છે, ખોટાં સરનામાંઓ આપ્યાં છે, પરબીડિયામાં જુઠ્ઠા કાગળો બીડ્યા છે. આ નામ, સરનામાં, પરબીડિયાં, કાગળ અને કુટુંબ, સહોદર, સગાંવહાલાં, મિત્રો ઇત્યાદિ. આ

બધો જ પ્રપંચ છે. આ બધાંનાં મૂળમાં સ્વાર્થ છે, છળકપટ છે, જાતછેતરામણી છે. મીરાંએ આ સર્વનો ત્યાગ કર્યો છે. આ ઘર ઘરનો ધંધો, રોજબરોજના સંતાપ, જનમજનમની વેઠ, જેમાં અંતે નુકસાન... આ બધું નકામું છે. ભવસાગરમાં મહાદુ:ખ છે, પણ સંતસંગતમાં મહાસુખ છે. ભવસાગરમાં બેચેની અને અજંપો છે. કોઈ ઠામઠેકાણું નથી, કોઈ વિસામો નથી, ત્યારે સંતસંગતમાં નર્યો જંપ, નરી સુખની પલાંઠી અને ઠરવાપણું છે. આ ભવસાગર પણ જો કૃપા હોય તો તરી શકાય છે. જેને સંતનાં ચરણ મળ્યાં એની જીવતેજીવત સદ્ગતિ થાય છે. મીરાંની કવિતા એટલે ભવસાગરનું ભાવસાગરમાં રૂપાંતર.

# મીરાં - ક્હાન રાખે તેમ રહીએ

ક્હાન રાખે તેમ રહીએ, ઓધવજી,
ક્હાન રાખે તેમ રહીએ.

કોઈ દિન પેરણ હીર ને ચીર, કોઈ દિન સાદા રહીએ.
કોઈ દિન ભોજન શીરો ને પૂરી, કોઈ દિન જંગલ રહીએ.

કોઈ દિન સૂવાને ગાદી ને તકિયા, કોઈ દિન ભોય સૂઈ રહીએ.
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, સુખદુ:ખ સૌ સહી રહીએ.

મીરાંનું આ પદ પ્રચલિત છે. એની મૂળ પંક્તિમાં `રામ રાખે તેમ રહીએ' છે. પણ નિરંજન ભગતે મીરાંનાં પદોનું જે નાનકડું અને નક્કર સંપાદન કર્યું છે એમાં `ક્હાન રાખે તેમ રહીએ' છે. મીરાંના જીવન અને કવનને પામવું હોય તો આ પ્રસ્તાવના વાંચવી જ રહી. `ક્હાન રાખે', આ પાઠમાં ઔચિત્ય છે. મીરાંની લગન શ્યામ સાથે છે. `શ્યામ રાખે તેમ રહીએ' એમ પણ કહી શકાય. રામ કે શ્યામ છેવટે તો પરમ સાથેનો નાતો છે.

મીરાં એટલે શરણાગતિની પરાકાષ્ઠા, અહમ્નું વિસર્જન. આપણી ઇચ્છાઓ આપણને પામર બનાવે છે. પણ પરમની ઇચ્છા સાથે જો આપણે આપણી ઇચ્છાના સૂરતાલ મેળવી દઈએ તો જીવનમાં નર્યો સંવાદ રહે. જે કોઈ ઘટના

ઘટે એને હસતે મુખે સ્વીકારવાની આપણી તૈયારી હોય તો ઈશ્વર પણ હસતે મુખે આપણને તાકાત આપે છે. `ક્હાન રાખે તેમ રહીએ'માં એક મહત્ત્વનો ભાવ છે. કોઈ રાવફરિયાદ વિના રહીએ. કોઈ આંસુ નહીં, કાકલૂદી નહીં, કોઈ હરખશોક નહીં. હીર ને ચીર મળે તોપણ રાજી અને કંઈ ન મળે તોપણ રાજી. આપણે આપણું રાજી-નામું કાંઈ પણ શરત વિના પરમાત્માને સોપી દીધું છે. આપણે આપણો કાગળ કોરો રાખીએ તો ઈશ્વર સહી કરશે. અને ઈશ્વરની સહી એ આપણા જીવનના બંધારણનું અંતિમ અને અફર સ્વરૂપ. ભોજન મળે કે ન મળે પણ ભજન હોય તો કોની પરવા? કોઈ દિવસ બાગબગીચા તો કોઈક દિવસ જંગલમાં પણ રહેવાનું થાય. તમામ ઈશ્વરની ઇચ્છા. આમાં લાચારી નહીં પણ

શરણાગતિ અને ખુમારી છે. કોઈક દિવસ સૂવા માટે ગાદીતકિયા પણ મળે કે કોઈક દિવસ ભોય પર સૂવું પડે. પણ નીદરમાં કે સ્વપ્નમાં કશો ફરક ન પડવો જોઈએ. સુખ અને દુ:ખ તમામ દ્વંદ્વો હૃદયથી સહેવાનાં છે. અને આ હૃદયમાં જો ગિરિધરની સ્થાપના થઈ હોય તો પછી વ્યથાના ગોવર્ધનનો ભાર જ ન લાગે. રસ્તો ઈશ્વરનો છે, ચાલીએ છીએ આપણે પણ આપણી ગતિમાં જો ઈશ્વરની ઇચ્છાનું બળ હોય તો આપણી ગતિ એ સદ્ગતિ. અને સદ્ગતિ એટલે શરણાગતિ.

# મીરાં - નાહી તોડું

જો તુમ તોડો પિયા, મૈ નાહી તોડું;
તોસો પ્રીત તોડ, કૃષ્ણ! કૌન સંગ જોડું?

તુમ ભયે તરુવર, મૈ ભઈ પંખિયા;
તુમ ભયે સરોવર, મૈ તેરી મછિયા

તુમ ભયે ગિરિવર, મૈ ભઈ મોરા,
તુમ ભયે ચંદા, મૈ ભઈ ચકોરા.

તુમ ભયે મોતી પ્રભુ, હમ ભયે ધાગા;

તુમ ભયે સોના, હમ ભયે સોહાગા.

મીરાં કહે, પ્રભુ! વ્રજ કે વાસી!
તુમ મેરે ઠાકુર, મૈ તેરી દાસી.

જેમ હરિનો મારગ; તેમ કવિનો મારગ પણ શક્તિશાળી અને `ભક્તિશાળી' હૈયું જ ઝાલી શકે. ભક્તિના અને કવિતાના માર્ગ ભિન્ન છે એમ માનનાર વર્ગ મોટો છે. પણ આ મોટા વર્ગનો ભ્રમ પણ કદાચ મોટો છે. જ્ઞાન કે વૈરાગ્ય જ્યાં સુધી હૃદયની ઊર્મિઓને કવિતાનાં સૌષ્ઠવ અને નાજુકાઈ ન આપી શકે ત્યાં સુધી તે ભક્તિમાં અનિવાર્ય એવાં નિષ્ઠા અને સર્વસમર્પણના ભાવ જન્માવી ન શકે.

ભક્તિની નિષ્ઠા વગર જે હૃદય કલાની સજાગ કરામતોમાં અટવાયા કરે તેના ભાવાવેશને નૈસર્ગિક વ્યક્તિત્વ પ્રાપ્ત થતું નથી : અને ત્યાં સુધી કવિતા પ્રગટવી પણ મુશ્કેલ છે. આમ, ભક્તિ અને કવિતાને લોહીની સગાઈ છે. ગીતા, બાઇબલ, ગ્રંથસાહિબ કે કુરાન આ ભીતરી સત્યની સાખ પૂરે છે. માણસ પથ્થરને નમે કે `શ્રદ્ધાના આસનને' નમે કે જીવનમાં કે વ્યક્તિમાં જે કંઈ સુંદર છે, જે કંઈ ઊર્ધ્વ છે તેને નમે -- એણે પંથ તો આરાધનાનો જ ઝાલવાનો છે : આરાધ્યદેવ ગમે તે હોય. આમ, ભક્તિ કે કવિતાની જન્મભોમ તો એક જ છે. અને એટલે જ કલાનું તત્ત્વ ગૌણ ગણનાર મીરાંની કવિતા જનમનમાં ચારચાર સૈકાઓથી વણાઈ ગઈ છે. મીરાંનું જીવન અને કવન તપાસનાર કહી શકે કે મીરાં આપણી

સાચી, અસલી અને આદર્શ એવી પ્રથમ હિપ્પી છે. મીરાંના જીવનથી વિવાદ ઘણો જન્મ્યો પણ એણે પોતે કોઈ વાદને આગળ કરવાને બદલે પોતાના હૃદયના નાદને જ આગળ કર્યો. આ જ એની કવિતાની મહત્તા.

મીરાંનું નામ પડે એટલે કૃષ્ણની વાંસળીનો સૂર મોરપિચ્છની વરણાગી કુમાશ સાથે મીરાંના શબ્દો લઈને આવે.. કેટલાં બધાં પદો એકસાથે કાનને ઘેરી વળે! `મુખડાની માયા લાગી રે', `અબ તો મેરા રામનામ', `જોગી મત જા, મત જા' `સુની હો મૈને હરિ આવન કી આવાજ', `મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ' ભારતના સંગીતજગતના ઉત્તમ કંઠોની ચેતનાને મીરાં આજ લગી ક્યાં ઢંઢોળતી નથી રહી!

કૃષ્ણ સાથેનો સંબંધ એ જ તો મીરાંનો આધાર છે. એના વગર મીરાં નિરાધાર. એટલે આ પદમાં મીરાં સ્ત્રીહૃદયના અને કવિહૃદયના સકળ સત્ત્વ સાથે આ ભક્તિપૂર્ણ સંકલ્પ કરે છે : તું ભલે તોડે... પણ `મૈ નહિ તોડું!'

રાજકુમારી અને રાજરાણી મીરાંએ આ પદવીઓની તમા ન રાખી તો કવિપદની તૃષ્ણા તો શું સેવે? છતાં કવિપદની લાલસા વિના એના હૃદયનાં વેદના ને વૈરાગ્ય, ભક્તિ અને સંકલ્પશક્તિ `વિરહની શરણાઈ' થઈને ગુંજી ઊઠે છે. એનાં કંઠ અને હૃદયભાવની અને ભાષાની મીઠાશ લઈને છલકાઈ ઊઠે છે. નિરંજન ભગત કહે છે તેમ, `મીરાંની કવિતા એની અંગત નોધ છે. પરમાત્મા સાથેની ગુફ્તેગુ છે.'

પ્રસ્તુત પદ એટલું પ્રચલિત છે કે એનું વિવરણ કરવાને બદલે મનમાં એનું અનુરણન વધુ સુભગ થઈ પડશે. છતાં આ પદને ઝીણવટથી જોઈએ તો ખ્યાલ આવે કે તરુવર, સરોવર, ગિરિવર જેવા આંતરપ્રાસ અને પંખિયા-મછિયા, મોરા-ચકોરા, ધાગા--સોહાગા જેવા અંત્યપ્રાસ મીરાં માટે કેવા સહજ છે. `જીવનદોર તુમ્હી સંગ બાંધા'નું અફર જ્ઞાન પામી ચૂકેલી મીરાં કેવા સહજ પ્રશ્ન પૂછે છે : `તોસો પ્રીત તોડ, કૃષ્ણ! કૌન સંગ જોડું?' આમાં ખુમારી છે કે `ઓઢું કાળો કામળો, દૂજો ડાઘ ન લાગે કોય'નું તાત્ત્વિક જ્ઞાન છે?

અને તારા વગર હું નિરાધાર છું -- ના, નિરાધાર નહિ, પરંતુ જીવન જ અશક્ય છે એટલું કહેવા માટે આ બળૂકું હૃદય કેટલી બધી પ્રતિરૂપોની ભરતી સરજે છે!

`તુમ ભયે સરોવર, મૈ તેરી મછિયા' અને `તુમ ભયે સોના, હમ ભયે સોહાગા'માં આટલી નાનકડી પંક્તિઓમાં કૃષ્ણ-મીરાંનો અ-પૂર્વ--સોહામણો સંબંધ કેવો સલૂકાઈથી છતો કરી આપે છે! રાજદરબારની રીતરસમોમાં ઊછરેલી મીરાં પોતાના પ્રિયતમ પ્રભુને, `ઠાકુર' કહે એ તો સમજ્યા, પણ આ રાજરાણી પોતાને `દાસી' કહે એમાં એના પ્રેમનું નકશીકામ છે અને એની કવિતાનું રહસ્ય છે.

ભક્ત મીરાંનો વારસો શોભાવનાર સંતો ભારતભૂમિએ થોડા પણ જોયા તો છે; પરંતુ `કવિ મીરાં'નો વારસો સંભાળનાર કવિ આપણે કોણ જાણે ક્યારે પામશું!

જગદીશ જોષી

# મીરાં - અમે પકડી આંબલિયાની ડાળ

અમે પકડી આંબલિયાની ડાળ, બાઈ, અમે પકડી આંબલિયાની ડાળ રે,
જંગલ માંહી એકલી હો જી.

ઓતર દખણથી ચડી એક વાદળી રે વરસ્યા બારે મેઘ રે,
બીજાને મારે આખડી હો જી.
નદી રે કિનારે બેઠો એક બગલો રે, હંસલો જાણી કીધી પ્રીત રે,
મુંઢામાં ઝાલી માછલી હો જી.

ફૂલનો પછેડો ઓઢું પ્રેમઘાટડી રે, બાઈ, મારો શામળિયો ભરથાર રે,
બીજાને મારી ચૂંદડી હો જી.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, બાઈ, મારો પિયુડો પરદેશ રે,
ફરુકે મારી આંખડી હો જી.

મીરાંબાઈના આ ગીતનું મુખ્ય બળ એનો માનવીય સંદર્ભ છે. એક બાઈ સાથેની વાત છે, બીજી એક બાઈની એકલતાની, વિરહની, વેદનાની. એક શ્રદ્ધાપાત્ર વ્યક્તિ (Confidante) આગળ હૃદય ખુલ્લું મૂકતાં આખાય અનુભવમાં એક માનવીય આત્મીયતા બંધાય છે એ મીરાંબાઈના ગીતનો જાદુ છે. બાઈ એ જગતનું કોઈ માણસ હોય -- જેની સાથે પોતાના અનુભવનું અનેકગણું અંતર હોય, છતાં પણ હૃદયમાં રહેલી વ્યથા એટલી અકળાવનારી છે કે હૃદય છતું થઈ જાય છે. અથવા ખરું જોતાં તો આ પોતાનો પોતાની સાથેનો જ સંવાદ છે. ગમે

તેમ, પણ કાવ્યના ઉપાડમાં જ વેદના અનેકગણી ઘૂંટાઈને પ્રગટ થાય છે. પ્રભુનો, શામળિયાનો સીધો ઉલ્લેખ છેવટ જતાં આવે છે અને એથી જ કદાચ પ્રભુવિરહની વેદનાનો અનુભવ વાસ્તવિક, પ્રતીતિજનક (Convincing) લાગે છે. વાત છે પ્રેમની, વિરહની, જે પાસે છે તે પોતાનાં નથી, જે પોતાનું છે તે પાસે નથી, જંગલમાં તો ભય, નિરાધારતા, એકલતા સિવાય શું હોય? કોઈ પોતાનું તો ક્યાંથી હોય, જે પ્રેમથી સાચવે? `જંગલ'ના એક પ્રચલિત સામાન્ય રૂપકને મીરાંબાઈએ કાવ્યમાં કેટલા ઊંડાણથી યોજ્યું છે! કાવ્યની બીજી જ પંક્તિમાં આખો અનુભવ ખૂબ સરળપણે રજૂ થયો છે. ગીતના ઢાળમાં `એ... કલી' શબ્દ એટલો લંબાય છે કે વેદના અનેકગણી વિસ્તરે છે. આ નરી ભીષણ એકલતામાં

પોતે એક અમથી આંબાની ડાળને પકડી છે, જે કાંઈક જીવતા રહેવાનું શક્ય બનાવે છે, બળ આપે છે, તે એક આંબલિયાની ડાળ છે કેવળ! શું થશે? આ પ્રશ્ન કાવ્યને સંદેહનો, અનિશ્ચિતતાનો, અકળામણનો tone (સૂર) આપે છે અને વેદનાની અનુભૂતિને એક નવું પરિમાણ આપે છે.

અહીં તો કોઈ પોતાનું નથી. ચારે બાજુ વાદળ ઘેરાયાં છે. બારે મેઘ વરસી રહ્યા છે, પણ `બીજા' -- જે આત્મીય નથી તે -- પરાયા પાસે આશરો કેમ લેવાય? પરાયા તો પોતાના ભાવજગતમાંથી કાઢી નાખેલ છે. એનો તો પહેલેથી જ મનથી અસ્વીકાર કરેલો છે. મીરાંબાઈનો પોતાનો ભરથાર તો શામળિયો! આ સંસારમાં જેની સાથે બંધાઈ છે એ તો `બીજો' વર, પહેલો વર તો શામળિયો જ.

`બીજા' શબ્દમાં સંબંધની જુદાઈ, જૂઠાઈ, કશાય તિરસ્કાર વગર, પણ સચોટ રીતે પ્રગટ થાય છે. `બીજાને' -- એ બે વાર આવતો શબ્દ આ ગીતમાં મજાગરારૂપ છે. એક બાજુ, પોતાનો સાચો પ્રીતમ શામળિયો અને બીજી બાજુ આ `બીજો' રાણો, કે જે કોઈ શામળિયો નથી તે, -- બન્ને વચ્ચેનો વિરોધ હવે સુરેખપણે ઉઠાવ પામે છે. આ `બીજા'ની સાથે મરતાંમરતાં જીવવાની અકળામણ અને પોતાના, જે પાસે નથી, તેને પામવાની વિરહવેદના -- આ બંને વચ્ચેની ખેચતાણ એ આ કૃતિની સંરચનાનું હાર્દ છે.

આ બીજાને પણ પહેલાં તો પોતાનો જ ગણ્યો હતો, પણ બગલાનું સ્વરૂપ, એનો સ્વાર્થ પરખાઈ જતાં વાર ન લાગી. `મુંઢામાં' -- બોલચાલની ભાષાના આ રૂપમાં

ભોળપભરી નવાઈ (naive surprise) કેવી ઝિલાઈ છે! -- એણે તો માછલી પકડી. આ સંબંધ તો છેતરામણો, સ્વાર્થનો, ભોગનો, જુઠ્ઠો નીકળ્યો; પ્રેમના સૌદર્યનો, શુદ્ધ આત્માનો, હંસનો નહીં. આ અ-વર સાથેના જીવનની અકળામણ પહેલી ત્રણ કડીઓમાં એટલી અસહ્ય બને છે કે ચોથીમાં આપોઆપ જ શામળિયાનો ભરથાર તરીકે સ્વીકાર થાય છે. ગીતમાં પહેલી વખત શામળિયાનો ઉલ્લેખ આવે છે, પણ કેટલો અનિવાર્ય, સ્વાભાવિક અને સહજ લાગે છે. એકાએક ગીતનો tone (સૂર) બદલાય છે. કાયા પર ફૂલની ઓઢણી અને ચહેરા પર ફૂલની આછી ઘાટડી (veil) ઓઢી લજ્જાભરી વધૂ શણગાર સજે એવો પ્રેમ મીરાંબાઈનો શામળિયા પ્રત્યે છે. આ કેવળ શણગાર સજવાની, શૃંગારની વાત નથી, પણ મીરાંનો કૃષ્ણ

માટેનો પ્રેમ તે રાધારૂપે પ્રગટે છે એની અહીં ઝાંખી મળે છે. જે આત્મીય (intimate) છે તે જ આત્માનું (spiritual) પણ છે. શામળિયો એનું સર્વસ્વ છે, પોતે શામળિયાની છે. `બીજા'ને માટે તો ચૂંદડી પૂરતી જ છે. વધૂના શણગાર તો શામળિયા ભરથાર માટે જ.

પણ પોતાનો પ્રીતમ તો પરદેશ છે, જે પર-જન છે તે પાસે છે અને જે સ્વજન છે તે પરદેશ છે. વિરહની વાત ફરી ઘૂંટાય છે. આંખ ફરકે છે. વિરહની ઘડી ટૂંકી થાય એનાં એધાણ છે. એ આવશે, જરૂર આવશે અને છતાંય થોડો સંદેહ છે, હૃદય ધડકે છે -- ક્યારે આવશે? મીરાંબાઈના પ્રભુ-પ્રેમના અનુભવની એક ક્ષણમાં

આનંદ અને વેદના એકસાથે ઝિલાયાં છે. મીરાંના કૃષ્ણ માટેના પ્રેમનું સાચું રૂપ આ છે.

સ્વાતિ જોશી

## મીરાં - બોલે ઝીણા મોર

બોલે ઝીણા મોર, રાજા !
તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર રે.

મોર હી બોલે, બપૈયા હી બોલે, કોયલ કરે કલશોર રે.

માઝમ રાતે ભલી વીજળી ચમકે, બાદલ હુઆ ઘનઘોર રે.

ઝરમર ઝરમર મેહુલો વરસે, ભીજે મારા સાળુડાની કોર રે.
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, તું તો મારા ચિત્તડાનો ચોર રે.

સાચો પ્રેમ હોય તો એમાં ગાજવીજ ન હોય. પ્રેમ એ અત્યંત સૂક્શ્મ વસ્તુ છે. બે વ્યક્તિ વચ્ચેની અંગત વાત છે. એને જાહેર કરો એટલે એમાં દર્શન કરતાં પ્રદર્શનનું તત્ત્વ વધારે આવે. પ્રેમને દેખાડાની જરૂર નથી. મીરાં એકમાત્ર કવયિત્રી એવી છે કે એ પ્રેમની ગાજવીજ સાથે વાત કરે તોપણ એની સૂક્શ્મતા હણાતી નથી અને ગાજવીજ વિના વાત કરે ત્યારે પણ એની સૂક્શ્મતા વાદળ

વચ્ચે ક્યારેક વીજળી દેખાય એમ પ્રગટ થઈને પાછી સંતાઈ જાય છે. મીરાંએ રાણાને છોડ્યો. એટલે કે, રાણાની ઉથાપના કરી, રાજારૂપે પરમાત્માની સ્થાપના કરી. રાજા કોણ ? જેનું આપણા પર વર્ચસ્વ હોય તે. મીરાંનો રાજા એ એનો પરમાત્મા. આ રાજાના ડુંગર પર ઝીણા મોર બોલે છે. મોરની કેકાને પણ એક સંયમ આપ્યો છે. પ્રેમની વાત ઝીણી હોય છે. એ કાનમાં કહેવાની હોય છે, સાનમાં સમજવાની હોય છે. આ મોર ડુંગર પર બોલે છે. એટલે ગળાઈગળાઈને એની કેકાનો લહેકો સમીપ આવે છે. બંને વચ્ચે અંતર છે, પણ અંતરાય નથી. બંનેને સાંકળતી કડી આ ઝીણું બોલતો મોર છે. આ મોરની સાથે બોલનારાં બીજાં પણ છે. એ બીજાંઓ વિસંવાદ નહીં, પણ સંવાદ સરજનારાં છે. માણસનું

અંગેઅંગ બોલી ઊઠતું હોય એ રીતે જાણે કે આખુંયે અસ્તિત્વ વિવિધ સ્વરમાં સંવાદ સાધે છે. મોર, બપૈયા અને કોયલના સ્વરનું વૃંદાવન સર્જાય છે. ઘનઘોર વાતાવરણ છે. માઝમ રાત છે. કાનને તો તૃપ્તિ થાય, એની સામગ્રી પ્રારંભમાં છે, પણ આ અંધકારને ચીરતી ભલી વીજળી પણ ચમકી ઊઠે છે. કશુંયે ધોધમાર નથી. વરસાદ પણ ઝરમર વરસે છે. મેહુલા પાસે પણ વરસવાની કળા છે. એ કયો મેહુલો વરસે છે એ ખોલીને સમજાવવાની જરૂર નથી. આખો સાળુ નહીં, પણ સાળુડાની કોર ભીની થાય છે. જે મીરાં આટલું જાહેરમાં કહી શકે, એ મીરાં આટલું અંગત પણ કહે છે. એક પદમાં મીરાં કહે છે :

માઈ રી મૈ તો ગોવિન્દ લીન્હો મોલ,

કોઈ કહે ચૂપકે કોઈ કહે છૂપકે,

મૈ તો લિયો બજાતાં ઢોલ.

મીરાંને પોતાના પ્રેમમાં શ્રદ્ધા છે. આ શ્રદ્ધાની શ્રી અને સમૃદ્ધિ એના જીવનની ધ્રુવપંક્તિમાં પ્રગટે છે. આ જીવનની ધ્રુવપંક્તિ એના પદમાં અંતિમ પંક્તિરૂપે આવે છે :

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર

ઈશ્વર એ ચિત્તચોર છે, મોહનાં બાણ મારનારો ધુતારો છે, વનમાં લૂંટનારો કાનુડો છે. એક ઠેકાણે કહે છે :

પિયુજી અમારો પારધી ભયો રે

મૈ તો ભયી હરિણી શિકાર.

નિરંજન ભગતનું નિરીક્ષણ અહીં મૂકવા જેવું છે તે મૂકું છું :

`ધર્મકવિતાના મહાન અંગ્રેજ કવિ જ્યોર્જ હર્બટની જેમ મીરાંએ માત્ર પરમેશ્વરનો પ્રેમ -- એ એક જ વિષય-વસ્તુ વિશે પદ રચ્યાં છે. મીરાંનાં પદમાં વિષય-વસ્તુની વિવિધતા નથી એવા અસંતોષ કે આક્ષેપને કોઈ અવકાશ જ નથી. મીરાંનાં પદમાં ભલે એક જ વિષય-વસ્તુ છે પણ એમાં અનુભવની, ભાવ અને રસની એકવિધતા (monotony) નથી. એટલું જ નહીં, એમાં અનુભવની તીવ્રતા

તથા ભાવ અને રસની ઉગ્રતા છે, ગહનતા છે, અગાધતા છે, અતલતા છે. મીરાં ભક્ત હતી, સંત હતી, એથી મીરાંએ સાધુસંતસમાગમ અને ભજનકીર્તનની એની દિનચર્યાના એક અંગરૂપે એના પદનું સર્જન કર્યું હતું. મીરાંએ કવિપદ માટે, કવિપણા માટે, કવિવેડા માટે અથવા પદ, પ્રસિદ્ધિ, ધન કે કીર્તિ માટે એનાં પદનું સર્જન કર્યું નથી. મીરાં પાસે ધન, કીર્તિ, પદ, પ્રતિષ્ઠા, સત્તા શું ન હતું ? એ સૌનો તો એણે ક્યારનો ત્યાગ કર્યો હતો. મીરાંએ કવિ તરીકે નહીં, અનુભવી તરીકે; કાવ્યકાર તરીકે નહીં, ભક્ત અને સંત તરીકે એનાં પદનું સર્જન કર્યું હતું. આપણા યુગમાં ડાગ હેમરશોલ્ડે એમની ડાયરી `Markings' રચી ત્યારે પ્રસિદ્ધિ અર્થે નહીં પણ `રહસિ' રચી હતી, સાહિત્યરૂપે નહીં પણ ``a sort of White Book, concerning

my negotiations with myself and with God" -- ``મારી જાત સાથેના અને પરમેશ્વર સાથેના મારા સંવાદોને લગતી એક પ્રકારની શ્વેત પોથી"રૂપે રચી હતી. છતાં મીરાં મેડતાની રાજકુંવરી હતી એથી સુશિક્શિત અને સુસંપન્ન હતી. એ અનેક કળાઓ -- કવિતા કળા સુધ્ધાં--માં નિપુણ હતી. એ સંગીતગ્ય હતી તેમ કાવ્યગ્ય પણ હશે. એથી મીરાંએ જ્યારે એનાં પદનું સર્જન કર્યું હશે ત્યારે સભાનપણે નહીં તો અભાનપણે પણ એની આ કવિતાકળાનિપુણતા, આ કાવ્યગ્યતા પ્રવૃત્ત હશે. કવિતાની સર્જનપ્રક્રિયામાં સભાન-અભાન, સંપ્રગ્યતા-અસંપ્રગ્યતા એ એક મહાકૂટ પ્રશ્ન છે. મીરાંનાં પદમાં કાવ્યમયતા, કલામયતા ક્યાં નથી ? મીરાંનું એક એક પદ કેવું સ્વચ્છ અને સુઘડ છે, કેવું સાફસૂતરું અને

સંઘેડાઉતાર છે. એનાં ઘાટઘૂટ અને એનું ઘડતર-જડતર સંપૂર્ણ છે. એની ધ્રુવપંક્તિ, એના અંતરા, એનો આરંભ, એનો અંત, એનો લય, એના પ્રાસ બધું જ સુંદર છે. એમાં કલાત્મક એકતા છે. ક્યાંય છૂંછા-છેડા નહીં, ક્યાંય ગાંઠગૂંચ નહીં, ક્યાંય દોરાધાગા નહીં, કયાંય વાંકુંચૂકું નહીં, ક્યાંય જાડુંપાતળું નહીં, ક્યાંય ઢીલુંપોચું નહીં, બધું જ સરખું, સીધું, સુદૃઢ, ઘટ્ટ અને ઘાટીલું, સંપૂર્ણ ભરત-ગૂંથણ જેવું સુશ્લિષ્ટ, સુંદર, કાંતણ-વણાટ જેવું સુગ્રથિત.

``ખૂણે બેસીને મેં તો ઝીણું રે કાંત્યું નથી રાખ્યું કંઈ કાચું રે"

મીરાંએ ઝીણું કાંત્યું છે, કંઈ કાચું રાખ્યું નથી. એથી ભલે મીરાંને કવિપદની પરવા ન હોય, કવિતાસિદ્ધિની પરવા ન હોય. પણ આપણે આપણી ગરજે મીરાંને કવિ કહીશું અને એનાં પદને કવિતા કહીશું. મીરાંની કવિતા જેવી કવિતાનું દર્શન જગતકવિતામાં વિરલ છે.'

મીરાંનું એક બીજું પદ અને બીજી પણ મારી બે રચનાઓ મૂકું છું :

માઈ રી મૈ તો ગોવિન્દ લીન્હો મોલ.
કોઈ કહે ચૂપકે કોઈ કહે છૂપકે.
મૈ તો લિયો બજાતાં ઢોલ. માઈ રી૦
કોઈ કહે હલકા, કોઈ કહે ભારે,

લીયો તરાજુ તોલ. માઈ રી૦

કોઈ કહે સસ્તા, કોઈ કહે મેંહેગા,

કોઈ કહે કા'ન અનમોલ. માઈ રી૦

કોઈ કહે કાળો, કોઈ કહે ગોરો,

મૈ તો લિયોરી અંખિયા ખોલ. માઈ રી૦

કોઈ કહે ઘરમેં કોઈ કહે બનમેં,

રાધા કે સંગ કિલોલ. માઈ રી૦

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,

પૂર્વ જનમકો દિયો બોલ.મારી રી૦

આપો કોઈ

મનના મેવાડમાં એક રાણો વસે છે;
એ રાણાને અહીંથી ઉથાપો કોઈ.
મને મીરાંનું પાગલપન આપો કોઈ !

મને મેવાડી મ્હેલ હવે જોઈતા નથી.
હીરા-મોતીના ખેલ હવે જોઈતા નથી.
મારા જ કરંડિયાને સાપ તો ડસે :
એ સાપને તો અહીંથી ઉથાપો કોઈ
મને મીરાંનું વૃંદાવન આપો કોઈ !

હરિ-આવનની આવાજને સાંભળ્યા કરું.

અહીં દિવસ ને રાત : દીપ બાળ્યા કરું
નૈનન મેં નંદલાલ એવા શ્વસે :
મને પ્રીતિ પુરાતન આપો કોઈ
અને મીરાંનું વૈરાગન આપો કોઈ
હવે સાંવરિયો મનભાવન થાપો કોઈ !
મીરાં - મ્હાંને ચાકર રાખોજી,

મ્હાંને ચાકર રાખોજી, ગિરિધારી લાલ, ચાકર રાખોજી.
ચાકર રહસૂં, બાગ લગાસૂં, નિત ઉઠ દરસન પાસૂં,
વૃંદાવન કી કુંજગલિન મેં, ગોવિંદ-લીલા ગાસૂં. મ્હાંને૦

ચાકરી મેં દરસન પાઊ, સુમિરન પાઊ ખરચી,
ભાવ-ભગતિ જાગીરી પાઊ, તીનો બાતાં સરસી. મ્હાંને૦

મોરમુકુટ પીતાંબર સોહે, ગલે બૈજંતીમાલા,
વૃંદાવન મેં ધેનુ ચરાવે, મોહન મુરલીવાલા. મ્હાંને૦

ઊચે ઊચે મહલ બનાઊ, બિચ બિચ રાખૂં બારી,
સાંવરિયા કે દરસન પાઊ પહિર કસુમ્બી સારી. મ્હાંને૦

જોગી આયા જોગ કરનકૂં, તપ કરને સંન્યાસી,
હરિ ભજનકૂં સાધુ આયે, વૃંદાવન કે વાસી. મ્હાંને૦

મીરાં કે પ્રભુ ગહિર ગંભીરા, હ્રદે રહો જી ધીરા,
આધી રાત પ્રભુ દરસન દીન્હો, જમુનાજી કે તીરા. મ્હાંને૦

મીરાં એટલે ભક્તિનું મૂર્તિમંત, સ્ફૂર્તિમંત સ્વરૂપ. મીરાં જેવી કર્મયોગી પણ કોઈ નહીં. મેવાડ છોડ્યું અને વૃંદાવનને વહાલું કર્યું એનાથી મોટો કર્મયોગ કયો હોઈ શકે ? મીરાં પાસે જ્ઞાનનો સમુદ્ર, નાનું અમથું જાણે ઝાકળબિંદુ. ભક્તિની આ પરાકાષ્ઠા એવી કે બીજું કશું ઝાઝું ટકે નહીં. મીરાં એટલે સર્વસમર્પણ. ચરણાગતિ અને શરણાગતિનું સાયુજ્ય. `મ્હાંને ચાકર રાખોજી.' આ ઉદ્ગારમાં `જી' અક્ષરમાં નરી આરત છે, વિનંતી છે. ચાકર તરીકે રહીશું, પણ ભીની ખુમારી એવી છે કે ઈશ્વરને પણ કહે છે કે તારા માટે અમે બાગ રચી આપશું. મીરાં

બાગને ઉછેરે છે કે ભક્તિને ઉછેરે છે એ એની અને આપણી મીઠી મૂંઝવણનો વિષય. બાગ ઉછેરવાનું તો બહાનું છે. મૂળ કારણ તો રોજરોજ સાંવરિયાનાં દર્શન પામવાનું.

બાગ પણ એવો કે જાણે કે આખું વૃંદાવન. ઈશ્વરને માટે બાગ રચવાનો, એ બાગમાં રહેવાનું અને રોજરોજ ગોવિંદની લીલા ગાવાની, દર્શન કરવાનાં, સ્મરણનો ઓચ્છવ ઊજવવાનો. એની પાસે મોટોમાં મોટી મૂડી એ ભાવભક્તિ. ઈશ્વરનું સોહામણું સ્વરૂપ પળેપળને રળિયામણું કરે. કવિતાની પરાકાષ્ઠા તો અહીંયાં છે. કલ્પનાશીલતા પણ કેવી છે. ઊચાઊચા મહેલ અને બીચબીચ બારી. આ બારી જ આપણને પરમાત્મા સાથે જોડી આપે છે. મીરાં રાણી હતી. એની

ભક્તિમાં પણ રાજવી ઠાઠમાઠ છે. વાત કરે છે ત્યારે કહે છે કે મને ચાકર રાખો. પછી કહે છે કે હું બગીચો રચી આપીશ. ભાવનાને કંઈ અંત નથી હોતો. કહે છે કે ઊંચાઊંચા મહેલ બનાવીશ, વચ્ચેવચ્ચે બારીઓ રાખીશ અને સાંવરિયાનાં દર્શનનો પ્રસંગ એ કંઈ જેવોતેવો નથી. એ દર્શન કરીશ ત્યારે કસુંબી સાડી પહેરીને કરીશ. કસુંબી રંગ પણ સાંકેતિક છે. મીરાંને જોગ, તપ કશામાં રસ નથી. એને તો રસ છે હરિના ભજનમાં, વૃંદાવનના વાસી થવામાં. એની આસપાસ એક ભાવસૃષ્ટિ છે. આ ભાવસૃષ્ટિમાં વૃંદાવન છે, યમુનાનું તીર છે. આ દર્શન એ અડધી રાતે કરશે જ્યારે કોઈ કરતાં કોઈ નહીં હોય. હશે એનો એકમાત્ર સાંવરિયો અને એ મનોમન ગુંજતી હશે, `મેં તો હરિગુણ ગાવત

નાચૂંગી'. મીરાંની કવિતાને બાહ્ય સંગીતની જરૂર નથી, કારણ કે એ આંતરસંગીતથી ઊભરાય છે.

## મુકુન્દરાય વિ. પારાશર્ય - એની ગાંઠે ત્રણ ભોમનું નાણું

એની ગાંઠે ત્રણ ભોમનું નાણું
સાધુડા! જેના મનડામાં મોતી બંધાણું.

મોતી બંધાણું એનું દળદર દળાણું, વ્હાલા!
છૂટ્યું સંસારનું સરાણું,
હુંપદના બંધવાળું, કંચનકામિનીવાળું

જીવતર છે રાખનું છાણું. સાધુડા! જેના૦

મોતી બંધાણું એનું સગપણ સંધાણું, વ્હાલા!
લાધ્યું અનન્તનું લ્હાણું,
અમરત જીવનનું એને સહજ સમાધિમાંહે
વાયું કાલાતીત વ્હાણું. સાધુડા! જેના૦

મોતી બંધાણું એથી ગોકુળ વસાણું, વ્હાલા!
જમુનાના નીરમાં નવાણું,
માધવની સંગે વ્રજમાં રાસે રમાણું, વ્હાલા!
માધવના રહીને જિવાણું. સાધુડા! જેના૦

મોતી બંધાણું એનું અંતર છલકાણું, વ્હાલા!
એથી સચરાચર ધરાણું,
એની પદરજને છોડી, મનને વૈકુંઠે જોડી
નહીં રે મુકુન્દથી જવાણું, સાધુડા! જેના૦

કેટલાક સાહિત્યકારો એવા હોય છે કે એમના નામની આસપાસ બેન્ડવાજાં વાગતાં નથી. છાશવારે એમના ફોટા છપાતા નથી. એમને માટે રેડિયો રાડ પાડતો નથી અને ટી.વી. પર તો બ્લેકઆઉટ હોય છે. સાહિત્યકારને આવા કશાની પડી ન હોવી જોઈએ. મુકુન્દરાય પારાશર્ય એવા એક જીવ હતા. એમની સત્યકથાઓ વાંચવા જેવી ને વાગોળવા જેવી. ભાવનગર જઈએ તો એમને

મળવાનું મન થાય એવા તીર્થધામ જેવા હતા. હવે ભાવનગર છે, પણ મુકુન્દરાય પારાશર્ય નથી. એમણે ભજનોનો એક સંગ્રહ પ્રગટ કર્યો હતો. ભજન એટલે ઘડપણમાં ગોવિંદ ગાવાનું સાધન એમ ન મનાય. ભજનમાં વ્યગ્રતા અને એકાગ્રતા એકસાથે હોય છે. ભજનનો રંગ ગેરુઓ હોય છે. સંસારનો રંગ ગુલાબી હોય છે. માણસે આ સંસારમાં રહીને છેવટે તો ગુલાલને ગેરુઆ રંગનો બનાવવાનો હોય છે. અનાસક્તિયોગ આને જ કહેવાય. સંસારી જીવને આસક્તિ સૌથી વિશેષ ધનસત્તાની અને એને કારણે મહત્તાની. આ મહત્તાને કારણે માણસનો અહમ્ ફુગ્ગા જેમ ફૂલતો જ હોય. ગમે એટલું નાણું રળો, પણ અહીંથી લીલા સંકેલો ત્યારે એક સોય પણ સાથે નથી લઈ જવાની. કવિ કહે છે કે મારી

ગાંઠે તો ત્રણ ભોમનું નાણું છે. એ અલૌકિક છે, પણ આ નાણું કોને મળે? જેના મનમાં મોતી બંધાણું હોય એને. મોતી તો તળિયે હોય છે. જે કેવળ ફુલાઈને ફાળકા થઈને ઉપર ઊઠે નહીં, પણ ઊંડે ઊતરે એમને જ એ મોતી મળે. આ મોતીની પ્રાપ્તિ માટે માણસને અનુભૂતિ થવી જોઈએ કે આ હુંપદ, કંચનકામિની કહો કે સમગ્ર જીવતર એ રાખનું છાણું છે. એક જ વાર જો ઉપરવાળા જોડે આપણો તાર સધાઈ જાય તો પછી આપણે સંસારમાં હોઈએ છતાં પણ એની હદમાંથી બહાર નીકળીને અનહદ સાથે આપણું સગપણ બંધાય અને સહજ સમાધિને કારણે એક એવું વહાણું ઊગે કે જેનો કદી અસ્ત ન થાય. ઉપાડની પંક્તિ પછી ચાર અંતરાઓ છે. પહેલા બે અંતરાઓમાં અસાર સંસારમાંથી

છૂટવાની વાત છે અને બાકીના બે અંતરામાં એ છૂટ્યા પછી આપણો નાતો જેની જોડે બંધાય છે એની વાત અને એનું વાતાવરણ છે. અખાએ લખેલું કે પાંચે ઇન્દ્રિયોને વશ કરીને છોગા મેલીને ફરીએ રે. જે માણસ સંસારનાં છોગાંઓ છોડી દે અને ઇન્દ્રિયોને વશ કરી શકે એ માણસ પોતાના આયખામાં ગોકુળની સ્થાપના કરી શકે. બ્રહ્માંડના રાસમાં એ રસપૂર્વક ભાગ લઈ શકે. માધવની સાથે ભવેભવ જીવી શકે. આનંદનો ઓચ્છવ માણી શકે. ઈશ્વરની રજ મળતી હોય તો વૈકુંઠનો મોહ જતો કરી શકે. ગોકુળ, યમુના, માધવ, વ્રજ અને કૃષ્ણચરણની રજ પછી કોઈની તમા નહીં, કોઈની ફિકર નહીં. એનો જ સંગ અને એનો જ રંગ. બધું જ અભંગરૂપે વહ્યા કરે, પણ આ મોતી એમ ને એમ બંધાતું નથી. માણસે પોતાને

પામવાનું હોય છે અને સારાય બ્રહ્માંડમાં ઈશ્વરનો અનુભવ કરવાનો હોય છે. પછી એ તણખલું કે તાડ હોય, પહાડ હોય કે ઝાડ હોય, ત્રાડ હોય કે લાડ હોય, રુદ્ર હોય કે રમ્ય હોય, તુચ્છ હોય કે ભવ્ય હોય -- આ બધાના દેખીતા ભેદને ઓળંગીને અણદેખા અભેદનો અને સમગ્ર અખિલાઈમાં ઈશ્વરના ઐશ્વર્યનું પોતાની સહજ સમાધિમાં અનુભૂતિની કક્ષાનો અનુભવ કરીને સાક્ષાત્કારના ચમત્કારને માણસે ઓળખવાનો હોય છે. આનાથી બીજો કોઈ પરમ પુરુષાર્થ નથી.

## મુકેશ જોશી - કૈક ચોમાસાં અને વરસાદ રાધા;

કૈક ચોમાસાં અને વરસાદ રાધા;
એક રાતે કૃષ્ણમાંથી બાદ રાધા.

ને ઝુરાપાનું સુદર્શન આંગળીએ,
રોજ છેદી નાખતો જે સાદ રાધા.

એટલે તો જિંદગીભર શંખ ફૂંક્યો,
વાંસળી ફૂંકે તો આવે યાદ રાધા.

કૃષ્ણને બહેલાવવાને આજ પણ,

ચોતરફ બ્રહ્માંડમાં એક નાદ રાધા.

કૃષ્ણ નામે ગ્રંથ ના સમજાય તો પણ,
સાવ સીધો ને સરળ અનુવાદ રાધા.

રાધા-કૃષ્ણ વિશે ગીતો તો થોકબંધ લખાય છે અને લખાશે. ક્યારેક ગઝલમાં પણ રાધા-કૃષ્ણવિષયક છૂટાછવાયા શેર આવે છે, પણ નિતાંત ગઝલ વિરલ જ ગણાય. મુકેશ જોશી એક નવો અને માતબર અવાજ છે. પ્રલંબ ગીતો અને આત્મવિશ્વાસથી નિર્ભર એવી રજૂઆત મુકેશ જોશીને નોખો-અનોખો પાડે છે. રાધા એટલે પ્રેમનો પર્યાય. મેઘદૂત તો લખાયું ત્યારે લખાયું. કાલિદાસે યક્ષને

જીવંત કર્યો ત્યારથી વર્ષાઋતુમાં પ્રત્યેક માણસના હૃદયમાં એક યક્ષ વ્યાકુળતા અનુભવે જ છે. કૃષ્ણમાંથી રાધાને બાદ કરો તો કૃષ્ણ પણ ક્યાં રહે છે ? યક્ષ એટલે કોઈ પણ મનુષ્યના હૃદયમાં વિરહને વિષાદમાં ફેરવતો વલોપાત. કૃષ્ણ વાંસળીથી તો રાધાને વીંધતા, પણ અહીં શાયરે સુદર્શનને એક નવો અર્થ આપ્યો છે. આ સુદર્શન તે ઝુરાપાનું સુદર્શન. આ સુદર્શન રોજ વિરહના આર્ત-સાદને છેદીભેદી નાખે છે. કૃષ્ણના હૃદયમાં પણ પ્રણયસંગ્રામ તો મચ્યો જ હશે ને ! અહીં પરંપરાથી જે પ્રતીકો વપરાતાં હોય એનો નવી રીતે વિનિયોગ કર્યો છે. કૃષ્ણે શંખ અવારનવાર નહોતો ફૂંક્યો, પણ એક વાર ફૂંકાયેલો શંખ જાણે કે જિંદગીભર ફૂંકાયો હોય એ રીતે કવિ વાત કરે છે. કેટલીક અતિશયોક્તિ ગમી

જાય એવી હોય છે. શંખને બદલે વાંસળી ફૂંકે તો રાધાની યાદ સિવાય હોય શું ? રાધા નામ કૃષ્ણને બહેલાવવા માટે પૂરતું છે. રાધા વિનાના કૃષ્ણ અધૂરા છે, અપૂર્ણ છે. એટલે જ તો ચારે તરફ બ્રહ્માંડમાં એક જ નાદ પ્રસરે છે અને તે રાધાનો. નવા કવિ ને નરી કવિતાની મજા એ છે કે મૂળ એક જ વાત હોય, પણ એ જુદેજુદે સ્વરૂપે વિવિધ પરિભાષામાં કેવી સુંદર રીતે પ્રગટ થઈ શકે છે. કૃષ્ણ નામે ગ્રંથ માણસને સમજાય કે ન સમજાય, કેટલીક ભાષા દુર્બળ લાગે, પણ રાધા એ બીજું કશું જ નથી, પણ કૃષ્ણ નામે ગ્રંથનો અનુવાદ છે. એનો અર્થ એ થયો કે રાધાનું મૂળ પણ કૃષ્ણ સ્વયં છે. કૃષ્ણ અને રાધા કદીય એકમેકથી અલગ ન હોઈ શકે.

# રણછોડ - દિલમાં દીવો કરો

દિલમાં દીવો કરો, રે દીવો કરો.
કૂડા કામક્રોધને પરહરો, રે દિલમાં દીવો કરો. દિલમાં૦ 1

દયાદિવેલ પ્રેમ પરણાયું લાવો,
માંહી સુરતાની દિવેટ બનાવો;
માંહી બ્રહ્મ-અગ્નિને ચેતાવો રે. દિલમાં૦ 2

સાચા દિલનો દીવો જ્યારે થાશે,
ત્યારે અંધારું મટી જાશે,
પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે. દિલમાં૦ 3

દીવો અણભે પ્રગટે એવો,
ટાળે તિમિરના જેવો;
એને નેણે તો નરખીને લેવો રે. દિલમાં૦ 4

દાસ રણછોડે ઘર સંભાળ્યું,
જડી કૂંચી ને ઊઘડ્યું તાળું;
થયું ભોમંડળમાં અજવાળું રે. દિલમાં૦ 5

કેટલાક કવિઓ એકાદ કાવ્ય-રત્નથી પ્રજાહૃદયમાં સ્થાન પામે છે. આપણા જમાનામાં શ્રી હરિહર ભટ્ટ, જેઓ ખગોળવિષયક સંશોધનમાં મશગૂલ રહ્યા, તે

`એક જ દે ચિનગારી'એ ભક્તિગીતથી જાણીતા છે. જૂના ભક્તકવિઓમાંથી પ્રીતમનો આખો કાવ્યસંગ્રહ છપાયેલો મળે છે અને મારા એક મિત્ર, જેઓ તેની ઉપર સંશોધન કરે છે, તેઓને બીજી અપ્રસિદ્ધ સામગ્રી પણ સાંપડી છે, પણ જે કૃતિઓ છપાઈ છે તેમાંથી `હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને' એ એક ગીત જ પ્રીતમને આપણા ઉત્તમ ભક્તકવિઓની હરોળમાં મૂકવા માટે બસ છે.

ઉપનિષદ અને ગીતાનો ચાર દસકાથી ઊંડો અભ્યાસ કરતા ઓક્સફર્ડના સ્પેનિશ વિદ્વાન હ્વાન મસ્કરોને મન પ્રીતમનું આ ભજન દુનિયાનાં ભક્તિકાવ્યોમાંનું એક અણમોલ રત્ન છે. પ્રેમળદાસનું `હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી

જાણી રે' એ એક જ ભજન જાણીતું છે પણ જીભે રમી રહે, હૃદયમાં ગુંજ્યાં કરે એવું છે. હું અત્યારે રણછોડના એવા એક ભજન `દિલમાં દીવો કરો' વિશે વાત કરવા માગું છું.

દિલમાં દીવો કરો, રે દીવો કરો.
કૂડા કામક્રોધને પરહરો, રે દિલમાં દીવો કરો.      દિલમાં૦ 1

`દિલમાં દીવો કરો' એ ઉદ્ગારમાં `દિલમાં' શબ્દ પહેલો છે. એ સૂચવવા કે દીવો બહાર શું કરો છો? દિલમાં કરો, પણ જે કામ કરવાનું છે તે તો દીવો કરવાનું છે એટલે ફરી ઉમેરે છે : `રે દીવો કરો.' એમની આરજૂ `રે'માં પ્રગટ થઈ જાય છે. અરે, બધાં કામ પડતાં મૂકીને દીવો કરો -- એ એમનો અનુરોધ છે.

પણ `દીવો કરો' એટલે શું? અમારે તરત કયું કામ કરવા મંડવું? તો કહે છે : `ફૂડા કામક્રોધને પરહરો.' એમાં પૂછવા શું ઊભા રહો છો? હૃદયાકાશમાં અંધકાર વ્યાપેલો છે તે તો કામ અને ક્રોધનો છે, કામ અને ક્રોધના ફૂડપણ (શેતાનિયત)નો છે. હૃદયને તો નરવાપણું, નરમળપણું જ પોસાય, પેલા ફૂડાને કાઢો એટલે રૂડો પ્રકાશ, પ્રકાશ જ, બધે થઈ રહેશે. પણ એ ફૂડાને કાઢો કહ્યેથી એ ઓછો નીકળે છે? એને કાઢવાનો રસ્તો?

દયાદિવેલ પ્રેમ પરણાયું લાવો,
માંહી સુરતાની દિવેટ બનાવો;
માંહી બ્રહ્મ-અગ્નિને ચેતાવો રે. દિલમાં૦ 2

રસ્તો, જોવા જઈએ તો, ટૂંકો છે. એક શબ્દમાં `પ્રેમ'નો એ માર્ગ છે. પણ રખે કોઈ માને કે એ સહેલોસફલો મારગ હોય. માણસે એ મારગે પાવકઅગ્નિ-માં પ્રજળવાનું છે. રૂપકથી ભક્તકવિ સમજાવે છે કે તેજઅંબારને નિમંત્રણ આપવું છે તો એની ભૂમિકા બાંધવી જોઈએ. એ ભૂમિકા પ્રેમની છે. પ્રેમરૂપી પરણાયું (કોડિયું) જ તેજને ધારણ કરવાની ક્ષમતા ધરાવી શકે.

એ કોડિયામાં દિવેલ કયું પૂરીશું? જવાબ છે -- `દયાદિવેલ.' બે દદ્દા મેળવવા માટે દયાદિવેલનો નિર્દેશ કર્યો નથી. હૃદયભાવ જ્યારે સર્વ પ્રાણી પ્રત્યે વહેવા માંડે છે ત્યારે એનું નામ સમ-ભાવ (કોમ્પેશન), દયા છે. `દયાદિવેલ પ્રેમ

પરણાયું લાવો.' પ્રેમ વગરની દયા એ ઘણી વાર તિરસ્કારનું પાતળું સ્વરૂપ હોય છે.

દિવેટ શાની કરવી? તો કહે છે કે `માંહી સુરતાની દિવેટ બનાવો.' સુરતા એટલે લેહ, લગની. પ્રેમનું પરણાયું ગોઠવાયું. દયાનું દિવેલ આવ્યું. સુરતાની દિવેટ બનાવી, પણ આટલાથી કાંઈ પ્રકાશ ઓછો થઈ જશે ? એને માટે તો અગ્નિને આવાહન કરવું રહેશે. ગમે તેવો અગ્નિ અહીં ચાલી શકશે નહિ. એ અગ્નિ બહારથી કોઈ લાવી આપવાનું છે એમે નથી, એને જાતે જ ચેતાવવાનો છે.

શી રીતે? પ્રેમની ભૂમિકા બાંધી, સર્વ પ્રાણી પ્રત્યે હૃદયને ધસવા દીધું અને પ્રભુની લગનીમાં ચેતનાને એકાગ્ર થવા દીધી ત્યાં તત્ક્શણ આપોઆપ એ એકાગ્ર ચેતના બ્રહ્મઅગ્નિના સ્પર્શથી પ્રજ્વળી ઊઠવાની, પ્રજળીને પ્રકાશરૂપ બની રહેવાની. તેથી કવિ સૂચવે છે : `મહીં બ્રહ્મઅગ્નિ ચેતાવો.'

તો, દિલમાં દીવો શી રીતે થયો? પ્રેમ-આધારમય જીવનમાં સર્વ ભૂત પ્રત્યે હૃદય વહેવા માંડતાં પ્રભુમાં એકાગ્ર બનેલી ચેતનાના પ્રજ્ળવાથી, પોતે પ્રજળીને પ્રકાશમય બનવાથી. ભક્તકવિ ગાય છે :

સાચા દિલનો દીવો જ્યારે થાશે, ત્યારે અંધારું મટી જાશે,
પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે. દિલમાં૦ 3

પેલા ફૂડા ગયા એટલે સાચા દિલવાળા આપણે થયા. એમાં દીવો પ્રગટ્યો ત્યાં અંધારું હવે કેવું? બ્રહ્મમય જીવન -- આખોય બ્રહ્મલોક -- તેની ઓળખ પણ હવે થવા માંડી. બ્રહ્મ એટલે બૃહત, બહોળું, વિશાળ વિશ્વ. પ્રેમ-દયા સૌ કોઈ તરફ વળ્યાં; એ પ્રેમ-દયાની મદદથી ચેતના પ્રભુમાં એકાગ્રભાવે પ્રજળતી પ્રકાશવા માંડી ત્યાં અહમમાંથી છૂટીને બહોળા-વિશાળ વિશ્વનો--બ્રહ્મલોકનો જ પરિચય શરૂ થયો.

દીવો અણભે પ્રગટે એવો, ટાળે તિમિરના જેવો;
એને નેણે તો નરખીને લેવો રે. દિલમાં૦ 4

`દીવો અણભે પ્રગટે એવો' -- ! કેવો તો દીવો પ્રગટ્યો છે! ભક્તકવિ એને `અણભે' (અણભય, ભય વિનાનો), નિર્ભય કરી મૂકે એવો, કહી ઓળખાવે છે. આપણી સમૃદ્ધ મીઠી ગુજરાતી ભાષામાં કેવો આ સુંદર શબ્દ `અણભે' કવિની જીભે જન્મ્યો છે!

કેવો છે દીવો? `ટાળે તિમિરના જેવો.' તિમિર ટાળે પછી એને નિર્ભય કરનારો જ કહેવો પડે ને? કામક્રોધના મહાતિમિરનો ટાળનારો છે આ દીવો તો. ગુજરાતી ભાષાના કોઈ વ્યાકરણશિક્ષકે `તિમિર ટાળે એના જેવો' -- એમ કહેવાને બદલે `ટાળે તિમિરના જેવો' -- એમ કહેવા માટે હજી સુધી રણછોડ કવિનો કાન પકડ્યો હોય એવું જાણમાં નથી. દીવા પર નજર હોય ત્યાં વ્યાકરણ પર ધ્યાન ક્યાં

જાય? `એને નયણ તો નરખીને લેવો' -- ધરાઈને `નયણાં ભરી' એને નરખી લેવાનો છે.

છેલ્લી કડીમાં તો હદ કરી છે : `દાસ રણછોડે ઘર સંભાળ્યું, જડી કૂંચી ઊઘડ્યું તાળું.' રણછોડ કહે છે કે મેં તો બધી પારકી, દુનિયાની, પળોજણ મૂકીને મારું ઘર સંભાળ્યું. દુનિયામાં બધે હું જ્યાંત્યાં અથડાઉ નહિ એ માટે ઘેરઘેર, ઠેરઠેર, દીવા પેટાવવાના ધંધામાં ક્યાં પડું? મેં તો મારે મારા આ દિલમાં દીવો કરી દીધો. બસ, મારું કામ ચાલ્યું. આ સહેલી કૂંચી મને જડી ગઈ. ઝટ તાળું ઊઘડી ગયું. `થયું ભોમંડળમાં અજવાળું.' અરે, જુઓ તો ખરા, દિલમાં દીવો કર્યો એટલે મારા પોતાના અંતરમાં જ પ્રકાશ પથરાયો એમ નહિ, આખા ભૂમંડલમાં અજવાળું

અજવાળું થઈ રહ્યું. નાનકડી કીકીમાં પ્રકાશ હોય તો આખું વિશ્વ વિલોકાય. હૃદયમાં નાનકડો દીવો પ્રગટે એટલે આખું બ્રહ્માંડ ઝળાંહળાં થઈ રહે.

દાસ રણછોડે ઘર સંભાળ્યું,
જડી કૂંચી ને ઊઘડ્યું તાળું;
થયું ભોમંડળમાં અજવાળું રે. દિલમાં૦ 5

સ્વાનુભવનો સ્વાદ બેવડાવવા રસ્તામાં જે મળે તેને ઊભો રાખીને રણછોડ એ દિવસથી કહેતો ફરે છે : `દિલમાં દીવો કરો.'

ઉમાશંકર જોશી

## રમેશ પારેખ - કાગળ હરિ લખે તો બને

- કે કાગળ હરિ લખે તો બને
અવર લખે તે એકે અક્ષર નથી ઊકલતા મને...

મોરપીછનો જેના ઉપર પડછાયો ના પડિયો
શું વાંચું એ કાગળમાં જે હોય શાહીનો ખડિયો?
એ પરબીડિયું શું ખોલું જેની વાટ ન હો આંખને...

મીરાં કે પ્રભુ, શ્વાસ અમારો કેવળ એક ટપાલી
નિશદિન આવે જાય લઈને થેલો ખાલી ખાલી
ચિઠ્ઠી લખતાંવેત પહોચશે સીધી મીરાં કને...

મધ્યકાલીન કવિ મોરારસાહેબે એક પદ લખ્યું. પદનો પ્રારંભ છે :

લાવો લાવો કાગળિયો ને દોત લખીએ હરિને રે
એવો શો છે અમારો દોષ, નાવ્યા ફરીને રે.

મોરારસાહેબના પદમાં ગોપી હરિને કાગળ લખવાની વાત કરે છે. મોરારિબાપુએ એક વાર રમેશ પારેખના સંદર્ભમાં કહ્યું હતું કે આ કવિ કંઈક ભાળી ગયેલો કવિ છે. ભલે રહે અમરેલી કે રાજકોટ પણ ક્યારેક ક્યાંક એનામાં મીરાંનો જીવ આવીને વસ્યો હશે અને કંઈક ઉપરવાળા જોડે તાર લાગી ગયો હશે. નહીંતર આવું નખશિખ સુંદર આંસુ જેવું સ્વચ્છ અને નિર્દોષ પવિત્ર ગીત પ્રગટે ક્યાંથી?

અમને કોઈના કાગળપત્તરમાં રસ નથી. રસ છે એક જ કે કાગળ હોય તો હરિનો હોય. અમને તો એના જ અક્ષર ઊકલે છે. કોઈ અવર લખે તો કશું ઊકલતું નથી. `દૂસરો ન કોઈ'ની વાત જુદે સ્વરૂપે આવે છે. હરિ જ્યારે કાગળ લખતા હશે ત્યારે એના ખડિયા પર મોરપીછનો પડછાયો હોય. કોઈ અવરના કાગળમાં બધું હોય પણ `મોરપીછનાં શુકન' ન હોય. પારકાના પરબીડિયામાં રસ નથી. આંખ એકને જ જાણે છે. બીજા માટે મારી આંખ અભણ છે. હરિ કાગળ લખે તો એને લાવવા લઈ જવાની જવાબદારી અમારી. અમારો શ્વાસ સ્વયં ટપાલી છે. અમે જઈએ છીએ તો ખરા પણ એના કાગળ વિના થેલો ખાલી છે. રાતદિવસની અમારી એક જ ઝંખના છે. હરિનો કાગળ. આખો કાગળ ન હોય તો કાંઈ નહીં

પણ એક ચિઠ્ઠીચબરખી હોય તોયે એ સીધી મીરાં પાસે પહોચી શકે. નિરંજન ભગતે મીરાં વિશે વાત કરતાં કહ્યું હતું કે મીરનો એક અર્થ આત્મા થાય છે. પંક્તિ યાદ આવે છે :

મનના મેવાડમાં એક રાણો વસે છે
એ રાણાને અહીંથી ઉથાપો કોઈ
મને મીરાંનું પાગલપન આપો કોઈ.

રમેશ પારેખે મીરાંની તીવ્રતાથી અને ઉત્કટતાથી મીરાંકાવ્યો લખ્યાં છે -- ખુદ મીરાં અને એનો ગિરધર રાજી થાય એવાં. પણ મીરાં થવું સહેલું નથી.

પાગલપન જોઈએ અને આખો સંસાર ઓરી દેવાની તાકાત જોઈએ. રમેશ પારેખનું આ ગીત પણ સાથેસાથે માણવા જેવું છે :

મારા સપનામાં આવ્યા હરિ
મને બોલાવી, ઝુલાવી, વહાલી કરી.
સામે મરકત મરકત ઊભા
મારા મનની દ્વારિકાના સૂબા
મારાં આંસુને લૂછ્યાં જરી...
આંધણ મેલ્યાં'તાં કરવા કંસાર
એમાં ઓરી દીધો મેં સંસાર.

## રવિસાહેબ - મેં ભેદન પનિહાર

મેં ભેદન પનિહાર,
મેં માનુની રે, મેં ભેદન પનિહાર.

મેં પનિહારી રામકી, છીલર જળે ન ન્હાઉ,
પડદા તોડ પિયાળે પેઠું, નિરમળ જળ ભરી લાઉ. -- મેં૦

નુરત સૂરત કી સાંધી ત્રિફૂટી, અનહદ નાદ બજાવું,
ગગનમંડળમાં ગુરુની ગાદી, વહાં જઈ શીશ નમાવું. -- મેં૦

મુરસદ ભેદ બતાયા મોકું, સુધ જલ પૂરા પીયા,

જનમ-મરણ કા સાંસા મેટ્યા, અમર જુગોજુગ જીયા. --મેં૦

પિંડ બ્રહ્માંડ તણાં પડ ફૂટ્યાં, શિખર ચડિયાં પાની,
રવિરામ ગેબી ગુલતાના, પતિવ્રતા પટરાની. -મેં૦

`મેં માનુની' -- હું આત્મગૌરવશાળી સ્ત્રી છું. તુચ્છ વસ્તુથી મારું હૃદય રીઝે તેમ નથી. `મેં ભેદન પનિહાર' -- મારી દૃષ્ટિ તો સાત પાતાળ ભેદીને જ્યાં પરમ રસ પ્રગટ થાય છે ત્યાં ઠરી છે.

રવિસાહેબ `મન:સંયમ'માં કહે છે :

બ્રહ્મજળનું દરશન કરે સોયે, જો વસ્તુદષ્ટિ ઉઘાડી હોયે,
વસ્તુદૃષ્ટિ તો ઊઘડે, સતગુરુ તણો ભેદ જો જડે

આવી ભેદ પારખનારી હું પરમ પુરુષની પનિહારી છું.

`મેં પનિહારી રામકી છીલર જળે ન ન્હાઉ' -- હું રામની પનિહારી છું. આત્મારામ પ્રસન્ન થાય એવો પરમ રસ લેવા નીસરી છું. છીલર-છીછરા જળે, સામાન્ય અને નાશવંત વસ્તુમાં હું લોભાઉં તેમ નથી. હું તો `પડદા તોડ' -- બધાં આવરણો ભેદીને પિયાળે-પાતાળે એટલે કે, ચૈતન્યના મૂળ પાતાળઝરા, `આબેહયાત' સુધી પહોચું છું અને `નિરમળ નીર' -- શુદ્ધ આનંદ ભરી લાવું છું.

મીરાં એક પદમાં આ ભાવ વ્યક્ત કરતાં કહે છે :

છીલરિયે મ્હાંરો ચિત નહીં રે ડાબરિયે કુણ જાવ.
ગંગા-જમના સુ કામ નહિ રે, મૈ તો જાય મિલું દરિયાવ.
(છીલરિયે-છીછરું તળાવ, ડાબરિયે-ખાડો, ખાબોચિયું.)

ભૂમામાં જ -- બૃહદમાં જ સુખ છે, અલ્પમાં સુખ નથી.

`મુરસદ ભેદ બતાયા' -- મારા ગુરુએ મને આ રહસ્ય બતાવ્યું, સુધ જલ-- શુદ્ધ બ્રહ્માનંદનું મેં પૂર્ણ પાન કર્યું અને જન્મ-મરણનો સંશય ટળી ગયો. આત્મસ્વરૂપની મને પ્રતીતિ થઈ ગઈ.

`પિંડ-બ્રહ્માંડ તણા પડ ફૂટ્યાં' -- પિંડ અને બ્રહ્માંડ વચ્ચે જે પડદો હતો તે તૂટી ગયો.

રવિસાહેબની વાણી છે :

રસનું ઘર જેમ રસે ભર્યું, તેને સાગર માહીં લઈ ધર્યું

તેમ પંડ બ્રહ્માંડ રસરૂપનાં તેને બાહરભીતર રસે ભર્યું.

`શિખર ચડિયાં પાણી' પાતાળની-મૂલાધારની યોગિની શક્તિ શિખર એટલે બ્રહ્મરન્ધ્રમાં પહોચી ગઈ.

પાતાલ કી ગંગા બ્રહ્માંડ ચઢાઈબા

તહા બિમલ બિમલ જલ પીયા.

- ગોરખ

રવિરામ `ગેબી ગુલતાના' -- આ અગમના આસ્વાદમાં આનંદમગ્ન છે. એકનિષ્ઠ ઉપાસનાથી પરમ પુરુષને વરીને તેણે `પતિવ્રતા પટરાની' -- સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

મકરન્દ દવે

## રવીન્દ્રનાથ ટાગોર - વરદાન

અહીં આવી છું કેવળ ગાવા પ્રભુ! તમારાં ગાન :
મને દઈ દો ભરીસભામાં એક અછડતું સ્થાન!

મને વિશાળા વિશ્વભવનમાં નહીં કશુંયે કામ;
કોઈ અકારણ સૂરથી છલકે પ્રાણ અહો! અભિરામ!

રાત્રિના નીરવ મંદિરમાં પૂજન-વેળા જ્યારે;
અણસારે આદેશ મને દો ગીત ગુંજવા ત્યારે!

પરોઢિયાને પવને રણકે ઝણકે સોનલ વીણા

ત્યારે પણ આ હૈયું ઝરતું ગીત સૂરમાં ઝીણા!

મળે તમારો પાવનકારી સંગ : એ જ વરદાન :
મને દઈ દો સભામાં એક અછડતું સ્થાન !

માણસ જન્મે છે એ એક ઘટના છે. પછી એ આડીટેડી પ્રવૃત્તિઓમાં પડી જાય છે એ દુર્ઘટના છે. આડીટેડી પ્રવૃત્તિ એટલે સંસારની પ્રપંચી ગલીકૂંચી. મોટા ભાગના માણસોને જીવનનું પ્રયોજન સમજાતું નથી. શ્વાસ લેવો અને જીવવું એ બે જુદી વસ્તુ છે. જીવવું અને સહજ સ્વીકૃતિથી, પૂર્ણ સમજણ સાથે જીવવું, એ પણ જુદી વસ્તુ છે. આ પૃથ્વી પર આપણે શા માટે આવ્યા છીએ, એનો જવાબ આપણે

બીજા કોઈ પાસેથી નહીં, પણ આપણી પાસેથી મેળવવાનો છે. આ જવાબ મળે તો બાહ્ય ઘટના પારની કોઈ ઘટના ઘટે. ટાગોર તો કવિઓના કવિ છે. કોઈ કુશળ સંગીતકાર અમસ્તો તાર છેડે અને સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠે, એમ અનાયાસે ટાગોરના શબ્દો ગુંજી ઊઠતા. એ નાનકડા ઊર્મિગીતમાં પણ સમગ્ર બ્રહ્માંડનો સ્પર્શ મૂકી શકતા.

મનુષ્યનો જીવાત્મા એ આ કાવ્યની નાયિકા છે. પ્રભુ એનો પ્રિયતમ છે. એને સંસારની કોઈ ગતાગમ નથી. આ ગતાગમ ન હોવી એ શાણપણનું પણ શાણપણ છે. પાગલપનનો એક લય હોય છે. એનું પણ એક ગીત હોય છે. આ ગીત ક્યારેક મીરાં થઈને ટપકે છે. આ ગીત ક્યારેક ટાગોર થઈને ધબકે છે.

આવાં ગીતોમાં સાજશણગાર નથી હોતા. કોઈ નખરાં કે ટાપટીપ નથી હોતી. કાવ્ય લખું છું એની સભાનતા નથી હોતી. કોઈ કિનખાબી કસબ નથી હોતો. રિયાઝ વિના પણ પંખી ટહુકે. એવો આ એક ટહુકો છે.

જીવનને પ્રયોજન મળી ગયું છે. કંઈ પણ થવું નથી. કશું પણ મેળવવું નથી. કેવળ હોવું અને ગાવું એ જ પ્રયોજન. ગાવું છે, પણ મારું ગીત નથી ગાવું, તારું ગીત ગાવું છે એટલે કે, પરમેશ્વરનું ગીત ગાવું છે. પરમાત્માની મહાન સભામાં અનેક સૂર્યચંદ્ર, તારા, ગ્રહો, નક્ષત્રો, પહાડ, સમુદ્ર, નદી, ઝરણાં... શું-શું નથી? એની મહેફિલ સદાયે ભરેલી, ખીચોખીચ, ઝંખનામાત્ર એટલી જ છે કે ઈશ્વરની હરીભરી

સભામાં એક અછડતું સ્થાન મળે. એક સુંવાળો ખૂણો મળે, જ્યાં મારે કંઠેથી તારું ગીત વહ્યા કરે.

આ વિશાળ વિશ્વભવનમાં મારે કાંઈ કરતાં કાંઈ કામ નથી. કોઈ હેતુ નથી, કોઈ ઉદ્દેશ નથી, કોઈ કારણ નથી, માત્ર અકારણ સૂરથી પ્રાણ છલકાયા કરે છે. આ પ્રાણનું પણ એક ગીત છે. એનું પણ એક સંગીત છે. આનંદનાં આંસુ છે અને પરમ સંતોષનું સ્મિત છે.

અનંત પ્રતીક્ષા સાથે હું ઊભી છું. રાત છે. રાત સ્વયં મંદિર જેવી છે. રાતની નીરવતા છે. કોઈક અકળ શાંતિ છે. હું પૂજા માટે સજ્જ છું. તારો આદેશ આવે

એટલી જ વાર. રાતની નીરવતા એવી છે કે આ આદેશ કોઈ શબ્દ દ્વારા પણ નથી જોઈતો. તારો એક અણસાર અને એ અણસારથી જ મારા ગીતનું ગુંજન પ્રારંભ પામશે. તું જ મારી પ્રેરણા અને તું જ સારસર્વસ્વ. તારો અણસાર જીવનની પળને અવસરમાં ફેરવી શકશે. તારા અણસારે હું રાત આખી ગુંજ્યા કરીશ. પરોઢિયાના પવનમાં પણ તારી સોનલ વીણાનો રણકાર અને ઝણકાર હશે. આ વીણાના સંગીત સાથે મારું હૃદય ઝીણા સૂરમાં ગીતને ઝરતું હશે.

તારા સાન્નિધ્યમાં તારું ગીત, તારો પાવનકારી સંગ. જીવનમાં આનાથી મોટું વરદાન કયું હોઈ શકે? તારી સભામાં એક અછડતું સ્થાન મળે એનાથી મોટી ઘટના કઈ?

પ્રકૃતિ અને પરમાત્માનાં ગીતો ગાતાં ટાગોરનો શબ્દ થાક્યો નથી. ટાગોરની કવિતાનો અનુવાદ કરવો એ મહામુશ્કેલ કામ છે. અનુવાદ કરતાં કશુંક જતું પણ હોય છે અને કશુંક રહેતું પણ હોય છે. અહીં આવા જ મિજાજનું ટાગોરનું બીજું ગીત મૂકીને સંતોષ માનું છું.

પ્રતીતિ

અહો! મનોહર તમે કેટલાં એક જ મન આ જાણે;
થરથર કાંપે ફૂણા અજંપે મમ અંતર તવ ગાને!

પ્રભાતપ્હોરે વાદળ સાથે તડકે માંડ્યો ખેલ;

ને નદિયુંની લહર લહરમાં કિરણ કિરણની વેલ.

ન્યાળી તમને નયન સરોવર છલકંતાં નવ તાને!
અહો! મનોહર તમે કેટલાં એક જ મન આ જાણે!

કૂંપળ કૂંપળ, ફૂલ ફૂલમાં અંકાયું વન-સ્મિત;
દલદલથી મખમલ પરિમલ થઈ પવન થયો પુલકિત.

સુનીલ નભ લોચનિયેથી તવ ઝરે સુધા મમ પ્રાણે!
અહો! મનોહર તમે કેટલાં એક જ મન આ જાણે!

# રવીન્દ્રનાથ ટાગોર - અંતર મમ વિકસિત કરો

અંતર મમ વિકસિત કરો અંતરતર હે--
નિર્મલ કરો, ઉજ્જ્વલ કરો, સુંદર કરો હે.

જાગ્રત કરો, ઉદ્યત કરો નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ નિ:સંશય કરો હે.

યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ,
સંચાર કરો સકલ કર્મે શાંત તોમાર છંદ,

ચરણપદમે મમ ચિત્ત નિ:સ્પંદિત કરો હે,

નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે.

આ પ્રાર્થના છે. મને એ બહુ પ્રિય છે. મને યાદ છે ત્યાં સુધી, વર્ષો પહેલાં રેડિયો પર લક્ષ્મીશંકરના અવાજમાં આ પ્રાર્થના આવતી.

પહેલી પંક્તિમાં `અંતર મમ વિકસિત કરો' એમ કવિ કોને કહે છે ! `અંતરતર હે', જે મારા ભીતરની વધુ ભીતર છે, જે મારા ગર્ભઘરમાં છે. એટલે કે જે અંતરયામી છે, પરમાત્મા છે, તેને કહે છે. પરમાત્મા બહાર છે જ નહીં, એ આપણી અંદર લપાઈને બેઠા છે. પણ પ્રાર્થનાની પહેલી જ પંક્તિ આ છે. જોકે ટાગોરે તો એની કાવ્ય તરીકે જ કલ્પના કરી. પણ ટાગોરનો કવિ તરીકે બાંધો જ એવો હતો કે

કોઈક એવી દિવ્યતાની ક્ષણે એને આ ગીત સ્ફુર્યું હશે. આ પ્રાર્થના સ્ફુરી હશે. અન્ય ક્યાંક કવિએ કહ્યું છે કે જ્યારે કરું કામ, પ્રભુ દેતા મને માન, જ્યારે ગાઉ ગીત ત્યારે કરે પ્રેમ ભગવાન.

આ એમની પ્રાર્થના. સૌથી પહેલાં `અંતરતર', બધું અંદર જ છે. આપણે બધા બહાર શોધીએ છીએ, એટલે શું થાય છે ? કસ્તુરીમૃગ માટે કહેવાય છે કે કસ્તુરીમૃગની કસ્તુરી તો એની અંદર જ છે પણ એ એની સુવાસથી વ્યાકુળ થઈને બહાર શોધે છે, તો ખરેખર જાગ્રત માણસે જીવનને પૂર્ણપણે પામવું હોય તો એની ચેતના વિકસિત હોવી જોઈએ. સામાન્ય રીતે આપણા બધાની ચેતના કુંઠિત થઈ ગઈ હોય છે. કુંઠિત થયેલી ચેતના કુબ્જા જેવી જ હોય. એક ફૂલ

પહેલાં તો કળી હોય છે, પણ એ કળીમાંથી એનો વિકાસ થાય છે અને એ ફૂલ બને છે. ટાગોરે કંઈક એવી મતલબનું કહ્યું હતું કે ફૂલ એ આસક્તિ છે અને ફળ છે તે ભક્તિ છે. સામાન્ય રીતે ચેતના જ કુંઠિત હોય છે. એ કુંઠિત કરનારાં તત્ત્વો આપણી આસપાસ જ છે. આપણી ઉપર એટલા બધા તો લપેડા છે, આપણા રાગ, દ્વેષ, મોહ, માયા, મમતા, પરિગ્રહ, માલિકીવૃત્તિ, વાતવાતમાં ખરાબ લાગવું, ખોટું લાગવું, વેર લેવાની વૃત્તિ રાખવી, બદલો લેવો, આ બધી જ આપણી કુંઠિતતાની નિશાની છે. આપણે બહુ જ સાંકડા છીએ. આપણે આપણી અંદર ટૂંટિયું વાળીને બેઠા છીએ. આપણે જ આપણી અંદર ટૂંટિયું વાળીને બેઠા હોઈએ તો પરમાત્મા દૂરના દૂર કેમ ન ચાલી જાય ! `અંતરતર'ને જે પોતાના અંતરની

અંદર, ભીતરની અંદર, ભીતરની પણ વધુ ભીતર, જે ખૂબ ગુહ્ય છે, જે ખૂબ ગુપ્ત છે, જે અંદર જ છે, એને જ પ્રાર્થના કરવાની છે. પહેલાં તો ચૈતન્યનો વિકાસ કરો. ચૈતન્યના વિકાસ વિના બધું જ નકામું છે. ચૈતન્ય વિકસિત થયું. પણ ચૈતન્ય ક્યારે વિકસિત થયું કહેવાય ? અથવા ક્યા ચૈતન્યને આપણે કહીએ કે આ વિકસિત ચૈતન્ય છે ? આમાં પહેલી પંક્તિમાં એને જે કહેવાનું હતું તે કહી દીધું; પણ વિકસિત ચૈતન્ય એટલે શું ? પછી એમણે કહ્યું છે કે નિર્મલ કરો. આપણા બધા જ મળ, મનના મળ, વિચારોના મળ; અવિચારોના મળ, કુવિચારોના મળ, નિર્મળ : કારણ કે પાણી એકદમ સ્વચ્છ હોય તો જ આકાશમાં ઊગેલા ચંદ્રનું

પ્રતિબિંબ પડે. ડહોળાયેલા પાણીમાં કાંઈ નથી ઝિલાતું, `નિર્મલ કરો ઉજ્જ્વળ કરો--'.

You see there is a difference between clean & pure. ઉજ્જ્વલ કરો. ટાગોર તે સૌદર્યનો જીવ છે. સૌદર્યના ઝરણામાં જે લહર વહેતી હોય તેનાથી તું તારી આંખને ભરી દે. આવું ક્યાંક ટાગોરે લખ્યું છે. એક એવો મોટો જમાનો હતો કે ગાંધીજીએ સત્યનો રસ્તો લીધો, શ્રી અરવિંદ ઘોષે શિવનો રસ્તો લીધો અને ટાગોરે સુંદરનો રસ્તો લીધો, એટલે સત્યમ્, શિવમ્ ને સુંદરમ્. `સુંદર કરો' એટલે ઉજ્જ્વલ કરો. નિર્મળ તો થાય પણ એ ઊજળું હોવું જોઈએ, શુદ્ધિદાયક હોવું જોઈએ એટલે clean, pure અને beautiful હોય તો જ વિકસિત ચૈતન્ય. `અંતર

મમ વિકસિત કરો' ચેતનાનો વિકાસ એમ ને એમ નથી થતો. આ બધું હોય ત્યારે જ ચૈતન્યનો વિકાસ થાય. `જાગ્રત કરો.' સામાન્ય રીતે ચેતના તો હોય. દરેક માણસમાં ચેતના તો હોય. જીવ છે એનો અર્થ જ એવો કે ચૈતન્ય છે. ચૈતન્ય વિલસે છે પણ ચૈતન્ય વિકસે છે ખરું ? `જાગ્રત કરો.' આપણી કેટલી બધી શક્તિઓ સુષુપ્ત છે. દરેક બીજમાંથી એક ઝાડ થાય. પણ કેટલાંય બીજ, બીજ તરીકે કરમાયેલાં છે, દાઝેલાં છે, જાગ્રત નથી. આપણી કેટલી બધી સુષુપ્ત શક્તિઓ છે. કોઈને ખબર ન પડે, જ્યારે કામ કરે ત્યારે ખબર પડે, અરે ! આપણી પાસે આ શક્તિ હતી ! ખરેખર તો આપણે આપણને અન્યાય કરતા હોઈએ છીએ. આપણે આપણું અપમાન કરતા હોઈએ છીએ. મને ઘણા લોકો

એમ કહે છે, કે ના, આ તો મારાથી નહીં થાય, હું આ નહીં કરી શકું, તો હું કહું છું કે તમે તમારું અપમાન કરો છો. તમે કરી શકો. શું કામ ન કરી શકો ? જો એક માણસ કરી શકે તો તમે પણ કરી શકો. શક્તિ હોય છે તેને ઉદ્યત કરો. કામકાજમાં પ્રવૃત્ત કરવાની વાત છે. એને કાર્યમાં જોડવાની વાત છે. એ શક્તિ તો જાગી. જાગેલી શક્તિ હોય પણ કોઈ પ્રવૃત્તિ જ ન હોય તો ? કોઈ કાર્ય જ ન હોય તો ! કાર્યથી મોટું કોઈ કાવ્ય નથી. ગાંધીજીએ એ પોતાના જીવન દ્વારા બતાવી આપ્યું કે કાર્યથી મોટું કોઈ કાવ્ય નથી. ટાગોરે એમ કહ્યું કે કાવ્ય એ જ મારું કાર્ય છે અને અરવિંદે કર્મ અને યોગને જુદી રીતે આધ્યાત્મિક સ્તર પર મૂકી દીધાં. તો `જાગ્રત કરો, ઉદ્યત કરો' સરસ શબ્દ છે : `નિર્ભય કરો. મને

ભયમુક્ત કરો.' હું જાગું, મારી સૂતેલી શક્તિઓ જાગે, એ કશાકમાં પ્રવૃત્ત થાય. પણ દરેક માણસ કામ કરે ને તે જો ભયના ફફડાટથી કરે, તો એના કામમાં ભલી વાર આવે જ નહીં અથવા કામ કરેને તો એની સાથે એટલી બધી વસ્તુઓ સંડોવી દે કે આને શું લાગશે, તેને શું લાગશે ? `નિર્ભય કરો' મને ભયમુક્ત કરો, કારણ કે જો મારે સર્ટિફિકેટ પર જીવવાનું હોય, લોકોનાં અભિનંદન પર જીવવાનું હોય; એના પ્રશંસાપાત્રથી ચલાવવાનું હોય તો એનો કોઈ અર્થ નથી. હું કામ કરું છું, મારી શક્તિ છે તે જાગી છે. એ પ્રવૃત્ત છે. બસ, પછી ભયના ફફડાટથી કામ કરો તો પછી એ કામ પર ડાઘ રહેવાનો જ. એ કામમાં ભલીવાર રહેવાનો જ નહિ.

આ આખી પ્રાર્થના `અંતર મમ વિકસિત કરો. અંતરતર હે' ત્રણત્રણનાં આવર્તનો છે `નિર્મલ કરો. ઉજ્જ્વલ કરો, સુંદર કરો હે' આપણા જીવનમાં પણ આપણે ત્રણ ગુણોથી બંધાયેલા છીએ. સત્ત્વ, રજસ ને તમસ. પછી કહે છે `મંગલ કરો.' પ્રવૃત્તિ કરો. એટલું જ બસ નથી. એ મંગલમય હોવી જોઈએ. એ જાતનું નહીં પણ જગતનું કલ્યાણ કરનારી હોવી જોઈએ. કેવળ જાતનું કલ્યાણ તો બધા જ કરે છે. પશુઓ પણ કરે છે. એ ખાય છે, પીએ છે, ઊંઘે છે અને જલસા કરે છે પણ `મંગલ કરો; નિરલસ, નિ:સંશય કરો.' મોટા ભાગના લોકો પ્રમાદમાં જીવન ગાળે છે, પ્રમાદ એટલે આળસ અને પ્રમોદ એટલે આનંદ. પ્રમાદનું જીવન હોય ત્યાં બાહ્ય પ્રમોદ હોય. એટલે નિરલસ, આપણને બધાયને, મોટા ભાગના લોકોને એક

આળસનો અજગર વીટળાઈને પડ્યો છે. એણે ભરડો લીધો છે. `નિ:સંશય' કરો. કોઈ પણ કામ કરો તો એ કામ કરતાં પહેલાં દ્વિધા હોય છે, To be or not to be. એને માટેના સંશયો હોય પછી આ કરીશ તો આ થશે, આ કરીશ તો આમ નહીં થાય, એનો પણ ભય હોય. એનાં પણ ગણિતો હોય, એની પણ ગણતરીઓ હોય, એનાય તર્કો હોય, એનાય પ્રપંચો હોય. એવા બધા સંશયો, કરોળિયાનાં જાળાંઓ એટલે આટલા બધા સંશયથી માણસ કામ કરે, દ્વિધાથી માણસ કામ કરે. દ્વિધા હોય એટલે You are divided. Dividedનો અર્થ જ એ કે You are not united. એટલે તમે એકાગ્ર છો જ નહીં અને તમે એકાગ્ર ન હો તો એ કામનો કોઈ અર્થ નથી. એ વૈતરું છે, વેઠ છે, બોજો છે, ભાર છે, કંટાળો છે, થાક છે, પછી આ બધાં

એનાં પરિણામો છે. એકએક શબ્દ એમણે બહુ સમજણપૂર્વક વાપર્યા છે અને આટલું બધું કહ્યા પછી મારી દૃષ્ટિએ તો આખી ભગવદ્ગીતા એક પંક્તિમાં મૂકી દીધી છે. `યુક્ત કરો હે સબાર સંગે' મને બધા જોડે જોડો. `મુક્ત કરો હે બંધ'. મને જોડો ખરા, પણ એનાં બંધનથી મને છોડો. એક બાજુ જોડવાની વાત કરે છે એટલે બધાયની જોડે જોડાઉ ખરો, બધાં જ કર્મો જોડે, બધી જ વ્યક્તિઓ જોડે. બધે જ જ્યાંજ્યાં જોડાવાનું હોય ત્યાં ત્યાં બધા જ જોડે. એમાં કોઈ પસંદગી નહીં. કોઈ મારુંતારું નહીં. હું આની જોડે જોડાઉ, આની જોડે ન જોડાઉ એવો કોઈ ગમો-અણગમો નહીં, કોઈ ભેદભાવ નહીં, પણ એનાં જેટલાં બંધનો છે, કર્મોનાં બંધનો છે, એનાથી મને છોડાવો એટલે ફળત્યાગની વાત આવી ગઈ. આખી

ભગવદ્ગીતા છે. `સંચાર કરો સકલ કર્મે શાન્ત તોમાર છંદ'. આપણે કહીએ કે ભગવાન તું મને નિમિત્ત બનાવ. નિમિત્ત આપણને ભગવાન બનાવે એટલે આપણો અહમ્ નીકળી જાય. કર્મ હું કરું, સકળ કર્મ કરું પણ મારા કર્મની અંદર સંચાર કોનો ? હે ઈશ્વર, તારા છંદનો સંચાર. એટલે છંદ છે, લય છે, રિધમ છે, છંદનું રૂપ નિખરે છે એટલે આપોઆપ મારું કાર્ય છે; એમાં તમારા લય, તમારું સંગીત, તમારો છંદ આ બધું આવી જશે. અને તમારો છંદ કેવો ? ઘોઘાટિયો નહીં, શાન્ત. આવી એની ગતિવિધિ છે. તે અંદરથી અત્યંત સૂક્ષ્મ, અત્યંત ઝીણી અને પછી કહે છે આ બધાને અંતે, `ચરણપદ્મે મમ ચિત્ત નિસ્પંદિત કરો.' મારું ચિત્ત તમારા ચરણકમળમાં નિસ્પંદિત કરો. બીજાં કોઈ સ્પંદનો નહીં. તમારા

ચરણકમળ સિવાય કશું જ નહીં, એટલે કેવળ એકાગ્રતા, તલ્લીનતા. આમ જગત સાથે જોડાઉ, કર્મ કરું અને બધાં જ કર્મો હું તો તમારાં ચરણકમળ આગળ જ ધરીશ. `ચરણપદ્મે મમ ચિત્ત નિસ્પંદિત કરો હે.' એનું કોઈ હલનચલન ન હોય, વ્યાકુળતા ન હોય, એનું કોઈ ચાંચલ્ય ન હોય, એની તલ્લીનતા હોય અને પછી `નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો' આ એક જ શબ્દ `નંદિત કરો' એટલે આનંદિત કરો. આનંદની એક અવસ્થા છે. તમે જોજો કે આપણી ભાષામાં ક્યાંય આનંદનો વિરોધી શબ્દ જ નથી, કારણ બાકી બધાં જોડકાંઓથી સભર છે. સુખની સાથે દુ:ખ છે. રાગની સાથે દ્વેષ છે. પણ આનંદ એ અવસ્થા છે. ચિત્તની અવસ્થા છે. એ એક પ્રાપ્તિ છે. સંપ્રાપ્તિ છે. એ શુભ છે. એ એની પરાકાષ્ઠા છે. આઠ

પંક્તિનું આ કાવ્ય છે. ભગવદ્ગીતાના જેવું આપણું `વૈષ્ણવજન' દસ પંક્તિનું છે. આઠ પંક્તિની આ નાનકડી ભગવદ્ગીતા છે, કાવ્ય છે.

## રવીન્દ્રનાથ ટાગોર - પ્રાર્થના

ઢાળજો મારા શિરને પ્રભુ! ચરણધૂલિ તલે;
સકલ અહંકારને મારા ડૂબવો લોચનજલે!

નિજનો કરી આદર જૂઠો
　　　નિજનું હણું માન :
મારી ફરું પ્રદક્ષિણા

ગાઉ છું મારાં ગાન :
એમાં તો હું જીવતેજીવત મરતો પલેપલ;
સકલ અહંકારને મારા ડૂબવો લોચનજલે !
બણગાં નહીં ફૂંકવાં,
નહીં નિજનો કોલાહલ;
મૂંઝવે મારી આંખને કાળાં
ધુમ્મસનાં વાદળ.
જીવન મારું સાધન હો : તવ ઇચ્છા પૂર્ણ ફળે :
સકલ અહંકારને મારા ડૂબવો લોચનજલે!

હું યાચું તવ ચરમ શાન્તિ :

ઝંખે છે જીવ પરમ કાન્તિ.

વસજો તમે વ્હાલમ મારે હ્રદય-પદ્મ-દલે;

સકલ અહંકારને મારા ડૂબવો લોચનજલે !

આપણી અને ઈશ્વરની વચ્ચે જો કોઈ હોય તો તે આપણો અહંકાર છે. આ અહંકાર પર્વત જેટલો અવિચળ છે. આ અહંકાર આપણને પણ ખબર ન પડે એમ આપણી રગેરગમાં વ્યાપેલો છે. અહંકાર રાવણ છે. અહંકાર પાસે ફૂંફાડો પણ છે અને ઝેરી ડંખ પણ.

ટાગોરે રચેલી આ પ્રાર્થના છે. ઈશ્વર પાસે આપણે ભૌતિક સમૃદ્ધિ માગીએ છીએ, ત્યારે આપણા જેવા કોઈ ભિખારી નથી. ટાગોર અહીં એવું કશું માગતા નથી. એ

તો માગે છે કે હે પ્રભુ! તારી ચરણધૂળમાં મારું માથું ઢળે. અહંકાર પણ ત્યારે જ ઓગળે જ્યારે ઈશ્વરની કૃપા અને કરુણા હોય. આંખનાં આંસુ જો સાચાં હોય તો એ ઓગળેલા અહંકારનું રૂપ છે. ઓગળે છે પછી અહંકાર રહેતો નથી. હૃદયનું દ્રવવું એટલે અહંકારનું આથમવું.

આખા દિવસમાં, કહો કે આખા જીવનમાં આપણે આપણી જ વાતો કેટલી કરીએ છીએ! આપણે આપણાં જ બણગાં ફૂંકીએ છીએ. આપણે આપણી જ આરતી ઉતારીએ છીએ. આપણે આપણી જ પ્રદક્શિણાઓ ફરીએ છીએ. આપણે આપણાં જ ગીતો ગાઈએ છીએ. આમ કરીને આપણે આપણું અપમાન કરીએ છીએ. દુનિયામાં દેખીતી રીતે જીવતા હોઈએ છીએ પણ અંદરથી પળેપળે મરતા

હોઈએ છીએ. આપણા કોલાહલની અંદર જ આપણે ડૂબી મરીએ છીએ અને એટલે જ આપણને ઈશ્વરના ટહુકાઓ સંભળાતા નથી. આપણી આંખ સામે આપણા જ અહંનાં વિવિધ સ્વરૂપો જેવાં કાળાં ધુમ્મસી વાદળો છે. આપણી આંખને મોતિયો છે. આપણું જીવન એ ઈશ્વરનું સાધન બને એમાં જ ધન્ય છે. આપણે ટુકડેટુકડે જીવીએ છીએ. ટુકડેટુકડે મરીએ છીએ. કવિની પ્રાર્થના એ છે કે અહંને કારણે મારી બધી ઇચ્છાઓ અપૂર્ણ છે, કારણ કે મારી ઇચ્છા એ વાસના છે અને પૂર્ણતા પરમેશ્વર પાસે છે. પરમેશ્વરની પૂર્ણ ઇચ્છા ત્યારે ફળે જ્યારે મારું જીવન તારું સાધન થઈ જાય. મારું જીવન તારી સાધના થઈ જાય. સકલ અહંકાર ઓગળવો જોઈએ. અહંકાર ડૂબે તો શાન્તિ ઊગે. કોઈક અલૌકિક કાન્તિ

સર્જાય અને આ સંસારની વચ્ચે હૃદય પદ્મદલ જેવું હોય તો જ આપણો વહાલમ એમાં વસી શકે. શ્વાસે શ્વસી શકે.

## રાજે - ગોપીની વિનતિ

વારી જાઉ શ્રીવીઠલા, ઘેર આવોને,
હરિ હૈયાં ટાઢાં થાય, હસી બોલાવોને.

શેરી વળાવી સજ કરું, ઘેર આવોને,
હરિ ઉપર વેરાવું ફૂલ, હસી બોલાવોને.

કહ્યું કરોને કાનજી, ઘેર આવોને,
મારી વિનતિ માનો નાથ, હસી બોલાવોને.

વાટ જુએ છે વિનતા, ઘેર આવોને,
તમે વિલમ કરો છો કેમ, હસી બોલાવોને.

દયા કરી ડગલાં ભરો, ઘેર આવોને,
હું તો ભાવે ભામણાં લેઉ, હસી બોલાવોને.

રાજેના રસિયા નાથજી, ઘેર આવોને,
હું તો લાગું તારે પાય, હસી બોલાવોને.

રાજે આપણો મધ્યકાલીન કવિ. રમેશ જાનીએ મહાનિબંધના વિષય તરીકે રાજેને પસંદ કર્યો હતો. હરિવલ્લભ ભાયાણી અને હસુ યાજ્ઞિક હમણાં એક ઉત્તમ કામ કરી રહ્યા છે, જેના ફળરૂપે બે ઉત્તમ પુસ્તકો મળ્યાં : `હરિ વેણ વાય છે રે હો વનમાં' ને `ગોકુળમાં ટહુક્યા મોર.' આ પુસ્તકોમાં જે પદ પસંદગી પામ્યાં છે તે કોઈ હસ્તપ્રત દ્વારા નહીં પણ મૌખિક પરંપરા દ્વારા, અનેક વ્યક્તિઓને મળીને, એમને સાંભળીને એમણે પદસંચય કર્યા છે. કહી શકીએ કે આ સંગ્રહો મૌખિકપ્રત અને કર્ણપ્રતનું પરિણામ છે.

રાજેની ભાષા સીધી અને સાદી છે. ભક્તિમાં સચ્ચાઈનો રણકો છે. હૃદયની નરી આજીજી છે. શ્રી વિઠ્ઠલ ઘેર આવે તો આનંદનો કોઈ પાર ન રહે. એ વાતને `વારી

જાઉ' એવા ઉપાડ સાથે કહી છે. પણ ઈશ્વર ઘેર આવે એટલું જ પૂરતું નથી. આવે એટલું જ નહીં; હસીને બોલાવે. શાંત આનંદની ઝલક વ્યક્ત થઈ છે. આ પંક્તિમાં -- `હરિ હૈયાં ટાઢાં થાય.' ઈશ્વર આવવાના હોય એને માટેની પૂરતી સજ્જતા છે. `શેરી વળાવીને સજ કરી છે' એટલું જ નહીં પણ ફૂલો વેરવાની પણ તૈયારી છે. ઈશ્વરનાં પગલાં પડે એ માટે આપણા હૃદયની શેરી સાફસૂથરી હોય અને ભાવપુષ્પની બિછાત હોય પછી બાકી શું રહે! અહીં વિનંતી છે, લાડ છે, ઈશ્વર પ્રત્યેના અધિકારનો આગ્રહ છે, ખુલ્લી રીતે કહે છે કે મારું કહ્યું કરો, મારી વિનંતીને માનો. `નાથ'નું સંબોધન છે, આ સંબોધનમાં શરણાગતિ છે. અને `કહ્યું કરોને કાનજી' એમાં વહાલનો અધિકાર છે.

હવે વિલંબ સહન થતો નથી. રાહ જોવાની પણ હદ આવી ગઈ છે. રહી રહીને વિનંતી કરે છે કે હવે તમારું સ્થળ છોડીને મારી તરફ આવો, દયા કરીને ડગલાં ભરો અને તમે આવો એટલી જ વાર. હું તમારાં ભાવથી ઓવારણાં લઈશ અને તમારે ચરણે પડીશ. આ નાનકડા પદમાં એકીસાથે અધિકાર અને શરણાગતિ બંનેની વાત છે. આ સાથે રાજેનું બીજું કાવ્ય પણ માણવા જેવું છે. સામ્ય કશું નથી પણ પ્રેમનું પાગલપન શું છે એની વાત પદમાં છે :

મનનૂ કારણ કોઈ ન જાણે
          કુહુને કહીએ માંડી રે?
વાયલપણાની વાતલડી તે

હુએ હંમેશાં ગાંડી રે!     મનનૂ કારણ૦

ચતૂરપણૂ તેને ચંત ન આવે

જેહ્નને ભૂદર ભાવે રે

જે કહૂ કુહુનુ કાં ધરે નહી

તેને કુણ સમઝાવે રે!     મનનૂ કારણ૦

જાંહ્નાં લગન તાંહ્નાં લોક લવે બહુ

કાંન ન ધરવૂ કેહેનુ રે

રાજેના પ્રભૂ અંતરજાંમી

જાંહ્નાં મંન માંનૂ જેહેનૂ રે!     મનનૂ કારણ૦

## રાજેન્દ્ર શાહ - ખાટી રે આંબલીથી

ખાટી રે આંબલીથી કાયા મંજાણી-
એને તેજને કિનારે એણે આણી રે હે...જી હે...જી.

પાંપણની પાંદડીના ઓરા તે અંતરાયે
પેલી બાજુનું કે ન જોયું,
નિજની સંગાથ જેનું મન ઘેલું મોહ્યું
રે પરની પ્રીત્યું ના એણે જાણી રે હે...જી હે...જી.

પંડને પંપાળવામાં મોઘેરા ચીર કેરા
રંગ રે નિહાળ્યા ઓઘરાળા,

એને અંજાળવાને ઓછી છે તેજમાળા
ઓછાં છે જાહ્નવીનાં પાણી રે હે...જી હે...જી.

ખાટી રે આંબલીને ભીને તે સંગ, ઝાંખી
કાયાનો કાટ લીધો માંજી,
તેજને અંજન એવું રૂપ દીધું આંજી
રે ઝળહળ દુનિયા ઝિલાણી રે હે...જી હે...જી.

રોબર્ટ ફ્રોસ્ટે કવિતાની એક વ્યાખ્યા આપી છે કે poetry begins in delight and ends in wisdom. કવિતામાં ડિલાઇટનું તત્ત્વ કેવું હોય એને માટે `કેવડિયાનો

કાંટો અમને વનવગડામાં વાગ્યો રે' એવા રાજેન્દ્ર શાહનાં અનેક ગીતોમાંથી મળી શકે એમ છે. પણ રાજેન્દ્ર પાસેથી એવાં પણ કાવ્યો મળ્યાં છે કે જેમાં કહેવું પડે કે poetry begins in wisdom and ends in wisdom. જોકે રાજેન્દ્રમાં લયનું તત્ત્વ છે તે ડિલાઇટનું જ તત્ત્વ છે.

રાજેન્દ્ર, મકરન્દ અને વેણીભાઈ એવા કવિઓ છે કે જે પરંપરાનો સ્વીકાર કરતાંકરતાં ભજનિક પરંપરાને સાચવીને આધુનિક ભજનની ભાષા કવિતામાં યોજીપ્રયોજી શકે છે. જીવન હંમેશાં કડવામીઠા અનુભવોમાંથી પસાર થતું હોય છે. જ્યારે આપણે કડવામીઠા શબ્દ વાપરીએ છીએ ત્યારે એ શબ્દો સ્વાદનો સંકેત આપે છે. આપણે ત્યાં એવું પણ કહેવાય છે કે કોઈને અણગમતી વાત

કહીએ તો એનું મોઢું ખાટી છાશ જેવું થઈ ગયું. ખાટા અનુભવો જો માણસ એને યોગ્ય પરિપ્રેક્શ્યમાં લે તો ખાટી આંબલી જેવા છે. આ ખાટી આંબલી પાત્રને એની પાત્રતા પ્રમાણે અજવાળી આપે છે. આપણે વાસણને માંજવાનાં હોય ત્યારે આંબલીનો ઉપયોગ કરતા હોઈએ છીએ. જીવનની વરવી વાસ્તવિકતાઓ અને હકીકતોને આધારે રાજેન્દ્રે ભજનની આબોહવા બાંધી છે.

માણસ ભીતરથી કેવો છે એનો ખ્યાલ કોઈ ને કોઈ રીતે એની કાયા પરથી, એના ચહેરા પરથી કહો કે એના સમગ્ર વ્યક્તિત્વ પરથી આવે છે. ચહેરા પર કોઈ પાટિયાં નથી હોતાં. પણ વ્યભિચારીનો ચહેરો જેમ ચાડી ખાય છે તેમ સજ્જનનો

ચહેરો પણ શાંત છડી પોકારતો જ હોય છે -- જાણીએ છીએ કે કેટલાક ચહેરાઓ છેતરામણા હોય છે, તે છતાં પણ.

ખાટી આંબલીથી કાયા મંજાય છે અને એ મંજાયેલી કાયા પર તેજની ઝલમલ દેખાયા કરે છે, ડોકાયા કરે છે. એટલે સુધી કે જાણે કે કોઈ જીવનમાં તેજનો કિનારો મળ્યો હોય. એક વાર સત્ત્વનો સ્પર્શ થાય પછી તુચ્છતા ઓસરી જાય છે અને તુચ્છતા ઓસરી જાય પછી ભીતર કે બહાર નર્યું સત્ત્વ જ તરતું અને તરવરતું હોય છે. આ સત્ત્વને રોકે છે કોણ ? આ સત્ત્વના માર્ગમાં અંતરાય કોનો ? આ સત્ત્વ જ ખૂબ નજીક છે અને છતાંય ખૂબખૂબ દૂર છે. આપણે જ આપણા સત્ત્વની આડે આવતા હોઈએ છીએ. આ અંતરાય બહુ નજીકનો છે. આપણી

પાંપણની પાંદડી જ આપણી આડે આવે છે. કદાચ એ આપણો અહમ્ હોય. કદાચ આપણી વાસના કે અપેક્ષા હોય. આ બધાંને લીધે જ આપણે આ બાજુનું એટલું જોઈએ છીએ કે પેલી બાજુનું કશું દેખાતું નથી અને પેલી બાજુનો પરિચય ન હોય તો કાટ તો લાગતો જાય છે. એક વાર પેલી બાજુનું દર્શન થાય તો કાટ મંજાય. આપણે આપણા જ પ્રેમમાં પડેલા. આપણે આપણામાં જ ઘેલા અને આપણાથી જ ઘેલા. પોતાના પીજરામાં પુરાયેલાને દૂરનું આકાશ કદીયે દેખાતું નથી અને આમ પ્રીત નામના પદાર્થથી આપણે સાવ વંચિત રહીએ છીએ. આપણી આ વંચિતતા કાટનો જ પ્રકાર છે.

આપણે પંડને એટલું પંપાળીએ છીએ કે પંડ સિવાય પણ કોઈ મોઘેરું ચીર છે એની અવગણના કરીએ છીએ. એ ચીરના રંગો એટલા ખૂબસૂરત છે પણ પંડને કારણે એ ઓઘરાળા અને કાબરચીતરા લાગે છે. પંડનું પાત્ર જો આપણે વીછળી ન શકીએ તો કોઈ આરોઓવારો નથી. આ પાત્રને અજવાળવા માટે તેજ પણ ઓછું પડે અને ગંગાનું પાણી પણ ઓછું પડે. વાસણ માંજવાના ઘરગથ્થુ કામમાંથી કવિએ સાહજિક રીતે આંબલીની અને પાણીની ઇમેજ ઝડપી છે. કવિનું આ તો કામ હોય છે, જે સામાન્ય લાગતી સામગ્રી હોય તેને અસામાન્ય સંદર્ભમાં પ્રયોજે.

આપણે પંડને કયાકયા સ્તર પર પંપાળતા હોઈએ છીએ એનો ખ્યાલ પ્રિયકાન્તના એક ગીત પરથી આવશે :

હવે એ હાથ રહે ના હેમ.
મળ્યું સમયનું સોનું પરથમ વાવર્યું ફાવ્યું તેમ : હવે૦

બહુ દિન બેસી સિવડાવ્યા બસ કૈ નવરંગી વાઘા,
સાવ રેશમી ભાતભાતના, મહીં રૂપેરી ધાગા,
જેહ મળે તે દર્પણ જોવા વણલીઘેલો નેમ : મળ્યું૦

ભરબપ્પોરે ભોજનઘેને, નિતની એ રાતોમાં,
ઘણુંખરું એ એમ ગયું ને કશું કૈ તો વાતોમાં,

પડ્યું પ્રમાદે કથીર થયું તે જાગ્યોયે નહિ વ્હેમ! મળ્યું૦

કદી કોઈને કાજે નહિ મેં કટકોયે એ કાપ્યું,
અન્ય શું દેતાં થાય અમૂલખ મૂલ્ય નહિ મેં માપ્યું.
રતી સરીખું અવ રહ્યું એનો ઘાટ ઘડાશે કેમ? મળ્યું૦

કેવળ ખાટી આંબલી ચાલે નહીં, કેવળ પાણી પણ ચાલે નહીં, પાત્રને માંજવું હોય અને પાત્રતા પ્રાપ્ત કરવી હોય તો આ બંનેનો સંગ -- આ બંનેનો ભીનો સંગ હોવો જોઈએ, તો આ કાયા માયાવી દુનિયામાં મંજાઈ શકે. આ માંજેલી કાયા એટલે દુનિયાનો ઝગમગાટ કે ઝળહળાટ નહીં; નર્યું નરવું તેજ. આ તેજનો પુંજ

એવો હોય કે એ કોઈથી અંજાઈ તો જાય જ નહીં પણ પોતાના પ્રકાશમાં દુનિયાને ઝીલી લે. એક વખત આપણું ભીતર ભીજાયેલું હોય તો આપણે દુનિયાને ઝીલીશું ખરા પણ ઝાલશું નહીં. રાજેન્દ્રે જ એક કાવ્યમાં કહ્યું છે, `ઝિલાય તેમ ઝીલતો સૌ સૃષ્ટિ રંગ.'

## રામનારાયણ પાઠક `શેષ' - પરથમ પરણામ

પરથમ પરણામ મારા, માતાજીને કહેજો રે, માન્યું જેણે માટીને રતંન જી;
ભૂખ્યાં હૈં જમાડ્યા અમને, જાગી ઊઘાડ્યા, એવાં કાયાનાં કીધલાં જતન જી.

બીજા પરણામ મારા, પિતાજીને કહેજો રે, ઘરથી બતાવી જેણે શેરી જી;
બોલી બોલાવ્યા અમને, દોરી હલાવ્યા ચૌટે, ડુંગરે દેખાડી ઊચે દેરી જી.

ત્રીજા પરણામ મારા, ગુરુજીને કહેજો રે, જડ્યા કે ન જડિયા, તોયે સાચા જી;
એકનેય ક્હેજો એવા સૌનેય કહેજો, જે જે અગમનિગમની બોલ્યા વાચા જી.

ચોથા પરણામ મારા, ભેરુઓને કહેજો રે, જેની સાથે ખેલ્યા જગમાં ખેલ જી;
ખાલીમાં રંગ પૂર્યા, જંગમાં સાથ પૂર્યા; હસાવી ધોવરાવ્યા અમારા મેલ જી.

પાંચમા પરણામ મારા, વેરીડાને કહેજો રે, પાટુએ ઉઘાડ્યાં અંતરદ્વાર જી;
અજાણ્યા દેખાડ્યા અમને ઘેરા ઉલેચાવ્યા જેણે ઊડાઊડા આતમના અંધાર જી,

છઠ્ઠા પરણામ મારા, જીવનસાથીને કહેજો રે, સંસાર તાપે દીધી છાંય જી;
પરણામ વધારે પડે, પરણામ ઓછાયે પડે આતમની કહેજો એક સાંઈ જી.

સાતમા પરણામ, ઓલ્યા મહાત્માને કહેજો રે ઢોરના કીધાં જેણે મનેખ જી;
હરવાફરવાના જેણે મારગ ઉઘાડ્યા રૂડા હારોહાર મારી ઊડી મેખ જી.

છેલ્લા પરણામ અમારા, જગતને કહેજો જેણે લીધા વિના આલ્યું સરવસ જી;
આલ્યું ને આલશે, ને પાળ્યાં ને પાળશે, જ્યારે ફરી અહીં ઊતરશે અમારો હંસ જી.

રામનારાયણભાઈ ગાંધીયુગના ઘણા કવિઓના ગુરુ હતા, તે તેમની કાવ્યમીમાંસાના ગ્રંથો-લેખો વાંચનાર સુપેરે જાણે છે પણ પ્રથમતઃ પોતે ગાંધીયુગના અપ્રતિમ કવિ છે, ભલે જથ્થામાં થોડી, પણ મૂલ્યમાં અપ્રતિમ એવી એમની કાવ્ય-સમૃદ્ધિ છે. આ ગાંધીયુગથી રંગાયેલી કાવ્યપ્રતિભા કહીએ ત્યારે આપણી ચેતનામાં શું ઉપર ઊપસી આવે છે? વિશ્વસ્ત, સારમાણસાઈ અને આત્મખોજ. દરેક તુચ્છમાં તુચ્છ માણસમાં રહેલ સારમાણસાઈ. નિષ્ક્રિય નહિ, સક્રિય સારમાણસાઈ. પોતાની જાતને તપાસનારી સારમાણસાઈ.

મને એક વાર સદ્ગત ઠાકોરભાઈ દેસાઈએ ભારે માર્મિક રીતે કહેલું કે ગાંધીવિચાર સારમાણસાઈવાળા માણસોનું સંગઠન કરે તે ખરું નથી -- તેણે તો હરેકમાં રહેલ

સારમાણસાઈનું સંગઠન કરવાનું છે. સારમાણસોનું સંગઠન -- માણસમાત્રમાં રહેલ સારમાણસાઈનું સંગઠન, `વૈશાખનો બપોર'માં આવી સાર્વજનીન સારમાણસાઈનું દર્શન પેલા સરાણિયામાં કેવું અદ્ભુત રીતે થયું છે!

`રાણકદેવી'માં આ જ અવાજ ભારે સક્રિય રીતે પ્રગટ થાય છે. અને કેવું છે એમનું હાસ્યઆલેખન? `નટવરલાલજીનો ગરબો'માં દંશહીન અને છેવટે સહાનુભૂતિવાળી સમજ જન્માવે છે, પણ તેમના `પરથમ પરણામ'માં આ આસ્થા સહુથી પ્રબળ રીતે ઝગમગી ઊઠે છે. ગુજરાતમાં એ કોટીનાં જૂજ કાવ્યો જ છે.

કવિતામાં જાણે કોઈ માણસ મરવા પડ્યો છે -- છેલ્લા શ્વાસ ચાલે છે. પોતાનાં બધાં સ્વજન પ્રિયજનો તો દૂર જ છે -- મેળાપ તો થવાનો નથી. અને તેથી તો બધાંની છબી અને તેમાંથી પ્રગટતી અનુભૂતિ તીવ્ર સચ્ચાઈભરી છે.

પરથમ પરણામ મારા, માતાજીને કહેજો રે, માન્યું જેણે માટીને રતંન જી;
ભૂખ્યાં હેં જમાડ્યા અમને, જાગી ઊઘાડ્યા, એવાં કાયાનાં કીધલાં જતન જી.

એક પ્રલંબ સૂરે -- છેલ્લી વિદાયનો સૂર તો પ્રલંબ જ હોય ને!

જૂજ અસલી શબ્દોમાં માતાનો આવો ઋણસ્વીકાર અને મહિમા બંને સાથે જ કોણે ગાયો છે?

ટાઢ-તાપ-શરદીમાં શેર માંસનો લોચો એક ક્ષણભરમાં નિર્જીવ બની જાય -- એની કેવી સંભાળ લે છે -- `માન્યું જેણે માટીને રતંન જી.'

આ માટીના લોચાને રત્નની જેમ જાળવ્યો, એ છે માતૃમહિમાસ્તોત્ર, અને ઉપનિષદની આગ્યા મુજબ બાપ તો પછી જ આવે ને?

પણ બાપ જ એને જગતના ચોકમાં, જગતની આંટીઘૂંટીઓ સમજાવે છે :

બોલી બોલાવ્યા અમને, દોરી હલાવ્યા ચૌટે

બાપ કરી બતાવીને, શિક્ષણ આપે છે - અને છેવટે `ડુંગરે દેખાતી ઊચી દેરી જી.' `દીકરા જો પેલું ઊચું ચઢાણ અને એનીય પર ઊચેરી દેરી - ત્યાં આપણે જવાનું

છે.' વાહ, ધન્ય છે બાપ - જે માત્ર બજારમાં જ પોતાના દીકરાની કૃતકૃત્યતા જોતો નથી.

અને પછી ભાઈબંધો જેની જોડે રંગ અને જંગ બંને માણ્યા. પાઠકસાહેબની જાણે આ કાવ્યમાં પ્રતિગ્યા છે કે હું અસલી - લોકમાં ચલણી જ નહિ, પ્રતિષ્ઠા પામેલ શબ્દો અને પ્રતીકો વાપરીશ - અહીં નકલીને પ્રવેશ જ નથી. છતાં વિચારમાં વાસ્તવિક જગત પણ છે જ - એમાં છે દુશ્મનો - વિરોધીઓ જેના વિના ખરાપણાની ઝાંખી થતી નથી. આ આત્મખોજ તેમને દુશ્મનોની ખાનદાની જોતાં-ગાતાં મળે છે. મિત્રો તો આપણાં સારાં લક્ષણો બતાવે અને સાથે દૃઢાવે

છે. પણ આપણા દોષ આપણો મેલ-કચરો તેનું શું? એ ન જાય ત્યાં સુધી સારમાણસાઈ કેમ દેખાય? દુશ્મનોનો ભલે હેતુ જુદો હોય પણ,

પાટુએ ઉઘાડ્યાં અંતરદ્વાર જી;
અજાણ્યા દેખાડ્યા અમને ઘેરા ઉલેચાવ્યા જેણે
ઊડાઊડા આતમના અંધાર જી,

ઓડિટર આવવાના છે એ જાણે છે તે હિસાબનીશ ચોપડો સરખો કરી નાખે. આ દુશ્મનો આપણા ઓડિટર છે -- તેના વિના અંધાર ન ઉલેચાત. પ્રણામને પાત્ર પછી આવે છે પત્ની. સંસારના તાપમાં જેણે શીતળ છાંય આપી ધીરજ બંધાવી,

આ સંસારના યુદ્ધમાં. એને કેવી રીતે પ્રણામ કરશે -- તેમ આપણને થાય છે. માતાને પ્રણામ કરવામાં બધી શક્તિ ઠાલવી દીધી છે. શું કહેશે હવે પત્નીને પ્રણામ કહેવામાં? પણ કવિ તો કલ્પનાભંડારી, વાગ્ અર્થના ખજાનચી છે! કહે છે-

પરણામ વધારે પડે, પરણામ ઓછાયે પડે, આતમની કહેજો એક સાંઈ જી.

આપણે વાહવાહ કહી કવિને પ્રણામ કરવા મંડીએ. પછી કવિ આ કાળના સૌથી મોટા કર્મકવિ ગાંધીને પરણામ કહેવરાવે છે. એના વિના તો આ યુગ બધો ગ્રહણગ્રસિત.

સાતમા પરણામ, ઓલ્યા મહાત્માને, ક્હેજો રે, ઢોરનાં કીધાં જેણે મનેખ જી.

બીજાએ ગાયું - માટીમાંથી મરદાઈ પ્રગટાવી. મુર્દામાં પ્રાણ ફૂંક્યા. મુલક મુલકની વિસ્મયે આંખ ફાટી. પણ આ અગ્રણી કવિને મતે ગાંધીજીની સિદ્ધિ :

હરવાફરવાના જેણે, મારગ ઉઘાડ્યા રૂડા.

જીવનમાં બધાં ક્ષેત્રોનાં નિરર્થક આવરણો-બુરખા-નકાબપોશ તેમણે દૂર કર્યા. બધાને મુક્તિની હવા ચખાડી. પણ સાથે જ કહ્યું - `હારોહાર મારી ઊડી મેખ જી.' ગાંધીજી એટલે સંયમમૂર્તિ. સ્વચ્છંદ-સ્વૈરાચાર એમના અમલમાં ન હોય. એટલે કહી દીધું. આ મર્યાદામાં ફરજો - કોઈ રોક-ટોક નહિ - પણ મર્યાદા ન છાંડતા. અને છેલ્લે મંદિરના કળશની જેમ આખા સંસારની સારમાણસાઈને લળીલળીને

જુહાર કરે છે. આ સંસાર કુટિલ નથી. તે સારપથી ભર્યો છે -- ભાઈ! જોવાની નજર હોવી જોઈએ. નાનો-અબુધ-દુર્બળ હતો ત્યારે -- `લીધા વિના આલિયું સરવસ જી.' માણસના જીવાતુભૂત તત્ત્વમાં ઈશ્વર જેવી આસ્થા છે -- આપ્યું હતું અને હજુય આપશે. માત્ર આ જન્મે નહિ. આવતા જન્મે પણ.

આલ્યું ને આલશે, ને પાળ્યાં ને પાળશે, જ્યારે ફરી અહીં ઊતરશે અમારો હંસ જી.

આવી સારમાણસાઈથી ભરી પૃથ્વીમાં ફરી અવતરવાનું કેમ મન ન થાય?

મનુભાઈ પંચોળી `દર્શક'

# લોકગીત - જળ રે યમુનાનાં ઝીલતાં

જળ રે યમુનાનાં ઝીલતાં, સુણો શામળિયા !
મને મોતીડું લાગ્યું હાથ, નંદજીના નાનડિયા!

ગાડે કરીને મોતી આણિયું, સુણો શામળિયા!
માતા! પાડો મોતીડાના ભાગ, નંદજીના નાનડિયા!

એક મોતીમાં શું વહેચીએ? સુણો શામળિયા!
મોતી વાવ્યે ઘણેરાં થાય, નંદજીના નાનડિયા!

યમુનાને કાંઠે ક્યારો રોપિયો, સુણો શામળિયા!

માંહી વાવ્યો મોતીડાનો છોડ, નંદજીના નાનડિયા!

એક મોતીને બબ્બે પાંદડાં, સુણો શામળિયા!
મોતી ફાલ્યાં છે લચકાલોળ, નંદજીના નાનડિયા!

એક ડાળ્યને બીજી ડાળખી, સુણો શામળિયા!
વચલી ડાળ્યે મોતીડાંની લૂમ, નંદજીના નાનડિયા!

થાળ ભરીને મોતી વેડિયાં, સુણો શામળિયા!
માતા! પાડો મોતીડાંનો ભાગ, નંદજીના નાનડિયા!

કોઈને ચપટી, કોઈને ચાંગવું, સુણો શામળિયા!

રાણી રાધાજીને નવસર હાર, નંદજીના નાનડિયા!

ગુજરાત સાહિત્ય અકાદમીએ હમણાં એક સરસ ગ્રંથ પ્રગટ કર્યો છે, જેના મુખ્ય સંપાદક હરિવલ્લભ ભાયાણી છે અને સંપાદક હસુ યાજ્ઞિક છે. આ ગ્રંથનું નામ છે, `લોકગીતોમાં કૃષ્ણચરિત.' બાળપણથી માંડીને અનેક સ્તરની કૃષ્ણલીલાનાં લોકગીતોનો આ સંચય છે. કૃષ્ણ કવિઓનો તો પ્રિય વિષય રહ્યો જ છે, પણ જનસમાજે કૃષ્ણનું વ્યક્તિત્વ કઈ રીતે લયમાં ઝીલ્યું છે, એની અનેક છબીઓ આ લોકગીતના સંચયમાં પ્રગટ થાય છે. અહીં મનમીઠો કોયડો પણ છે અને ગમી જાય એવો ઉકેલ પણ છે. આ કોયડા અને ઉકેલની વચ્ચે જે પ્રગટ થાય છે, તે

કૃષ્ણપ્રીતિ. સંબોધન સીધું શામળિયાને છે. દરેક પંક્તિનો અર્થ ઝીલવાનો ન હોય, પણ એની આબોહવા માણવાની હોય. કૃષ્ણ પ્રત્યેનું વહાલ ગોપી બે વિવિધ સંબોધનોથી વ્યક્ત કરે છે; પ્રિય વ્યક્તિને તો જેટલાં નામ આપીને એટલાં ઓછાં. એક કાવ્યમાં આવે છે એમ `હરિ તારાં છે હજાર નામ, કયે નામે લખવી કંકોતરી.' જમનાનાં જળ ઝીલતાં એક મોતી જડી આવ્યું. ( આ મોતી કયું એ હોઠની છીપ ખોલીને બતાવવાની વસ્તુ નથી.) આ મોતીનાં માનપાન તો એટલાં કે એ જડ્યું પછી એને ગમે તેમ લવાય નહીં. એટલે તો `ગાડે કરીને મોતી આણિયું' એવી અતિશયોક્તિ કવિતામાં ગમે છે, કારણ કે વિકૃત કર્યા વિના એ લાગણીને એન્લાર્જ કરે છે. આ મોતીના ભાગ કેમ પાડવા? કદાચ જશોદા આગળ જ આવો

કપરો પ્રશ્ન મુકાયો છે. એક મોતી વહેચાય પણ કેવી રીતે? અહીં કવિની કલ્પનાશક્તિ છે. મોતી વાવો તો અઢળક મોતી ઊતરે. ભક્તિ પણ વાવવાની જ વાત છે ને? આ મોતીનો ક્યારો રોપ્યો ક્યાં? તો યમુનાને કાંઠે. અને પછી તો મોતીડાનો છોડ થયો, પાંદડેપાંદડે મોતી પ્રગટ્યાં, ડાળીએ ડાળીએ લૂમ લાગી ને દરેકને એના ભાગ્ય પ્રમાણે ને ભક્તિ પ્રમાણે, કોઈને ચપટી તો કોઈને ચાંગળું મોતી મળ્યાં. આમાં એક વ્યક્તિ અપવાદ રહી, એને કેવળ મોતી નહીં પણ `રાણી રાધાજીને નવસર હાર' મળ્યો. આ બધાંને જે કાંઈ મળ્યું તે, પણ આપણને તો આ લોકગીત દ્વારા નર્યું કાવ્ય મળ્યું.

આની સાથે આવા જ મિજાજનું બીજું લોકગીત પણ મૂકું છું :

તુલસીક્યારે તે મોતી વાવિયું, સુણો શામળિયા;
એનો ઝીણો ઝીણો ઊગ્યો રોપ, નંદજીના નાનડિયા.
કોઈ ડારે ને કોઈ પાંદડે, સુણો શામળિયા;
એની ત્રીજલી ડાળ્યે લૂમ, નંદજીના નાનડિયા.
થાળ ભરીને મોતી વીણિયાં, સુણો શામળિયા;
એને કોઈ ન દેજો હાથ, નંદજીના નાનડિયા.
મોટાં મોતીનો મુગટ ગૂંથ્યો, સુણો શામળિયા;
ઝીણાં મોતીનો ગૂંથ્યો હાર, નંદજીના નાનડિયા.
મુગટ પ્રભુજીને માથે શોયે, સુણો શામળિયા;
હાર રાધાજીની ડોક, નંદજીના નાનડિયા.

# લોકગીત - ગરવાને માથે

રૂખડ બાવા તું હળવો હળવો હાલ્ય જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો,
જેમ ઝળૂંબે મોરલી માથે નાગ જો,
ગરવાને માથે રૂખડિયો ઝળૂંબિયો.
જેમ ઝળૂંબે કૂવાને માથે કોસ જો,
ગરવાને માથે રૂખડિયો ઝળૂંબિયો.
જેમ ઝળૂંબે બેટાને માથે બાપ જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો.
જેમ ઝળૂંબે નરને માથે નાર જો,

ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો,
જેમ ઝળૂંબે ગોપીને માથે કાન જો,
ગરવાને માથે રૂખડિયો ઝળૂંબિયો.
જેમ ઝળૂંબે ધરતીને માથે આભ જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો.

કાઠિયાવાડમાં વેલા નામના એક કોળી સંત થઈ ગયા. બાર વરસ ઉપવાસી રહી તેમણે ગીરની પ્રદક્ષિણા કરી. લોકો એમને રૂખડબાવાને નામે ઓળખતા. રૂખડ બાવો એની બાર વરસની ધૂણી ચાલી ત્યાં સુધી ગીરની આસપાસ જ જોવા મળ્યો, એટલે સતત ગીર પર ઝળૂંબી રહેલા આ અલગારી સાધુને જોઈ - એની

ગતિ અને ભગવાનને પામવાની એની લગનને જોઈ કોઈ લોકકવિના કંઠમાં સ્ફુરેલો આ ઉદ્ગાર છે.

પહેલી પંક્તિમાં લોકકવિ સીધી રૂખડબાવા સાથે વાત કરે છે : `ભાઈ, જરા ધીરો ખમ, આ આટલી ઉતાવળે ક્યાં જઈ રહ્યો છ?' એમ કહે છે, પણ આ પ્રશ્ન પુછાય ત્યાં સુધીમાં તો રૂખડબાવો આગળ નીકળી ચૂક્યો છે -- અને ગીર પર ઝળૂંબી રહેલા એ અવધૂતને જોતાં લોકકવિના હૃદયમાં એક પછી એક ઉપમાઓ સૂઝતી જાય છે. ગિરનાર મોરલી છે - કોઈ અગમદેશના ગારુડીએ આ વિરાટ મોરલીની વાણી વહેતી મૂકી છે અને મોરલી પર નાગ ફણા માંડીને ઝળૂંબે એમ રૂખડબાવો ગિરનાર પર ઝળૂંબી રહ્યો છે. ગિરનાર જેવા પર્વતને મોરલીરૂપે કલ્પવો, એ કેવા

મોટા ગજાના કવિનું કામ હશે ! જેમ નદીકાંઠે ગાળેલા વીરડામાં તાજા પાણીની સરવાણીઓ ફૂટતી આવે એમ આ અવધૂત માટે એક પછી એક ઉપમાઓ લોકકવિના હ્રદયમાં સ્ફુરે છે, પણ આ ઉપમાઓની યાદી અર્થ વગરની નથી આવી. દરેક ઉપમા આગળની ઉપમા કરતાં અર્થને આગળ વધારે છે.

મોરલીને માથે ઝળૂંબતા નાગની સ્થિતિ એ સાધનાનો પ્રથમ તબક્કો છે - પછી તો ફૂવા માથે જેમ કોસ ઝળૂંબે એવી સ્થિતિ આવે છે : જેની સાધનામાં અવધૂત નીકળ્યો છે એમાંથી એ કંઈક પામે છે અને જે પામે છે એ બીજાઓને પહોચાડે છે - જેમ કોસ ફૂવાનું પાણી ખેતરોમાં વહેવડાવે છે એ રીતે. આ છતાં હજી ફૂવો અને કોસમાં એટલી આત્મીયતા નથી જેટલી પિતા અને પુત્રમાં હોય. પુત્ર

પારણામાં સૂતો હોય અને એના માથે બાપ હેતથી ઝળૂંબે એ તબક્કો આધ્યાત્મિક સાધનામાં તાદાત્મ્યની દિશામાંનું પહેલું સોપાન છે.

એ પછી લોકકવિ પુરુષને માથે ઝળૂંબીને ઊભેલી નારીની ઉપમા લાવે છે. પિતા અને પુત્ર વચ્ચેનો સંબંધ વાત્સલ્યનો છે -- પણ પુરુષ અને સ્ત્રીનો સંબંધ તાદાત્મ્યનો છે. શક્તિનો `ઈ'કાર ન હોય તો શિવ પણ શવ બની જાય. પરંતુ પુરુષ અને સ્ત્રીનો સામાન્ય સંબંધ ગોપી તથા કૃષ્ણના સંબંધથી ઘણો જુદો છે. ગોપીની તન્મયતા અને કૃષ્ણનો પ્રેમ અપાર છે. આમ એક પછી એક ઉપમાઓ દ્વારા લોકકવિ રૂખડબાવાની સાધનાના આગળ વધતા તબક્કાઓ વર્ણવે છે. અને

છેવટે કહે છે, જેમ ધરતીને માથે આકાશ ઝળૂંબે એ રીતે રૂખડબાવો ગીર પર ઝળંૂબી રહ્યો છે.

પાર્થિવ તત્ત્વ પર અપાર્થિવના વિજયની વાત કરવા માટે કોઈ પણ કવિ આથી વધારે સુંદર ઉપમા બીજી કઈ યોજી શકે?

હરીન્દ્ર દવે

## લોયણ - બ્રહ્મમાં ભળવું હોય તો...

જી રે લાખા! બ્રહ્મમાં ભળવું હોય તો હેત વધારો જી હો જી;
        અને મનના પ્રપંચને મેલો રે હાં!
જી રે લાખા! નૂરત-સૂરતથી ફરી લ્યો ને મેળા જી હો જી;
        અને ફળની ઇચ્છાને ત્યાગો રે હાં!
જી રે લાખા! તરણા બરોબર આ જગતની માયા છે હો જી;
        એને જાણજો મનથી જૂઠી રે હાં!
જી રે લાખા! કાળને ઝપાટે એ તો ઝડપાઈ જાશે જી હો જી;
        ત્યારે જીવડો તો જાશે ઊડી રે હાં!
જી રે લાખા! જાગીને જોશો તો તમને ઈશ્વર મળશે જી હો જી;

ત્યારે તો મનની ભ્રાંત ભાંગી પડશે રે હાં!

જી રે લાખા! સંકલ્પ-વિકલ્પની ગાંઠું બંધાણી જી હો જી;

એ તો ગુરુવચનથી ગળશે રે હાં!

જી રે લાખા! હાર ન પામો, તમે હિંમત રાખો જી હો જી;

અને ગુરુવચન રસ ચાખો રે હાં!

જી રે લાખા! શેલર્ષિની ચેલી સતી લોયણ બોલ્યાં જી હો જી;

તમે વચન સમજીને સુખ માણો રે હાં!

લોયણ લાખાને (એના વરને) ઉદ્દેશીને આ પદ ગાય છે. પરમેશ્વરે આપણને પિંડ તો આપ્યો પણ કેવળ પોતાના પિંડમાં પુરાઈ રહે એ તો નરપશુ કહેવાય. પિંડનો

બ્રહ્માંડ સાથેનો સંબંધ કઈ રીતે જોડવો! આમ દેખીતી રીતે એક સીધોસાદો સહેલો ઉપાય બતાવે છે પણ આ સીધોસાદો ઉપાય જો સહેલો હોત તો આ જગતની તાસીર અને તસવીર બદલાઈ ગઈ હોત. બ્રહ્મમાં ભળવા માટે હેત વધારવું જોઈએ. આ હેત નિ:સ્વાર્થ અને નિષ્કામ હોય. હેતુ વિનાનું હોય. આ સૃષ્ટિ આપણા પૂરતી જ સીમિત નથી. એ અસીમ છે. વ્યાપક છે. વિરાટ છે. એટલે તો ઉમાશંકરે કહ્યું :

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી

પશુ છે, પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ.

બ્રહ્માંડ સાથેનો સંબંધ એટલે વિશ્વદર્શન, વિશ્વગ્રહણ અને વિશ્વસ્પર્શન. જે પોતાના પિંડમાં બ્રહ્માંડને ધારણ કરે છે એ જ બ્રહ્માંડમાં ભળી શકે છે. દુનિયાને દેખાડવા માટે હેત વધારતા હોઈએ અને જગતકલ્યાણની ઉપરછલ્લી વાતો કરતા હોઈએ તો એ આપણો સપાટી પરનો સંબંધ છે. એમાં ઊંડાણ નથી. હેત વધારીએ એટલું જ પૂરતું નથી. પણ મનના પ્રપંચને આઘા ને અળગા કરી દેવા જોઈએ. એ શક્ય છે નૂરત-સૂરતથી. નૂરત-સૂરત એટલે ઉદાસીનતા અને તલ્લીનતા. સંસાર પ્રત્યે ઉદાસીનતા અને ઈશ્વરમાં તલ્લીનતા. તલ્લીન શબ્દ મહત્ત્વનો છે. ઈશ્વરમાં લીન થઈ જવું.

આટલું કર્યું એ પણ પૂરતું નથી. જે કંઈ કર્મ કરો તે નિષ્કામ કર્મ હોવું જોઈએ. એક પંક્તિમાં ભગવદ્ગીતાનો સાર મૂકી દીધો અને કહ્યું કે ફળની ઇચ્છાને ત્યાગો રે. આ જગતની માયા તણખલા જેવી છે. આપણે એમાં અટવાઈ અટવાઈને આવા તણખલા ઉપર તારલાઓ ચોડતા હોઈએ છીએ, પણ સત્ય તો બ્રહ્મ છે. એક વખત ખબર પડી જાય કે આ બધું જૂઠું છે તો પછી સત્ય શું છે અને એ સત્યનો સ્વાદ શું છે એની પરખ થાય. આપણા કવિ બાલમુકુન્દ દવેએ ગાયું છે કે :

જૂઠી ઝાકળની પિછોડી મનવાજી મારા, શીદ રે જાણીને તમે ઓઢી
જૂઠી ઝાકળની પિછોડી.

બધું જ નશ્વર છે. નાશવંત છે. કાળનો ઝપાટો કોઈને છોડતો નથી. સમય ઘડિયાળના કાંટામાં બંધાયેલો છે. કાળ આ ઘડિયાળની બહાર અખંડ અને અનંત છે. એ અનાદિ છે. તનના પીજરામાંથી જીવનું પંખી ક્યારે ઊડી જશે એ કહેવાય નહીં.

આપણે ભ્રમણાના જગતમાં જીવીએ છીએ. સમણાના જગતમાં જીવીએ છીએ. ઝાંઝવાં પર સેતુ બાંધીએ છીએ. આપણે જાણીએ છીએ પણ જાગ્રત નથી. કોઈક અફીણનો આપણને કેફ છે. જો અંદરથી જાગી જઈએ તો ઈશ્વર અવશ્ય મળે, પણ ચિત્ત-ભ્રમમાં પડ્યા તો ઈશ્વરશબ્દના છેતરામણા છાયા-પડછાયા જ મળશે.

આપણે એક પછી એક ગાંઠને બાંધીએ છીએ. ઉકેલી શકતા નથી. સંકલ્પ અને વિકલ્પમાં અટવાઈએ છીએ. આ બધી આપણી ગ્રંથિઓ છે. ગાંઠ તો બંધાઈ ગઈ છે. છોડવાની આપણી તાકાત નથી. આપણા જ અંધકારમાં આપણે અટવાયેલા છીએ. જો કોઈ ગુરુ મળે, ગુરુવાણી મળે તો અજવાળાની ઓળખ થાય. ગુરુના સત્સંગનો મહિમા છે. ગુરુની તલાશ એ સાચી તલાશ છે. કંઠ સાચા અર્થમાં તરસ્યો હોય એને જ જળ મળે છે. સહેલાઈથી ગુરુ પણ ન મળે. જે હિંમત ન રાખે અને હારી જાય એને માટે બધું જ અશક્ય છે. સંસારના તમામ રસ સુકાઈ જાય ત્યારે કરુણારૂપે ગુરુવચનરસ પ્રાપ્ત થાય છે. અંતે પૂરેપૂરી આર્દ્રતા અને નમ્રતાથી લોયણ કહે છે કે હું જે બોલું છું, ગાઉ છું એ માત્ર કાન સુધી પહોંચે

એનો અર્થ નથી. જે સુખ આપણે માણવાનું છે એ સમજીને માણવાનું છે. હૃદયની સમજણ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે.

## વલ્લભ ભટ્ટ - રંગતાળી

રંગતાળી, રંગતાળી; રંગમાં રંગતાળી,
માંહે અત્રીસ બત્રીસ જાળી રે, રંગમાં રંગતાળી.

માથે કનકનો ગરબો લીધો રે, રંગમાં રંગતાળી,
માંહે રતનનો દીવડો કીધો રે, રંગમાં રંગતાળી.

માની ઓઢણી કસૂંબા ચોળે રે, રંગમાં રંગતાળી,
મા કરે કંકુડાં ઘોળે રે, રંગમાં રંગતાળી.

માંહી નાના તે વિધની ભાત રે, રંગમાં રંગતાળી,
ભટ્ટ વલ્લભને જોયાની ખાંત રે, રંગમાં રંગતાળી.

વલ્લભ ભટ્ટ અને ગરબો એકમેકના પર્યાય છે. ગરબા સાથે ત્રણ વસ્તુ સંકળાયેલી છે : પગની ઠેક, તાળીઓનો તાલ અને માતાજીની ભક્તિ. સમૂહમાં ઘૂમતાંઘૂમતાં હૃદયનો ભાવ અને ભાવના અકળ રીતે ભક્તિમાં પલટાઈ જાય અને આપણી પાસે રહે કેવળ આનંદ. આ જ છે ગરબાનો મહિમા અને ફલશ્રુતિ.

બે હાથ ભેગા થાય અને તાળી પડે. એ તાળીની જોડે હૃદયનો કોઈક તાલ હોય છે. હૃદયનો ઉમંગ એ જ તાળીનો રંગ અને એટલે જ કવિએ તાળીને કોરી નથી રાખી, પણ રંગમાં ઝબોળી છે.

વાંસળીને પણ છિદ્ર અને `ગરબા'ને પણ છિદ્ર. વાંસળીના છિદ્રને કારણે સૂર અને ગરબાના છિદ્રને કારણે તેજ. આપણી કાયા પણ એક ગરબો જ છે. આ વિશ્વ પણ એક ગરબો જ છે. એ માટીનો છે, પણ મહિમા માટીનો નહિ, માટીમાંથી પ્રગટતા તેજનો છે. ગરબો હોય અને માતાજીનો ઉલ્લેખ ન હોય, એ બની કેમ શકે? માની ઓઢણી, કંકુ અને વિવિધ ભાત... કવિને આ ગરબો જોવાની જ હોશ છે.

સદીઓથી કેવળ વલ્લભ નહિ, આપણે બધાં જ આ ગરબો જોઈએ છીએ, કારણ કે ગરબો અનંત છે.

મકરન્દ દવે કહે છે એમ : `નવનો આંકડો મૂળ આંકમાં છેલ્લો છે, અને તેથી પૂર્ણ મનાય છે. નવદુર્ગા અને નવ નોરતાંના ઉત્સવ પાછળ પણ આધ્યાત્મિક રીતે સંપૂર્ણ જીવનનો આનંદ અભિપ્રેત છે. આ જીવન ભયાનક સંઘર્ષ અને આસુરી-શક્તિના વિનાશ પછી જ પ્રાપ્ત થાય છે એટલે એમાં નવજન્મનો પણ ઉત્સવ છે. આ જન્મ પછી કદી જીર્ણતા કે મૃત્યુનો સંભવ નથી. એ રીતે નવનો આંકડો સદા નિત્ય-નવ છે. નવને ગમે તેટલા આંકથી ગુણો પણ એનો છેલ્લો સરવાળો સદા નવ આવશે. નવ આ રીતે ગુણાકારમાં નિર્ગુણ રહે છે. એમાં વિકાર કે

વિચ્છેદ થતો નથી. આ એનું સમત્વ લક્ષણ છે. નવમાં બીજો કોઈ આંકડો ઉમેરો તો ઉમેરેલી રકમના આંકડાને તે બતાવી આપશે. આમ, એનો સરવાળો એની નિર્લેપતાનું લક્ષણ છે. દાખલા તરીકે, ગુણાકાર કરતાં 9x2=18=1+8=9 એ જ રીતે સરવાળો જોતાં 9+2=11=1+1=2. આમ, ગમે તેટલી રકમનો ગુણાકાર કે સરવાળો કરતાં પહેલામાં નવનો આંકડો અને બીજામાં ઉમેરેલી રકમનો જ આંકડો છેવટે કાયમ રહેશે. બીજો કોઈ આંકડો આ રીતે એક સરખો કે અવિકારી રહેતો નથી. પ્રાચીન ધર્મોના જ્યોતિષી પુરોહિતોએ અંકગણિત, ભૂમિતિ અને બીજગણિતનો આધ્યાત્મિક રૂપકો તરીકે પરો ઉપયોગ કર્યો છે. આપણા ભજન-સાહિત્યમાં પણ આવા આંક ફરકી જાય છે. એનું રહસ્ય જાણ્યા વિના આ આંકને અઠેગઠે આવેલા

કે અર્થવિહીન માની માંયલો મરમ ગુમાવી બેસવાનું જ આપણે ભાગે આવે છે.'

આમ, નવ એ મહેશ્વરનો, અમરત્વનો આંકડો છે તો આઠ માયાનો, મૃત્યુનો, હ્રાસનો આંકડો ગણાય છે.

જયા મહેતા

## વિવેકાનંદ - ભાંગી નાખીએ મૂર્તિ

આપણે બધાં બીજી બધીયે ભાંગી નાખીએ મૂર્તિ
મારો ભગવાન એવો છે કે એના હાથમાં સ્ફૂર્તિ.

આપણું શરીર એ એનું શરીર
આપણા પગ તે એના પગ
આપણી અંદર-બહાર વસે એ :
ચારે બાજુ એનું જગ
તમરાં, ભમરા, પતંગિયાં ને
એ જ આપણો પરમેશ્વર છે
નજીક જુઓ કે દૂરથી
મારો ભગવાન એવો છે
કે એના હાથમાં સ્ફૂર્તિ.

એ આપણો છે : આપણે એના :

બન્ને વચ્ચે ભેદ નથી
એ આપણો ભગવાન ભલો છે :
મંદિરમાં એ કેદ નથી
એને ભજવા માટે આપણી
ભક્તિ સદાયે ઝૂરતી
મારો ભગવાન એવો છે કે
એના હાથમાં સ્ફૂર્તિ.

જીવતો ભગવાન માણસ જેવો
પથ્થરને નહીં પૂજવાના
પડછાયાની સાથે આપણે

કહો, કેટલું ઝૂઝવાના?
આંખ સામે ભગવાન જોઈને
મને કવિતા સ્ફુરતી
મારો ભગવાન એવો છે કે
એના હાથમાં સ્ફૂર્તિ.

બહુ ઓછા લોકોને ખબર હશે કે સ્વામી વિવેકાનંદે કવિતા પણ લખી છે. એમના કાવ્યસંગ્રહનું નામ `ઈશ્વરની તલાશમાં' -- ઇન સર્ચ ઓફ ગોડ. એમણે કેટલાંક કાવ્યો બંગાળીમાં તેમ કેટલાંક સંસ્કૃતમાં લખ્યાં છે. આપણે તો મોટે ભાગે એમની વાત અંગ્રેજીને આધારે કરી શકીએ.

વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્ર. શ્રી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય. અમેરિકામાં વિશ્વધર્મ પરિષદમાં એમના પ્રવચનની વાહવાહ થઈ. પશ્ચિમના લોકો એમના પ્રવચનના પ્રારંભથી જ મુગ્ધ થઈ ગયા, એમણે ચીલાચાલુ -- Ladies and Gentlemen -- સન્નારી અને સજ્જનો એવું સંબોધન ન કર્યું. પણ Brothers and Sisters કરીને સંબોધ્યાં. અમેરિકન પ્રજાને એમના સંબોધનમાં અનોખી આત્મીયતા વરતાઈ. રામકૃષ્ણ પરમહંસ શાંતિકારક, વિવેકાનંદ ક્રાન્તિકારક. પ્રારંભમાં વિવેકાનંદ પશ્ચિમના તત્ત્વજ્ઞાનના રંગે રંગાયેલા. પરમહંસના પરિચયમાં આવીને આત્માભિમુખ અને આધ્યાત્મિક થયા.

ઈશ્વર જો સર્વવ્યાપક હોય તો અમુક જ સ્થળમાં કઈ રીતે કાયમ વસી શકે? એ તો સર્વત્ર છે અને પ્રત્યેક સ્થળમાં છે. જડમાં છે અને ચેતનમાં છે. એ સ્થિર છે અને ગતિશીલ છે. મંદિરના કેદખાનામાં જે પુરાઈને રહ્યો છે એ ઈશ્વર નહીં, પણ પથ્થર. ઈશ્વરની મૂર્તિ એ ઈશ્વરનો પડછાયો પણ નથી. ઈશ્વરની મૂર્તિ એ સમજણ વિના થયેલો તરજુમો છે.

વિવેકાનંદ માટે ઈશ્વર એ પલાંઠી વાળીને બેઠેલો જમીનદાર કે જાગીરદાર નથી. એ આપણી અંદર વસે છે અને આપણી બહાર પણ હોય છે. આપણા હાથ પાછળ એનો જ હાથ છે. આપણે હાથે જે કામ કરીએ છીએ એ કર્મમાં આપણો ઈશ્વર વસે છે અને શ્વસે છે. આપણે કહીએ છીએ કે આપણા પગે આપણે ચાલીએ છીએ, પણ

આપણા પગ અને એના પગ જુદા નથી. ઈશ્વર વૃક્ષની જેમ સ્થિર છે અને પવન અને સુગંધની જેમ ગતિશીલ છે. આપણું શરીર અને એનું જુદું નથી. ખુદ અને ખુદા જુદા નથી. ક્રાંતિકારી વિવેકાનંદ તો એમ કહે છે બધી મૂર્તિઓને ભાંગી નાખો. શિયાળાની ઠંડી રાતે બુદ્ધના એક શિષ્યએ બુદ્ધની લાકડાની મૂર્તિ બાળી નાખી હતી. જેથી એના તાપણામાં એની ઠંડી ઓછી થાય. એક પુસ્તકનું નામ એવું હતું કે બુદ્ધ જો તમને રસ્તામાં મળે તો તમે એને મારી નાખજો. તમારે તમારામાંથી બુદ્ધનું -- પ્રબુદ્ધનું સર્જન કરવાનું છે. ઈશ્વર વિરાટ છે અને વામન છે. એ પાપી અને શયતાન છે અને સંત પણ છે. આપણે જેવા છીએ એવો એ છે.

એ જંતુ પણ છે અને ઈશ્વર પણ છે. એને જોઈ શકાય છે. જાણી શકાય છે અને અનુભવી શકાય છે. નકરી વાસ્તવિકતા છે.

આ આખું જગત ઈશાવાસ્યમ્ છે. એને ભૂતકાળ નથી ભવિષ્ય નથી. જન્મ કે મરણ નથી. આપણે જ એનામાં વસતા હોઈએ છીએ. ઈશ્વર અને આપણે જુદા નથી. હાથથી કામ કરતો માણસ, શ્રમ કરતો માણસ - શ્રમજીવી ઈશ્વર છે. શ્રમને કારણે પરસેવાના ટીપામાં ગંગાજળનો અનુભવ થઈ શકે. આપણે બધા જ એનાં પ્રતિબિંબો છીએ અને જગત આ પ્રતિબિંબોથી સભર અને સમૃદ્ધ છે. એ કાશીમાં નથી કે કૈલાસમાં નથી. આપણા શરીરને મંદિર બનાવીએ તો આપણા આત્મામાં એ પરમાત્મા થઈ રહી શકે. આપણે મૂર્તિપૂજામાં ફસાયેલા છીએ. ક્રિયાકાંડમાં

અટવાયેલા છીએ. આપણે અસલને ભૂલી ગયા છીએ અને કલ્પિત પડછાયાના પ્રેમમાં છીએ. આપણે એની તલાશમાં અમથુંઅમથું દોડ્યા કરીએ છીએ અને પડછાયાને ભીસમાં લેવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણે ખોટું ઝૂઝીએ છીએ. ઈશ્વર તો આપણી આંખ સામે હાજરાહજૂર છે. આપણા હોવાપણામાં જ ઈશ્વરનું હોવાપણું છે. ઈશ્વરની પથ્થરની મૂર્તિને ભાંગી નાખો.

## વેણીભાઈ પુરોહિત - અમે

અમે રે સંસારિયાં ને અમે રે સંજોગિયાં,
અમને ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ :

ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ.
વેરને વલોણે મનખો માગે છે હથિયાર,
માગે કોઈની ઓથ, કોઈના ઝીલવા પ્રહાર,
અમને વ્હાલી રે તલવારું, અમને વ્હાલી લાગે ઢાલ :
અમને ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ :
અમે રે સંસારિયાં ને અમે રે સંજોગિયાં.
સતને મેદાને રમતા ગમે રે રણધીર,
લાભને દેનારું ગમતું ખોરું રે ખમીર.
વનના કેસરી વ્હાલા ને વનના વ્હાલા રે શૃગાલ :
અમને ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ :

અમે રે સંસારિયાં ને અમે રે સંજોગિયાં.
મનડામાં સામસામાં વાસના-વેરાગ,
તનડામાં સામસામાં તૃષ્ણા ને ત્યાગ,
રૂડા લાગે રે વાયરા, રૂડા લાગે રે મરાલ :
અમને ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ :

વેણીભાઈ કલમથી નથી લખતા, કાનથી લખે છે. લય અને સંગીતની એમને કોઠાસૂઝ છે. ગીત, ગઝલ, ભજન એમને સહજ છે. ભજનમાં લય પરંપરાનો પણ એમાં વાત આજની અથવા એમ પણ કહી શકીએ કે સનાતન કાળની, માણસમાત્ર વિરોધોથી ભરેલો છે. એ સંસારમાં છે એટલે સંજોગોનો દાસ પણ છે.

પણ કવિએ અહીં સંજોગિયાં શબ્દ બહુ સરસ રીતે પ્રયોજ્યો છે. સંસાર એટલે ભોગ. માણસ ભોગી પણ છે અને જોગી પણ છે. એને ગુલાલ પણ ગમે છે અને ગેરુડો પણ ગમે છે. એ રાગનો પણ છે અને વૈરાગનો પણ છે. વિરોધોની વચ્ચે જીવે છે. એમાં વેરઝેર પણ છે. એ લડવા પણ માગે છે અને એને કોઈની ઓથ પણ જોઈએ છે. તલવાર અને ઢાલ ક્યારેક વારાફરતી તો ક્યારેક એકસાથે પણ ઝંખે છે. ગમા-અણગમા, રાગ-દ્વેષ, સત-અસત, લોભ-થોભ, શુભ-અશુભ, સારું-નરસું આ બધું જ એનામાં છે. એ રણધીર પણ છે. એનામાં ખુમારીનું ખમીર છે. લાભ-લાલચને વશ થાય છે ત્યારે એનું ખમીર ખોરું પણ હોય છે. એ સિંહ જેવો શૂરવીર પણ છે અને શિયાળ જેવો લુચ્ચો પણ છે. ક્યારે સિંહનું પલ્લું નમે કે

શિયાળનું પલ્લું નમે એ કાંઈ કહેવાય નહીં. માણસ વિશે કશું અંતિમ કે અફર નથી. સામસામી વૃત્તિ અને પ્રવૃત્તિઓ છે. એક મ્યાનમાં અનેક તલવાર છે અને અનેક તલવારોની વચ્ચે દરમ્યાનમાં જીવી લેતો હોય છે. ઝૂઝી લેતો હોય છે. જીતી લેતો હોય છે. શરણે જતો હોય છે. એનાં તનમન પણ સામસામે છે. એની પાસે વાસના પણ છે, વૈરાગ્ય પણ છે. તૃષ્ણા પણ છે. ત્યાગ પણ છે. કાળો કાગડો પણ એને રૂડો લાગે છે. હંસ પણ રૂપાળો લાગે છે. માણસમાત્રમાં રહેલા અવરોધ વિનાના વિરોધની ગાથા આ આધુનિક ભજનમાં ઝિલાય છે.

## વેણીભાઈ પુરોહિત - અમલકટોરી

ભર મન ! બ્રહ્મપ્રેમનો પ્યાલો રે
મને હરિરસ વ્હાલો રે...

અંગૂર ને આંબાના રસને મનથી મૂકી દીધો,
સતવાયકનો લીલો લીમડો ઘૂંટીઘૂંટી પીધો :
મારગ સુરગંગાનો લીધો. -- ભર મન.

માયાનાં ધાવણ ધાવેલું મનડું મારું ઝેરી,
હૈયાનાં કંગાલ મનોરથ દીધા આજ વધેરી :
વાગી અનહદની રણભેરી. -- ભર મન.

કાળ તણું કરજુગલ બિચારું રગડે છો તન-માટી,
જીવનની લાખેણી ખલમાં બ્રહ્મભક્તિ મેં વાટી :
મારે ઊંચી આત્મ-સપાટી. -- ભર મન.

સંતન ! મેં સંજીવન પીધું, ગયો કાળ-ઘા ઠાલો,
`આખર'ની વૃન્દાવનકુંજે ગુંજત મુરલીવાલો :
ઊડે ચેતનરંગ ગુલાલો. -- ભર મન.

રગરગ બ્રહ્મભાવના ફોરી !
પીધી હરિરસ--અમલ કટોરી !

મકરંદ, વેણીભાઈ અને બાલમુકુંદની કવિતામાં ભજનની પણ એક લહેરખી વાય છે. પંડ-પ્રેમમાં આળોટતો માણસ ક્યારેક જાગે છે, પણ એ ત્યારે જ જાગે છે, જ્યારે એને બ્રહ્મપ્રેમની ઝાંખી થાય છે અને સંસારનો સબરસ નહીં, પણ હરિનો એકરસ વહાલો લાગે ત્યારે. મનને ઉદ્દેશીને આ કાવ્ય છે અને ઉદ્દેશવા જેવું અને ઉપદેશવા જેવું કોઈ હોય તો તે પોતાનું મન જ છે. બ્રહ્મપ્રેમનો પ્યાલો તો ભરાય, જો પ્યાલો ખાલી હોય. પણ પ્યાલો તો કાયમ ભરેલો જ હોય છે. એ પ્યાલામાં હોય છે અહમ્નો અગનરસ. આ અગ્નિ પોતાને અને બીજાને બાળે છે, પણ ભ્રમ એવો ઊભો કરે છે જાણે એ ચંદનનો લેપ કરતો હોય. એક વખત જો આ ભ્રમ ભાંગે તો પિંડ બ્રહ્મ સાથે, બ્રહ્માંડ સાથે જોડાય. ક્ષણ પૂરતી પણ હોય

તોયે આ ભ્રમનિરસનની અને સાક્ષાત્કારની ભૂમિકા છે. આપણી ઇન્દ્રિયો મનને ચાળે જ ચડતી હોય છે. મન અને ઇન્દ્રિયોનું સમૂહગાન એવું છે કે એમાં નિરાકારનો સ્વર તો ડૂબી જ જાય. કવિએ ઉપાડ પછી એક વાત કહી છે કે અંગૂર ને આંબાના રસને મનથી મૂકી દીધો. મહત્ત્વની વાત મનથી મૂકવાની છે. મહત્ત્વની વાત મનને બાજુએ મૂકવાની છે. અંગૂર ને આંબાના રસમાં તો ઇન્દ્રિયોનો અર્ક-જેને એસેન્સ કહેવાય છે, એ ભળેલો છે. એસેન્સને મહત્ત્વ આપશું તો એસેન્સિયલને ગુમાવશું. ઘૂંટીઘૂંટીને પીવા જેવી જો કોઈ ચીજ હોય તો તે સતવાયકનો લીલો લીમડો. અંગૂર ને આંબામાં મધુર સ્વાદ છે, લીમડામાં કડવો સ્વાદ છે. આ કડવાશને માણીને સ્વાદથી પર થવું એ મનુષ્યધર્મ છે. સુરગંગાનો

માર્ગ આમ તો દૂર છે, પણ નજીક પણ એટલો જ છે. આપણા એક લોકગીતમાં છે :

રામા, કાશીના લોકને પૂછિયું રે
અહીંથી ભાગીરથી કેટલે દૂર,
ધરમીને મન ઢૂંકડું
ને પાપીને પગલેથી દૂર,

આ સુરગંગાનો માર્ગ એક વાર લીધો તે લીધો. આ માર્ગે એક પગલું મૂકીએ તો જ ખ્યાલ આવે કે અત્યાર સુધીનો પ્રવાસ કેટલો નકામો હતો. મન ઝેરી છે,

કારણ કે એણે માયાનું ધાવણ ધાવ્યું છે. આપણા કામ-ક્રોધ-લોભ-મદ-મોહ આ બધા જ પૂતનાનાં ઢાંકેલાં સ્તન છે. મોટા લાગતા આપણા મનોરથો નર્યા કંગાળ હોય છે. જે એક વાર અનહદની રણભેરી સાંભળે તે આ મનોરથને વધેર્યા વિના રહે નહીં. વેણીભાઈની કવિતાનો મિજાજ જુદો હોય છે. બીજો કોઈ કવિ હોત તો અહીં `અનહદની વાંસળી' મૂકી દેત. પણ આ ધર્મયુદ્ધ છે, એટલે જ ભેરી.

કાળને સીમા છે અને જેને સીમા છે એને સમય કહીએ છીએ. આગળ અનહદની વાત આવી છે. જે ત્રણેય કાળથી પર તે અનહદ. હદમાં હોય તે બિચારાં. કાળનું કરજુગલ ભલે તન-માટીને રગડ્યા કરે, પણ શરીર છે છતાંયે શરીર નથી અને જે વિ-દેહી થઈને જીવે તે તરી જાય. જીવનના લાખેણા ખલમાં બ્રહ્મભક્તિને

વાટી છે. જીવનનો આ ખલ બ્રહ્મભક્તિને કારણે જ લાખેણો છે. પછીની એક પંક્તિ કેવળ પ્રાસ માટે નથી લખાઈ. કહ્યું : `મારે ઊચી આત્મસપાટી.' અત્યાર સુધી સપાટી પર શરીર હતું, હવે એ શરીરથી ઉપર આત્મસપાટી પ્રાધાન્ય ભોગવે છે.

આ બ્રહ્મરસ એ સંજીવન છે. હવે કાળ કશું નહીં કરી શકે. હવે એનો ઘા કે ઘસરકો નહીં લાગે. વેણીભાઈ શબ્દોને કાવ્યના ભાવ પ્રમાણે પ્રયોજે છે : સંત નહીં પણ સંતન. વ્હાલો લાગે એવો શબ્દ છે. વેણીભાઈનો કાન શબ્દસંગીતની બાબતમાં એટલો કેળવાયેલો છે કે એની આંતરલીલા ચાલ્યા જ કરે. ``સંતન ! મેં સંજીવન પીધું--" આવા મ્યુઝિકલ ફ્રેઈઝીસ એમને સહજ છે. એક વાર

સંજીવન પીધું હોય પછી આખરની વૃંદાવન કુંજમાં જે ગુંજે છે તે મુરલીવાળો. અહીં ભેરી ગઈ અને વાંસળી આવી. સ્થૂળ વસંત ગઈ અને ચૈતન્યની વસંત આવી.

હવે જે ઊડે છે તે ચૈતન્યના ગુલાલ. હવે જે રગેરગમાં ફોરે છે તે બ્રહ્મભાવના. કહેવું છે કે બ્રહ્મભાવ ફોર્યો. પણ અહીં કહેવાયું છે `બ્રહ્મભાવના' ફોરી. એક-રીતે સાચું જ કહેવાયું છે. સંસારની અનેક ક્ષણોની વચ્ચે કવિને આ ક્ષણ મળી, અને તે પણ ક્ષણ પૂરતી જ. સંત કવિ હોત તો બ્રહ્મભાવ હોત. પણ સંસારી કવિ છે એટલે અહીં `ભાવના' શબ્દ બરાબર બેસે છે. એક ક્ષણ પણ અમલકટોરી પીવાઈ, એની સાર્થકતા. પણ ક્ષણ પછી તો આ પ્યાલો ખાલી થવાનો છે. પછી  કોણ

જાણે એમાં શું ભરાશે. એટલે જ કાવ્યના ઉપાડની પંક્તિમાં મનને ફરીફરીને કહેવાનું છે :

ભર મન ! બ્રહ્મપ્રેમનો પ્યાલો રે, મને હરિરસ વ્હાલો રે.

## વેણીભાઈ પુરોહિત - સાંવરિયા

સાંવરિયા, કાહે હોત નઠોર?
ઠાકુર, મૈ હૂમરી હૂં તેરી
કજરી હૂં ચિતચોર. . . સાંવરિયા, કાહે હોત નઠોર?

સાવન કી બેચૈન બદરિયાં

બરસત ભોલીભાલી :

ગોકુલ કી મૈ કોરી ગ્વાલિન

ભીતર આંખ ભિગા લી :

કરજવા મોર : કરજવા તોર... સાંવરિયા, કાહે હોત નઠોર?

નંદકુંવર, મૈ જમુના ભઈ ના

ભઈ ના મધુરી બંસી :

દહી-મક્ખન કી મિઠાસ લે કર

કહાં છિપે યદુવંશી?

ઇત ઉત ઢૂંઢત નૈન-ચકોર... સાંવરિયા, કાહે હોત નઠોર?

આપ હી દાવ લગા કર બૈઠી,
જિયરા ભયા જુઆરી :
લગન અગન મેં લેત હિચકિયાં
ગિરધારી...! ગિરધારી...!
બિલખતી રતિયા : ભટકત ભોર... સાંવરિયા, કાહે હોત નઠોર?

વેણીભાઈની કવિતા એટલે `મ્યુઝિકલ ફેઝ' અને `મ્યુઝિકલ ફેઇઝ'. સંગીત એમના શબ્દોની નસેનસમાં છે. વેણીભાઈ પ્રયોગશીલ છે પણ પ્રયોગખોર નથી. આધુનિકો પ્રયોગખોરની જેટલી નોધ લે છે એટલી પ્રયોગશીલની લેતા નથી. વેણીભાઈનાં કેટલાંક ગીતો એવાં છે કે જેમાં કલા અને કસબનું સાયુજ્ય, સહયોગ

અને સહવાસ છે. કેટલાંક ગીતો એવી પ્રતીતિ આપે છે કે કવિએ આ ગીત લખ્યું નથી પણ ઊલટથી ગળામાં જે આવ્યું તે ગાઈ નાખ્યું છે. વિષય જૂનો છે એમ નહીં કહું, પણ સનાતન છે. રાધા-કૃષ્ણ નિમિત્ત છે અને નથી. વિષય માણસ જેટલો સનાતન છે. પ્રેમનો વિષય કદીયે જૂનો થતો નથી. અભિવ્યક્તિ વ્રજભાષાની છટાની છે. વેણીભાઈની કવિતા પર આમ પણ વૈષ્ણવ સંપ્રદાય અને હવેલી સંગીતની ઝાંય છે. કૃષ્ણને નઠોર કહે છે. ખરેખર એ નઠોર હોય પણ છે અને નથી પણ હોતો. નઠોર હોય કે ન હોય, આ તો લાડ કરવાની એક રીત છે. રાધાકૃષ્ણને નિમિત્તે કેટલાય કવિઓએ લાગણીઓનું લાલનપાલન, જતન કર્યું છે. વેણીભાઈનો કાન એ કેવળ કવિનો નહીં પણ સંગીતકારનો કાન હતો.

ઈશ્વર પ્રત્યેની શરણાગતિની વાતને એમણે સંગીતની પરિભાષામાં ભાર વિના અને ભાવ સાથે ઢાળી દીધી છે. ઠાકોરની ઠૂમરી અને કજરી થવામાં જે આનંદ છે એ શબ્દમાં ન વર્ણવી શકાય. આમ પણ ઠૂમરી સાથે પ્રેમના ભાવ સહજપણે સંકળાયેલા છે. ઠૂમરી અને કજરી એ જાણે વિલંબિત-દ્રુતની સંવાદી કેડી છે. આમ પણ પ્રણયમાં મિલન વખતે સમય દ્રુત ગતિએ જતો હોય છે અને વિરહની અવસ્થામાં વિલંબિત લય હોય છે. ગોપીની બેચેની કવિએ સાંકેતિક રીતે બદરિયાંને સોપી દીધી છે. અને ગોપીનું ભોળપણ પણ એને જ સોપ્યું છે. આમ તો બદરિયાં બરસે છે પણ પ્રિયતમ વિનાની બદરિયાં બાહ્ય અનુભવને

કોરોધાકોર રાખે છે. પણ ભીતરની આંખ ભીની છે. ભીતરની બેચેન બદરિયાં બરસતી હોય એનો ખ્યાલ પોતા સિવાય કોને આવે!

કૃષ્ણ સાથેનો સંબંધ એ વિરલ સંબંધ છે. ગોપી ન નંદકુંવરની જમુના થઈ કે ન થઈ શકી બંસી. એનો સંબંધ તો એમણે સ્પષ્ટ કર્યો છે ઠૂમરી અને કજરીરૂપે. કવિએ કૃષ્ણ માટે યદુવંશી શબ્દ વાપર્યો છે, ગોપીવંશી થવાને બદલે યદુઓનો થઈ બેઠો અને દૂર જઈ બેઠો. દહીં-માખણની મીઠાશ લઈને ચાલી ગયો. એ ક્યાંક ને ક્યાંક તો હોવો જ જોઈએ પણ છુપાઈ ગયો છે, અને એટલે જ આસપાસ બાવરી આંખ એને શોધ્યા કરે છે.

કૃષ્ણ સાથેની આ રમત, આ મમત, આ જુગાર એ તો ચાલશે જ. એને કારણ જીવ જ જુગારી થઈ બેઠો છે. અને કૃષ્ણલગનની અગન એવી છે કે રહીરહીને એક જ શબ્દ જીવ પર કે જીભ પર આવે છે. અને તે શબ્દ છે ગિરધારી. ગોપીની બેચેની એવી તો આકરી છે કે જાણે કૃષ્ણ નામની લગન લાગી છે. ગિરધારી... ગિરધારીના નામની હેડકી ગોપીને આવે છે. કૃષ્ણ વિના રાત વલખે છે અને સવાર ભટકે છે. અહીં લયમાં માધુર્ય અને લાલિત્યનો સાક્ષાત્કાર થાય છે અને વેણીભાઈની આ મોટામાં મોટી સિદ્ધિ છે.

# વેણીભાઈ પુરોહિત - હેલી

હરિકીર્તનની હેલી રે મનવા ! હરિકીર્તનની હેલી.

ધ્યાનભજનની અરસપરસમાં જાગી તાલાવેલી,
ધામધૂમ નર્તન-અર્ચનની સતત ધૂન મચેલી... રે મનવા!

મારા જીવનના ઉપવનમાં વિધવિધ પુષ્પિત વેલી,
મારે મન તો હરિ છે ચંપો, હરિનું નામ ચમેલી... રે મનવા!

નયણાંમાંથી અગણિત ધારા નભમાં જઈ વરસેલી,
કેવી અકલ અલૌકિક લીલા ! કોઈએ નથી ઉકેલી... રે મનવા !

પ્રાચીન-મધ્યકાલીન કવિઓ પછી જે નવા કવિઓએ ભજનો લખ્યાં છે તેનો અલાયદો સંગ્રહ કોઈએ કરવો જોઈએ. વેણીભાઈની ભીતર એક ભજનિક બેઠો છે. ભજનમાં વાણીની સરળતા અને ભાવની પારદર્શકતા જોઈએ. જો ભાવમાં સચ્ચાઈ હોય તો વાણી આપમેળે સરળ થતી આવે. એને કોઈ ઠાઠઠઠારામાં રસ ન પડે. એ સાધ્વી જેવી સાદી અને પવિત્ર હોય.

બહારની દુનિયાથી જેટલા અળગા થઈએ એટલા આપણે આપણામાં વસેલા ઈશ્વરની નજીક પહોચી શકીએ. અન્યની કે આપણી સ્તુતિ-નિંદાથી પર થઈને કીર્તન તો કિરતારનું જ કરવાનું. દુનિયાની ભીતર એક દુનિયા છે. સ્ટીફન સ્પેન્ડરે પોતાની આત્મકથાનું નામ આપ્યું છે `વર્લ્ડ વિધિન વર્લ્ડ'. ભજનિકની

સૃષ્ટિમાં તાલાવેલી છે, પણ બહારનો કોઈ તાપ નથી. ક્યાંય કોઈ સંતાપ નથી. હરિના હેતાળ જળની શાતા છે. વેણીભાઈ વાણીની વિશિષ્ટતાના કવિ છે. કેવી સીધી-સરળ, સહજ, વાંચતાની સાથે સ્પર્શી જાય એવી પંક્તિ : મારે મન તો હરિ છે ચંપો, હરિનું નામ ચમેલી.

પરમેશ્વર સ્વયં પુષ્પ છે આપણા જીવનના ઉપવનમાં. ચંપો અને ચમેલીનું અદ્વૈત પણ સૂચક છે. વરસવાનું તો આકાશે હોય, પણ આ કાવ્યમાં કહ્યું છે કે મારી નયનધારા નભમાં જઈને વરસે છે. `ઊર્ધ્વમૂલ' જેવી આધ્યાત્મિક અનુભૂતિની વાતનો તાર અહીં છેડાયો છે. આપણે જ આપણા સ્વજન થઈએ તો ભજનની વાણી પ્રકટે.

## શાહ હુસેન ૦ અનુ. હરીન્દ્ર દવે - ચરખો

ચરખો ચાલે ને મારાં નયણાં ઝરે.
પાસેનું ધુમ્મસ થઈ ધૂંધળું દેખાય,
ઓલી આઘેની સૂની વાટ લોચન ઠરે.

ચરખાનો તાર વારે વારે તૂટે છે,
મારે નયણે અખંડ વહે ધાર,
ચરખે આવે છે જાડું-પાતળું સૂતર,
મારાં આંસુનો એકધારો તાર.

આજકાલ આવવાનો વાયદો વહાલાનો,

હવે વીતી ગઈ આખી બારમાસી,
આંગણાથી સીમ સુધી લંબાતી વાટે
મારો પથરાયો જીવ આ ઉદાસી.

કોટડીમાં એક તો દીવો નથી ને
વળી પ્રીતમ પણ ઢૂંકડો ન ક્યાંય,
મોતની હવા આ ધીરે ધીરે સમેટે
મારા જીવનની રહીસહી ઝાંય.

કવિતાનો અનુવાદ કરવો એ સહેલી વાત નથી. આપણા સિદ્ધહસ્ત કવિ હરીન્દ્ર દવેએ આ અનુવાદ કર્યો છે. આ લયબદ્ધ અનુવાદ છે. જો કોરા ગદ્યમાં વાતને

મૂકીએ તો એ કામ, કોઈકે કહ્યું છે એમ, મોનાલીસાને મૂછ ઉગાડવા જેવું લાગે. શાહ હુસેન પંજાબી કવિ છે. કવિતાને ક્ષેત્રે ગુરુ નાનક પછીનું એ મહત્ત્વનું નામ છે. આ વિજોગણનું ગીત છે. આ વિજોગ એ પરમેશ્વરનો છે. પ્રતીક્ષામાં બેઠેલી સ્ત્રી ચરખો ચલાવે છે. આ એક સ્થૂળ ક્રિયા લાગે છે, પણ હકીકતમાં એ સ્થૂળ ક્રિયા નથી.

પ્રિય વ્યક્તિ -- એ પરમેશ્વર હોય તોપણ એની રાહ જોવામાં સમય પસાર થતો નથી. એટલે જીવને કામમાં પરોવે છે. વિરહમાં કંતાઈ ગયેલી સ્ત્રી ચરખો ચલાવીને જાણે કે પોતાનો વિરહ કાંતે છે. ચરખો ચરખાનું કામ કરે છે, હાથ હાથનું કામ કરે છે, આંખ આંખનું કામ કરે છે. આંખમાંથી આંસુ ઝર્યાં કરે છે.

ધુમ્મસથી બધું ધૂંધળું દેખાય છે. પાસેનું પરખાતું નથી ને આઘેનું ઓળખાતું નથી. ઝરતી આંખ તો મીટ માંડીને બેઠી છે આઘેની વાટ પર. વહાલમ આવે ત્યારની વાત. જીવ દૂરની વાટ પર ઠર્યો છે. ચરખો ચલાવવામાં જીવને ગમ પડતી નથી. એટલે જ વારે વારે તાર તૂટે છે.

આ તાર તો તૂટે છે, પણ આંખોની ધાર તો અખંડ વહે છે. ચરખામાંથી આવતું સૂતર તો જાડું-પાતળું પણ થાય છે. પણ આંસુનો તાર એવો ને એવો એકધારો. રાહ જોવામાં વર્ષો વહી ગયાં. કોઈ અગમ ક્ષણે વહાલાએ આવવાનો વાયદો આપ્યો હશે, પણ એ વાયદો પૂરો નથી થયો. સંભવામિ યુગે યુગેનું વચન તો વર્ષોથી પ્રજા પાસે છે. નજર તો આંગણાથી સીમ સુધી પહોચે છે. પછી વિરહ તો

અસીમ છે. પ્રિયતમ પ્રભુ વિના હૃદયમાં ઉદાસી સિવાય કંઈ નથી. દિવસ અને રાત આમ જ રહે છે. રાહ જોવામાં સાંજ પણ પડી ગઈ અને રાત તો આવીને ઊભી રહી. ક્યાંય દીવો નથી, ક્યાંય અજવાળું નથી, ક્યાંય અજવાળાનાં એધાણ નથી. એક તો રાત. એમાં કાળું ઘોર અંધારું. એમાં પાછો પ્રીતમ પણ નથી. વિરહની રાત ભક્તને મરણતોલ કરી મૂકે છે. હવે તો મોતની હવા આવે અને જીવનની જે રહીસહી ઝાંય છે એને સમેટે તો જ જીવનું શિવ સાથે મિલન થાય.

હરીન્દ્રના અનુવાદની ખૂબી એ છે કે અનુવાદ જેવો લાગતો નથી. એમાં ગુજરાતી ભાષાનો લય અને સ્વાદ પણ માણી શકાય. કેટલાક વિવેચકો માને છે કે અનુવાદ અનુવાદ જેવો લાગવો જોઈએ. હું માનું છું કે અનુવાદ અનુવાદ જેવો

ન લાગવો જોઈએ. ભાષા આપણી હોય, પણ મૂળ કવિતાનો ચહેરો ભૂંસાવો ન જોઈએ. અહીં અનુવાદક હરીન્દ્ર દવે આવો કંઈક કીમિયો કરી શક્યા છે.

## શ્રીમદ્ રાજચન્દ્ર - આત્મસિદ્ધિ

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુ:ખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.

વર્તમાન આ કાળમાં મોક્ષ માર્ગ બહુ લોપ,
વિચારવા આત્માદિને, ભાખ્યો અત્ર અગોપ્ય.

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઈ,
જ્ઞાનમાર્ગ નિષેધતા તેહ ક્રિયાજડ આઈ.

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી,
વર્તે મોહાવેશમાં શુષ્ક જ્ઞાની તે આંહી.

વૈરાગ્યાદિ સફળ તો જો સહ આત્મજ્ઞાન,
તેમ જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ તણા નિદાન.

ત્યાગ વિરાગ ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં તો ભૂલે નિજ ભાન.

અખા પછી જ્ઞાનની કવિતા રચનારા કવિઓમાં શ્રીમદ્ રાજચન્દ્રનું સ્થાન છે અને આપણે અહીં તેમના `આત્મસિદ્ધિશાસ્ત્ર'માં પ્રવેશ કરાવતી પ્રથમ સાત ગાથાઓ દ્વારા જ સરળતા કેવા ગહન અર્થનું વહન કરી શકે છે તેનો પરિચય પ્રાપ્ત કરી શકીએ છીએ. એકેએક ગાથા, એકએક ગ્રંથનો ભાર સહન કરી શકે એવી સભર છે. પ્રથમ ગાથામાં સ્વરૂપજ્ઞાનની વાત છે. આ સ્વરૂપનું જ્ઞાન ગુરુ વિના કદી થતું નથી. જે ગુરુને પામતો નથી એની જિંદગીનો ધ્રુવકાંટો લોકસંગ્યા હોય છે. અને શ્રીમદ્ અન્યત્ર કહે છે : `લોકસંગ્યા જેની જિંદગીનો ધ્રુવકાંટો હોય તે જિંદગી

ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ-પરિવારાદિ યોગવાળી હોય તોપણ તે દુ:ખનો જ હેતુ છે.' ગુરુને પામ્યા પછી વ્યક્તિ આત્મશાંતિમાં પરિણમે છે અને ફરી એક વાર શ્રીમદ્નાં વચનો ટાંકીએ તો `આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તેવી એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તોપણ પરમ સમાધિનું સ્થાન છે.'

એ પછીની ચાર ગાથાઓમાં મોક્ષનો વિષય ચર્ચાયો છે : મોક્ષ શબ્દ સાંભળીએ ત્યારે મધુર અવશ્ય લાગે છે, પણ સમકિત જ્ઞાનને પ્રાપ્ત કરવું, મોક્ષ સાધનને જાણવું એ એટલું સરળ નથી. મોક્ષ માટે રાગ થવો એ એક વાત છે, પણ મોક્ષ માટે ત્યાગ કરવાની વૃત્તિ ઊપજવી એ બીજી વાત છે. ઘણા બધા લોકો ક્રિયાકાંડમાં કે શુષ્ક જ્ઞાનમાં જ મોક્ષનો માર્ગ રહ્યો હોવાનું માની લે છે : તો

કોઈક સાધુસંત પાસેથી મોક્ષ-માર્ગ સાંભળવાથી જ મુક્તિ મળશે એવું માની બેસે છે. શ્રીમદ્ રાજચન્દ્રના જીવનનો જ એક પ્રસંગ છે. એક ધનિક શેઠે આરામખુરશીમાં બીડી પીતાંપીતાં પૂછ્યું : `રાયચંદભાઈ, મોક્ષ કેમ મળે?' શ્રીમદ્ બોલ્યા : `તમે અત્યારે જે સ્થિતિમાં બેઠા છો તે જ સ્થિતિમાં હાથ કે પગ કંઈ પણ હલાવ્યા વગર સ્થિર થઈ જાઓ તો તમારો અહીંથી સીધો મોક્ષ થઈ જશે.'

મોક્ષ આરામખુરશીમાં બેસીને ન મળે, મોક્ષનો માર્ગ આત્માને ઓળખવામાં રહેલો છે. જ્યાં સુધી શુદ્ધ આત્માનો અનુભવ ન થાય ત્યાં સુધી જીવ મોક્ષને યોગ્ય થતો નથી. મોક્ષ માટેનો રાગ એ મહત્ત્વનો નથી, પણ વૈરાગ્યનું મહત્ત્વ છે : અને વૈરાગ્ય સફળ હોય તો જ આત્મજ્ઞાન થાય છે.

નિષ્કુળાનંદ સ્વામીએ પણ ગાયું છે : `ત્યાગ ટકે ન વૈરાગ્ય વિના કરિયે કોટી ઉપાય જી.' શ્રીમદ્ રાજચન્દ્ર પણ એ જ વાત પર ભાર મૂકે છે અને આગળ જતાં કહે છે કે ત્યાગ-વિરાગ ચિત્તમાં ન હોય, તો માણસને જ્ઞાન થતું નથી. પરંતુ જો ત્યાગ-વિરાગમાં મન પરોવાઈ જાય તો પછી ભાનની પાર્થિવ સરહદો પણ રહેવા પામતી નથી. સમકિત જ્ઞાનને જેણે પ્રાપ્ત કર્યું છે, એવી વ્યક્તિના આ ઉદ્ગાર કવિતારૂપે જ નથી રહેતા-- આપણી સાથે થતા સંવાદ જેવા બની રહે છે.

હરીન્દ્ર દવે

## શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી - ... તો ક્યા હુઆ ?

કરતા નહીં કછુ સોચ અબ, માનુષ હુઆ તો ક્યા હુઆ?
મોતી વા પન્ના હીરલા, પુખરાજ નીલમ ચુનિયા,
અપના હીરા દેખા નહીં, જહૌરી હુઆ તો ક્યા હુઆ?

સોના સુહાગા આગ સે દેખ ખોટ સગરી થરતા,
અપના સુવર્ણ સોધા નહીં, સરાફ હુઆ તો ક્યા હુઆ?

ચાંદી વા સોના બેચતા, હૂંડી બજાજી દેખતા,
પરલોક કા દેખા નહીં, વ્યાપારી હુઆ તો ક્યા હુઆ?

મુદ્દઈ મુદ્દાલા દેખતા, કાનૂન કિતાબે ખોલતા,
અપના ગુન્હા દેખા નહીં, મુન્સિફ હુઆ તો ક્યા હુઆ?

માતપિતા, સુત બહિન ભાઈ, ઔર તિરિયા જમાઈ રે,
નિજ રૂપ આતમ કે બિના વલ્લભ હુઆ તો ક્યા હુઆ?

આપણે કંઈ પણ હોઈએ, તેની સાર્થકતા ક્યારે છે? આટલું જ જો માણસ જાણી શકે, તો તેની મોટા ભાગની સમસ્યાઓ ટળી જાય છે. સ્થૂળ જીવનમાં માણસ જે કંઈ સિદ્ધિઓ મેળવે છે તેની સાર્થકતા, તેના સૂક્ષ્મ-આંતરિક જીવનમાં આ માટેની કોઈ સજ્જતા છે કે નહીં તેના પર છે. આંતરિક સજ્જતા વિનાની સિદ્ધિ

હાથી વિના ઘરમાં અંબાડી વસાવી હોય એના જેવી છે. 1970માં જેમની જન્મશતાબ્દી ઊજવાઈ, એ આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીની આ આત્મવિચારની સજ્ઝાય આપણને આ જ વાત સમજાવે છે : માણસ તરીકે આપણે જન્મ્યા એની સાર્થકતા શી? આપણે આપણી પરિસ્થિતિનો, આપણા અતીતનો અને આપણા ભવિષ્યનો વિચાર કરીએ છીએ! ક્યાંથી આવ્યા, ક્યાં જવાના. આ જગત શું છે. જગતના સંબંધો શું છે એ વિશે જો વિચાર ન કરી શકીએ તો માણસ થયા તોપણ શું?

માણસ બીજાં બધાં જીવંત પ્રાણીઓ કરતાં જુદો છે -- ઊચો છે એવો દાવો કરવા જેટલી સંસ્કારિતા હજી માણસજાતે કેળવી નથી એટલે એ જુદો છે એટલું જ

આપણે કહીએ અને એનું કારણ છે એની વિચારશક્તિ. માણસ વિચારી શકે છે... જો આ વિચારશક્તિનો જ માણસ ઉપયોગ ન કરે તો એ માણસ થયો તોયે શું, ન થયો તોયે શું?

ઝવેરાતના ધંધામાં પડેલો માણસ સ્થૂળ સંપત્તિનું માપ તો બરાબર જાણે છે. નીલમ, પોખરાજ, પન્ના, મોતી, હીરો વગેરેની પરખમાં એ પાછો પડતો નથી, પણ સ્થૂળ સિદ્ધિનું અનુસંધાન જો એ આંતરિક વૈભવની પરખમાં કરી શકે તો જ એનું સાર્થક્ય છે. અગ્નિમાં તપાવી સુવર્ણને શુદ્ધ કરવાનો કીમિયો માણસને આવડે છે. પણ સંસારના તાપમાં આંતરસુવર્ણને શુદ્ધ કરવાનો અવસર ભગવાન સરજે છે. ત્યારે માણસ થાકી જાય છે. ભગવાન સામે ફરિયાદ કરવા બેસે છે. બીજાની

બાબત હોય ત્યારે ન્યાયાધીશ થવાનું સૌ કોઈ પસંદ કરે છે, પણ સૌથી કપરું કામ પોતાનો ન્યાય કરવાનું છે. પોતાના અપરાધો તપાસવાનું આવે ત્યારે ભલભલો ન્યાયાધીશ પણ ન્યાયવૃત્તિ કોરે મૂકી દે એવું બને છે. જુદાજુદા વ્યવસાયોની વાત કરતાં છેલ્લે આ સંતકવિ ખુદ પોતાનું નામ પણ મૂકે છે. `વલ્લભ હુઆ તો ક્યા હુઆ? સ્થૂળ સંબંધોને માણસ પારખે છે; પિતા-માતા, ભાઈ-બહેન વગેરે સંબંધોને આપણે જેટલી સહજતાથી જાણી શકીએ છીએ એટલી જ સહજતાથી જ્યારે આત્માના રૂપને ઓળખી શકીએ -- આત્મા સાથેનો આપણો સંબંધ સ્થાપી શકીએ ત્યારે જ વલ્લભ થવાની સાર્થકતા છે.

આ સાર્થકતા જેમણે ઇહજીવનમાં સિદ્ધ કરી હતી એ સંતકવિનો પરમ પ્રશ્ન આપણે સૌએ વિચારવાનો છે.`કરતા નહીં કછુ સોચ અબ, માનુષ હુઆ તો ક્યા હુઆ?

હરીન્દ્ર દવે

## સુન્દરમ્ - તું હૃદયે વસનારી,

ઘટ ઘટ ભીતર નરતનહારી.
તું અંતરના તાર પરસતી અંગુલિ કો રઢિયાળી,
તું તિમિરોનાં ધણ વાળી લૈ કરત સદા રખવાળી.

તું માનસ અમ મુકુલિત કરતી ઉજ્જ્વળ કો દ્યુતિ અરુણા,
તું જીવનના વ્રણ પર વરસત કોઈ અમીમય કરુણા.
તું જીવનની જન્મ-ક્ષણોની ધાત્રી પ્રાણપ્રદીપા,
તું કદમે કદમે પ્રજ્વલતી અગ્નિજ્યોત સજીવા.
તું નયનો પર પડદા ઢાળી, અન્ય નયન દેનારી,
તું જગમાં -- જગ પાર અનંતે અમ સંગે ઘૂમનારી.
તું આનંદ અનર્ગળ પ્રભુનો, તું પ્રભુની પર શક્તિ,
તું ઋત સત સૌ ધારણહારી, તું અંતિમ અમ મુક્તિ.
તું અમ ચરણોની ગતિ, તું અમ નેત્રતણી ધ્રુવતારા,
તમ હૃદયે અમ વાસ સદા હો, હે હરિની રસધારા.

એક માતા આપણને જન્મ આપે છે. પણ માતાની જે માતા છે એટલે કે, અનાદિ માતા છે એ આપણું અદૃશ્ય રહીને પણ જતન કરે છે. આ કાવ્યનું સંબોધન પોડિચેરીનાં શ્રી માતાજીને ઉદ્દેશીને છે. પણ વ્યાપક અર્થમાં પરમ માતાને પણ સંબોધન છે. આ માતા હૃદયમાં વસે છે, શ્વાસેશ્વાસમાં શ્વસે છે. એકમાં નહીં પણ અનેકના ઘટમાં, અનેક પિંડમાં, ભીતર નર્તન કરે છે. આ નર્તનના લયતાલ જીવનને શુદ્ધિ-વિશુદ્ધિ આપે છે.

વાદ્યનો કોઈ અર્થ નથી,જો એને પરસતી કોઈ આંગળી ન હોય. આ પરમ માતાનો સ્પર્શ અંતરના તારને ઝણઝણાવે છે. કોઈ અદ્ભુત રખેવાળી એ કરે છે, કારણ કે આપણી પાસે તો તિમિરોનાં ધણનાં ધણ છે. એ તિમિરોનાં ધણને વાળી

લે છે. મનને મુકુલિત કરે છે એની અરુણા, એનું તેજ, એની પ્રભા અને એનો પ્રભાવ. જગત તો જખમ આપે છે પણ આ જખમને જો કોઈ રુઝાવે તો તે માતાની અમીમય કરુણા. સમગ્ર કાવ્યમાં `તું જીવનના વ્રણ પર વરસત, કોઈ અમીમય કરુણા' એ ઉત્તમ પ્રાર્થનાપંક્તિ છે. જન્મક્ષણની ધાત્રી પણ એ જ છે. અને જીવનની વિધાત્રી પણ એ જ છે. એ પ્રાણપ્રદીપા છે અને પગલે પગલે પાવક પાથરે એવી સજીવ અગ્નિજ્યોત છે.

આપણી આંખ પર પડદા છે. આ પડદા અહમ્ના છે. અહમ્ના પડદા હોવા છતાંય એ નવાં નયન આપે છે, કહો કે દૃષ્ટિ આપે છે, vision આપે છે અને division ટાળે

છે. અહમ્ને કારણે આપણે વિભિન્ન છીએ પણ આ વિભિન્નતા અન્ય નયનને કારણે એકતામાં અને અખંડિતતામાં રૂપાંતર પામે છે.

માતૃશક્તિ એ માત્ર આ જગત પૂરતી જ સીમિત નથી. જગતની પાર અનંતમાં પણ એ આપણી સંગે જ છે. મરાઠી કૃતિ યાદ આવે છે. `તુ માઝા સંગાથી'. પ્રભુનો નર્યો આનંદ, પ્રભુની પરમ શક્તિ ઋત અને સત્યને ધારણ કરનારી અને અંતે મોક્ષ આપનારી, જો કોઈ હોય તો તે પરમ માતાની શક્તિ છે.

સંસ્કૃતમાં એમ કહેવાયું છે કે, `ત્દઠક્કચ્લૂઢ્ઢ ડજાઢ્ઠઌરૂઢ્ન્ ચ્ઢ્ઢછ્જ્ઢન્ ---' દૃષ્ટિથી પવિત્ર થયેલું પગલું મૂકો. અહીં એ વાત ગીતના લયમાં મોરી ઊઠી છે. આપણાં

નેત્રની ધ્રુવતારા પણ એ જ છે અને આપણાં ચરણોની ગતિ પણ એ જ છે, એનો આપણા હૃદયમાં કાયમનો વાસ છે, હરિની એ અખંડ રસધારા છે.

સુન્દરમ્નું આ કાવ્ય ઉત્તમ પ્રાર્થનાની કોટિનું છે.

## સુન્દરમ્ - નૈ, નૈ, નૈ

નૈ, નૈ, નૈ, દેખાતું નૈ તેથી નૈ,
એ વાત ના સૈ, ના સૈ મારા ભૈ
દેખાતું નૈ તેથી નૈ.
દેખી દેખીને તું દેખે શું કેટલું

દેખ્યું તે સમજે શું કૈ?

મરકટના હાથમાં મોતીડું આલ્ય એને,

કિંમત ના એની જૈ.      દેખાતું નૈ તેથી૦

રણની રેતીએ નથી દરિયો દીઠેલ, નથી

દીઠો સૂરજ કદી ઘૂડ,

દરિયો સૂરજ તેથી ગપ્પાં ગણે તેને

ગણવા તે ઘૂડ ગળાબૂડ. દેખાતું નૈ તેથી૦

સૂરજ તપે ત્યારે તારા બુઝાય અને

તારા તગે ત્યાં નહિ સૂર,

સમજું તે સાચું ને બાકી બધું કાચું
એ તો પીધેલની વાત ચકચૂર. દેખાતું નૈ તેથી૦

આંજણ પહેલાંની અને આંજણ પછીની આંખ
દેખ્યા દેખ્યામાં બહુ ફેર,
આંજણ મારું જો તને ખપતું અજાણ્યા જણ,
તારાં ઉતારું સહુ ઝેર. દેખાતું નૈ તેથી૦

એક નાસ્તિકે સંત પાસે જઈને કહ્યું : `હું ભગવાનમાં માનતો નથી. તમે મને ભગવાન દેખાડો તો માનું.'

સંત એ વેળા પૂજામાં હતા. પ્રસાદીમાંનું દૂધ એક ચમચી ભરીને એ માણસને આપ્યું અને પૂછ્યું, `દૂધ કેવું છે?'

`ગળ્યું છે.' પેલાએ ઉત્તર આપ્યો.

`શા માટે ગળ્યું છે?' સંતે પૂછ્યું.

`તેમાં સાકર છે એ માટે.'

`તેમાં સાકર છે?' સંતે ફરી પૂછ્યું.

`હા, એમાં વળી પૂછવાનું શું?'

`તું આ દૂધમાંથી સાકર જુદી તારવી આપે તો હું માનું કે એમાં સાકર છે.'

`પણ એ જુદી કેમ તારવાય? એ તો અનુભવી શકાય --' નાસ્તિકે પ્રતિવાદ કર્યો.

અને સંતે કહ્યું : `હું એ જ તો કહું છું. પ્રભુ પણ આમ જ ઘટઘટમાં જ પથરાયેલો છે, એ દેખાતો નથી. અનુભવાય છે. છતાં જેમ લેબોરેટરીમાં જઈ તમે સાધના કરો તો દૂધ અને સાકરા છૂટાં પડી પણ શકે એમ જીવનમાં સાધના કરો તો તમે ભગવાનનો સાક્ષાત્કાર કરી પણ શકો. ભગવાન દેખાતા નથી એટલે જ નથી એમ કહેવું યોગ્ય નથી.' કવિ અહીં એ જ વાત કરે છે -- જે ન દેખાય એ નથી જ - એવી જીદ પકડનારાઓને કવિ કહે છે કે એ વાત સૈ--સહી નથી. સાચી નથી.

આવી વાતને કવિ પોતાની સહી આપવા તૈયાર નથી. માણસ જોઈજોઈને કેટલું જોઈ શકે? એક તો એની દૃષ્ટિને જ મર્યાદા છે. એમાં વળી જેટલું એ જુએ એટલું સમજી શકે એવું થોડું બને છે? વાંદરાના હાથમાં મોતી આપો તો એની પાઈની કિંમત પણ એ ન આંકે... રણની રેતીએ દરિયો ક્યારેય જોયો નથી અને ઘુવડે ક્યારેય નથી જોયો સૂરજ! એટલા ખાતર દરિયો કે સૂરજ છે કે નહીં એમ કહીએ તો ઘુવડદૃષ્ટિ જ ઠરે ને? દૃષ્ટિની મર્યાદા હોય છે પણ દૃષ્ટિનું તેજ વધારી પણ શકાય છે. બાળકની આંખનું તેજ વધે એટલા ખાતર માતા એને આંજણ આંજે છે. ગુરુ પણ આંજણ આંજતા હોય છે. એક વાર જો ગુરુનું આંજણ આંખે આંજવામાં આવે તો દેખવામાં ગજબનો ફેર પડી જાય છે. દેખાય એને જ સાચું

માનવાનો દુરાગ્રહ છોડી એ શું અનુભવાય છે એની ખોજ કરતો થઈ જાય છે. આપણે ક્ષણેક્ષણે અનુભવના પ્રદેશોમાંથી પસાર થતા હોઈએ છીએ. છતાં એ અનુભવ પર ધ્યાન કેન્દ્રિત કરતા નથી. એ અનુભવને જુદો તારવીને તપાસતા નથી. એક વાર આપણે જો આ અનુભવનાં સાધનો વિશે સજાગ બનીએ તો ખ્યાલ આવે કે ક્ષણેક્ષણે આપણી સમક્ષ ચમત્કારો થતા રહે છે. પહેલો કાલો શબ્દ ઉચ્ચારતું બાળક, જમીનમાંથી આપોઆપ ઊગી નીકળતું તરણું, રાઈ જેવડા બીજમાંથી પ્રકટ થતું વટવૃક્ષ, છોડ પર બેસતું ફૂલ, આકાશમાં દોરાતું મેઘધનુષ, સામે મળતો કોઈ અજાણ્યો ચહેરો –

આ બધા જ ચમત્કારો છે. માત્ર એ ચમત્કારો જોવા માટેની દૃષ્ટિ જોઈએ. આવી દૃષ્ટિ આપતું સદ્ગુરુનું આંજણ આંજી લેવાય તો આપણે પણ કવિની માફક કહીએ દેખાતું નથી એટલે નથી -- એ વાત તો, ના સૈ, ના સૈ, મારા ભૈ.

હરીન્દ્ર દવે

## સુન્દરમ્ - મેરે પિયા !

મેરે પિયા મૈ કછુ નહીં જાનૂં,
મૈ તો ચુપચુપ ચાહ રહી.

મેરે પ્રિયા, તુમ કિતને સુહાવન,
તુમ બરસો જિમ મેહા સાવન,

મૈ તો ચુપચુપ નાહ રહી.
મેરે પિયા તુમ અમર સુહાગી,

તુમ પાયે મૈ બહુ બડભાગી.
મૈ તો પલ પલ બ્યાહ રહી.

સુન્દરમ્નું આ નાનકડું પદ, ફૂલ પર ઠરેલું કોઈ ઝાકળનું બિંદુ કે તુલસીના પાંદડા પર પડેલું મીરાંનું આંસુ મોતી થઈ ગયું હોય એના જેવું છે. આ પદનું વિવરણ

એક જ રીતે કરી શકાય -- કેવળ એને મનમાં ગુંજીએ અને ભક્તિનીતરતું કોઈ આકાશ ઊઘડતું હોય ત્યારે એને આંખ મીચીને જોયા કરીએ... એ આસ્વાદ. કેવળ પિયાનો મહિમા નથી; એ મારો છે એનો મહિમા છે. પણ બે વચ્ચે જે થયું એની કોઈ જ જાણ નથી. કેવળ ચુપચાપ ચાહ્યા કરું છું એ અંગત જીવનની હકીકત છે, કહો કે પરમ સત્ય છે. પ્રેમની આંખથી બધું રૂપાળું લાગે. એટલે જ `તુમ કિતને સુહાવન.' બંને સદ્ભાગી છે, પણ કાવ્યનાયિકા પોતાના સદ્ભાગ્યને કેટલી ખુશાલીથી લલકારે છે! કહે છે : `તુમ પાયે મૈ બહુ બડભાગી.' અને પછી તો કહે છે કે મારાં તો પળપળ લગ્ન થઈ રહ્યાં છે. ગીતની પંક્તિઓ યાદ આવે છે :

ચકરાવો લેતા કોઈ પંખીની જેમ,

મને વીંટે છે યાદ એક તારી;

તારી આ કેવી મને લગની,

કે મારી અહીં એકે પળ હોય નહીં કુંવારી.

સુન્દરમ્ - મેં એક અચંબો દીઠો

મેં એક અચંબો દીઠો,
દીઠો મેં ઘર ઘર કૃષ્ણ કનૈયો,

હૃદય હૃદય મેં રાધા દીઠી
        હું બન્યો મુગ્ધ નરસૈયો.

મેં વન વન વૃંદાવન દીઠાં,
        મેં તરુ તરુ દીઠી વૃંદા,
મેં પર્ણ પર્ણમાં વૃંદા કેરાં
        દીઠાં નંદજશોદા.મેં એક૦
મેં નદી નદીમાં દીઠી યમુના,
        મેં ધ્રુહ ધ્રુહ દીઠો કાલિ,
મેં પળપળ દીઠી કાલિ દહંતી
        કાલી મહાકરાળી.        મેં એક૦

મેં નયન નયનમાં ઉદ્ભવ દીઠા,

શયન શયન હરિ પોઢ્યા,

મેં અખિલ વ્યોમ પયસાગર દીઠો

મેં અંગ અંગ હરિ ઓઢ્યા. મેં એક૦

કવિ પાસે જો કોઈ પણ ઐશ્વર્ય હોય તો એ ઐશ્વર્ય અચરજનું. કવિ રહે છે વિસ્મયના વૃંદાવનમાં. યથા દૃષ્ટિ તથા સૃષ્ટિ એ ન્યાયે સમગ્ર વિશ્વ કૃષ્ણમય છે. જ્યાંજ્યાં નજર ઠરે છે, ત્યા બીજું કોઈ નહીં, પણ શ્યામ તરવરે છે. આ શ્યામમયતા કવિને નરમાંથી નરસૈયો બનાવે છે. નરસિંહની દૃષ્ટિએ અખિલ બ્રહ્માંડ જોવા જેવું છે. કવિ એમ નથી કહેતા કે વિસ્મય થયો, નજરોનજર સગી

આંખે અચંબાને જોયો; ઘેરઘેર કૃષ્ણ અને હૃદયેહૃદયે રાધાનો સાક્ષાત્કાર થયો. કવિએ વિસ્મયના દીવાઓને લયના પ્રવાહમાં વહેતા કર્યા છે. વાત એક જ છે, પણ પ્રત્યેક વહેણનું સૌદર્ય જુદું છે. આખી ભાગવતી સૃષ્ટિને કવિએ અહીં સજીવ કરી છે. વનમાં વૃંદાવન જોયું છે ને તરુતરુમાં વૃંદા. તુળસીના પાનેપાને દેખાય છે નંદ અને જશોદા. કોઈ પણ નદી એ નકશાની નદી નથી, દરેક નદીમાં યમુના છે. દરેક ધરામાં કાલીનાગ અને પ્રત્યેક પળમાં મહાકાળીને જોઈ છે. આ પંક્તિ તો પ્રાસથી પ્રેરાઈને જ આવી હશે. પ્રત્યેક નયનમાં ઉદ્ધવ અને શયનમાં હરિવર, વ્યોમમાં પયસાગર અને આ સાગરની શય્યા પર મેં અંગેઅંગે હરિને ઓઢ્યા છે.

તલ્લીનતાનું આ ગીત છે. રાજેન્દ્ર શાહના એક ગીતમાં આવી પંક્તિઓ આવે છે, તે પણ સાંકળી લઉ :

વંન વંન મ્હોરી વનરાઈ રે, આંખને ગમે ને મારું અંતર હરખાઈ એવી

રંગ-સુગંધ-ઘટા છાઈ રે...

i

આખુંયે વિશ્વ એક રંગમાં જણાય, જેમ

રાધાની આંખમાં કન્હાઈ રે...

## સુરદાસ - મન પંછી

જા દિન મન પંછી ઉડિ જૈ હૈ;
તા દિન તેરે તનતરુવર કે સબૈ પાત ઝરિ જૈ હૈ.

યા દેહી કો ગર્વ ન કરિએ સ્યાર-કાગ ગિધ ખૈ હૈ,
તીનનિમેં તન કે બિષ્ટા, કૃમિ, કૈહૈ ખાક ઊડૈ હૈ

કંહ વહ નીર, કહાં વહ શોભા, કંહ રંગરૂપ દિખૈ હૈ,
જિન લોગન સો નેહ કરત હૈ, તેઈ દેખિ ઘિનૈ હૈ;

ઘર કે કહત બહાર કાઢૌ ભૂત હોઈ ઘરિ ખૈ હૈ,

જિન પુત્રન્હિ બહુત પ્રતિ પાલ્યો, દેવી દેવ મનૈ હૈ.

સેઈ લૈ ખોપડી બાંસ દૈ, શિશ ફોરિ બિખરૈ હૈ,
અજ હું મૂઢ કરૌ સતસંગતિ, સંતનિ મેં કછુ પૈ હૈ.

નર વપુ ધારિ ભજત ન હિં હરિકો જમકી માર સૌ ખૈ હૈ.
સુરદાસ ભગવત ભજન બિનુ વૃથા સુજનમ ગવૈ હૈ.

સુર, કબીર, નાનક અને એવા અનેક સંતકવિઓએ આ દેહની નશ્વરતાની કવિતાઓ લખી છે. આ કવિતામાં એક જ વાત ઘૂંટાતી હોય છે -- આ દેહ તો કાચી માટીનો બનેલો છે. જીવ છે ત્યાં સુધી બધું છે -- જીવ નહીં હોય ત્યારે કોઈ

એક ઘડી પણ ઘરમાં સંઘરશે નહીં. અહીં આ જ વાત ઘૂંટાઈ છે. છતાં અહીં કવિતાનો વિરલ ચમકારો એની પ્રથમ દોઢ પંક્તિમાં દેખાય છે. એ દોઢ પંક્તિમાં એટલી સભર કવિતા પડી છે કે એના ખભા પર પછીની પંક્તિઓમાંની ચીલાચાલુ વાતો નભી જાય છે.

એ પંક્તિઓનો મિજાજ જ જોવા જેવો છે. કવિ આરંભ કરે છે -- જે દિવસે આ મનનું પંખી ઊડી જશે, તે દિવસે.... અહીં પહેલું ચરણ કવિ અડધું મૂકી દે છે. જીવનની જેટલી જ અપૂર્ણતા છતાં જીવન જેટલી જ સભરતાથી ભરીભરી આ અર્ધપંક્તિમાં લોકબોલીમાં ઘૂંટાયેલી મીઠાશ અને ચોટ છે. મનને એટલે કે, દેહમાં રહેલા ચેતનને પંખી તરીકે આપણે ત્યાં કલ્પવામાં આવ્યું છે. મીરાંએ `જૂનું રે

થયું દેવળ'માં એ જ પ્રતીક લીધું છે. કબીરે `પક્શી પીજરા છોડ કે ભાગા...' ગાયું છે.

સુરદાસ એ જ પંખીના પ્રતીકને લે છે, પણ એનો સંબંધ જોડે છે તનરૂપી તરુવર સાથે. મનનું પંખી દેહરૂપી વૃક્ષ પર માળો બાંધે છે. જેવો વસંત અને વૃક્ષનો સંબંધ છે એવો જ આ સંબંધ પણ છે. આ દેહરૂપી વૃક્ષ ત્યાં સુધી જ લીલુંછમ છે, જ્યાં સુધી ચૈતન્યનું પંખી ત્યાં માળો બાંધીને બેઠું છે. ચૈતન્યનું પંખી છે ત્યાં સુધી જ આ દેહ પર લીલાંછમ પર્ણોરૂપી જીવનલીલા રહે છે -- જે દિવસે આ પંખી ઊડી જશે ત્યારે તો આ તનતરુવર પરનાં બધાં જ પર્ણો ખરી જશે.

આ દોઢ પંક્તિમાંની ચોટ અને મીઠાશ માટે પણ આ કવિતા પાસે જવા જેવું છે - એના લહેકામાં ઉપાલંભ નથી, ઉપદેશ નથી. અલબત્ત, પછીનું કાવ્ય ઉપદેશ સિવાય બીજું કંઈ નથી. આ સાથે જ કબીરનું એક પદ યાદ આવે છે. એમાં આ જીવનને પિયર સાથે સરખાવ્યું છે અને મૃત્યુ પછીના જીવનને સાંઈની નગરી -- પ્રિયતમના નગર તરીકે ઓળખાવ્યું છે અને કબીર એમાં કહે છે -- `નૈહરવા હમકો નહીં ભાવે' -- મને પિયરમાં ચેન નથી પડતું.

અહીં કવિ જેને ચેન પડી ગયું છે એવા જીવને કહે છે -- આ મનનું પંખી ઊડી જાય ત્યાં સુધી જ તારા દેહનાં વૃક્શો પર પર્ણો છે. એ પછી એકેય પાંદડું નહીં રહે. આ જ દેહને દેવદેવીની માનતા કરી મેળવેલો પુત્ર ચિતામાં વાંસથી ખોરશે.

દેહાભિમાનથી વંચિત કરવા લખાયેલાં અનેક પદોમાં આ પદનું પણ મહત્ત્વનું સ્થાન છે.

હરીન્દ્ર દવે

## સુરદાસ - વૃક્ષન સે મત લે,

વૃક્ષન સે મત લે,
    મન તૂ વૃક્ષન સે મત લે.
કાટે વાકો ક્રોધ ન કરહીં,
    સિંચત ન કરહિં નેહ,    મન તૂ૦

ધૂપ સહત અપને સિર ઉપર,
        ઔર કો છાંહ કરેત;
જો વાહી કો પથર ચલાવે,
        તાહી કો ફલ દેત.        મન તૂ૦

ધન્ય ધન્ય યે પર-ઉપકારી,
        વૃથા મનુજ કી દેહ;
સુરદાસ પ્રભુ કહં લગિ બસ્નૌ
        હરિભજન કી મત લે.    મન તૂ૦

સચરાચર સૃષ્ટિ સાથે એકાત્મભાવ અનુભવતા, સ્થાવરજંગમ સર્વમાં પ્રભુની વિભૂતિનું દર્શન કરતા સંતજનોની વિનમ્રતા ક્યાં? અને કેવળ અહંની આસપાસ જાળ ગૂંથવામાં જ અહોરાત્ર મશગૂલ એવા આપણ સંસારી જીવોનું મિથ્યાભિમાન ક્યાં? આપણને ક્યારેય એવો વિચાર સરખો આવે છે ખરો કે વૃક્ષ પણ માણસોને માટે કંઈક શિખામણ લેવા જોગ છે? આવે પણ ક્યાંથી? તમે એવો વિચાર કરો તેની સાથે જ અંતરમાં અડ્ડો જમાવીને બેઠેલો ઘમંડરૂપી બકાસુર તરત જ તમારા માર્ગમાં અંતરાય ઊભો કરશે અને તમે ઊલટી જ રીતે વિચારવા લાગશો : હું કોણ? -- મનુષ્ય. મને -- એકમાત્ર મને જ -- સર્જનહારે બુદ્ધિનું વરદાન આપેલું છે. મારે વળી વૃક્ષ પાસેથી તે શી શિખામણ લેવાની હોય?

પરંતુ જેમનાં બહારનાં લોચન બિડાઈ ગયાં છે અને જેમની ભીતરની આંખ ઊઘડી ગઈ છે, એવા સુરદાસજી આ મિતાક્ષરી રચનામાં, પોતાની જાતને ઢંઢોળતાં કહે છે : હે મારા મન! તું વૃક્ષ પાસેથી બોધ ગ્રહણ કર. જો, પેલું વૃક્ષ, પોતાની શાખાઓ પર કઠોર કુઠારાઘાત કરનાર પર પણ ક્રોધ કરતું નથી અને પોતાને જલસિંચન કરનાર સાથે માયાપાશથી બંધાઈ જતું નથી. એ તો હંમેશ અનાસક્ત અને તટસ્થ, છતાં કરુણા-છલકાતા તપસી જેવું અચલ ઊભું છે.

હે મન! તું એ વૃક્ષની ઉત્કટ જીવનસાધના તો જો! પોતે ગ્રીષ્મ મધ્યાહ્નનો પ્રખર તાપ માથે સહી લે છે, પણ પોતાની હેઠળ આશ્રય શોધનારને તો શીતળ પર્ણઘટા વડે શાતા અર્પે છે. અને પરમ ક્ષમાનો ગુણ પણ એણે કેવો કેળવ્યો છે?

એના પર જે પથ્થરનો છૂટો ઘા કરે છે, એને સામેથી એ મિષ્ટ ફળની ઉમદા ભેટ ધરે છે ! સુરદાસજી કહે છે : હે મારા મન! ક્રોધ, અસૂયા, વેરઝેર આદિ અનાત્મ ભાવોને સેવનાર અને છતાં બુદ્ધિનું અભિમાન રાખનાર દેહધારી મનુષ્ય કરતાં તો, કેવળ પરોપકારાર્થે જ જેની હસ્તી છે, એવા વૃક્ષને હજારો ધન્યવાદ ઘટે છે. પણ સુરદાસજી ભક્ત હોવા ઉપરાંત પાછા કવિ છે -- ભક્ત-કવિ છે. એટલે વૃક્ષનું આટલું મહિમાગાન ઓછું પડ્યું હોય એમ વળી આગળ ચાલીને, છેલ્લા ચરણમાં `વૃક્ષન સે મત લે' ને ફેરવીને `હરિભજન કી મત લે' -- એમ કહે છે. આવી સૂક્ષ્મ સૂઝ દાખવીને, ભાવકને માટે એમણે સદ્વિચારની સાથેસાથે એક એવો મધુર કાવ્ય-આસ્વાદ મૂકી દીધો છે કે એ મમળાવ્યા જ કરે - મનમાં ઘૂંટ્યા

જ કરે કે વૃક્ષના ગુણોનું હરિજન - સંતોમાં આરોપણ કરીને સુરદાસજીએ વૃક્ષ-મહિમાને સવાયો કર્યો કે સંત-મહિમાને? કે પછી બંનેને?

કોણ જાણે? પ્રભુ-મહિમાની જેમ સંત-મહિમા પણ `કહં લગિ બરનૌ?'

બાલમુકુન્દ દવે

## સુરેન ઠાકર `મેહુલ' - સાહેબ મારાં મેલાં કપડાં ધુએ

સાહેબ મારાં મેલાં કપડાં ધુએ.
તરવેણીને તીર ઊભો ઈ

આજુબાજુ ના જુએ... સાહેબ૦

મેલ ભરાયો અગમ ખૂણે ઈ

ધોતાં ધોતાં રુએ,

ટીપે ટીપે અડસઠ તીરથ

અનરાધારે ચૂવે... સાહેબ૦

ફાટ્યું વસ્તર, મરમી મારો

તન તોડીને તૂને,

તપના તાપે સૂકવી વ્હાલો

નચંત થઈને સૂવે... સાહેબ૦

સોનલવરણી સાંજ ઢળે ને

ઝાલર ટાણે ઝગે,

સુમિરન કરતાં સત-ચિત-આનન્દ

હોનાર હોય સો હુએ... સાહેબ૦

સુરેન ઠાકર `મેહુલ'એ નામ સાથે એકથી વિશેષ અધ્યાસો જાગે. એ સંચાલક છે. લોકસાહિત્યના મર્મી છે. એમના કંઠે મેઘાણીની ચારણકન્યા સાંભળીએ તો જીવંત મેઘાણીનો પરિચય થાય.

આપણે જગતમાં કેટલા બધાના ઋણી હોઈએ છીએ. પણ સૌથી મોટું ઋણ આપણા ઈશ્વરનું. ઘણી વાર ઊંચા અર્થમાં પ્રગટેલા શબ્દો અતિશય વપરાશને કારણે એનો મૂળ અર્થ ગુમાવી બેસે છે. રાજામહારાજા માટે વપરાતો શબ્દ

મહારાજ. એ શબ્દ વિશે જ વિચારીએ. કાન્તે મહારાજ શબ્દ લોર્ડના અર્થમાં, નાથના અર્થમાં, ઈશ્વરના અર્થમાં વાપર્યો હતો. આ મહારાજ શબ્દ ધીરેધીરે ઘસાઈને રસોઇયા માટે વપરાતો થયો. આવું ન થવું જોઈએ. બકરી પણ કાળી ને ભેસ પણ કાળી એમ કેમ કહેવાય ? આપણે રવિશંકર માટે મહારાજ શબ્દ વાપરીએ છીએ. આ શબ્દની ગરિમા જળવાવી જોઈએ. સાહેબ શબ્દ, કબીર ઇત્યાદિને કારણે આપણે ઈશ્વર માટે યોજીએ છીએ. પછી અંગ્રેજો આવ્યા. એમને પણ આપણે સાહેબ કહેવા માંડ્યા. હવે કોઈ સ્ટેટસવાળો માણસ હોય એને આપણે સાહેબ કહીએ છીએ. ઉત્તમ અર્થમાં પ્રયોજાતા શબ્દને મેલી રજકણ ન વળગવી જોઈએ.

અહીં સાહેબ શબ્દ ઈશ્વર કે ગુરુ કે બંને માટે છે. આપણે સંસારી માણસો. આપણે એમ ન કહી શકીએ કે ઈશ્વરે જે ચાદર આપી હતી એવી ડાઘડૂઘ વિનાની ચાદર આપણે પરત કરીએ છીએ. આપણા વસ્ત્ર પર તો કેટલાયે મેલ લાગેલા છે. આ મારો ઈશ્વર મારાં મેલાં કપડાં ધુએ છે. આપણા ત્રણે ગુણોની તરવેણી પર તે ઊભો છે. તે કશું જ જોતો નથી. આપણા દોષને વગોવતો નથી. એ તો મગ્ન છે આપણા મલિનને ધવલ-ઉજ્જ્વલ કરવામાં. એની પાસે તો એક જ જળ છે અને એ જળ તે આંસુ. ઉમાશંકરની પંક્તિ યાદ આવે છે, `જુએ તે રુવે ભાઈ : જુએ તે રુવે'. એના તનમાં અડસઠ તીરથ છે અને એટલે જ એ વૈષ્ણવજન -- વૈશ્વિકજન છે. વસ્ત્ર માત્ર મેલું નથી. ફાટેલું પણ છે. તો મારો સાહેબ એને તૂની આપે છે.

તપના તાપમાં ભીનાશને સૂકવી આપે છે. આપણી ચિંતા એ લે છે અને આપણને ચિંતામુક્ત કરીને એ સ્વયં નચિંત થઈ જાય છે. આવા સત્ચિત્, આનંદ સ્વરૂપનું સ્મરણ કરીએ પછી કોઈ ભય હોતો નથી. જે થયું હોય તે થાય. બધી જ ચિંતા ચિંતામણિ ભગવાનને સોપી દીધી. એ જ આપણો પ્રેમ, એ જ આપણી સલામતી.

## સુરેશ દલાલ - અનુભવીને એકલું આનંદમાં રહેવું રે

`અનુભવીને એકલું આનંદમાં રહેવું રે.'
કોઈને કાંઈ કશું નહીં કહેવું રે.

શબ્દોમાં તો ઊતરી આવે આનંદના પડછાયા જી,

પડછાયાની વાત કરો તો વાતની વળગે માયા જી;
છાનું છાનું છંદમાં વહેવું રે,
અનુભવીને એકલું આનંદમાં રહેવું રે.

આનંદ એ તો દરિયા જેવો પરપોટા શું જાણે જી,
કાંઠે બેસી અમથા અમથા દરિયાને વખાણે જી,
કાંઈ કશુંયે કહીએ એ તો
એના જેવું તેના જેવું રે,
અનુભવીને એકલું આનંદમાં રહેવું રે.
(પ્રથમ પંક્તિ મૂળદાસની છે.)

લગભગ 1990ની આસપાસ એક પ્રયોગ કરેલો. જે કાવ્યમાં પછી શું આવે છે એની મને ખબર ન હોય એવા મધ્યકાલીન કવિની પ્રથમપંક્તિને કેન્દ્રમાં રાખીને કવિતા જેવું કશુંક કરવું. પછી આ સંગ્રહ 1996માં `પદધ્વનિ' નામે પ્રગટ થયો. મકરન્દ દવેની પ્રસ્તાવના મળી અને પત્ર દ્વારા લાભશંકરનો ઉમળકો પણ. હરીન્દ્ર દવેએ પણ `પદધ્વનિ' વિશે લખી આપ્યું. આ કાવ્યની પ્રથમ પંક્તિ મૂળદાસની છે. ઘણું કહેવાઈ ગયું છે એક જ પંક્તિમાં. પંક્તિ છે : અનુભવીને એકલું આનંદમાં રહેવું રે.

કયા અનુભવીની વાત છે? જેની ગતિ અધ્યાત્મ તરફ હોય કે જ્ઞાન, ધ્યાન ભક્તિમાં ડૂબેલો હોય. જેનો ઉપરવાળા જોડે તાર લાગી ગયો હોય એ અનુભવી.

એણે એકલા રહેવાનું. એકલો માણસ હંમેશાં દુ:ખી હોય છે. પણ અહીં એકલતાની વાત નથી. અનુભવીના એકાંતપ્રાંતની વાત છે. એ શૂન્ય શિખર પર બેઠો છે. એ સુખ અને દુ:ખથી પર છે. સુખ અને દુ:ખ તો `હરખ-શોકની હેડકી જેવાં' આ અનુભવીને નિતાંત આનંદ. એટલે તો કબીરે કહ્યું, `મન મસ્ત હુઆ તબ ક્યો બોલે?' જેને એક વાર ઈશ્વરનો અનુભવ થાય એ પોતાની ભીતરની મસ્તીમાં ચૂપ થઈ જાય. પોતાને થયેલો ઈશ્વરનો અનુભવ શબ્દો દ્વારા કોઈને પણ પહોચાડવો આસાન નથી. આ અનુભવ ભાષાનો કે શબ્દોનો મોહતાજ નથી. એટલે જ બીજી પંક્તિમાં કહ્યું છે, `કોઈને કાંઈ કશું નવ કહેવું રે.'

જે. કૃષ્ણમૂર્તિ કહેતા કે તમે બહુબહુ તો સુખનું વર્ણન કરી શકો, પણ સુખનો અનુભવ ન આપી શકો. વર્ણન કરવા જાવ તો ઘણું બધું વિલાઈ જતું હોય છે. માની લો કે કોઈકે સાહસ કર્યું અને શબ્દનો સહારો લીધો, પણ શબ્દોમાં જે આવે છે તે મૂળ આનંદ નહીં, પણ આનંદના પડછાયાઓ. જળમાં માછલીને બદલે આપણી જાળમાં માછલીનો પડછાયો પકડીએ એના જેવી આ વંધ્ય પ્રવૃત્તિ છે. બીજું એ છે કે આ પડછાયાની પણ વાત કરવા જાવ તો ધીરેધીરે, મને અનુભવ થયો છે, એની પણ એક માયા લાગે છે. તમામ માયા છોડીને વળી પાછી નવી માયામાં સપડાઈએ. ચમત્કાર કરતા સંતો જેમ ઈશ્વરને ભૂલીને ચમત્કારમાં પડી

જાય એના જેવી આ વાત છે. મૂળ ચમત્કાર તો ઈશ્વર જોડે તાર લાગ્યો એનો. એ તારનો ઝંકાર આપણે જ આપણા કાન સાંભળે એમ માણવાનો.

રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદને એક વાર પૂછ્યું હતું કે તું ઇચ્છે તો તને અષ્ટસિદ્ધિ આપું. વિવેકાનંદે સામું પૂછયું, એનાથી શું મળે? તો રામકૃષ્ણ કહે કે લોકપ્રીતિ. આ સંવાદમાં એક અત્યંત મહત્ત્વની વાત છુપાઈને પડી છે. વિવેકાનંદે તો ના જ પાડી, કારણ કે એમના મનમાં હશે કે લોકપ્રીતિની લાલસા મને પ્રભુપ્રીતિથી દૂર કરશે. આપણા મોટા ભાગના સંતો આમ ને આમ મેંદીના મોહમાં ફસાઈને આમ ને આમ પોતાની શક્તિ અને સ્ફૂર્તિ ગુમાવી રહ્યા છે. આપણી જે કોઈ અનુભૂતિ હોય એ અનુભૂતિ જાણે કે આપણાથી ગુપ્ત રાખીને

આપણેે પણ છાનુંછાનું છંદમાં રહેવાનું છે. આનંદ વિશાળ છે. વિરાટ છે. એ માત્ર બિંદુ નથી. આ આનંદ એટલો ગહન છે કે એ સપાટી પર આવે તો એની ગહનતા ગુમાવી બેસે. દરિયામાં ભલે પરપોટા થતા હોય પણ પરપોટા દરિયાને ઓળખતા નથી. આ સંસારમાં આપણે બધા જ પરપોટા જેવા છીએ પણ કોઈ સાચા સંતના આનંદસાગરને આપણે તાગી શકતા નથી. આપણે બહુબહુ તો કાંઠે બેસીને અમથાઅમથા દરિયાનાં વખાણ કર્યા કરીએ છીએ -- પારાવારને જાણ્યા, માણ્યા કે ઓળખ્યા વિના. માની લો કે આપણે આપણા અનુભવને વાચા આપીએ તો છેવટે તો આપણે કોઈની ને કોઈની સરખામણી કરીને વાત કરવી પડે. સરખામણી કરીએ ત્યારે મૂળ વાત બાજુએ રહી જાય, પણ જેની સાથે

સરખામણી કરીએ એ વાત વિશેષ ઊપસી આવે. કંઈક કહેવા જઈએ તોપણ આપણને કહેવું પડે કે આ અનુભવ આના જેવો કે તેના જેવો છે. શબ્દમાં આખો ને આખો અનુ઼ભવ કદીયે ઊતરતો નથી. આપણો ગીતમાં વહેતો અનુભવ પણ જ્યારે કાગળ પર ઊતરે છે ત્યારે મનના મૂળ ભાવનો તરજુમો કે અનુવાદ છે.

## સુરેશ દલાલ - જય જય જય શ્રીનાથજી...

અમને આપો સંગ-રંગ ને
અમને આપો સાથ જી
જય જય જય શ્રીનાથજી...

જીવન આખું હોય અમારું

આરતીનું અજવાળું જી...

સ્થળે સ્થળે ને પળે પળે

તમને હું તો ભાળું જી

સથવારાનો ઉમંગ ઊછળે

જીવન તમારે હાથ જી....

હોઠ ઉપર છે નામ તમારું

રાસલીલા તો હૈયે જી

અમે કોઈના નથી કદીયે

અમે તમારા છૈયે જી

સ્મરણ તમારું હોય સદાયે

મરણ તમારે હાથ જી...

રણઝણ રણઝણ બજે ઘંટડી

ઝીણો ઝીણો નાદ જી

પડખે આવી હું તો પાડું

હળવે હળવે સાદ જી

કપૂરના આ દીવામાં હું

સૂરજને સંભાળું જી

શ્યામની સાથે ઊગે અમારી

જનમપૂનમની રાત જી...

આરતી શબ્દમાં જ આરત છે. આપણે ત્યાં દીવો પ્રગટાવીને એ દીવાને થાળીમાં મૂકીને દેવદેવીની આરતી ઉતારવાની પવિત્ર પરંપરા છે. આ સંચયમાં શ્રીનાથજીની આરતીનો સમાવેશ કર્યો છે. આપણા પુષ્ટિસંપ્રદાયે ઈશ્વરનું પોતાના કુટુંબીજનની જેમ લાલનપાલન કર્યું છે. શ્રીનાથજીના અષ્ટ સમાની ઝાંખી કરવા માટે ભાવિકોની ભીડ જામતી હોય છે.

થોડાંક વરસો પહેલાંની વાત છે. રૂપા બાવરીના કંઠે શ્રીનાથજીનાં સ્વરચિત પદો પરંપરાગત રીતે ગવાતાં હતાં. મધ્યાંતર પછી મારે વક્તવ્ય આપવાનું હતું. ત્યારે મને પ્રશ્ન થયો કે વીસમી સદીના અંતે અને એકવીસમી સદીના પ્રારંભે આપણે મંગળા, શણગાર, રાજભોગ ઇત્યાદિને કઈ રીતે ઘટાવી શકીએ. મંગળામાં

ઈશ્વરને જગાડવાની વાત છે. ઊંઘમાંથી સામાન્ય માણસને પણ જગાડીએ ત્યારે એની ઊંઘને સખત આંચકો ન લાગે એમ હળવેથી જગાડીએ છીએ. મારો મૂળભૂત પ્રશ્ન એ હતો કે નિદ્રામાંથી મને જગાડનાર ઈશ્વર પોતે. તો જે મને જગાડે છે એને કેમ કહું કે તમે જાગો. પછી શણગાર -- ઈશ્વરનો શણગાર કરીએ છીએ ત્યારે ખરેખર તો આપણું જ રૂપ સવિશેષ નીખરી આવે છે. ઉત્તમના શણગારથી આપણે જ રૂપાળા થતા હોઈએ છીએ. પછી આવે છે ગ્વાલ. કૃષ્ણ હાથમાં વાંસળી લઈને ધેનુ ચરાવવા જાય છે. `ગો'નો એક અર્થ ઇન્દ્રિય થાય છે. આપણી ઇન્દ્રિયોને ઈશ્વર ચરાવતા હોય પછી આપણે ઇન્દ્રિયોના ખોટે ચાળે ન ચઢીએ. રાજભોગમાં તો એવી ભાવના છે કે જ્યાં સુધી ઈશ્વર જમે નહીં ત્યાં સુધી

આપણાથી કશું લેવાય નહીં અને ઈશ્વરના ભોજન બાદ જે મળે છે તે પ્રસાદ છે. ઈશ્વરને જળ પાવાનું છે પણ નેણની ઝારીનું અને ભાવનાઓનું પાનનું બીડું આપવાનું છે. જમ્યા પછી ઈશ્વર પોઢે. પાછા એને જગાડવાના. આફ્ટરનૂન માટે આપણે ત્યાં સંસ્કૃત શબ્દ છે. `અપરાહ્ન'. મને એને માટે સાંજ પહેલાની સાંજ શબ્દ બરાબર લાગે છે. વેણીભાઈએ પણ આવો પ્રયોગ કર્યો છે. સાંજ પહેલાની સાંજનો તડકો મોરપિચ્છ જેવો સુંવાળો અને માખણ જેવો લાગે છે. પછી ભોગ ધરવાનો. ભવસમુદ્રની સાર્થકતા ભાવસમુદ્રમાં જ છે. અને અંતે શયન આવે એ પહેલાં આરતી થતી હોય છે. રાતના કૃષ્ણને પોઢાડવાના હોય તો એમને માટે --

મોરપિચ્છની રજાઈ હોય. મુરલીના સૂરના ઓશીકા હોય. આ બધી ભાવજગતની લીલાઓ નિરૂપી છે.

સામાન્ય રીતે આરતી સમૂહમાં થતી હોય છે અને સમૂહમાં ગવાતી હોય છે. આરતીમાં પ્રથમ દીપપ્રાગટ્ય થાય છે. આપણું સમગ્ર જીવન જો આરતીનું અજવાળું હોય તો એ આરતી ઉતારવાનો આનંદ અનેરો હોય છે. શ્રીનાથજીનો સાથમાત્ર ઝાંખી કરીએ ત્યારે નહીં પણ સ્થળેસ્થળે ને પળેપળે હોવો જોઈએ. હોઠ ઉપર નામ હોય અને હૃદયમાં રાસલીલાની રમણા હોય અને નિરંતર ભક્તિ હોય, એના સિવાય કોઈનું નામ ન હોય. તુકારામ કહે છે એમ પાંડુરંગ સિવાય જો હું કોઈની સ્તુતિ પણ કરું તો મારી જીભના હજાર કટકા થઈ જાય. આ એકનિષ્ઠ

ભક્તિ, ભક્તિની પરાકાષ્ઠા છે. આરતીની પરાકાષ્ઠાએ દીવાને વધુ ને વધુ પ્રજ્વલિત કરવા માટે કપૂરને મૂકવામાં આવે છે. આ કપૂરના દીવાના અજવાળામાં સત્, ચિત્ અને આનંદનો સૂરજ સાંભળી શકાય છે અને શ્યામની સાથે માત્ર શરદપૂનમની નહીં, પણ જનમપૂનમની રાતને ઊજવી શકાય છે.

## સુરેશ દલાલ - રાહ જોઉ છું

રાહ જોઉ છું
કોઈ રસ્તાની ધારે ધારે બેસી સાંજસવારે, તારી રાહ જોઉ છું.
ઊડતાં ઊડતાં પંખીઓ પણ તારું નામ પુકારે, તારી રાહ જોઉ છું.

તારું નામ લઈને આભે સૂર્યોદય પણ થાતો
સૂરજ તારું નામ લઈને સાંજે ડૂબી જાતો.
કદીક આવશે તું એવા અગમ તણા અણસારે, તારી રાહ જોઉ છું.

વનની કેડી વાંકીચૂકી : મારી કેડી સીધી
મેં તો તારા નામની મીઠી કમલ કટોરી પીધી.
રાતની નીરવ શાંતિ : એના રણઝણતા રણકારે. તારી રાહ જોઉ છું.

`રાહ જોઉ છું' એ કવિતાનું નિવેદન પ્રથમ પુરુષમાં છે, જે વાટ જુએ છે તે જ પોતાનો આ અનુભવ વ્યક્ત કરે છે. આ `હું'કોણ છે? તે પોતે કવિ જ છે? કે આ

`હું' એટલે કવિએ નિર્માણ કરેલું રૂપક છે? આ કવિતાનો `હું' વ્યક્તિગત નથી, તે એક અનુભવ વ્યક્ત કરતું રૂપક છે. પોતાનો અનુભવ કલાકૃતિરૂપે સાકાર કરતી વખતે કવિ આ અનુભવ સર્જનશીલ અલિપ્તતાથી નિહાળતો હોય છે. આ સર્જનશીલ અલિપ્તતાને લીધે વ્યક્તિગત `હું'નું રૂપાંતર રૂપકાત્મક `હું'માં થાય છે. એટલે જ સુરેશ દલાલનો આ કવિતાનો `હું' એ કેવળ વ્યાકરણાત્મક નિર્દેશ નથી; આ કવિતાનો `હું' એ અનુભવની નિર્મિતિ છે. આ કવિતાના કેન્દ્રમાં પ્રતીક્ષા છે. પરંતુ એ જ કેન્દ્રમાંથી આ કવિતા ગતિમાન થઈ નથી. જે પ્રતીક્ષા કરવામાં આવે છે તે પ્રતીક્ષાનું એક જુદું કેન્દ્રસ્થાન છે. આ પ્રતીક્ષાના કેન્દ્રમાં છે વિશ્વાસ. `કદીક આવશે તું' આ વિશ્વાસ એટલો સાચો, એટલો ઊંડો છે કે ખરેખર તો અહીં

પ્રતીક્ષા કરવાનું કારણ જ નથી. જેની પ્રતીક્ષા કરવાની, જેને ઉદ્દેશીને `તારી રાહ જોઉ છું' એમ કહેવાનું તેના હોવાનો (presence)નો અનુભવ ક્ષણેક્ષણે થાય છે : ઊડતાં પક્શીમાં, ઊગતાઆથમતા સૂર્યમાં, તેના નામમાં, એટલું જ નહીં પણ રાતની નીરવ શાંતિમાં પણ તેનું અસ્તિત્વ ઉત્કટતાથી જણાય છે, એટલે જ આ પ્રતીક્ષા અને એ જ વખતે તેના અસ્તિત્વની ઉત્કટ પ્રતીતિ એ બે વચ્ચે એક નાટ્યાત્મક વિરોધ (paradox) છે. આ નાટ્યાત્મક વિરોધ આપણને એક ઊડા સંવાદ (harmony) તરફ લઈ જાય છે. આ નાટ્યાત્મક વિરોધ આ કવિતાની કલાત્મક આકૃતિનો પ્રાણ જ છે એમ કહી શકાય.

પ્રતીક્ષા કરનાર વ્યક્તિ `રસ્તાની ધારે ધારે' બેસીને વાટ જુએ છે. આ રસ્તાનું વિશેષણ છે `કોઈ'. આ રસ્તાને વિશેષ એવું નામ કે નિશાની નથી. તે છે કોઈ પણ રસ્તો. આ `કોઈ' વિશેષણ બહુ સરસ આવી ગયું છે. વિશેષણનું કાર્ય નામ વિશે કંઈક કહેવું, નામની આસપાસ નિશ્ચિત ગુણોનું ચોકઠું નિર્માણ કરવું એ હોય છે; પરંતુ `કોઈ' વિશેષણની મજા છે એ કે રસ્તા એ નામને તે રૂઢ ચોકઠાથી મુક્ત કરે છે. આ મુક્તિ એ આ કવિતાનો સંપન્ન અનુભવ છે. તેના હોવાનો અનુભવ એટલો સર્વવ્યાપી, એટલો સર્વગામી છે કે કોઈ પણ નિશાનીના, સંકેતના ચોકઠામાં આ અનુભવ બંદિસ્ત થઈ જ ન શકે. રસ્તાના સંદર્ભમાં `ધારે ધારે' એ દ્વિરુક્તિ પણ આવી જ અર્થપૂર્ણ છે. આ દ્વિરુક્તિ દ્વારા અનેક રસ્તાઓનું સૂચન

થાય છે. અનેક રસ્તાઓ પર બેસીને તેણે વાટ જોઈ છે. આ અનેકત્વના સૂચનને લીધે ચોક્કસ શું થાય છે? રસ્તાનું મહત્ત્વ ઓછું થાય છે ને તે કેવળ નિમિત્ત છે એ વાત સમજાય છે. રસ્તો આમ નિમિત્તમાત્ર ઠરવાથી મહત્ત્વનિર્દેશનું વજન આપોઆપ જ તેના હોવાના અનુભવ પર કેન્દ્રિત થાય છે. બરાબર આ જ વાત `સાંજ-સવારે' એ સમયનિર્દેશથી સિદ્ધ થાય છે. સાંજ કે સવાર કે કોઈ પણ કાલખંડ `કોઈ રસ્તાની ધારે ધારે' એ સ્થળનિર્દેશની જેમ જ નિમિત્તમાત્ર છે. આનો અર્થ એ જ કે તેના હોવાનો અનુભવ સ્થળકાળની સીમાઓને ઓળંગી જનારો છે. સ્થળકાળથી પર લઈ જતો (ટ્રાન્સેડન્સ). આ અનુભવ પહેલી પંક્તિમાં અતિશય સૂચક સામર્થ્યથી વ્યક્ત થયો છે.

વિરોધલયવાળી આ રચના `બેસી' અને `ઊડતાં ઊડતાં' એ બે ક્રિયાપદોની માંડણીથી પણ સાકાર થાય છે. વાટ જોનાર બેસીને વાટ જુએ છે. `બેસી' ક્રિયાપદ સ્થિતિસૂચક છે. જેની વાટ તે જુએ છે તેનું નામ પુકારતાં પક્શી `ઊડતાં ઊડતાં' નામ પુકારે છે. `ઊડતાંઊડતાં' એ ક્રિયાપદ ગતિસૂચક છે. એટલે સ્થિતિ અને ગતિ વચ્ચેનો વિરોધ આ ક્રિયાપદોએ સાધ્યો છે. આ વિરોધને લીધે મૂળ અનુભવ ઉત્કટ થાય છે. કાળા રંગની બાજુમાં સફેદ રંગ મૂકીએ તો વિરોધ (contrast)ને લીધે પ્રતીતિ ઉત્કટ થાય છે તેમ જ અહીં આ ક્રિયાપદોના વિરોધથી સિદ્ધ થાય છે. `ઊડતાં પક્શી' બહુવચનમાં છે. પણ તે જે નામ પુકારે છે તે એકવચનમાં છે. આમાં પણ વિરોધાલયની રચના છે. `બેસી સાંજ સવારે'

અને `તારું નામ પુકારે' એમ બે પંક્તિનો સંવાદી યમક છે. પણ આ બંને યમક એકની પછી એક આવતા નથી. તેમની વચ્ચે `તારી રાહ જોઉ છું' એ પંક્તિ આવે છે અને આ બે યમકના સાથે આવવામાં વિરોધ કરે છે. આ વિરોધને લીધે પ્રતીક્ષાનો ભાવ વધુ ઉત્કટ થાય છે. પહેલી કડીનું નાટ્ય આ વિરોધલયની કલાત્મક બાંધણીમાં આમ સાકાર કર્યું છે. વિરોધલયની આ રચના સમગ્ર કવિતામાં વ્યાપક છે. બીજી કડીમાં `કદીક આવશે તું' અને `તારી રાહ જોઉ છું'ના સાહચર્યમાં, ત્રીજી કડીની `વાંકીચૂકી કેડી' અને `સીધી કેડી', `નીરવ શાંતિ' અને તેનોે `રણઝણતો રણકાર'ના સાહચર્યમાં જ આ વિરોધી લય ગૂંથ્યો છે. તેના હોવાનો અનુભવ પ્રત્યેક ક્ષણે થતો હોવા છતાંયે પ્રતીક્ષા કરતા રહેવું આ બે

બાબતોમાં પણ વિરોધી લય જ છે. વિરોધલયમાંથી સંવાદ નિર્માણ કરવો એ આ કવિતાનું કેન્દ્રભૂત રચનાતત્વ છે. આ વિરોધલયમાંથી સંવાદ નિર્માણ થાય છે એની બીજી એક નિશાની આ કવિતામાં સર્વત્ર વરતાય છે. તે નિશાની એ છે કે પ્રતીક્ષા હોવા છતાંય પ્રતીક્ષામાં અંગભૂત હોય એવી માનસિકતાણ (tension) બિલકુલ વરતાતી નથી. આ પ્રતીક્ષામાં તાણ વ્યક્ત થતી નથી, પણ તેમાંથી સંવાદ (harmony) વ્યક્ત થાય છે.

બીજી કડીમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત આ બે પ્રતિરૂપો છે. આ બંને પ્રતિરૂપો `તારું નામ' સાથે જોડાયેલાં છે. આ બંને પ્રતિરૂપો જે પંક્તિઓમાં ગૂંથ્યાં છે તેમની રચના લાલિત્યપૂર્ણ છે. `તારું નામ' એ શબ્દો સૂર્યોદય અને સૂર્યાસ્ત એ વિરોધી

કાલખંડોને સંવાદી ભાવથી એકાત્મક કરે છે. પરંતુ આમ હોય તોયે આ પ્રતિરૂપો અહીં પહેલી કડી જેટલી પ્રભાવશીલતાથી નવનિર્મિતિની પ્રતીતિ કરાવતાં નથી, એ તેમની મર્યાદા પણ જણાય છે. આ પ્રતિરૂપો નવનિર્મિતિની પ્રતીતિ કેમ નથી કરાવતાં? તેમની આ મર્યાદા ચોક્કસ શેમાંથી નિર્માણ થઈ છે? આ મર્યાદા નિર્માણ થવાનાં કારણો મને જણાય છે તે આ : કવિતાના પ્રારંભમાં `સાંજ-સવારે' એ પ્રતિરૂપ આવ્યાં છે તેથી બીજી કડીમાં સૂર્યોદય અને સાંજ એ બંને પ્રતિરૂપની પુનરુક્તિ થાય છે. એટલે સ્વાભાવિકપણે જ તેમનું નાવીન્ય નષ્ટ થાય છે. (2) સૂર્યોદય અને સાંજ આ બંને પ્રતિરૂપોમાં રંગસંવેદના વ્યક્ત કરવાની શક્યતા હતી. પરંતુ અહીં આ બંને પ્રતિરૂપો સંવેદનાનુભવના સ્તરે જતાં નથી, sensuous

થતાં નથી, આ પ્રતિરૂપો `સૂર્યોદય પણ થાતો', `સૂરજ સાંજે ડૂબી જાતો' એવાં વિધાનાત્મક બને છે. આ વિધાનો (statements) એટલે કેવળ ભાષિક રૂઢિ છે. ભાષિક રૂઢિ કવિતામાં આવે એટલે નવનિર્મિતિનો સ્પર્શ ગુમાવી દે છે. આ બીજી કડીમાં રસભંગ કરતી બીજી એક બાબત છે. તે `કદીક આવશે તું એવા અગમ તણા અણસારે' એ પંક્તિનો માત્રાદોષ. અહીં બે માત્રા ઓછી છે, એવું કેવળ વ્યાકરણાત્મક વિધાન મારે કરવું નથી, મારે કહેવું છે તે એ કે આ માત્રાદોષને લીધે નાદપ્રવાહ વિકૃત થાય છે અને કવિતાના મૂળ અનુભવને આઘાત લાગે છે. `અગમ તણા અણસારે' એ અતિશય સમર્થ અભિવ્યક્તિ પણ તેને લીધે પોતાની કંઈક શક્તિ ગુમાવે છે. કવિતાની પંક્તિઓમાં વ્યક્ત થતો નાદપ્રવાહ કેવળ

શાબ્દિક રમત નથી હોતો. આ નાદપ્રવાહ કવિતામાં વ્યક્ત થતાં સંપૂર્ણ અનુભવનો એકજીવ (organic) ઘટક હોય છે. `કદીક આવશે તું' અને `એવા અગમ તણા અણસારે' એ એક જ પંક્તિના બે ભાગ નાદપ્રવાહની ગતિથી એકબીજામાં વિલીન થવા જોઈએ : કારણ કે કદીક આવશે તું એ વિશ્વાસ અને અગમ તણા અણસાર આ બાબતો મૂલતઃ અભિન્ન જ છે. તે એકની પછી એક આવે છે એ વાક્યરચનાની અને એક અર્થમાં ભાષાની જ મર્યાદા છે. ભાષાની આ મર્યાદાને અહીં નાદપ્રવાહની ગતિથી જ અતિક્રમી જવાય. માત્રાદોષને લીધે અહીં બરોબર આ જ બાબત થતી નથી. ત્રીજી કડીમાં `વનની વાંકીચૂકી છે કેડી' અને `મારી સીધી કેડી' એવો વિરોધ સાધ્યો છે. સીધી કેડી એ અતિશય સંુદર

પ્રતિરૂપ છે. વિરોધથી તેનું સામર્થ્ય વધે છે. મારી કેડી સીધી' એમ કહેવામાં એક ઊંડો અર્થ છે. આ રૂપક દ્વારા હૃદયની સરલતા વ્યક્ત થાય છે. તેના અસ્તિત્વની પ્રીતિ પંડિતી દલીલોથી થઈ નથી. આ સાક્ષાત્કાર માટે કોઈ પણ તત્ત્વજ્ઞાન ઊભું કર્યું નથી. પાંડિત્યના વનમાં દલીલોની અનેક વાંકીચૂકી કેડીઓ છે, પણ તેના અસ્તિત્વની પ્રતીતિ કરનાર એ કેડીઓ તરફ ફરક્યો નથી. તેની કેડી `સીધી' છે. અંતઃસ્ફુર્ત સહજતાથી તેના અસ્તિત્વની પ્રતીતિ થઈ છે. તેના નામની મીઠી કમલ-કટોરી તેણે પીધી છે. આ અંતઃસ્ફુર્ત સહજતાને લીધે જ તે દ્વંદ્વથી પર જાય છે. નીરવ શાંતિ અને રણઝણતા રણકાર, રવ અને નીરવ વચ્ચેનું દ્વંદ્વ આ સહજસમાધિમાં ઓસરી જાય છે. નીરવતામાં સંગીત સંભળાય છે અને સંગીતમાં

નીરવતા અનુભવાય છે. હવે વિરોધ એક જુદા જ સ્તર પર સંવાદી બને છે. આ સ્તર એટલે દ્વંદ્વોથી પેલે પારની અવસ્થા છે. હવે તે વાટ જુએ છે અને વાટ નથી પણ જોતો. નામ અને નામાતીત થવાની સીધી કેડી છે, સમગ્ર કવિતામાં વિરોધની બાંધણી આમ અર્થપૂર્ણ થાય છે. કવિતાના પ્રારંભમાં આવતા `બેસી' ક્રિયાપદથી વ્યક્ત થતી સ્થિતિ એ કેવળ શારીરિક અવસ્થા નહોતી; પણ તે સહજ સ્થિતિ હતી એ હવે કવિતાના અંતમાં સમજાય છે. તેથી પ્રારંભ અને અંત વચ્ચે કાળે નિર્માણ કરેલું દ્વંદ્વ નષ્ટ થાય છે, એટલું જ નહીં કાળની સભાનતા જ રહેતી નથી.

મંગેશ પાડગાંવકર ૦ અનુ. જયા મહેતા

## સુરેશ દલાલ - મીરાં

મંદિર સાથે પરણી મીરાં, રાજમહેલથી છૂટી રે!
કૃષ્ણ નામની ચૂડી પહેરી, માધવની અંગૂઠી રે!

આધી રાતે દરશન માટે આંખ ઝરૂખે મૂકી રે :
મીરાં શબરી જનમજનમની જનમજનમથી ભૂખી રે!

તુલસીની આ માળા પહેરી મીરાં સદાની સુખી રે :
શ્યામ શ્યામનો સૂરજ આભે, મીરાં સૂરજમુખી રે!

કાળી રાતનો કંબલ ઓઢી મીરાં જાગે સૂતી રે :

ઘાયલ કી ગત ઘાયલ જાણે : જગની માયા જૂઠી રે!

આપને પહેલી વખત મળ્યો એ પહેલાં પુરુષોત્તમ ઉપાધ્યાય પાસેથી આપની કવિતા સાંભળેલી, છતાં આ કવિતાની પંક્તિઓ મારી કથામાં સહજ રીતે રજૂ પામતી રહે છે. તમે પૂછ્યું એટલે નથી કહેતો પરંતુ નીચેની પંક્તિઓ મને બહુ અસર કરી ગઈ :

મીરાં શબરી જનમજનમની જનમજનમથી ભૂખી રે, મંદિર સાથે પરણી મીરાં.

શું આ દેશની સંસ્કૃતિ, આ દેશની આધ્યાત્મિક ભાવના, આ દેશનું સમર્પણ કે મીરાં મંદિર સાથે પરણી ગઈ! એ જે વિચાર તમારા હૃદયમાંથી સ્ફુર્યો હશે એ

કેટલો પુરાણો વિચાર છે! મંદિરની ચાર પરિક્રમા કરવાનો રિવાજ છે તે એ જ કે તું અહીં પરણવા આવ્યો છે કે ખાલી સગાઈ કરવા? મને એમાંની સાહિત્યદૃષ્ટિ બહુ સુંદર લાગે છે.

શ્યામ શ્યામનો સૂરજ આભે, મીરાં સૂરજમુખી રે,

મંદિર સાથે પરણી મીરાં.

- મોરારિબાપુ

o

કવિશ્રી સુરેશ દલાલરચિત એક ગીત હમણાં વાંચ્યું : `મીરાં' અને એ ગીત સમગ્ર સંવેદનતંત્રમાં પ્રસરી ગયું. આ ગીત તો અગાઉ પણ વાંચેલું. છતાં ત્યારે આવું કશું કેમ નહોતું બન્યું એવો પ્રશ્ન થયો. ઘણી મથામણ પછીય સાચો જવાબ જડ્યો નહીં. પરંતુ થોડાં અનુમાનો કરી જોયાં. વિશ્વનું રહસ્ય જેમાં ઉકેલી બતાવાયું છે એ અઢાર ગણિતી ચિહ્નો અને અક્ષરોની આઇન્સ્ટાઈનરચિત સંજ્ઞા પણ એક કાવ્ય જ છે. વિશ્વનું રહસ્ય ઉકેલવા માટે વૈજ્ઞાનિક દૃષ્ટિ, નિષ્ઠા, સહૃદયતા, સક્રિયતા અને શ્રદ્ધા જોઈએ. કાવ્યને ઉકેલવા માટે પણ એવી જ તત્પરતા જોઈએ.

પણ આવી તત્પરતા કઈ રીતે નિપજાવવી?

મીરાંનું નામ આવે એટલે સાદગી અને સરળતા આપોઆપ કેમ આવી જતાં હશે? મીરાંની વાત કહેતાં શબ્દકોશનાં પાનાં ચૂપ થઈ જાય ને હૃદયકોશ ઊઘડી જાય છે એમ કેમ થતું હશે? હૃદયકોશ ઊઘડે તો જ મીરાંમાં પ્રવેશવું શક્ય છે. મીરાં મળે ત્યાં કૃષ્ણ પણ છેટા ન હોય. કોઈ સંતે કહ્યું છે કે મદને ઉતારીને વાંચો તો મીરાંના પદમાં પ્રવેશ મળે. કવિએ `મીરાં મંદિર સાથે પરણી' એમ કહી વાત શરૂ કરી છે. પરંતુ આગળ કશું બનવાનું નથી. કાવ્યમાં તો કશું બનતું નથી તે વાત છે. તમે ફરતો ગરિયો જુઓ છો ત્યારે તે ફરતો હોવા છતાં સ્થિર લાગે છે. આ કાવ્ય પણ એમ જ, જે ધરી પર છે ત્યાં સક્રિય છે. તેમ છતાં ક્યાંય ગતિ કરતું નથી. `મીરાં પરણી' એ પછી કોઈ ઘટના શેષ રહેતી નથી. લગ્ન પછીના

ખાલી લગ્નમંડપમાં શૂન્યતાનો જે અજબ માહોલ હોય છે તેવો જ અહીં ભર્યોભર્યો ખાલીપો છે.

મીરાં `શ્યામ સાથે' પરણી એમ કહેવાને બદલે `મંદિર સાથે' પરણી એમ કવિએ કહ્યું તેથી `મંદિર' પર મન કેન્દ્રિત થાય. આ મંદિર એટલે અખિલ વિશ્વ. વિશ્વમંદિર. ઈટચૂનાનો સ્થૂળ તાબૂત નહીં. રાણાનું શાસન, રાણાના રાજપાટ સુધી, વિશ્વ પર નહીં. રાણાનું સાંકડું મંદિર છોડીને મીરાં એ મંદિરને પરણી, જેના પર વિશ્વંભરનું શાસન છે, જેને વિશ્વંભરે પોતા વડે ભર્યું છે. એ મંદિર એટલે બ્રહ્મસંહિતામાં બ્રહ્મજ્યોતનું `નિષ્કલંક અનંત અશેષ ભૂતમ્' અર્થાત્ `ભૌતિક ગુણોથી મુક્ત' અવિભાજિત અને અમર્યાદિત એવું જેનુ઼ં વર્ણન છે એ વિશ્વ.

મંદિર સાથે પરણી મીરાં, રાજમહેલથી છૂટી રે

અહીં `રાજમહેલ' શબ્દના જે-જે વાચ્યાર્થો ને વ્યંજનાઓ છે તે સહિત તમામ સંદર્ભોથી મીરાં છૂટી એવું કવિને અભિપ્રેત છે. એમ લાગે.

એથી જ લાગે છે કે મીરાં `મંદિરને' પરણી એમ નહીં, `મંદિર સાથે' પરણી એમ કહેવાયું તે ભાષાનું છળ નહીં, ભાવનું બળ છે અને એટલે તરત સ્પર્શે છે.

મીરાં મંદિરમાં ભળી ગઈ ને મંદિર મીરાંમાં. પછી રહિતતાના કે સહિતતાના સંદર્ભો જ ક્યાં રહે છે? મંદિર એ જ મીરાં, મીરાં એ જ મંદિર એવું એક અર્ધવર્તુળ

દોરાય છે ને સાથેસાથે, મંદિર એ જ શ્યામ-વિશ્વંભર એવું બીજું અર્ધવર્તુળ તેમાં જોડાય છે, એટલે એક અખંડ ને પરિપૂર્ણ વર્તુળ બને છે.

આવી નિરતિશય પરમાનંદની ક્ષણે પ્રતીક્ષા કે એનું કારક મન પણ નિ:શેષ છે તો પછી આમ કેમ કહેવાયું કે :

આધી રાતે દરશન માટે આંખ ઝરૂખે મૂકી રે

મીરાં એક વિરાટ સંવેદનપિંડ છે. તર્કાતીત ઘટના છે એવી ભાવપ્રસન્નતા વિના મીરાંનો તાળો નહીં મળે. (તેમ છતાં તર્ક ઊઠ્યો જ છે તો તેને હમણાં ખિસ્સામાં રાખો, એનું સમાધાન પછીથી શોધીશું?)

આધી રાતે દરશન માટે આંખ ઝરૂખે મૂકી રે

અરધી રાત થવાં છતાં પ્રિયમિલનથી વંચિત મીરાંનું સફળ મીરાંત્વ સમેટાઈને ઝરૂખો બની જાય ને એ ઝરૂખાનેય વાચા ફૂટે.

મીરાંની આરત અને વલવલાટ એ કોટિએ પહોચ્યો છે જે કોટિએ શબરીની રામદર્શન માટેની તાલાવેલી પહોચેલી.

મીરાં શબરી જનમજનમની જનમજનમથી ભૂખી રે

પીડા મીરાં અને શબરીનું અદ્વૈત રચે છે અને વચ્ચેથી યુગો ખરી પડે છે. ઝરૂખો બનેલી આંખ મીરાંની છે તો એમાં દર્શનની તાલાવેલી શબરીની છે. નામફેરે

મીરાં જ શબરી છે, જેમ નામફેર શ્યામ એ જ રામ છે, `રામ : શસ્ત્રભૃતામહમ્' (શસ્ત્રધારીઓમાં હું રામ છું) એમ ખુદ શ્રીકૃષ્ણે જ ગીતામાં કહ્યું છે ને?

તુલસીની આ માળા પહેરી મીરાં સદાની સુખી રે

તર્કવાદીઓ અહીં ફરી કોચવાય એવું છે. `પરમપદ પામ્યા પછી મીરાંને સુખદુ:ખનાં દ્વંદ્વો રહે છે જ ક્યાં? તો પછી `મીરાં સદાની સુખી' એમ કવિએ કેમ કહ્યું છે?' આવો તર્ક જેને થાય તેણે ``મીરાં સદાની સુખી'' અને `તુલસીની આ માળા પહેરી' આ બે પદ ઊલટાવીને વાંચી જોવા જોઈએ. રાજમહેલ એટલે સુખ. એમ મીરાંને ક્યારેય અભિપ્રેત નહોતું. `સુખી' વિશેષણનો હિન્દી અર્થ `સુકાયેલી'

એવો થાય એને અહીં ખપમાં લઈને અન્વય યોજીએ તો કૈક આવું પમાય. રાજમહેલમાં...તુલસીની માળા ધારણ કરનાર મીરાં સુકાઈ ગઈ હતી. (વિરહપીડાથી) તે શ્યામરૂપી સૂરજ (ચિદાકાશ)માં ઊગતાં પ્રફુલ્લ-સૂરજમુખી બની ગઈ. આવા સ્વૈર અન્વય માટે કવિ વાંધો નહીં ઉઠાવે.

શ્યામ શ્યામનો સૂરજ આભે, મીરાં સૂરજમુખી રે.

મીરાં એક એવા અલૌકિક ધ્રુવપ્રદેશમાં જઈ પહોચી છે જ્યાં અર્ધી રાત્રે શ્યામ સૂર્ય ઊગે છે. જ્યાં આપણા વિશ્વનાં ટાઇમટેબલો અસ્તવ્યસ્ત ને અવળાં થઈ

જાય છે. જ્યાં સ્વયં `શ્યામ' સૂર્યરૂપે ઊગતાં બધા ફટકિયા રંગો આથમી જાય છે. મીરાંની વાત જ એવી છે. એમાં ભલભલાં વ્યાકરણો ડૂચો થઈ જાય.

મીરાંની આંખમાં તો એનો શ્યામ છે તેથી સૂરજ સુધ્ધાં કાળો છે. સૂરજ પણ છે ને રાત પણ છે તેથી જ -- `કાળી રાતનો કંબલ ઓઢી મીરાં જાગે સૂતી રે.'

(પેલો ખિસ્સામાં મૂકેલો તર્ક બહાર કાઢો.) અગાઉ કવિએ `આધી રાતે દરશન માટે આંખ ઝરૂખે મૂકી રે' એવું કહ્યું તો અહીં `મીરાં જાગે સૂતી' એમ ક્હ્યું. કહેવું હોય તો કહી શકાય કે ગોપીઓને રીઝવવા માટે એકએક ગોપીનો એકએક કાન એવી શ્રીકૃષ્ણે જે માયા રચી હતી એવી જ આ માયાવી વાત છે. જેટલી ક્ષણો

એટલી મીરાં! ઝરૂખે ઊભેલી મીરાં, તુલસીની માળા પહેરેલી મીરાં, શ્યામ સૂરજની સૂરજમુખી મીરાં, કાળી રાતનો કંબલ ઓઢી સૂતી જાગતી મીરાં. પણ આ બધાં મીરાંરૂપો તો રાજમહેલમાં રહેતી મીરાંનાં છે. મીરાં મંદિર સાથે પરણી તે સાથે જ બધાં મીરાંરૂપોય પરણ્યાં ને શ્યામ અને મીરાં પરસ્પરમાં ભળી ગયાં તે સાથે જ માયા નિ:શેષ થઈ ગઈ. આ બધા મીરાંના પૂર્વાનુભવો કે પૂર્વભવોની વાત છે. એટલે ફરી એ જ વાત કે અહીં કશું બનતું નથી. આઠ પંક્તિના ગીતમાંથી ફ્લેશબેક બાદ કરો તો માત્ર એક પંક્તિનું ગીત શેષ રહે -- `મંદિર સાથે પરણી મીરાં... જગની માયા જૂઠી રે' મીરાંબાહ્ય સૃષ્ટિમાં મૃત્યુ સિવાય કોઈ ઘટના ક્યાં બને છે? મૃત્યુ પોતે જ એક સનાતન ઘટના છે. બાકીની અન્ય ઘટનાઓનું કોઈ

મૂલ્ય નથી. મૃત્યુબાહ્ય ઘટના તે મીરાં -- આવાંઆવાં અનેક ભાવસંચલનો પ્રેરતું મીરાંકાવ્ય `જગની માયા જૂઠી' કહેતું અટકે છે ત્યારે આપણા કોઈ નકારને અવકાશ છે ખરો ? આચાર્ય રજનીશજીનો હવાલો આપતાં સુરેશ દલાલે એક જગાએ મીરાંના સંદર્ભે લખ્યું છે `મીરાંએ ટેબલખુરશી પર બેસીને ગીતો નથી લખ્યાં, મીરાં ગીત લખતી નથી. ગીત મીરાંને લખે છે. મીરાં પોતે ગીત છે.'

અને છેલ્લે આ ઉદ્ગારમાં મારા તરફથી એક વાક્ય ઉમેરું કે -- `મીરાં પોતે ગીત છે અને આ ગીત ટેબલખુરશી પર બેસીને વાંચવાનું ગીત નથી.'

- રમેશ પારેખ

## હરિહર ભટ્ટ - એક જ દે ચિનગારી

એક જ દે ચિનગારી મહાનલ!
એક જ દે ચિનગારી. ધ્રુ૦

ચકમક લોઢું ઘસતાં ઘસતાં
ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડ્યો,
ન ફળી મહેનત મારી. 1

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,
સળગી આભ-અટારી;

ના સળગી એક સગડી મારી

વાત વિપતની ભારી. 2

ઠંડીમાં મુજ કાયા થથરે,

ખૂટી ધીરજ મારી;

વિશ્વાનલ હું અધિક ન માગું,

માગું એક ચિનગારી. 3

હરિહર ભટ્ટ જાણે કે વન પોએટ્રી પોએટ છે. એમનું આ કાવ્ય એટલું પ્રસિદ્ધ છે કે ગાંધીજીએ એનો `આશ્રમ ભજનાવલિ'માં પણ સમાવેશ કર્યો છે. કવિએ ઈશ્વરની

કલ્પના મહાનલ તરીકે, મહાઅગ્નિ તરીકે કરી છે. સવારના જાગીએ છીએ ત્યારે આપણે સૂર્યનારાયણને નમસ્કાર કરીએ છીએ. આ સૂર્યનારાયણ જ આપણા સત્યનારાયણ. ગાંધીજી તો કહેતા કે સત્ય એ જ પરમેશ્વર. આપણા જીવનમાં ભેજ ઘણો છે. આપણને જે જોઈએ છે તે સૂર્યનું તેજ. શિયાળાનો સૂર્ય આપણને હૂંફ આપે અને ઉનાળાનો સૂર્ય આપણને દઝાડે. પણ અહીં પળેપળે પલટાતી મોસમની વાત નથી. કવિ પ્રાર્થનામાં અઢળક કશું જ માગતા નથી. મહાનલ પાસેથી કેવળ એક ચિનગારી માગે છે. ઈશ્વર પાસે માગવું માણસનો અધિકાર છે અને આપવું કે ન આપવું એ ઈશ્વરની અધિકારભરી જવાબદારી છે. સુંદરમે તો એક પ્રાર્થનામાં ગાયું :

જીવન જ્યોત જગાવો, પ્રભુ હે, જીવન જ્યોત જગાવો.

અગ્નિ ફૂંક આપે છે. ભેજને સૂકવી દે છે. એવું નથી કે માગનારે કોઈ પુરુષાર્થ નથી કર્યો. માણસ ગમે એટલો પુરુષાર્થ કરે પણ એ પુરુષાર્થમાં ઈશ્વરની કૃપા ભળે તો એને કર્મયોગ કહેવાય. બાકી બીજું બધું રોજીરોટીનું કામ ગણાય. આ અગ્નિ માટે માણસથી થાય એટલું બધું જ એણે કર્યું છે. આખી જિંદગી ચકમક લોઢું ઘસતાંઘસતાં ખર્ચાઈ ગઈ. આપણો કેટલો બધો સમય મૂળ વસ્તુ પ્રાપ્ત કરવા માટે જતો હોય છે અને ઘણી વાર આપણને ફળરૂપે નિષ્ફળતા જ મળે છે. ચિનગારીની ઝંખના હતી અને એકાદ તણખો પણ ન મળે. મહેનત બધી નકામી ગઈ. માણસને મહેનત કર્યા પછી જ માગવાનો અધિકાર છે. જે માણસ મહેનત

પછી માગે છે એ માણસ માગણ ન કહેવાય, પણ કાંઈ પણ કર્યા વિના જે માણસ માગતો હોય છે કે લૂંટફાટ કરતો હોય છે એ માત્ર માગણ નથી પણ રાવણની મનોદશા ભોગવતો આસુરી જીવ છે.

કાર્ય કર્યા જ કરું છું. કશું જ વળતું નથી. બહાર જોઉ છું તો બધું દેખાય છે અને ભીતરથી દાઝું છું. આકાશમાં ચંદ્ર સળગે છે. સૂરજ સળગે છે. આખી આભ-અટારી પ્રકાશથી દૈદીપ્યમાન થઈ જાય છે. મારી માગણી મામૂલી પણ છે ને મહામૂલી પણ છે. મારી તો એક સગડી સળગે એટલી ચિનગારી મળે તો મારે મન તો ભયોભયો. મારી વિપત્તિ જ આ છે. હું જે માગું છું તે મળતું નથી. હવે હું થાક્યો છું. ઠંડીમાં કાયા થથરે છે. હૂંફ આપનારું કોઈ સત્ત્વ કે તત્ત્વ નથી. મારી

ધીરજ ખૂટી ગઈ છે એટલે ફરી ફરીને એક વ્યક્તિ તરીકે વિશ્વાનલ પાસે એક ચિનગારી જ માગીશ, જે આપણા ચૈતન્યને જાગ્રત કરે. સત્, ચિત ને આનંદ આપે એ ચિનગારી જ કહેવાય.

કવિ સુંદરમે એક કાવ્ય લખ્યું છે એના અંતરા સાથે આપણે વાતને સમેટીએ,

એક પાંદડી આપો
આખું ફૂલ નહીં માગું
એક પાંદડી આપો રે મારા રાજ
આખી રે વસંત મારી એ રહી.

## હરીન્દ્ર દવે - માધવ ક્યાંય નથી મધુવનમાં

ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં, માધવ ક્યાંય નથી..

કાલિન્દીના જળ પર ઝૂકી, પૂછે કદંબડાળી,
યાદ તને, બેસી અહીં વેણુ, વાતા'તા વનમાળી?
લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાં, માધવ ક્યાંય નથી..

કોઈ ન માગે દાણ, કોઈની આણ ન વાટે ફરતી,
હવે કોઈ લજ્જાથી હસતાં, રાવ કદી ક્યાં કરતી!
નંદ કહે જશુમતીને, માતા લાલ ઝરે લોચનમાં. માધવ ક્યાંય નથી..

શિર પર ગોરસમટુકી, મારી વાટ ન કેમે ખૂટી,
અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફૂટી.
કાળજ કહે આંખોને, આંખો વાત વહે અંસુવનમાં. માધવ ક્યાંય નથી....

કવિની વાણીમાં આકાર પામે ન પામે ત્યાં તો કોઈકોઈ કાવ્યપંક્તિ લોકજીભે રમતી થઈ જાય છે. હરીન્દ્રની `માધવ ક્યાંય નથી મધુવનમાં' આપણા સાહિત્યની એવી એક પંક્તિ છે; અને છે તો `માધવ ક્યાંય નથી' એટલા ઉદ્ગારથી જ જાણે કે ઘણુંઘણું કહેવાતું હોય છતાં ઘણુંઘણું વણકહેવાયેલું રહેતું હોય એવો અજંપો મનમાં રહે છે. વૃંદાવન છોડી કૃષ્ણ મથુરા ગયા એની વિરહવેદના આખા ગોકુળના મુખમાં મૂકી સદીઓથી આપણા અનેક કવિઓ ગાતા આવ્યા છે.

ગળથૂથીમાં મળતો આપણો એ સાહિત્યવારસો અત્યંત સમૃદ્ધ હોવા છતાં આપણા કવિઓને એનું આકર્ષણ એટલું બધું રહેતું આવ્યું છે કે પુનરાવર્તનદોષની ચિંતા કર્યા વિના પોતપોતાની આગવી રીતે કવિઓ પેઢી દર પેઢી રાધાકૃષ્ણ ને ગોપગોપીઓનાં ગીતો લખતા જ રહે છે, આ કવિતાઓ પૈકી કેટલીક તો મૌલિકતાની મુદ્રા સાથે નરસિંહ, મીરાં, દયારામ જેવા પાસેથી મળેલા વારસામાં ચિરંતન સ્થાનની અધિકારી બને છે, `માધવ ક્યાંય નથી મધુવનમાં' આપણું એવું એક નીવડેલું ગીત છે.

આ ગીત માટેનો હરીન્દ્રનો પક્ષપાત એમની એક નવલકથા માટેનું શીર્ષક એમને એમાંથી મળ્યું છે તે ઉપરથી પણ જોઈ શકાશે. હરીન્દ્રની રાધાકૃષ્ણલગન એમનાં

બીજાં કેટલાંક કાવ્યોમાં પણ વ્યક્ત થઈ છે અને તે દરેક સ્થળે એ હૃદયંગમ બની છે. તોફાની કાનુડાને જશોદાએ હીરના દોરાએ બાંધ્યો છે, તેનું વર્ણન કરતાં જે ભાવ એમના હૈયામાં ઘૂંટાય છે તે નીચેની પંક્તિઓમાં કેવી આર્દ્રતાથી વ્યક્ત થાય છે :

કોમળ આ અંગ પરે કાપા પડે છે જેવા આંગળીથી માખણમાં આંક્યા -

કોઈ જઈને જશોદાને કહો રે, કાનુડાને બાંધ્યો છે હીરના દોરે.

`શ્યામ સમણે મળ્યા' કે `રાત રૂપે મઢી' જેવાં ગીતોમાં રમતા ભાવો જાણે `માધવ ક્યાંય નથી મધુવનમાં' એ ગીતમાં પૂર્ણપણે વિકસવા મથતા હોય એ રીતે લાંબા વખત સુધી મનમાં ઘૂંટાતા રહે છે.

વૈષ્ણવ કવિઓને કૃષ્ણનું આકર્ષણ હોય જ, પરંતુ ભારતમાં તો એણે સંગીતના ઇષ્ટદેવનું સ્થાન લાંબા સમયથી પ્રાપ્ત કરેલું છે. મુસ્લિમ ગવૈયાઓના કાન પર રમતો `કાના બિના ગાના ક્યા?' -- એ ઉદ્ગાર જેમ કૃષ્ણ માટે મુસ્લિમ ગવૈયાઓના અહોભાવનું પ્રતીક છે તેમ ભારતને ભાવાત્મક એકતા માટેની મુસ્લિમ ગવૈયાઓની સાંસ્કૃતિક દેણગી છે.

કૃષ્ણ માટેનું આ આકર્ષણ દલપત નર્મદથી ગુજરાતી કવિતા સાંપ્રદાયિકતાના વર્તુળમાંથી બહાર આવતી થઈ તે પછી પણ ઘટ્યું નથી. છંદમુક્તિ માટે મથતા આપણા અનેક યુવાન કવિઓ રાધાકૃષ્ણની વાત આવતાં નવાનવા લય અને પ્રતીકો તરફ વળે છે અને એમાંથી સર્જનનો અખંડ આનંદ અનુભવે છે. હરીન્દ્ર આપણા આવા કવિઓ પૈકીના છે .એમનું `માધવ ક્યાંય નથી મધુવનમાં' મધુવન છોડી ગયેલા કૃષ્ણના વિરહથી ગોપીઓને થતી વેદનાની કવિતાના આપણા સમૃદ્ધ વારસાની યાદ તાજી કરાવતું ચિરઆસ્વાદ્ય વિરહગીત છે.

આ ગીતમાં રાધાની વિરહવેદના આખા મધુવનની વિરહવેદના બનીને આપણી સમક્ષ આવે છે. મધુવનમાં કશુંક બની ગયું છે, માધવની શોધ ચાલી રહી છે

અને એ વાત ચોમેર ફેલાઈ રહી છે એ ચિત્રાત્મક રીતે ગીતના પ્રારંભમાં જ કહેવાયું છે. કોઈ અણધાર્યો આઘાત આવતાં કોઈક સ્વજન આગળ હૈયું ખાલી કરવું એ એક સહજ ક્રિયા છે. મધુવનમાં એ આઘાત જેને નથી લાગ્યો એવું કોણ હતું? નંદ, જશોદા, ગોપ, ગોપી, ધેનુ વગેરે તો આંસુભરી આંખે ચોમેર શોધે પણ માધવને અત્યંત પ્રિય એવાં ફૂલ શું કરે? એટલે દૂર સુધી એની નજર પહોચે? પોતાની આ વેદના એક ફૂલથી બીજે જતા ભમરાને કહેવાનું મળતાં તેને કેવો આશાનો નાજુક તાર સાંપડ્યો હશે? ભમરો બાપડો શું કરે! ગુંજનથી આખા મધુવનમાં એ સમાચાર પ્રસારે છે કે :

માધવ ક્યાંય નથી મધુવનમાં

આ વાત કહેતાં ઊડેઊડે એના મનમાં જરૂર એમ હશે કે ક્યાંકથી ઝટ એનો પ્રતિકાર થશે કે ના, ના, એ ખરું નથી. સંતાકૂકડી તો એની જ ને! કાલીનાગને નાથવા કેવો એ જમનાના ઊંડા ધરામાં અલોપ થઈ ગયો હતો! અબઘડી આવ્યો જ જાણો! આવી મુગ્ધ આશા સેવવા છતાં આખા મધુવનને વેદના સાથે એને કહેવું પડે છે કે માધવ ક્યાંય નથી. પ્રારંભની બે પંક્તિ કાને પડતાં આવું કેટકેટલું આપણા મનમાં સ્ફુરી રહે છે! એ પંક્તિઓમાં રહેલા વર્ણો એને કેટલું બધું અર્થગર્ભ બનાવે છે! ઓષ્ઠસ્થાનીય વ્યંજન ફ અને ઓષ્ઠસ્થાનીય સ્વર ઉની સંધિથી બનેલા ફૂ સાથે બીજા ઓષ્ઠસ્થાનીય ભ અને મથી સધાતી વર્ગસગાઈ અને તેમાં ગૂંથાતા દંત-ઓષ્ઠસ્થાનીય વ તથા દંતસ્થાનીય ધ-ના કલાત્મક

તાણાવાણાથી સર્જાતી સંવાદિતાના માધુર્યથી આખું ગીત પ્રસ્પંદિત થાય છે; અને એને અસીમ વિસ્તાર મળે છે. `માધવ ક્યાંય નથી મધુવનમાં'ના ત્રણ `આ'થી. એનાથી જાણે કે અનંત સુધી વિસ્તરતું હોય એવું મધુવન તેમાંના `ક્યાંય' શબ્દથી હૃદયને લાગતા પ્રચંડ ધક્કા સાથે આપણી કલ્પનામાં કંડારાઈ રહે છે, એને બાજુના પાંચપાંચ વર્ણો વચ્ચેના `નથી'માંના `ન' અને દીર્ઘ `થી' લઈને જે-જે દૃઢ બંધ મળે છે તે એ પંક્તિમાં રહેલા રૂપ અને લયને કેટલી બધી રમણીયતાથી ભરી દે છે!

આમ વર્ણસગાઈ અને તે પણ સસ્થાનીય વર્ણોની વર્ણસગાઈથી સધાતા નાદતત્ત્વવાળી આ પ્રારંભિક પંક્તિઓના જેવી સગાઈઓ આખા ગીતમાં

અસ્ખલિત રીતે સધાતી રહે છે અને જૂનાં પ્રતીકો નવી રીતે રજૂ થતાં રસસભર ચિત્રાત્મકતા સર્જાય છે. રાધાકૃષ્ણનાં ગીતોમાંનું એવું એક આકર્ષક પ્રતીક કદમ્બ આ ગીતમાં વેદનાગ્રસ્ત મધુવનના એક આત્મીય તરીકે પ્રવેશે છે. કૃષ્ણવિરહના ભારથી જાણે કે ઝૂકી જતી તેની એક ડાળી કાલિન્દીને પોતાની વેદનામાં સહભાગી બનાવતી પૂછે છે :

યાદ તને બેસી અહીં વેણુ વાતા'તા વનમાળી?

જેના સૂર સંભળાતાં જમનાનાં નીર થંભી જતાં, ગાયોનાં ધણ થનગનાટ કરતાં દોડી આવતાં, ગોપીઓ કુળમર્યાદા છોડી સૂધબૂધ ભૂલી ઘેલી બનતી તે વેણુનું

નામ સાંભળતાં જ કાલિન્દીમાં લહેરો જાગી ગઈ અને વમળોને પૂછવા મંડી, વમળે સ્મરણોથી ધબકતો નિ:શ્વાસ નાખ્યો :

માધવ ક્યાંય નથી મધુવનમાં

મૌનમાં વાત કરતી પ્રકૃતિનાં તત્ત્વોમાં કેટલાં બધાં સ્મરણો જાગી ઊઠ્યાં! એમ કરતાં જાણે કે ગોપીમય બની પ્રકૃતિ નિ:શ્વાસ નાખે છે કે રસ્તે આંતરી દાણ માગતા તોફાની કાનાની વહાલભરી આણ ક્યાં છે? હવે ક્યાં છે :

જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે!

વ્રજમાં આવી ધૂમ મચાવે કોઈ નહિ પૂછનાર રે!

એવા કૃત્રિમ રોષથી થતી લજ્જાપુલકિત ગોપીની મીઠી રાવ! હવે તો છે પુત્રવિરહથી ભાંગી પડતી માતા જશોદાને ધીરજ આપતા નંદને કાને પડતો જશોદાનાં આંસુમાંથી ઝરતો વેદનાભર્યો ઉદ્ગાર :

માધવ ક્યાંય નથી મધુવનમાં

માધવને ઝંખતા મધુવનને વળી પાછી ગોપી પોતાની વેદનાને વાચા આપતી સંભળાય છે : માથે ગોરસમટુકી સાથે આખા મધુવનમાં હું ભટકી વળી છું, મારી વાટ કેમેય ખૂટતી નથી. હાય! મારી મટુકીને એકાદ કાંકરો અમથોઅમથો પણ નથી વાગ્યો ને નથી એ ફૂટી -- ફૂટ્યાં છે મારાં ભાગ્ય કે કાનુડાએ લૂંટ્યા વિનાનાં

મારાં ગોરસ મટુકીમાં અકબંધ રહ્યાં છે! માધવને કાજે ઝૂરતું એ હૈયું આંખોને પોતાની વેદના સંભળાવે છે. બિચારી આંખ! પહોચે ત્યાં સુધી નજર નાખી હતાશ બનતી આંસુમાં વેદનાને વહાવે છે :

માધવ ક્યાંય નથી મધુવનમાં

આમ આપણાં ભણેલાં, અભણ, આબાલવૃદ્ધ -- સૌને અતિપરિચિત એવી કથાને આપણા આજના કવિઓ કેવી તાજગીભરી નવીનતા અર્પે છે તે આ ગીતની પંક્તિએપંક્તિએ ધબકે છે. વર્ણસગાઈ અને વર્ણોની વર્ગસગાઈ આ ગીતના કવિને સહજસાધ્ય રીતે એના તાણાવાણાથી આદિથી અંત સુધી ઓતપ્રોત

થયેલી છે. `બેસી અહીં વેણુ વાતા'તા વનમાળી'માંની વર્ણસગાઈ કે `કોઈ ન માગે દાણ કોઈની આણ ન વાટે ફરતી'માંનો આંતરપ્રાસ તો સહેજે ધ્યાનમાં આવે, પરંતુ છેલ્લી કડીમાં ક, ખ, ગ જેવા કંઠસ્થાનીય વર્ણોએ ર, મ, ર, લના સાથથી જે સાધ્યું છે તે આપણી આજની કવિતાની એક આહ્લાદક સિદ્ધિ છે. એમાં નાદ અને લયની રૂપનિર્મિતિ `ભણકારા'માં બળવંતરાય ઠાકોરે ઉલ્લેખેલા `અનાયાસ છંદ'ની યાદ તાજી કરાવે છે, છાની, ભીની એ બાની ક્યાંથી નીતરી નીગળે છે, એવા કવિ બળવંતરાયને થતા કૌતુકની જેમ આ કડીમાંની ઘનીભૂત વર્ણલીલા પણ આપણા મન પર ભૂરકી નાખે છે :

શિર પર ગોરસમટુકી, મારી વાટ ન કેમે ખૂટી,

અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફૂટી;

કાજળ કહે આંખોને, આંખો વાત વહે અંસુવનમાં, માધવ ક્યાંય નથી મધુવનમાં.

આમાંના કંઠસ્થાનીય વર્ણો વેદનાને જાણે કે કંઠમાં જ આંતરી રાખી વધુ સઘન બનાવે છે તે રાધારૂપ બનેલી પ્રકૃતિનાં ડૂસકાં આપણને મધુવનમાં રાધાકૃષ્ણના સાન્નિધ્યમાં લઈ જતાં હોય એવી અનુભૂતિ ચોમેરથી આપણને વીટળાઈ વળે છે.

સ્નેહરશ્મિ

## હરીન્દ્ર દવે - અનહદનો સૂર

શબ્દોની સંગત દઉ છોડી મારા સાધુ,
          મને આપો એક અનહદનો સૂર,
એક વાર ઓરેથી સંભળાવો, દૂર દૂર
          વાગે છે ક્યારનાં નૂપુર.

હમણાં હમણાં આ શીળી રાતનો સમીર
          મારાં વ્હૈ જાતાં વેણ નહીં ઝીલે,
અધવચ મૂંઝાઈ મન પાછું ફરે છે
          ઝાઝાં પગલાંની ભાત પડી ચીલે;
પ્રગટાવો એક વાર ભીતરનાં તેજ, પછી

લઈ લો આ આંખડીનાં નૂર.

મનને આકાશ સૂર સૂરજનું રૂપ :

અને સૂરજનું આભ કોઈ ઓર,

આભમાં મુલક કોઈ અણદીઠો, પહોચવા જ્યાં

યુગ છે ઓછો ને ઝાઝો ફ્હોર;

અગની અડકે તો જરા પ્રજળું

હવામાં મારાં ખાલી વેરાતાં કપૂર.

ગાવા જેવું હરીન્દ્ર દવેનું આ ગીત મહેફિલમાં કે મંચ પર સાંભળ્યું હોય એવું યાદ નથી. કદાચ એની ગહનતા એવી છે કે કેટલાયે સંગીતકારો માટે એ પડકારરૂપ

નીવડ્યું હોય. કવિ સાધુને સંબોધન કરે છે. સાધુ એટલે જે સરળ હોય, સહજ હોય, તેના સાન્નિધ્યમાં શાંતિનો, પરમ શાંતિનો અનુભવ થતો હોય. કોઈ પણ સાધુની અહીં વાત નથી. કવિ કહે છે મારા સાધુ. એનો અર્થ એવો કે એમના મનમાં કોઈક એમના ગુરુ છે. કવિની માગણીમાં એક પૂર્વશરત છે. મીઠી પૂર્વશરત છે. કહે છે કે મને જો તમે એક અનહદનો સૂર આપો તો હું કાયમને માટે આ શબ્દોની સંગત છોડી દઉં. શબ્દ છે એને આકાર છે, અર્થ છે. અર્થઘટનો છે. અનર્થનાં પણ જાળાં છે. શબ્દ છે એટલે વિચાર છે. વિચાર પણ અવ્યક્ત વાણીનું રૂપ છે. જો શબ્દો છૂટી જાય તો શબ્દની સાથે સંકળાયેલી બધી જ સરહદો, બધી જ સીમાઓ આપમેળે વિલીન થઈ જાય. સીમામાંથી અસીમ તરફ

જઈ શકાય. હદમાંથી અનહદ તરફ જઈ શકાય, કારણ કે સૂર નિરાકાર છે. એમાં અર્થ નથી હોતો. એમાં ભાવ હોય છે. અને ભાવસમાધિ એક ઉન્નત અવસ્થા છે. સૂર અને સંગીત માટે એક એવો આરોપ પણ મુકાયો છે કે મ્યુઝિક ઇઝ નોટ ઇન્ટલેક્ચ્યુઅલ. આક્ષેપ જેવી લાગતી વાત ખરેખર તો અવગુણ નથી, અતિગુણ છે. જે કંઈ બૌદ્ધિક હોય છે એ તર્કબદ્ધ અને અર્થબદ્ધ હોય છે એટલે બંધનો છે. જેને બંધનમુક્તિની ઝંખના હોય એને અનહદના સૂર દ્વારા પ્રાપ્ત થતી ભાવસમાધિની ભૂમિકા મંજૂર હોય છે. આ સૂરનાં નૂપુર દૂરદૂરથી સંભળાય છે, પણ સહેજ પાસે આવો અને ઝાઝું નહીં પણ એક વાર મને અનહદનો સૂર આપતા જાઓ.

હમણાંહમણાં કોણ જાણે શું થયું છે કે શીતળ રાતનો સમીર પણ મારી વાણીને ઝીલવા તૈયાર નથી. જો વૈખરી વેરાઈ જતી હોય, અધવચ્ચે મન મૂંઝાઈને પાછું ફરતું હોય તો શબ્દ નહીં પણ સૂર કદાચ હાથ પકડે. મૂંઝાઈને પાછા ફરતા મનને પણ વસમો અનુભવ જ છે. મારા ચીલા પર અનેક પગલાંઓની ભાત છે. મારે ચીલેચીલે ચાલવું નથી. પગલાંના પડછાયામાં મહાલવું નથી. એક વાર ભીતરનું તેજ પ્રગટે, એક વાર તો દિવ્યચક્શુ મળે તો આ ચર્મચક્શુનું કામ નથી. જર્મન કવિ રિલ્કેની પંક્તિ યાદ આવે છે. Extinguish both my eyes so that I can see you.

તમારો સૂર મારા મનના આકાશનો સૂરજ થઈ જશે અને આ સૂરજનું આકાશ તો કંઈ જુદું જ હોવાનું. ધરતીનો મલક જોયો. સારાનરસા મબલક અનુભવો પણ લીધા, પણ આભનો અણદીઠો મુલક જોવો છે. પરિચિત પ્રદેશના પ્રવાસી નથી થવું પણ અપરિચિતના યાત્રી થવું છે. જે જાણીતું છે એ અબખે પડ્યું છે અને જે અજાણ્યું છે એનો કોઈ ભય નથી. કૃષ્ણમૂર્તિ કહે છે એમ. The fear of unknownની પીડા નથી, પણ આભના મુલકના મુસાફર થવું એ એટલું સહેલું નથી. ત્યાં સુધી પહોચવા માટે એક યુગ પણ ઓછો પડે અને પરમની કૃપા હોય તો એકાદ ક્ષણમાં પણ એનો સાક્ષાત્કાર થઈ શકે. તમારા અગ્નિનો શીતળ સ્પર્શ જો મળે તો હવામાં મારા અમથાઅમથા વેરાતાં કપૂરની સાચા અર્થમાં સદ્ગતિ થાય.

# હરીશ મીનાશ્રુ – સાધો, તંબૂર પણ તરફડશે

સાધો, તંબૂર પણ તરફડશે
ભજનના એક જ ઘૂંટડા સારુ હરિ ઘૂંટણિયે પડશે.
મદિરા ભેગું મુરશિદ તે એવું શું દીધું પાઈ,
સાકી ને સાખીમાં અમને ભેદ દીસે ના કાંઈ;
ભગતિનો પરસેવો સૂંઘી લીલાપુરુષ લડખડશે.

ખર્યાં પાંદ પર દિક્પાલે બેસાડ્યા ચોકીપ્હેરા,
કરે ઠેકડી એક જ હળવી મલયપવનની લ્હેરા;
ફરી વળગશે દીટે જો હડફેટે સંતન ચડશે.

`એક તાળી દેતાંમાં ભવ વીતે, હવે માણસ જીવે તો કઈ રીતે' થોડાક સમય પહેલાં આવી કૃતિઓ રચનાર હરીશ મીનાશ્રુની કવિતાએ કરવટ બદલી છે. કવિતા સ્વયમ્ આધ્યાત્મિકતા છે. કવિતાને હંમેશાં આધ્યાત્મિકતા સદે એવું નથી. સુન્દરમ્ પોંડિચેરી ગયા પછી એમની કવિતાનો ગ્રાફ કદાચ થોડેક અંશે બદલાયો હશે, પણ એ વિકસ્યો છે એમ ન કહેવાય. ઉમાશંકર માટે તો કવિતા જ પોંડિચેરી. કોઈકને આધ્યાત્મિકતા ન સદે એનો અર્થ એવો નહીં કે બીજા કવિઓને પણ ન સદે. મકરન્દ દવે, હસમુખ પાઠક, દલપત પઢિયાર અને હરીશ મીનાશ્રુની કવિતા આધ્યાત્મિક સંસ્પર્શવાળી છે.

સાધોનું સંબોધન જ ભજનની ગતિ તરફ લઈ જવા માટે પૂરતું છે. કેટલાંક સંબોધનો એવાં હોય છે કે એ અન્ય કરતાં જાતને ઉદ્દેશીને વિશેષ કહેવાયેલાં હોય છે. સાધોની સાથે મંજીરા, કરતાલ, તંબૂર -- આ બધાં વાદ્યો આંતરવાદ્યની સાથે સંકળાયેલાં જ છે. તનને પણ તંબૂર સાથે સરખાવવામાં આવ્યું છે. તંબૂર પણ તરફડશે. તરફડાટ વિના કોઈ પ્રાપ્તિ નથી. તરસ જાગી હોય તો જ જળનું મૂલ્ય છે. પ્રબળ ભક્તિ ખુદ ભગવાનને પણ વિવશ કરે એવી છે. ઈશ્વરને પણ ભક્તની ગરજ છે. કવિએ આ ગરજાઉ અને ગૌરવઘેલી દ્વિપક્શી ભક્તિને અદ્ભુત રીતે વર્ણવી છે : કહે છે ભજનના એક જ ઘૂંટડા સારુ હરિ ઘંૂટણિયે પડશે. ગુરુ વિના જ્ઞાન ન મળે એ આપણે સૌ જાણીએ છીએ. પ્રશ્ન ગુરુના મળવાનો છે, ગુરુ

તો મળી ગયા એમણે મદિરાની સાથે એવું તે શું પાઈ દીધું કે એનો નશો ઊતરતો જ નથી. હરીશે અહીં ફારસી-ઉર્દૂ અને આપણી મધ્યકાલીન પરંપરાનો સમન્વય કરી દીધો છે. સાકીનો સંદર્ભ સૂચક છે. પર્શિયન કવિતામાં ઈશ્વર સાથે આશુકમાશૂકનો લયલા-મજનૂનો સંબંધ છે. જામ જુદો હોય પણ શરાબ તો એક જ હોય છે. પંથ જુદા હોય પણ પરમેશ્વર તો એક જ છે. ભેદ આપણે પાડ્યા છે, પણ મન એવી અવસ્થાએ પહોચે છે કે પછી કોઈ ભેદ રહેતો નથી. અહીં પણ કવિને સાકી ને સાખીમાં કોઈ ભેદ દેખાતો નથી. ભક્તિથી વ્યાકુળ થયેલો નશીલો ઈશ્વર પણ અહીં લડખડશે. ભક્તિનો પરસેવો એ શબ્દ અહીં શમતો

નથી. કાવ્યમાં ક્યારેક આવો અકાવ્યાત્મક શબ્દ પ્રવેશી પણ જાય, એ જ પંક્તિમાં કવિએ પ્રયોજેલો શબ્દ `લીલાપુરુષ લડખડશે.' એ સારું લાગે છે.

એકનિષ્ઠ, ભક્તિ હોય તો આપણને વળગેલું આપમેળે ઓસરતું જાય, પાન ખરી ગયાં છે. આ ખરેલાં પાન પર દિક્પાલો ચોકીપહેરો ભરે છે. અથવા એમણે ચોકીપહેરા ગોઠવ્યા છે. પાન ભોયભેગું થઈ ગયું છે. એકાદ મલયની લહર આવે તો આખું પાન ઊચકાઈ જાય. આપણા જીવનમાં પણ ઈશ્વરની કૃપાની એકાદ લહેરખી આવે તો આપણો પણ અવતાર કલ્પ થઈ જાય. દેખીતી રીતે શરૂઆતમાં એમ લાગે છે કે આ મલય પવનની લહેર જાણે કે ખરેલાં પાંદડાંની ઠેકડી ઉડાડે છે. ડાળ પરથી ખરી ગયેલું પાંદડું જો સંતની હડફેટે ચઢે તો

ફરીપાછું એ ડાળી પર ઝૂલી શકે. કોઈક ગુરુ એવો મળે તો ખરી ગયેલા પાન જેવી આપણી જિંદગી ફરીપાછી અસલ વૃક્ષ પર લહેરી શકે. કાવ્ય ગહન છે અને લયના વહનને કારણે આ પદમાં સાધુ જેવી જ સરળતા છે.

## હસમુખ પાઠક - એટલો

એટલો તને ઓળખ્યો, વહાલા,
          ઓળખું જરાય નહિ,
લાખ લીટીએ લખું તોયે
          લખ્યો લખાય નહિ. --      એટલો૦

સૂરજ-તાપની જેટલો તીખો
અડ્યો અડાય નહિ,
ચંદર-ચાંદની જેટલો મીઠો
ઝાલ્યો ઝલાય નહિ. -- એટલો૦
યુગોયુગોની ચેતના જેવડો
વરણ્યો વરણાય નહિ,
જનમોજનમ હેતના જેવડો
પરણ્યો પરણાય નહિ. -- એટલો૦

અંતર-આરત જેટલો ઊંડો
ખેચ્યો ખેચાય નહિ,

વ્રેહની વેદના જેટલો ભૂંડો

વેચ્યો વેચાય નહિ. -- એટલો૦

ભલભલા કવિઓ આવે છે અને જાય છે. સારા, નરસા, અધકચરા, ઉત્તમ, મધ્યમ એવા કાવ્યસંગ્રહો છપાય છે. કેટલાક સંગ્રહોનો પ્રવેશ સાવ ચુપચાપ હોય છે. જેને માટે લખવું જોઈએ એને માટે લખાતું નથી હોતું. લખાય કે ન લખાય, પણ ગુણવત્તાભર્યો સંગ્રહ પોતાની મેળે ક્યારેક ને ક્યારેક તો બોલવાનો. બહુ ઓછાને ખ્યાલ હશે કે ગુજરાતી કવિતાસાહિત્યમાં હસમુખ પાઠકનો કાવ્યસંગ્રહ `જાગરણ પાછલી ખટઘડી' એક જુદા જ પ્રકારનો શાંત વૈભવ પ્રગટ કરતો સંગ્રહ છે. આ સંગ્રહમાં કવિની પરમ સાથેની નિસબત સાંભળી શકાય છે. આમ તો કાવ્યપ્રવૃત્તિ

પોતે જ એક પ્રકારની આધ્યાત્મિકતા છે, પણ કવિતામાં આધ્યાત્મિકતા અને આધ્યાત્મિક કવિતાના અનુભવ કે અનુભૂતિ માણવી હોય તો આ સંગ્રહ પાસે ઠરવા જેવું છે.

ઈશ્વર પ્રિયતમ પ્રભુ છે. વર્ણન કરવા જઈએ તોપણ અવર્ણનીય છે. દરિયાની શાહી કરો કે પર્વતની કલમ કરો તોપણ એ આ વિરાટ અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ શબ્દના હાથમાં આવે નહીં. એટલે જ આવું કરવા જતાં પ્રત્યેક કવિના શબ્દે પડકાર તો ઝીલવો જ રહ્યો. સોળ પંક્તિના આ પદમાં જેટલી ઈશ્વરની વાત છે એટલી જ ભક્તહૃદયની સંવેદના છે. કોઈકની પંક્તિ છે કે મેં તને એટલો બધો સ્મૃતિબદ્ધ કર્યો છે કે તું ક્યારે ભુલાઈ ગયો તે પણ ખબર નથી. આ વિરોધમાં

કોઈ સત્ય લપાયું છે. કવિ પણ ઈશ્વરના સંદર્ભમાં આવી જ વાત કરે છે. કવિના આ પદમાં સ્પર્શે છે અત્યંત સરળતા, સહજતા અને લાગણીની સચ્ચાઈનું નીખરેલું રૂપ. `વહાલા' સંબોધનમાં નરી આત્મીયતા છે. લાખ લીટીઓ લખીએ તોપણ અલખનો નાથ કેવી રીતે હાથમાં આવવાનો ? લખેલું વંચાય એ વાત સાચી છે, છતાં પણ આને માટે લખવું પણ કેટલું ? આ દરિયો જ એવો છે કે જાળમાં ઊચકાય નહીં. ઈશ્વરનું રૌદ્ર-સૌમ્ય રૂપ પકડમાં આવતું નથી. એ એટલો તીખો છે કે અડ્યો અડાય નહીં અને એટલો મીઠો છે કે ઝાલ્યો ઝલાય નહીં. યુગોયુગોના ચૈતન્યને ધારણ કરીને બેઠેલો આ ઈશ્વર એ કંઈ ઓછો વર્ણનનો વિષય છે ? એનું હેત પણ કેટલું બધું અગાધ, અને પરણવું હોય એને, પણ એ

પરણ્યો પરણાય નહીં. સુન્દરમ્‌ની બે પંક્તિઓ યાદ આવે છે : `મેરે પિયા મેં કછુ નહીં જાનું, મેં તો ચૂપ ચૂપ ચાહ રહી, મેં તો પલ પલ બ્યાહ રહી.' હૃદયની આરત એને માટે એટલી ઊડી છે કે એને એટલા ઊડાણમાં ખેચવો પણ કેટલો ? મીરાંબાઈની જેમ એમ જ કહેવાનું રહે : `લાગી કટારી પ્રેમની રે ...જેમ ખેચે તેમ તેમની રે'. અને ઈશ્વરની વિરહવેદના એવી કે મિલનમાં રૂડો લાગતો આ વહાલો એટલો જ ભૂંડો લાગે છે. આ ગાળમાં પણ કેટલું બધું વહાલ છે. અને એને હું વેચવા જાઉ તોપણ ક્યાં વેચાય એમ છે ? એના ખરીદનાર પાસે તો જપ, તપ, ધ્યાન અને ભક્તિનું ધન જોઈએ. વેચ્યો વેચાય નહીં એ તો કહેવાનો એક લહેકો

છે. બાકી આપણે વેચવો છે પણ ક્યાં ? આપણે જ જ્યાં એને વેચાઈ ગયા હોઈએ તો એને વેચવાની તે વળી વાત કેવી?

## હિતેન આનંદપરા – સૂર્યનું પ્રથમ કિરણ

સૂર્યનું પ્રથમ કિરણ
કેટલાયે જન્મથી છે ઝંખના
કે જ્યાં તિમિર ને તેજ એક ક્ષણની કાજ સાથ હોય
એ ક્ષણે તેજસ્વી કોઈ કૂખમાં હું ગર્ભ થઈને લઉં શરણ
હો સંતરૂપે અવતરણ.

સાવ શુદ્ધ ચિત્ત હોય
ને બધાયે રાગદ્વેષથી ઘણું અલિપ્ત હોય
રિક્ત હોય મન વીતેલી રાતની કણસ, હવસ, તરસ,
બધાંયે વળગણોથી દૂર દૂર જઈને વિસ્તરે :
ને સભર સભર વહે બે આંખથી ઝીણું ઝરણ
અનેકમાંથી એકનું રહે સ્મરણ.

ગત અનાગતે રહું છું વ્યક્તમધ્ય
નિમ્ન છે કે શ્રેષ્ઠ છે એ શોધવામાં અસ્તવ્યસ્ત
ક્ષણ નહીં સદી વીતે ને સત્ય શોધવા પછી રહે નહીં કદી સમય
ના હોશ, જોશ, મુગ્ધતા

અને અનેક રૂપમાં પીછો કરી રહ્યું મરણ
અદલબદલ કરી રહ્યાં છે આવરણ.

આ બધું નિહાળતું રહે છે સ્થિતપ્રજ્ઞ રહી
સૂર્યનું પ્રથમ કિરણ... સૂર્યનું પ્રથમ કિરણ

હિતેન આનંદપરા અને મુકેશ જોશી `સયુજા સખાયા' જેવા કવિઓ છે. આ કાવ્યની પ્રથમ પંક્તિ એ હિતેનના કાવ્યસંગ્રહનું નામ થઈ ગઈ.

સૂર્ય ઊગે છે ત્યારે સવાર ઊગે છે અને આકાશ પણ ઊગે છે. અહીં ઊગતા અને આથમતા સૂરજની વાત નથી, પણ અહીં ચિદાકાશની વાત છે. ગર્ભનું ગાઢ

અંધારું અને જન્મ પછીનું અજવાળું -- આ બંને વચ્ચે એક ક્ષણ એવી હોય છે કે તિમિર અને તેજ એકસાથે અડખેપડખે સોડમાં લપાયેલાં હોય છે. પણ જેવું કૂખમાંથી બાળક જન્મે છે ત્યારે આ પૃથ્વી પર એનું અવતરણ થાય છે. ગર્ભમાં ભલે ગૂઢ અંધારું હોય પણ તેજસ્વી કૂખમાં રહેલા ગર્ભને તેજનો પણ અનુભવ થતો હશે.

આ કાવ્યની કમાલ એ છે કે પરંપરિત હરિગીતમાં લખાયેલું છે અને છતાંયે જો કોઈ પડકાર ઝીલનારો સંગીતકાર હોય તો એના બાહ્ય અને આંતરલયને સંગીતથી મઢી પણ શકે. બાળક જન્મે છે ત્યારે મુગ્ધતા પણ જન્મે છે. પણ પછી દુનિયાદારી આવે છે. આ દુનિયાદારીની વચ્ચે પણ જે પોતાના ચિત્તને સાવ શુદ્ધ

રાખી શકે અને રાગદ્વેષથી અલિપ્ત હોય, રિક્ત હોય. કણસ, હવસ, તરસ અને વળગણોથી દૂર હોય. એ સંકુચિત નહીં પણ વિસ્તરતું હોય અને એના હૃદયની કરુણાસભર સભર થઈને આંખના ઝરણથી વ્હેતી હોય અને અનેક પંખીઓનાં સ્મરણોના કલશોરની વચ્ચે કોઈ એકનું જ સ્મરણ હોય ત્યારે સૂર્યના પ્રથમ કિરણની સાર્થકતાની પ્રતીતિજનક અનુભૂતિ થાય.

અજન્મા હોઈએ છીએ ત્યારે આપણે અવ્યક્ત હોઈએ છીએ. મરણ પામીએ છીએ ત્યારે આપણે અદૃશ્ય થઈ જઈએ છીએ. જીવન અને મરણના બે બિંદુની વચ્ચે આપણે જેવું અને જેટલું જીવીએ છીએ એ વ્યક્તમધ્ય છે. આપણે જીવીએ છીએ ત્યારે આ ઉત્તમ છે કે આ અધમ છે એ જોખવામાં ને તોલવામાં જ રચ્યાપચ્યા

હોઈએ છીએ. આપણે આપણામાં જ અસ્તવ્યસ્ત થઈ જઈએ છીએ. ક્ષણ અને સદી ક્યારે વીતી જાય છે એની ખબર નથી હોતી, પણ જીવનમાં એક એવી ક્ષણ હોય, એક એવો સમય આવે કે એક સત્ત્વની પ્રાપ્તિ પછી કશું જોવાનું ન હોય, શોધવાનું ન હોય અને જન્મ અને મરણ, એ તો બીજું કશું જ નહીં પણ આવરણની અદલાબદલી છે.

એક વાર સ્થિતપ્રજ્ઞની સ્થિતિ મળે પછી સૂર્યનું પ્રથમ કિરણ પરમ કિરણ પણ છે અને પ્ર-શમ (અંતિમ) કિરણ પણ છે.

# વિદ્યાનંદ – ઈતના તૂ કરના સ્વામી

ઇતના તૂ કરના સ્વામી, જબ પ્રાણ તનસે નિકલે;
ગોવિંદ નામ લેકર, ફિર પ્રાણ તનસે નિકલે. ટેક૦

તેરા નામ નિકલે મુખસે, મેરા પ્રાણ નિકલે સુખસે;
બચ જાઉ ઘોર દુ:ખસે, જબ પ્રાણ૦ ઇતના૦1

શિર મોર કા મુગટ હો, મુખડે પે કાલી લટ હો;
યેહિ ધ્યાન મેરે ઘટ હો, જબ પ્રાણ૦ ઇતના૦2

શ્રી ગંગાજી કા તટ હો, યા યમુના કા બટ હો,

મેરે સાંવરા નિકટ હો, જબ પ્રાણ૦ ઇતના૦3

શ્રી વૃન્દાવન કા સ્થલ હો, મેરે મુખ મેં તુલસીદલ હો,
વિષ્ણુ-ચરણ કા જલ હો, જબ પ્રાણ૦ ઇતના૦4

જબ કંઠ પ્રાણ આવે, કોઈ રોગ ન સતાવે;
યમદર્શ ના દિખાવે, જબ પ્રાણ૦ ઇતના૦5

ઉસ વક્ત જલ્દી આના, નહીં શ્યામ ભૂલ જાના;
બંસી કી ધૂન સુનાના, જબ પ્રાણ૦ ઇતના૦6

વિદ્યાનંદ કી યે અરજી, ખુદગર્જ કી હૈ ગરજી;

આગે તુમ્હારી મરજી, જબ પ્રાણ૦ ઇતના૦7

નાનો હતો ત્યારથી મંદિરમાં આ ભજનને કે પ્રાર્થનાને સાંભળતો આવ્યો છું. એ વખતે તો અર્થની સમજ ન હોય. પણ ભક્તિભાવથી ગવાતું હોય ત્યારે લયનું વાતાવરણ સ્પર્શ્યા કરે. દયારામનું એક પદ છે : `મારે અંત સમય અલબેલા મુજને મૂકશો મા, મારા મદનમોહનજી છેલ્લા અવસર ચૂકશો મા.' `ઇતના તૂ કરના સ્વામી...' આ ભજન કોનું છે એની ચોક્કસ ખબર નથી. અને માની લો કે ખબર પડે તોપણ બહુ ફેર પડતો નથી. અંતિમ સમયે બધું જ ઓગળતું હોય ત્યારે નામ પણ ભલે ઓગળી-પીગળી જતું.

આ કાવ્યમાં ડેથ-વિશ છે. દરેકને સદાયે જેમ પોતાના જીવનની કલ્પના હોય છે તેમ પ્રત્યેકને પોતાનું મરણ કેવું હોય એના વિશેની એક ઝંખના હોય છે. આ ઇચ્છા-મૃત્યુની વાત છે. કોઈકની ઝંખના ફળે છે. કોઈકની નથી ફળતી. કવિ ઓડનની ફળી હતી. ઓડને એવું મૃત્યુ કલ્પ્યું હતું કે સાંજને સમયે મદ્યપાન કર્યું હોય, કવિતા વાંચી હોય કે એના વિશે વાત કરી હોય અને પછી કોઈ હોટલમાં રાતના સૂઈ જાઉ ને સવારે જાગું જ નહીં એવું બને તો -- એવું મૃત્યુ મને ગમે. કદાચ ઓડનને માટે કવિતા એનો પરમેશ્વર હોય.

આ કાવ્યમાં આટલી જ વાત છે કે શરીરમાંથી જ્યારે પ્રાણ વિદાય થાય ત્યારે હોઠ પર ગોવિંદનું નામ હોય. જીવનની છેલ્લી ક્ષણે ઈશ્વરનો સાથસંગાથ જોઈએ.

ગમે તે સ્થળમાં મરવું નથી. કવિએ સ્થળ અને પળ બંને મનોમન નક્કી કર્યાં છે. ગંગા કે યમુનાનો તટ હોય -- એ તો હોય જ પણ સૌથી મોટી વાત એ છે કે મારો સાંવરિયો નિકટ હોય. એનું સાન્નિધ્ય હોય તો મરણની કોઈ પરવા નથી. મરણ સ્વયં એક ઘટના બને -- મનગમતી ઘટના બને. વૃંદાવનની વચ્ચે મરવું છે. વૃંદાવનનું વાતાવરણ હોય. હોઠ પર ગોવિંદના નામની સાથે મોમાં તુલસી હોય. આ તુલસીદલ પણ વિષ્ણુચરણના જલથી ભીનાં હોય, તો પ્રાણને નીકળવું પણ ગમે. આપણી છેલ્લી બારાત જતી હોય ત્યારે એના સાજનમાજનમાં પરમેશ્વર સિવાય કોઈ ન હોય. કૃષ્ણને કવિએ આબાદ લયબદ્ધ કર્યા છે. આંખ સામે પગની આંટી ભરાવીને ઊભેલા કૃષ્ણનું અનુપમ ચિત્ર છે. આપણે કૃષ્ણ

કહીએ છીએ, બાકી કવિ તો એને સાંવરા કહીને સંબોધે છે. ઘટઘટમાં માત્ર એ જ વ્યાપેલો હોય. કોઈ રોગથી મરવું નથી. પણ ઈશ્વરના યોગથી મરીને જીવી જવું છે. અંતિમ સમયે યમનું દર્શન નહીં, પણ પ્રિયતમનું દર્શન. જતી વખતે કોઈ જંજાળ નહીં જોઈએ. કેવળ હોઠ પર તારું નામ. માત્ર તારું નામ, નામ ને નામ. ઈશ્વરને કહે છે કે તું ગમે એટલો વ્યસ્ત હોય, તારી ગમે તે જવાબદારી હોય, પણ બધું છોડીને -- ઉસ વક્ત જલ્દી આના. જોજે, આવવાનું ભૂલતો નહીં. માત્ર તું આવે એટલું બસ નથી. કાન જ્યારે કરમાતા હોય ત્યારે જતાંજતાં પણ હું તારી બંસીની ધૂન સાંભળતોસાંભળતો જાઉં.

તારી પાસે માગીમાગીને શું માગ્યું? અંતિમ સમયે આવવાનું વચન માગ્યું. અને એક નેક માણસ આટલી અરજ કરે તો એ અરજને તારે સાંભળવી જોઈએ, સ્વીકારવી જોઈએ. એમાં કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ. આખી જિંદગી તારી ભક્તિ કરી તો તારી પણ કોઈ ફરજ ખરી કે નહીં ? દયારામની આગળ ઉલ્લેખેલા કાવ્યની અંતિમ પંક્તિઓ સાથે વિરમીએ.

શ્રીપતિ! સર્વાત્મા! સર્વોત્તમ! મુજને મૂકશો મા!
મારા પ્રાણજીવન! પુરુષોત્તમ! અવસર ચૂકશો મા!
સમર્થ કરુણાસિંધુ શ્રીજી! દયાને મૂકશો મા!
મારે ઓથ નથી કોઈ બીજી! અવસર ચૂકશો મા!

## અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ


અક્ષરનાદ.કોમ

ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ